
Since 1994

KP GROUP

www.kpgroup.co

# ઉર્જાનો ઉજાસ

## ડૉ. ફારુક જી. પટેલની
## પ્રેરણાદાયક જીવનયાત્રા



**KP GROUP PUBLICATION**
કેપી ગ્રુપ પ્રકાશન

# જીવનકથા

## ડૉ. ફારુક ગુલામ પટેલ (KP)

એક સફળ ઉદ્યોગપતિ, ચિંતક, ભામાસા અને પરોપકારી માનવરત્નની
અસાધારણ સફળતાઓ અને સિદ્ધિઓના સિદ્ધાંતો અને
રહસ્યોને ઉજાગર કરતી પ્રેરણાદાયક જીવનકથા

"હજારો સાલ નરગિસ અપની બેનૂરી પે રોતી હૈ,
બડી મુશ્કિલ સે હોતા હૈ ચમન મેં દીદાવર પૈદા..!"

ઇમ્તીયાઝ પટેલ વરેડિયાવાલા
બ્લેકબર્ન, યુ.કે.

# ઉર્જાનો ઉજાસ
## ડૉ. ફારુક જી. પટેલની પ્રેરણાદાયક જીવનયાત્રા

### ડિસ્ક્લેમર
### DISCLAIMER

આ પુસ્તક સંપૂર્ણપણે બિન-વ્યવસાયિક, શૈક્ષણિક અને પ્રેરણાત્મક હેતુસર તૈયાર કરવામાં આવ્યું છે અને તેનું કોઈપણ પ્રકારનું વેચાણ, વ્યાવસાયિક વિતરણ કે નફા માટે ઉપયોગ કરવામાં આવેલ નથી. આ કૃતિ વિનામૂલ્યે વિતરણ માટે પ્રકાશિત કરવામાં આવી છે. આમાં સમાવિષ્ટ તમામ માહિતી ઉપલબ્ધ દસ્તાવેજો, વિશ્વસનીય સ્ત્રોતો તથા વ્યક્તિગત મુલાકાતોના આધારે સંકલિત કરવામાં આવી છે. માહિતીની ચોકસાઈ માટે પૂરતો પ્રયત્ન કરવામાં આવ્યો છે, છતાં કોઈ અજાણતા ત્રુટિ, ભૂલ કે ચૂક રહી ગઈ હોય તો તે અનિચ્છિત માનવી અને તેની માટે લેખક, સંપાદક કે પ્રકાશક કોઈ કાનૂની જવાબદારી સ્વીકારતા નથી. “ઉર્જાનો ઉજાસ” શીર્ષકનો ઉપયોગ માત્ર પ્રેરણાત્મક અને અભિવ્યક્તિરૂપ હેતુથી કરવામાં આવ્યો છે. આ શીર્ષક દ્વારા કોઈપણ પૂર્વપ્રકાશિત કૃતિ, ટ્રેડમાર્ક અથવા બ્રાન્ડ સાથે ગેરસમજ, નકલ કે ભ્રમ સર્જવાનો કોઈ આશય નથી.આ પુસ્તકના કોઈપણ ભાગની નકલ, અનુવાદ, પુનઃઉત્પાદન, ડિજિટલ વિતરણ કે વ્યાવસાયિક ઉપયોગ કરવા પૂર્વે લેખક / પ્રકાશકની લેખિત પરવાનગી લેવી અનિવાર્ય છે. કૉપિરાઇટ કાયદા હેઠળ આ કૃતિ સુરક્ષિત છે.

# ઉર્જાનો ઉજાસ
## ડૉ. ફારુક જી. પટેલની પ્રેરણાદાયક જીવનયાત્રા

*A biography of Dr. Faruk G. Patel*

**By Imtiaz Patel Varediawala,**
**Blackburn, UK**

**સંયોજક:** અફરાઝ શેખ (રાજા)

**સહ સંયોજક:** ઈર્શાદ ગાઉડ

© કેપી ગ્રુપ પ્રકાશન

**ટાઈપસેટિંગ અને એડિટિંગ:**
**'મહેક' ટંકારવી**, મહેક ટ્રાન્સલેશન સર્વિસ, બોલ્ટન (યુ.કે.)

**ગ્રાફિક્સઃ** ઓરેન્સ આર્ટ ડિઝાઈન, કેપી ગ્રુપ ટીમ

પ્રથમ આવૃત્તિ: ૨૦૨૬

**કિંમત:** સપ્રેમ અને આદરભાવે ભેટ

**પ્રકાશક:**

**કેપી પ્રકાશન**

કેપી હાઉસ, કેપી સર્કલ નજીક, ભટાર કેનાલ રોડ,
ઈશ્વર ફાર્મ બીઆરટીએસ, સુરત – ૩૯૫૦૧૭, ગુજરાત, ભારત

## સાદર અર્પણ

જેઓના ઋણ કદીય ન ઉતારી શકાય અને જેઓની ખિદમત કરવામાં અમને અનહદ આનંદ પ્રાપ્ત થાય છે અને જેઓની દુઆઓથી જ આજે હું આ મુકામ પર પહોંચ્યો છું એવાં મારાં વાલીદા સાહેબા હાજિયાણી રશીદાબેન જી. પટેલ અને મારા વાલીદ સાહેબ હાજી ગુલામભાઇ પટેલને લાખો શુક્રિયા અને આદર સાથે તથા

મારા પરિવારના સભ્યો, મિત્રો, શિક્ષકો, ગુરુજનો અને કેપી પરિવાર અને મારા આશાવાદી તથા ઉત્સાહી યુવાનોને  જેમણે ઉજ્જવળ ભવિષ્ય અને ઉત્તમ સમાજરચનાનું નિર્માણ કરવાનું છે  ખૂબ જ ઉત્સાહ અને પ્રેમની સાથે મારા સલામ...,

'છોટી બડી અનહોની છૂ કર નિકલ જાતી હૈ
ન જાને કિતને બુઝુર્ગોંને સર પે હાથ રખ્ખા હૈ'

# લેખકનો ઋણ સ્વીકાર અને બે શબ્દો

સૌ પ્રથમ તો હું ડો. ફારુકભાઇ પટેલ અને તેમના પરિવારનો ખૂબ આભારી છું કે તેમણે મને ફારુકભાઇના વ્યવસાયિક અને અંગત જીવનમાં ડોકિયું કરી તેમની આ જીવનકથા લખવાની સંમતિ અને તક આપી. હું ફારૂકભાઇનો તેમના એક પ્રશંસક તરીકે અને લેખક તરીકે અંગત આભાર માનું છું કે તેમણે પોતાના અત્યંત કિંમતી સમયમાંથી ઘણો સમય કાઢી મારા સંશોધનકાર્યમાં અને તેમના જીવનને ઝીણવટથી જોવા-તપાસવામાં મને મદદ કરી, રસ લીધો અને પુસ્તક પૂરતી બધી જરૂરી માહિતી પૂરી પાડી મારામાં વિશ્વાસ મૂકયો.

એક લેખક તરીકે મેં અત્યાર સુધીમાં ઘણાં પુસ્તકોનું સંશોધન કર્યું, ઘણાં પુસ્તકો લખ્યાં અને ઘણાં પુસ્તકોનું સંપાદન કર્યું જેનો મને ગર્વ છે, પરંતુ ફારુકભાઇની જીવનયાત્રા પર લખાયેલ આ પુસ્તક લખતાં મને જે ગર્વનો અનુભવ થયો તે અનેરો જ છે. કારણ એ છે કે ફારુકભાઇ એક અસાધારણ વ્યક્તિ છે. તેમનો જીવનપ્રવાહ માત્ર એક વ્યક્તિની વ્યવસાયિક સાધારણ યાત્રા નથી, પરંતુ સાધારણ વ્યક્તિમાંથી અસાધારણ વ્યક્તિ બનવાની યાત્રા છે. મહેનત, સમર્પણ, તપસ્યા અને માનવસેવાની આપણને વિચારતા કરી મૂકે એવી એક ખૂબ પ્રેરણાદાયી યાત્રા છે.

ખાસ કરીને લેખક તરીકે આ પુસ્તક લખવાનું કાર્ય મારા માટે એક ઊંડા અને અર્થસભર અનુભવ જેવું બની ગયું, કેમ કે આ પુસ્તક જે અસાધારણ વ્યક્તિ, સફળ ઉદ્યોગપતિ અને સખીદાતા વિશે છે તે ડૉ.ફારુક જી. પટેલની તમે જેટલા નજીક જાઓ એટલા જ તમે વિચારો અને અનુભવોના એક ઊંડા સાગરમાં ડૂબતા જાઓ. આ પુસ્તક લખવાની પ્રક્રિયામાં મેં માત્ર સંશોધન અને લેખન નથી કર્યું, પણ હું એક અનોખી યાત્રામાંથી પસાર થયો છું - એક એવી અદ્દભુત યાત્રા જે જીવનના વિવિધ રંગોને દર્શાવી જીવનના અસંખ્ય પાસાંઓને સ્પર્શીને ગઇ છે.

હું ડૉ. ફારુક જી. પટેલને ફારુકભાઇ કહીશ કારણ કે આ સંબોધન મને તેમની ખૂબ નજીક રાખે છે. ફારૂકભાઇ એક એવા ઉદ્યોગપતિ છે કે જેમણે માત્ર પોતાનું, પોતાના પરિવારનું જ જીવન ઘડયું નથી, પરંતુ સાથે સાથે અસંખ્ય લોકોને પ્રેરણા આપી, મદદ કરી, માનવસેવા કરી અન્યોના જીવનમાં પણ ઉજાસ પાથર્યો

છે. તેમના વિશે લખતાં લખતાં મને એ સમજાય છે કે એ જ લોકો સફળ કહેવાય અને જીવતા કહેવાય જેઓ બીજાઓ માટે પણ જીવે છે. ફારૂકભાઇના જીવનનો નજીકથી અભ્યાસ કરતાં મને એ પણ ખ્યાલ આવ્યો કે સફળતા માત્ર પ્રગતિની કહાની જ નથી, પરંતુ નિષ્ફળતાઓ, સંઘર્ષો, નિર્ણાયક ઘડીઓ, સતત પ્રયત્નો અને અથાગ પરિશ્રમની નિરંતર ગાથા છે. તેમના જીવનના વિવિધ પાસાંઓ, અનુભવો અને પ્રસંગો વિષેની માહિતીમાંથી એક લેખક તરીકે મને ઘણું શીખવાનું મળ્યું. આટલા મોટા ઔદ્યોગિક સામ્રાજ્યના માલિક હોવા છતાં ફારૂકભાઇ આજે પણ એટલા જ નમ્ર છે જેટલા વર્ષો પહેલાં હતા. ધંધામાં સફળતાની અને આર્થિક સદ્ધરતાની તેમના વાણી, વિવેક અને નમ્રતાભર્યા સ્વભાવ પર જરાય અસર પડી નથી. તેમની વિનમ્રતા, વિવેક અને અન્યોને માન આપવાની રીત ખરેખર પ્રશંસાપાત્ર છે. ફારુકભાઇ એક સરળ માણસ છે. તેમના વ્યક્તિત્વનાં આ ઉમદા પાસાંઓ જોઇને આ ઉર્દૂ શેર કહી શકાય..,

**જમાના કર ન સકા ઉસકે કદ કા અંદાઝા,**
**વો આસમાન થા લેકિન વો સર ઝૂકાકે ચલા**

અને જીવનમાં નમ્રતા (ખાકસારી)નો મહિમા ગાતો બીજો એક ગુજરાતી શેર 'ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ, યુ.કે.'ના પ્રમુખ અને જાણીતા ગઝલકાર 'મહેક' ટંકારવીનો ટાંકી શકાય...,

**નથી ઊંચક્યું કદીયે માથું, જીવ્યા તો માટીનો ગુણ ગ્રહીને**
**અમે જીવનમાં થયા છે ઉન્નત, સદાયે નીચા નમી નમીને**

ફારુકભાઇની જીવનયાત્રા પુસ્તક સંબંધી સંશોધન અને લખાણની પ્રક્રિયામાં મને ગૌરવની લાગણી થાય છે કે હું એવી મહાન વ્યક્તિની યાત્રાને શબ્દોમાં વર્ણવી રહ્યો છું જે આજની અને આવનારી પેઢી માટે પ્રેરણારૂપ છે. એક લેખક તરીકે, એક પુસ્તક મારા માટે માત્ર શાબ્દિક અભિવ્યક્તિ જ નથી, પરંતુ એક ભાવનાત્મક અને રૂહાની જોડાણ છે, જેના થકી હું ફારૂકભાઇની વ્યવસાયિક અને દાર્શનિક વિચારધારા અને સફળતાના સિદ્ધાંતોને અન્ય લોકો સુધી પહોંચાડી વ્યક્તિગત અને સામાજિક સશક્તિકરણને વેગ આપી શકું.

વ્યવસાયિક ક્ષેત્રે અને સખીદાતા તરીકે સમાજસેવા ક્ષેત્રે ફારુકભાઇની ધીરજ, મક્કમતા અને કટિબદ્ધતા જાણી મને કવિવર ટાગોરની કેટલીક પંક્તિઓ યાદ આવે છે જે હું ફારુકભાઇને સમર્પિત કરું છું..,

**તારી જો હાક સુણી કોઇ ના આવે તો, એકલો જાને રે**

**જ્યારે સૌએ બેસે મોં ફેરવી, સૌએ ડરી જાય**

**જ્યારે દીવો ના ધરે કોઇ, જ્યારે સૌ ખૂણે સંતાય**

**ત્યારે...તું સળગી જઇને સૌનો દીવો એકલો થાને રે**

**ત્યારે એકલો જાને, એકલો જાને, એકલો જાને રે**

લેખન દરમિયાન અને પુસ્તક સમાપન દરમિયાન મારે પણ ઘણાં પડકારો અને દ્વિધાઓનો સામનો કરવો પડયો. આટલી રોમાંચક, આટલી પડકારમય, આટલી સંઘર્ષમય, આટલી ઊંડાણભરી જીવનયાત્રાને મર્યાદિત સમય અને પાનાઓમાં સમાવવી એ એક ખૂબ જ કઠિન કામ છે. એટલે આ પુસ્તક ફારુકભાઇની જીવનયાત્રાનો પહેલો પડાવ છે એમ સમજી હજી તેમની આ અવિરત યાત્રાના બીજા ઘણાં પડાવો અત્યાર પછી ઉજાગર કરવાના રહેશે.

આ લેખન કાર્યમાં ઊંડાણપૂર્વકના સંશોધન અને સંકલન માટે હું સંયોજક ટીમનો, ઉસ્તાદ-ગુરુ-મિત્ર અને શિક્ષણવિદ તથા વિશ્વવિખ્યાત કવિ અદમ સાહેબ ટંકારવી તેમજ સલાહકાર 'મહેક' ટંકારવી, હબીબભાઈ ભૂતા અને ફારુકભાઈ ઉઘરાદાર તેમજ મારા પરિવારનો આભારી છું.

અંતમાં, આ પુસ્તક મારો એક પ્રયાસ છે, જે માત્ર ફારુકભાઇના જીવન વિષે નહીં, પરંતુ તેમના વ્યવસાયિક, માનવ કલ્યાણ, સામાજિક ઉત્થાનના ક્રાંતિકારી વિચારો, દાર્શનિક દ્રષ્ટિકોણ અને તેમના સાહસિક અભિગમને ઉજાગર કરે છે. હું આશા રાખું છું કે આ પુસ્તક વાંચકવર્ગને અને અન્યોને પ્રેરણા પૂરી પાડશે અને ખાસ કરીને તે લોકોને જેઓ મોટાં અને અદ્દભુત સપનાંઓ જુએ છે અને તે સપનાંઓને સાકાર કરવા માંગે છે, મથામણ કરે છે.

ફરી વખત ફારુકભાઇ, તેમના કુટુંબીજનો, કેપી પરિવારનો આભાર. ફારુકભાઇના પુસ્તક સંબંધી વાતો વચ્ચે તેમની ચમકતી આંખોની શરારત, તેમનું મૃદુ સ્મિત અને ખામોશીમાંથી કંઇક આવું સંભળાયું..,

**હમને બના લિયા હૈ નયા ફિરસે આશિયાં**

**જાઓ, યે બાત ફિર કિસી તૂફાન સે કહો.**

**- ઇમ્તીયાઝ પટેલ વરેડિયાવાલા**
**બ્લેકબર્ન, યુ.કે.**




"શૂન્યથી સર્જન' કરવું તે દરેક વ્યક્તિનું કામ નથી. તેના માટે લગાતાર મહેનત, અથાગ પરિશ્રમ ઉપરાંત વ્યક્તિમાં સચ્ચાઈ, અચ્છાઈ, મૂલ્યો, સંસ્કાર સહિતની અનેક બાબતો જોઈએ. ફારુક માટે તેની બાયોગ્રાફી લખાય રહી છે ત્યારે મેં જાતે તેનામાં અનુભવેલી કેટલીક બાબતો હું અહીં વર્ણવી રહી છું.

અડાજણ રોડની કલ્પના સૉસાયટીના ભાડાના બંગલામાં શરૂ થયેલું ભૂલકાં ભવન નામનું બાળમંદિર કે જે નજીકમાં આવેલી 'દરગાહ' નામે ઓળખાતા મુસ્લિમ વિસ્તારની નજીક હતું. ત્યારબાદ નજીકમાં જ વી. ડી. દેસાઈ (વાડીવાલા) શાળાનો પાયો નંખાયો. અહીં ઈશ્વરની ભેટ સમાન બાળકોને હૃદયથી પ્રેમખાપવા સાથે સંસ્કારનું સિંચન થયું. ફારુક પણ ધોરણ 5 થી 12 અહીં ભણવા આવ્યો. ફારૂકના પિતા બસ કન્ડકટર હતા અને તેમનો જે તે સમયે પગાર નજીવો હતો. પરંતુ તેઓ પુત્રને કંઈ બનાવવા માંગતા હતા. શાળામાં ભણતાં બાળકોમાંથી મૉટાભાગનાં વિદ્યાર્થીઓ ડૉકટર-એન્જિનીયર-સી.એ જેવા ઉચ્ચ લાઈનોમાં જતાં. આ બાળકોની સાથે ફારુકનું પણ ઘડતર યોગ્ય રીતે થયું એની આંખોમાં પણ સપનાં રોપાયા કે મારે પણ ગરીબાઈમાંથી બહાર નીકળવું છે. શાળાનો આદર્શ હંમેશા રહેલો કે વિદ્યાર્થી ભલે ઓછું ભણે પણ સંસ્કારી અને સારો માણસ બને. એ તમામ ગુણો ફારુકમાં વિકાસ પામ્યા. જોકે બાદમાં ફારુક કયાં ખોવાઈ ગયો એની મને ખબર જ ન પડી. કોઈવાર એ મળવા આવી જતો. જેને હું એક લાગણીશીલ વિદ્યાર્થી તરીકે મળતી. મારી દિકરીઓ સાથે પણ સાથ પ્રવાસ જતાં-રમતાં એટલે એમની પણ ખબર પૂછતો.

KP Groupમાં કામ કરતી અમારી દિકરીઓની મિત્ર યાસ્મિન પાસે એની સફળતાની વાતો, સામાજિક યોગદાનોની વાતો, તેની અચ્છાઈની વાતો સાંભળીને ખૂબ આનંદ અનુભવતી અને હું તેને એક આમંત્રણ આપવા તેની વિશાળ ઑફિસે ગઈ ત્યારે મેં જાતે અનુભવ્યું. જ્યાં સંસ્કારથી ભરેલો ફારૂક જેણે મને એની ખુરશી ઉપર જ્યાં હજુ સુધી કોઈને બેસાડયા નથી ત્યાં એક ગુરુ તરીકે મને જે માન-સન્માન આપ્યું. નીચે ગાડીમાં બેસાડવા પણ આવ્યો જેના વિચારોમાં આવ્યા પછી રાત્રે મોડે સુધી સુઈ ન શકી. કે જે ઑફિસમાં એના ઉચ્ચ કર્મચારીઓ મુક્ત રીતે બેસીને મારી સાથે વાતચીત કરી શકે એવું તંદુરસ્ત વાતાવરણ બિઝનેસ ટાઈકૂન બનેલી કોઈ વ્યક્તિની ઑફિસમાં મેં જોયું નથી. અનેક સંઘર્ષોમાંથી પસાર થઈ આજે જે ઊંચાઈ એણે પ્રાપ્ત કરી છે અને તેની સાથે જોડાયેલા દરેક વ્યક્તિને તે સુખ-શાંતિ-સંપદા સુધી લઈ ગયો છે અને સાથે સમાજને મદદ વહેંચતો રહે છે. આમ એની સફળતા એણે બધાની સાથે વહેંચી છે. આ ઊંચાઈ એને સહેલાઈથી નથી મળી. એને માટે ગરીબાઈમાંથી બહાર આવવા એને માટે કરેલાં નાનાં કામો-આંખોમાં સેવેલા સપના અને તે પ્રાપ્ત કરવા કરેલો અથાગ પરિશ્રમ એને આજે આજની ઊંચાઈ ઉપર લાવ્યો છે. સુરતના સૌથી ધનવાન વ્યક્તિ તરીકે સ્થાન પામ્યો છે અને મને એ વાતની ખુશી છે કે, તે પહેલા પગથિયાથી આજ સુધી ભૂલકાભવનમાં થયેલા તેના સિંચનને ભૂલ્યો નથી અને દરેક મોટા મંચો પર તે તેને દોહરાવતો રહે છે.

દસ વર્ષનો મારી સામે આવેલો નાનો ફારૂક આજે ડૉ. ફારૂક પટેલ એક સફળ બિઝનેસમેન બનેલો જોઈ હું ગર્વ અને આનંદ અનુભવું છું. ડૉ. ફારુક પરનું "ઉર્જાનો ઉજાસ' પુસ્તક તેના સંઘર્ષથી સિદ્ધિની ગાથા વર્ણવી રહ્યું છે. તેણે તેની કોઠાસૂઝ, આવડત, અચ્છાઈ, સચ્ચાઈ, વેલ્યુ, એથિક્સ વગેરેને સાથે રાખી કેવી રીતે કેપી ગ્રુપને ઊંચાઈ પર પહોંચાડ્યું છે આ પુસ્તકમાં વાંચવા મળશે. આશા છે આ પુસ્તક વાંચનાર દરેકને અને ખાસ કરીને યુવાનો માટે એક પ્રેરણાસ્ત્રોત બનશે. નસીબને દોષ દઈ બેસી રહેવાને બદલે નસીબ બદલવાની જીજીવિષા આ પુસ્તકમાં તમને જોવા મળશે. હું ફારુકને તેની આ બાયોગ્રાફી માટે શુભકામના પાઠવું છું અને એનામાં રહેલી માનવતાની મહેક મહેકતી રહે એવી શુભેચ્છા.



મીનાક્ષીબેન દેસાઈ, ફાઉન્ડર ટ્રસ્ટી,
ભૂલકાભવન ટ્રસ્ટ (શ્રીમતી વીડી દેસાઈ વાડીવાળા સ્કૂલ, અડાજણ, સુરત)



કેપી ગ્રુપના અધ્યક્ષ અને મુખ્ય વ્યવસ્થાપન સંચાલક ડૉ. ફારુક પટેલની જીવનયાત્રા પર લખાયેલ પુસ્તક પ્રસંગે તેમના વિષે બે શબ્દો લખતાં મને આનંદ અને તેમના માટે આદરભાવનો અનુભવ થાય છે. ફારુકભાઇને ઘણા વર્ષોથી ઓળખતો હોવાને કારણે તેમની આ અદ્દભુત યાત્રાનો હું સાક્ષી છું. તેમની કામ પ્રત્યેની કટિબદ્ધતા અને સુરત શહેર અને તેની પેલે પાર પડેલ તેમના ઊંડા પ્રભાવને મેં અનુભવ્યો છે. આ જીવનયાત્રા ફારુકભાઇના જીવનની માત્ર કથાઓ જ નથી, પરંતુ તેમના દૂરંદેશી વિચારો, સખત પરિશ્રમ અને પ્રમાણિકતાના માપદંડોનું પ્રતિબિંબ છે. ભરૂચના એક ખૂબ નાના ગામડામાંથી અને તદ્દન સાધારણ આર્થિક પરિસ્થિતિમાંથી આવતા એક સાધારણ માણસની અને પોતાની ઓળખ ઊભી કરવાના સંઘર્ષોથી લઇને એક પ્રભાવશાળી વ્યક્તિ તરીકેની છાપ ઊભી કરનાર અને વિશાળ વ્યવસાય જૂથના સામ્રાજ્યને ઊભું કરનાર અસાધારણ વ્યક્તિની જીવનયાત્રાના પગલાંઓને શોધતી આ દિલચસ્પ કહાની છે.

કોઇએ સાચું જ કહ્યું છે કે “કોઇ પણ વ્યક્તિએ જીવવાનું શરૂ જ નથી કર્યું જ્યાં સુધી તે પોતાના નાના સંકુચિત વ્યક્તિગત સ્વાર્થમાંથી બહાર આવી આખી માનવતાની ચિંતા ન કરે.” ફારુકભાઇ ખરેખર શ્રેષ્ઠ કક્ષાના ખૂબ જ દયાળુ માનવ છે.

ફારુકભાઇની જીવનયાત્રા એક હિંમતવાન અને અડગ મનોબળવાળા ઉદ્યોગપતિની છે. તેમણે કેપી ગ્રુપ નામનું એક સફળ ઔદ્યોગિક સામ્રાજ્ય નથી ઊભું કર્યું, પરંતુ તેમણે પોતાની નિરંતર સામાજિક જવાબદારીઓ પ્રત્યે કર્તવ્યનિષ્ઠ રહી શૈક્ષણિક ક્ષેત્રોમાં, સામાજિક ક્ષેત્રોમાં અને સામાજિક ઉત્થાનમાં કોઇ પણ જાતના નાત-જાત, વર્ગ કે ધર્મના ભેદભાવ વિના માતબર યોગદાન આપ્યું છે. આ વસ્તુ તેમની તે દૃઢ માન્યતાનું પરિણામ છે કે આપણી પાસે જે કંઇ હોય તેમાંથી સમાજને પણ આપણે કંઇક પાછું આપવું જોઇએ. સંવેદનશીલતા, દૂરંદેશી આગેવાની, યોજનાબદ્ધ વિચારશક્તિ, બીજાઓને પ્રેરણા આપવાની ક્ષમતા, વિવેક, વિનમ્રતા, અને જન્મથી જોડાયેલ તેમના વ્યક્તિગત વિભિન્ન પાસાંઓ ફારુકભાઇને અન્યોથી અલગ પાડે છે. વ્યવસાયિક બુદ્ધિમતા અને માનવીય લાગણીઓનું ફારુકભાઇમાં એક વિશિષ્ટ સંયોજન છે. તેઓ પોતાના ઉત્તમ ઉદાહરણથી અન્યોને દોરે છે અને પોતાની આસપાસના લોકોને ઉત્કૃષ્ટતા માટે ઉત્તમ પ્રયાસો કરવાની પ્રેરણા પૂરી પાડે છે. વૃદ્ધ વિકલાંગો માટે વિશ્વનું પહેલું કહી શકાય એવું વૃદ્ધાશ્રમ ઝઘડિયા, ભરૂચ ખાતેની અમારી બિન સરકારી સંસ્થા માટે એક લાખ ચોરસ ફૂટનું માળખું ઊભું કરી દેવા બદલ હું અંગત રીતે ફારુકભાઇનો ઘણો ઋણી છું.

આ જીવનયાત્રા એક અસાધારણ વ્યક્તિના જીવનમાં ડોકિયું કરવા આપણને આમંત્રણ આપે છે. આ કહાની છે ધીરજતાની, સહનશક્તિની, નવીનતાની અને દુનિયામાં હકારાત્મક પરિવર્તનો લાવવાની અને તે માટે કટિબદ્ધતાની. જે વ્યક્તિએ આપણા સમાજ અને તેની પેલે પાર હકારાત્મકતાની એક ઊંડી છાપ છોડી છે તેમને બિરદાવતું આ પુસ્તક એક આવકારદાયક પગલું છે અને તેમના ઉત્તમ વ્યક્તિત્વને ઉજાગર કરવાની એક ઉત્તમ ચેષ્ટા છે. મને ખાતરી છે કે ફારુકભાઇના જીવન પર આધારિત આ પુસ્તક દરેક ક્ષેત્રથી સંબંધિત વાંચનારને પ્રેરિત અને પ્રોત્સાહિત કરશે.

**'પ્રભુનું ઘર' ડિસેબલ વૃદ્ધાશ્રમના ખાતમુર્હુતમાં કહેલાં વાક્યો...**

મુખ્યમંત્રી સાહેબે પૂછ્યું કે ડિસેબલ લોકોનું વૃદ્ધાશ્રમ બનાવવા પૈસા ક્યાંથી લાવશો? મેં કીધું કે ભગવાનની ઈચ્છા છે. કાલે શિવરાત્રી ગઈ, આજે મહાદેવ (ફારુકભાઈ) અહીં આવ્યા. કાશી ના જવું પડ્યું મને, ખુદ મહાદેવ મારી પાસે બેઠા. ફારુકભાઈએ જાહેરમાં કીધું કે 'પ્રભુ નું ઘર - ડિસેબલ વૃદ્ધાશ્રમનો બધો જ ખર્ચો હું ઉપાડીશ, કનુબાપા તમારે કોઈની પાસે માંગવા જવાની જરૂરત નથી.'

**- પદ્મશ્રી ડૉ. કનુભાઈ ટેલર, ફાઉન્ડર-પ્રમુખ ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, સુરત**

(ફારુક જી. પટેલ માટે ડિસેબલ્ડ વેલ્ફેર ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા, સુરતના સ્થાપક પદ્મશ્રી ડૉ. કનુભાઇ ટેલરના અંગ્રેજી લખાણનું તેમના વિચારો, લાગણીઓ જળવાય રહે એ રીતે કરાયેલું ગુજરાતી ભાષાંતર).

# સૂચિ


| | | |
|---|---|---|
| પ્રકરણ - ૧ | પ્રતિબિંબ અને પ્રયોજન | 11 |
| પ્રકરણ - ૨ | જન્મભૂમિ, બાળપણ, શરૂઆતનું શિક્ષણ અને પ્રારંભિક તબક્કો | 23 |
| પ્રકરણ - 3 | ઔદ્યોગિક જગતમાં ઊંચી ઉડાન ભરવાની તૈયારી અને શરૂઆત | 37 |
| પ્રકરણ - ૪ | વ્યવસાયિક સામ્રાજ્યના આકાશની પેલે પારની ઉડાન | 45 |
| પ્રકરણ - ૫ | સફળ થવું અને ધનવાન બનવું પણ એક કળા છે | 55 |
| પ્રકરણ - ૬ | સ્થાનિકથી વૈશ્વિક સ્તરે કાર્ય કરતી વ્યક્તિ એટલે ડૉ. ફારુક જી. પટેલ | 65 |
| પ્રકરણ - ૭ | સમાજ માટે આપણે, આપણા માટે સમાજ એક પ્રયાસ, એક પરિવર્તન | 83 |
| પ્રકરણ - ૮ | મારા અનુભવથી, વાણીથી... તમને સમર્પિત ડૉ. ફારૂક જી.પટેલ, | 115 |
| પ્રકરણ - ૯ | ઈનોવેશન, ટેલેન્ટ અને ક્રિએટિવ મેનેજમેન્ટ માટે મળ્યું માનદ ડોક્ટરેટ | 141 |
| પ્રકરણ - ૧૦ | ગર્વ લેવા જેવી બાબત | 145 |
| પ્રકરણ - ૧૧ | ડૉ. ફારુકભાઇ જી. પટેલના ઉર્જાનો ઉજાસની પ્રેરણાદાયક જીવનયાત્રાના તસ્વીરી પુરાવા અને સંભારણા | 149 |
| પ્રકરણ - ૧૨ | હુરુન ઈન્ડિયાની રિચેસ્ટ લિસ્ટમાં ડૉ. ફારુક પટેલને મળ્યું સ્થાન... | 157 |
| પ્રકરણ - ૧૩ | વાત્સલ્યવર્ષા...માન...સન્માન..પ્રેમ...લાગણીઓનો ધોધ | 161 |

# પ્રકરણ:૧

## પ્રતિબિંબ અને પ્રયોજન



જેઓ કેપીભાઇ અને ફારુક કેપીના હુલામણા નામથી પણ જાણીતા છે તે ડૉ. ફારુકભાઇ ગુલામ પટેલ સાથે મારી પ્રથમ મુલાકાત વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન (WBVF)ની ઉદ્ઘાટન વિધિ પ્રસંગે ભરૂચ ખાતે થયેલી, પ્રથમ અને ઔપચારિક મુલાકાત ટૂંકીને ટચ, પરંતુ ફારુકભાઇની આટલી જબરદસ્ત પ્રતિભા, વ્યક્તિત્વ હોવા છતાં તેમની સાદગી, સરળતા, મૃદુતા, ચહેરા પરનું હળવું સ્મિત અને સામાન્ય માણસ સાથે સામાન્ય થઇ જવાની વિનમ્રતા અને ભાવના મને સ્પર્શી ગઇ. વેપારી જગતના આટલા મોટા માણસ અને આટલો મોટો સામાજિક મોભો, નામના અને ખ્યાતિ ધરાવનાર ફારુકભાઇ આટલા વિનમ્રભાવે ત્યાં હાજર રહેલા દરેકની સાથે હળવાશ અને વિનમ્રતાથી હળેભળે, વાતો કરે એ જોઇ મને લાગ્યું કે સફળતાના આટલાં ઊંચાં શિખરો સર કર્યા બાદ પણ આ માણસ પોતાના ખાનદાન, સંસ્કૃતિ અને સંસ્કારના મૂળિયાંઓથી અલગ થઇ ગયો નથી, પણ પોતાના ભૂતકાળને ભૂલી ન જતાં એ મૂળિયાંઓને બરાબર વળગી રહ્યો છે! એટલે ત્યારે જ મને સહજ ઉત્કંઠા થયેલી કે મારે આ માણસની નજીક જઇ તેમની સફળતાની દુનિયામાં ડોકિયું કરી જોવું જોઇએ કે આ ફારુકભાઇ હકીકતમાં છે કોણ?

WBVFની ઉદ્ઘાટનવિધિ પછી વિધિના લેખ કહો કે આ માણસની નજીક જવાની મારામાં જાગેલી તીવ્ર ઇચ્છાને કારણે કહો હું અને ફારુકભાઇ એક જ ટેબલ પર જમવા બેઠા. જાણે વર્ષોથી ઓળખતા હોય તેમ જમતાં જમતાં ફારુકભાઇએ મારી સાથે અને ટેબલ પર જમતા અન્ય મહેમાનો સાથે વાતચીત દરમિયાન એમના વેપારી, રાજકીય, ધાર્મિક વગેરે વિષયો પરના સુંદર વિચારો પણ પીરસ્યા. બૌધ્ધિક અને ગંભીર વિષયો પર પણ તેમની રમૂજી અને આનંદભરી વાતોએ ફરીથી સ્વાભાવિક રીતે મને તેઓમાં વધારે રસ લેવા પ્રેરિત કર્યો. આ માણસની જીવનકથા લખવાની માનસિક શરૂઆત મારા માટે ત્યારથી જ શરૂ થઇ ગઇ હતી. બાદમાં મારા ભરૂચ જિલ્લા અને યુ.કે.ના મિત્રો થકી ફારુકભાઈની ઘણી વાતો સાંભળવા મળી. આને લીધે ફારૂકભાઇના જીવન વિષે વધુ જાણવાની મારી ઇચ્છા વધુ તીવ્ર બનતી ગઇ. મારા કવિ-લેખક-સંશોધક જીવડાનો ટળવળાટ વધવા માંડયો કે સામાન્યમાંથી અસામાન્ય બનનાર, સાધારણમાંથી અસાધારણ પ્રતિભા ધરાવનાર આપણા સમાજના આ બાહોશ, હિંમતવાન, જીવનના પડકારોને ઝીલનાર અને શૂન્યમાંથી વિશાળ સર્જન કરનાર પ્રખર, સફળ ઉદ્યોગપતિ વિષે વધારે જાણવું પડશે અને તેમની

સાધારણમાંથી અસાધારણ વ્યક્તિ બનવાની વિગતોને ઉજાગર કરી સમાજ સામે મૂકવી પડશે જેથી ફારુકભાઈની તો કદર થાય જ, તેમની નોંધ તો જરૂર લેવાય, પરંતુ સાથે સાથે તેમના જીવનમાંથી અન્યોને પ્રેરણા અને સફળતાની ગુરુચાવી પણ મળી રહે. કોવિડ-19 વખતે પણ ફારુકભાઈની કંપનીના કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) એક્ટિવિટી જેમાં થાય છે તે કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન અંગે જાણવાનો મોકો મળ્યો. જેના થકી ફારુકભાઈ સમાજના અસંખ્ય જરૂરતમંદોને સહાય કરવાનું અને આગળ લાવવાનું માનવસેવાનું ઉમદા કામ કરે છે. કેપી ગ્રુપનો ઔદ્યોગિક વિસ્તાર તો આસમાનની બુલંદીને પામી રહ્યો હતો, પરંતુ વેપારની સાથે સાથે સમાજને કંઈક પાછું આપવાની ભાવના અને માનવતાની સેવા કરવાની ઝંખનાથી ફારૂકભાઈએ 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' નામની સંસ્થા શરૂ કરી હતી. ઔદ્યોગિક જગતમાં સ્થાનિકથી લઈને આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર સુધી પોતાની પ્રગતિની પાંખો ફેલાવનાર આ વ્યક્તિ માનવ કલ્યાણનાં કામોમાં આટલો બધો રસ કેમ લે છે એ પ્રશ્ન મારા મનમાં ઊઠયો. જે વ્યક્તિએ ટૂંકા સમયમાં જ વેપારધંધામાં આટલી ભવ્ય પ્રગતિ કરી પોતાના તેમજ પોતાના પરિવાર અને આવનાર પેઢીઓ માટે આર્થિક સદ્ધરતા મેળવી લીધી હોય તે વ્યક્તિ સમાજના છેલ્લી હરોળમાં ઊભા હોય, હાંસિયામાં ધકેલાય ગયા હોય તેવા વંચિત અને નિરાધાર લોકો માટે શા માટે વિચારતો હશે? આનો જવાબ મેળવવા માટે મારે ફારુકભાઈના જીવનનો ઝીણવટથી વધુ અભ્યાસ કરવો પડશે એ વિચાર મારા મનમાં ધીરે ધીરે ઘર કરતો ગયો.

૨૦૨૧માં ભરૂચ મુન્શી વિદ્યાધામની સુવર્ણ જયંતીની ઉજવણી વખતે મુખ્ય મહેમાન તરીકે પધારેલા ડૉ. ફારૂક પટેલ સાથે મારી ફરી મુલાકાત થઈ અને ઔપચારિકતાની દીવાલ થોડીક તૂટી અને હું અને ફારૂકભાઈ થોડા અનૌપચારિક બની ખુલ્લા મને વાતો કરવા માંડ્યા. અમે સાથે જમ્યા, ખૂબ વાતો કરી, તેમનું વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક પ્રવચન સાંભળ્યું અને આ બધાને અંતે મારા લેખક જીવને જાણે ફરી અંદરથી એક અવાજ સંભળાયો કે આ ફારુકભાઈમાં કંઈક એવું છે જે મારે શોધવું રહ્યું, ફંફોસવું રહ્યું અને એમની સફળતાનાં એ રહસ્યોને સમાજ સામે મૂકવાં રહ્યાં.

ઇંગ્લૅન્ડ પાછા ફર્યા બાદ મને તેમની ટીમ દ્વારા ફારુકભાઈની વ્યાપારી અને સમાજસેવાની સિદ્ધિઓ વિષેના સમાચાર નિયમિત મળતા રહ્યા. એવામાં સંજોગોવસાત ફારૂકભાઈના બોલ્ટનમાં

રહેતા સાળા હારૂનલાલા સાથે સંપર્ક થયો અને તેઓએ ફારૂકભાઇને વીડિયો કૉલ થકી વાત કરાવી. ત્યારબાદ તેમના વિશેના મારા સંશોધનને એક નવો વેગ અને ઉત્સાહ પ્રાપ્ત થયો...

એવી જ રીતે પ્રકૃતિના સંકેતો મને શીખવે

જે શોધું છું હું એ કદાચ મારી આસપાસ જ મળશે

વર્ષ 2023 દરમિયાન વર્લ્ડ ભરૂચી વ્હોરા ફેડરેશન (WBVF)નું વાર્ષિક અધિવેશનમાં પધારવા મને આમંત્રણ મળ્યું. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ હતા જનાબ ડૉ. ફારુકભાઇ ગુલામભાઇ પટેલ જેમણે યુવાનોને સંબોધીને ખૂબ જ અસરકારક અને પ્રેરણાદાયક પ્રવચન આપતા પોતાની આકર્ષક છટામાં કહ્યું, "સફળતા કોઇ એક દિવસમાં મળતી નથી, તે મહેનત, ધીરજ અને સમર્પણ સાથે નિર્ધારિત દિશામાં આગળ વધવા પર નિર્ભર હોય છે. દરેક અવસરમાં એક તક હોય છે. સફળતામાં તક છે અને નિષ્ફળતામાં પણ તક છે. દરેક મુશ્કેલી કે અડચણ એક નવી રીત, નવો રસ્તો બનાવવાની તક પૂરી પાડે છે. દરેક વસ્તુ આપણા અભિગમ ઉપર આધાર રાખે છે. આપણો અભિગમ હકારાત્મક કે નકારાત્મક રાખવો એ આપણા પર આધારિત છે. જિંદગીને જે જીતે છે તે ગમે તેવા સંજોગોમાં પણ હકારાત્મકતાના દૃષ્ટિકોણને છોડતો નથી. સપનાંઓ મોટાં જુઓ, પછી એ સપનાંઓને હકીકત બનાવવા ફક્ત વિચારો નહીં, પણ તે માટે સખત મહેનત કરો. મન અને શરીર તૂટી જાય ત્યાં સુધી પોતાના સપનાને સાકાર કરવા મહેનત કરો. મને લોકો પૂછે છે કે કેપી ગ્રૂપને ઊભું કરવામાં અને એને આ જગ્યાએ લાવવામાં કેટલું મોટું રોકાણ જોઇએ? મારો જવાબ છે

એમ કરવામાં સત્યનિષ્ઠા, વ્યાપારિક નીતિઓ, શ્રમ અને શિસ્ત આપણું સૌથી મોટું રોકાણ હોવું જોઇએ. નિષ્ફળતા અને નિરાશા તો માત્ર એક નિશ્ચિત શિખર પર પહોંચવાનાં પગથિયાં છે. વિશ્વ ગજબની ગતિથી બદલાય રહ્યું છે. નવી તકો અને નવી ટેક્નૉલોજી સાથે તમને તમારી ક્ષમતાઓ સિદ્ધ કરવાની અનંત સંભાવનાઓ ઉપલબ્ધ છે. સતત શીખતા રહો, તમારામાં નવીનતા લાવો, મન અને હૃદયને સંકુચિત નહીં પણ મોકળું રાખો. WBVF અને મુન્શી વિદ્યાધામ જેવી સંસ્થાઓ જે તમને આ મહાન તક આપે છે તેને ગંભીરતાથી લઇ તમારું, તમારા કુટુંબનું અને રાષ્ટ્રનું ભાગ્ય અને દિશા તમે બદલી શકો છો." આ તલવારની ધાર જેવા અને અરીસાના પ્રતિબિંબ જેવા ફારુકભાઇના

શબ્દો આજે પણ મારી આસપાસ ગૂંજે છે. ફારુકભાઇએ ત્યાં ઉપસ્થિત ફકત યુવાનોને જ પ્રેરિત ન કર્યા હતા પરંતુ કાર્યક્રમમાં હાજર રહેલ મારા જેવા સેંકડો માણસોમાં ઉત્સાહની અને આશાની ઊર્જા ભરી દીધી હતી.

કાર્યક્રમ પછી મેં અને ફારુકભાઇએ મુન્શી વિદ્યાધામના કૉન્ફરન્સ રૂમમાં સાથે ચાય પીધી. ફારૂકભાઇ મહેમાનો સાથે હળવી વાતો કરી તમામનું ધ્યાન આકર્ષિત કરતા હતા ત્યારે અચાનક જ મારાથી ફારુકભાઇને પૂછાય ગયું: "ફારુકભાઇ, તમારી જીવનકથા લખવાનો મારો વિચાર છે. આપ પરવાનગી આપશો?" એક સેકન્ડનો પણ વિલંબ કર્યા વિના તેમણે પોતાની આગવી પ્રભાવશાળી શૈલીમાં કહ્યું: "ઇમ્તીયાઝભાઇ લખો ને! પરંતુ, મારી જીવનકથા લખવામાં થોડુંક સાહસ જોઇશે. મારા જીવનના અમુક પ્રસંગો આપણી સામાજિક અને મુખ્ય ધારાના વહેણની વિરૂદ્ધમાં જઇ શકે છે, પરંતુ સચ્ચાઇ એ જ છે અને મારી સફળતા પાછળની ખુમારી પણ એ જ છે. બોલો, સાહસ કરશો?" મેં પણ તરત જ પ્રતિભાવ આપતાં કહ્યું: "જ્યારે બોલનાર વ્યક્તિ પોતાની જીવનકથામાં સત્ય સમાવી લેવાની આટલી હિંમત રાખતી હોય તો મારા જેવા લેખક, સંશોધક, અને વાંચનાર પાસે પણ એટલી હિંમત તો હોવી જ જોઇએ ને? ચાલો મંજૂર."

ફારુકભાઇએ તરત જ પોતાના જનસંપર્ક અધિકારી અને કેપી હ્યુમનના ડિરેક્ટર રાજાભાઇ શેખ સામે જોયું અને કહ્યું, "રાજાભાઇ, ઇમ્તીયાઝભાઇને તમારો નંબર આપો. તેમને મારા જીવન વિષે જે કંઇ માહિતી જોઇતી હોય અને આ પુસ્તકના અનુસંધાનમાં જે કંઇ આપલે કરવાની હોય એ શરૂ કરી દો. જોઇએ ઇમ્તીયાઝભાઇ મારી જીવનકથા કેવી લખે છે અને એ કોઇના કામ આવશે કે નહીં?" આમ ફારુકભાઇની જીવનકથા લખવાનો ઔપચારિક નિર્ણય બધા સામે લેવાયો અને શરૂઆત થઇ વહોરા સમાજના એક સામાન્ય માણસની અસાધારણ બનવાની કથા અને એ પણ વળી એવા માણસની કથા જે પોતાના હિતોની સાથે સાથે પરહિતની ભાવના લઇને શરૂઆતથી લઇ આજદિન સુધી ચાલે છે. તેથી જ તો ફારૂકભાઇ અને તેમનું ઔદ્યોગિક અને માનસેવાનું સામ્રાજ્ય જોઇ મને સંત અને કવિ તુલસીદાસનું અમર વાક્ય જે દોહા સ્વરૂપમાં છે તે યાદ આવે છે:

પરહિત બસ જિન્હ કે મન માહીં
તિન્હ કહું જગ દુર્લભ કછુ નાહીં

અર્થાત જેમના મનમાં સદા અન્યોનું હિત કરવાની અભિલાષા રહેતી હોય તેમના માટે સંપૂર્ણ જગતમાં કશું પણ દુર્લભ હોતું નથી.

ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી ગઝલોના ક્ષેત્રમાં જેમનું યોગદાન અમૂલ્ય છે અને જેમના સાહિત્યિક-શૈક્ષણિક પ્રદાનની ખ્યાતિ વિશ્વભરમાં છે એવા અદમ સાહેબ ટંકારવીની પંક્તિઓ જેમની જીવનકથા લખાય છે એમના કિરદારને શોભે છે:

બધા સંજોગોમાં નિર્મળતા ગૌરવ સાચવી લે છે
પડે ઝાકળ તો ફૂલની પાંખડી થઇ જાય છે શય્યા

માનવજીવનના વિવિધ પાસાંઓને સમજવા, વિશેષ વ્યક્તિઓના જીવન અનુભવોમાંથી કંઇક શીખવા અને તેમાંથી પ્રેરણા લેવા માટે આત્મકથાઓ, જીવનકથાઓનાં સંશોધનો અને લેખનોનું ઘણું મહત્વ છે. અરબ ઈતિહાસકાર, ચિંતક ઇબ્ન ખલદુન અને અંગ્રેજ ઈતિહાસકાર, સંશોધક Bede એ કહ્યું છે કે જે સમાજ પોતાના ઈતિહાસની નોંધ નથી લેતો અને સાથે સાથે જે સમાજ પોતાની વિશેષ વ્યક્તિઓની કદર નથી કરતો તે સમાજમાં આગેવાનો, અસાધારણ વ્યક્તિઓ ધીરે ધીરે ઓછી થતી જાય છે અને પરિણામે સમાજ પ્રગતિ કરી શકતો નથી અને સમાજ આગેવાન રહિત, દિશા રહિત થઇ જવાની સંભાવનાઓમાં વધારો થતો જાય છે. મુસ્લિમ સમાજે ખાસ કરીને આ વિષયનું અને આવી પ્રવૃત્તિઓનું મહત્વ સમજવું પડશે અને આવાં સંશોધનો અને પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અને વેગ આપવો પડશે.

અસાધારણ વ્યક્તિઓની આત્મકથાઓ – જીવનકથાઓ જીવનની મુખ્ય ઘટનાઓ, પ્રસંગો, સંજોગો, સફળતાઓ, નિષ્ફળતાઓ, સિદ્ધિઓ, પ્રસિદ્ધિઓ, વિચારો, તરંગો, લાગણીઓ, સંબંધો અને માનવની અદશ્ય તાકાતો, ઊર્જાઓ ઉપર પ્રકાશ પાડે છે જે વસ્તુઓ આજની અને આવનારી પેઢીઓ માટે પ્રેરણાસ્ત્રોત અને પથદર્શક બની શકે છે.

આત્મકથાઓ – જીવનકથાઓ લખી આપણે આપણી ભવિષ્યની પેઢીઓ માટે આપણો ઈતિહાસ, આપણો વારસો છોડી જતા હોઇએ છીએ. ઈતિહાસમાંથી શીખી વર્તમાનમાં કેવી રીતે જીવવું અને ભવિષ્યને કયા પ્રકારનો આકાર આપવો તેની પ્રેરણા અને વિચારધારા આપણને

વિશેષ વ્યક્તિઓના જીવનમાં ડોકિયું કરવાથી મળે છે. આત્મકથાઓ – જીવનકથાઓ માત્ર એક જ વ્યક્તિની નથી હોતી, પરંતુ આપણા આખા સમાજ અને સંસ્કૃતિના વિકાસની ગૌરવગાથા અને પ્રતિબિંબ સમાન હોય છે.

ફારુકભાઈની જીવનકથા માત્ર તેમની નથી, તેમની વાત કરી આપણે આપણા આખા સમાજના ઉતાર-ચઢાવ, સિદ્ધિ-પ્રસિદ્ધિ, અને પ્રતિબિંબની વાત કરીએ છીએ. ફારુકભાઇ આપણા સમાજનું ગૌરવ છે અને પ્રતિબિંબ છે.

મારી દૃષ્ટિએ અને મારા અભ્યાસ પ્રમાણે અમુક લોકોની સિદ્ધિઓ, સફળતાઓ ફક્ત તેઓની અંગત જ હોય છે, જ્યારે અમુક લોકોની સિદ્ધિઓ, સફળતાઓ તેમની પોતાની અને સમાજની તેમજ રાષ્ટ્રની પણ હોય છે. આવા લોકો પોતાની સિદ્ધિઓ, સફળતાઓને પોતાના અંગત સ્વાર્થ માટે જ નથી રાખતા, પણ તેમને સમાજની સાથે વહેંચે છે અને એમ કરવામાં આનંદ અને સંતોષ અનુભવે છે. એટલે આવી વિશેષ વ્યક્તિને આપણે ઉદ્યમી, પરોપકારી, entrepreneur, philanthropist કહીને બીરદાવીએ છીએ. ફારુકભાઇની આ વિશેષતાએ મને તેમની જીવનકથા લખવા માટે પ્રેરિત અને પ્રોત્સાહિત કર્યો. આર્થિક રીતે ભારત અને વિશ્વની ધનાઢ્ય વ્યક્તિઓમાં જેમની ગણના ખૂબ જ ટૂંકા સમયમાં થવા લાગી, માન-સન્માનનાં શિખરો જેમણે ટૂંકા સમયમાં સર કર્યાં એવા ફારુકભાઇ અને તેમનું કુટુંબ વેપારી જગતમાં ટોચ પર પહોંચી ગયું, તેમ છતાં આ વ્યક્તિ પોતાનાં મૂળિયાં સાથે, પોતાના સમાજ સાથે જોડાયેલી રહી છે. સમાજને કંઇક પાછું આપવાની ઝંખના - વેદના આજે પણ ફારુકભાઇમાં તરવરી રહી છે. એમની આ વિશેષતા એમને અન્ય ધનાઢ્ય લોકોથી અલગ પાડે છે. ફારુકભાઈ માત્ર આપણાં સમાજ પુરતા જ સિમીત નહીં રહેતા તમામ સમાજ-જ્ઞાતિ, ધર્મના લોકોમાં આવકારીય બની ગયા છે, સન્માનીય બની ગયા છે. જે ખરેખર આપણાં માટે ગૌરવવધારનરી બાબત છે. તેમના વ્યક્તિત્વના આ પાસાને લઇને ફક્ત ફારૂકભાઇનો મોભો ઊંચો નથી થયો, પરંતુ સાથે સાથે આપણા આખા સમાજનો અને સંસ્કૃતિનો મોભો પણ ઊંચો થયો છે. આ વ્યક્તિએ સફળતા-નિષ્ફળતાની સીડીઓ ચઢતાં ચઢતાં પોતાની અસલ જાતને, પોતાના કુટુંબને, પોતાના મિત્રોને, પોતાના કર્મચારીઓને અને પોતાના સમાજને કાયમ છાતીએ વળગાડેલો રાખ્યો છે. આ વિશેષતા ફારુકભાઇને વિશેષ અને

અસાધારણ વ્યક્તિઓમાં સામેલ કરે છે. ફારુકભાઇનું આ જ તો આભૂષણ છે, ચારિત્ર્ય છે. અહીં મારા શિક્ષણકાળના ગુરુ એ. એલ. જોષી સાહેબે કહેલો સંસ્કૃતનો એક શ્લોક પ્રસ્તૃત છે:

એશ્વર્યસ્વ વિભુષણં સુજનતા, શૌર્યસ્વ વાક્સંયમો
જ્ઞાનસ્યોપશમ: કુલસ્ય વિનયો, વિત્તસ્ય પાત્રે વ્યય:

અક્રોધસ્તપસ્: ક્ષમા બલવંતા ધર્મસ્ય નિર્વ્યાજતા
સર્વેષામપિ સર્વકારળમિદં શીલં પરં વિભૂષણમ્

અર્થાત...

મોટાઇનું આભૂષણ સૌજન્ય, સારી વર્તણૂંક છે, શૌર્યનું આભૂષણ વાણીનો સંયમ છે, જ્ઞાનનું આભૂષણ ઇંન્દ્રિયોનો સંયમ છે, સંપત્તિનું આભૂષણ યોગ્ય પાત્ર જોઇને તેનો ઉપયોગ કરવો, તપસ્વીનું આભૂષણ ક્રોધ પર કાબુ, બળવાનનું આભૂષણ ક્ષમા છે અને ધર્મનું આભૂષણ કપટ રહિતતા - સત્યતા છે. પણ આ બધા ગુણોમાં શ્રેષ્ઠ આભૂષણ શીલ- સારું ચારિત્ર્ય જ છે! ફારુકભાઇમાં આજે પણ પોતાનામાં પોતાનું હૃદય ધબકે છે, પોતાના હૃદયમાં કુટુંબ ધબકે છે, પોતાના હૃદયમાં મિત્રો ધબકે છે, પોતાના હૃદયમાં પોતાની કંપની અને કંપનીના એક એક કર્મચારીનું હૃદય ધબકે છે. સમાજ ધબકે છે, સમાજસેવા ધબકે છે. માનવતા ધબકે છે અને આ બધુ તેમના 'હ્યુમન ફર્સ્ટ"ના સિંદ્ધાંતોને આધિન છે. આ જ ફારુકભાઇનું સૌથી મોટું આભૂષણ છે અને આ નિખાલસ વ્યક્તિનો પરિચય છે.

ફારુકભાઇ જેવા પરોપકારી, entrepreneur, philanthropistની પ્રેરણાદાયી જીવનકથા મનુષ્ય જીવનનાં વિવિધ પાસાંઓને આપણી સમક્ષ ઉઘાડે છે. ઉતાર-ચઢાવ, સુખ-દુ:ખ, આનંદ-વિષાદ અને સંઘર્ષોની યાત્રાની અનુભૂતિ આપણને વિચારતા કરી મૂકે છે, આપણને હચમચાવી મૂકે છે. આ વિચાર કરતાં કરી મૂકે એ પ્રક્રિયા ખૂબ જ અસરકારક હોય છે. વિચારશીલ માણસ, વિચારશીલ સમાજ સંઘર્ષોમાંથી પ્રગતિનો પંથ શોધતો હોય છે અને આત્માની આ શોધ, પોતાની જાતની આ શોધ, સફળતાની આ શોધ અને સિદ્ધિ મેળવવાની આ શોધ માણસ અને સમાજને અંતે સમૃદ્ધિના માર્ગ તરફ લઇ જતી હોય છે.

મુઠ્ઠી ઊંચેરા માનવીઓની આત્મકથાઓ, જીવનકથાઓ એ ચિંતન અને આત્મવિચારણાનું માધ્યમ છે. રૂહાની, આંતરિક વિકાસ અને આત્મશુદ્ધિ માટે જીવનકથાઓ એક અગત્યનું માધ્યમ બને છે. જીવનકથાઓમાં આપણને આપણું પ્રતિબિંબ જોવા મળે છે. અન્ય વ્યક્તિઓના સારા-નરસા અનુભવોમાંથી આપણે પોતાના માટે તારણો કાઢી શકીએ છીએ. જીવનકથાઓ વાંચી, તેમનો અભ્યાસ કરી વાંચકને પોતાના જીવનના અલગ અલગ તબક્કાઓનો વિચાર કરવાની મોકળાશ મળે છે. પોતાની જાતને વધુ સારી રીતે સમજવાની ક્ષમતા વધે છે. પોતાની જાત સાથેનો અર્થપૂર્ણ વાર્તાલાપ વધે છે. જીવનકથાઓ વ્યક્તિને વ્યક્તિની નજીક લાવે છે. ફારૂકભાઇ અને અન્ય અસાધારણ વ્યક્તિઓની જીવનકથા વાંચી, સમજી આપણે આપણામાં આત્મમંથન, આત્મ અનુભૂતિ અને આત્મ સંતુલન પેદા કરી શકવાની સંભાવનાને વધારી દઇએ છીએ.

જીવનકથાઓ સંશોધન અને અભ્યાસનું સાધન છે. આ પ્રવૃત્તિ વહેતી નદીની જેમ નિરંતર વહેતી રહેવી જોઇએ. આવું વાંચન આપણી અને આપણા સમાજની સ્થિતિ અને પરિસ્થિતિ બદલી શકે છે. વ્યક્તિગત, સામાજિક, રાજકીય, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભોમાં આ એક મહત્વપૂર્ણ દસ્તાવેજ સાબિત થાય છે.

ફારુકભાઇ જેવા સાહસિક, સફળ અને દૂરંદેશી ઉદ્યોગપતિના જીવનમાં ડોકિયું કરવાથી આપણને ઉત્સાહ, પ્રેરણા અને આંતરિક તાકાત મળે છે. તેમના પડકારો અને સફળતાઓનો અભ્યાસ કરી આપણે આપણી સફળતાની પગદંડીની રણનીતિ તૈયાર કરી શકીએ છીએ.

જીવનકથાઓનું બીજું એક અગત્યનું પાસું એ છે કે આ કથાઓ સામાન્ય જ્ઞાન, common knowledge અને સામાન્ય અનુભવો common experiencesની સમજબૂઝ પેદા કરી આ સામાન્ય જ્ઞાનમાંથી કેવી રીતે અસામાન્ય જ્ઞાન અને અસાધારણ અનુભવો પેદા કરી શકાય તેની તરફ અંગૂલિનિર્દેશ કરે છે. આ આખી પ્રક્રિયા દ્વારા સામાજિક, વ્યાપારી, શૈક્ષણિક, રાજકીય, સાંસ્કૃતિક, સાહિત્યિક અને વૈશ્વિક સ્તરે માનવ અનુભવોની સમાનતા અને વિરોધાભાસ સમજાય છે, જે માનવ એકતા અભિયાન, માનવ સેવા અને આર્થિક-ભૌતિકવાદની ચરમસીમા હોવા છતાં માનવ સહાનુભૂતિના વાતાવરણને ઊભું કરવામાં, વિસ્તારવામાં મદદરૂપ થાય છે.

આ સંદર્ભમાં ખાસ કરીને આપણાં સમાજમાં આત્મકથાઓ, જીવનકથાઓ, પ્રેરણાત્મક કથાઓ અને વાંચન પ્રવૃત્તિને વેગ આપવાની ખૂબ જ જરૂર છે. દસ્તાવેજીકરણની આ પ્રવૃત્તિ માનવીય અનુભવ અને ઇતિહાસનાં સાચાં પ્રતિબિંબ રૂપે સાક્ષી બની ઊભરી આવે છે જે આજના અને આવનારા સમયમાં આપણા સમાજને, આપણા જીવનને વધુ સજાગ, સફળ, સમૃદ્ધ, સ્વસ્થ અને અર્થપૂર્ણ બનાવવામાં મદદરૂપ થઇ શકે છે. આ સંદર્ભમાં ફારુકભાઇએ પોતાના પ્રતિબિંબમાં આપણા સમાજનું પ્રતિબિંબ બતાવવાની હિંમત કરી, સત્ય બોલવાની હિંમત કરી, પોતાની સફળતાનાં રહસ્યો આપણી સામે ખુલ્લાં મૂકવાની હિંમત કરી, મેં આટલો પડકારરૂપ પ્રોજેક્ટ હાથ ધર્યો અને ફારુકભાઇની જીવનકથાના સત્યના દરવાજા ખોલવાની હિંમત કરી એ બદલ આપણે સૌ ધન્યવાદ, અભિનંદનને પાત્ર છીએ.

ઇંગ્લૅન્ડના નામાંકિત, મૂળ આલીપોરના કવિ, લેખક, ગુજરાતી રાઇટર્સ ફોરમ, બાટલીના પ્રમુખ અહમદ લુણાત “ગુલ” કહે છે:

સમયની આંખમાં આંખ પરોવી વારતા માંડો
તમારાથી તમારું મુલ્ય ખુદ અંકાય તો સારું

ફારુકભાઇના કેપી ગૃપનું મુખ્ય કાર્યાલય 'કેપી હાઉસ' જ્યાં આવેલું છે તે સુરત શહેરના જાણીતા કવિ રતિલાલ અનિલ કહે છે:

નથી એક માનવી બીજા હજી માનવ સુધી પહોંચ્યો
'અનિલ' મેં સાંભળ્યું છે કયારનો બંધાય છે રસ્તો

કવિ અનિલ સાહેબની ફરિયાદ સાચી છે. ફારૂકભાઇએ પોતાના જ શહેરના કવિની ફરિયાદ સાંભળી માનવીથી માનવી સુધી પહોંચવાનો રસ્તો બાંધી આપ્યો છે. કેપી ગૃપનું વેપારી અને ખાસ કરીને રિન્યુએબલ એનર્જી જગતમાં જે સ્થાન છે તે અનેક ઊંચાઈઓ પર છે. કેપી ગૃપની સાથે સાથે 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' નામની નોન પ્રોફિટેબલ સંસ્થા સ્થાપી ફારુકભાઇએ માનવીથી માનવી સુધી પહોંચવા માટેનો રસ્તો બાંધી આજે ભારતના સફળતમ ઉચ્ચ ઉદ્યોગપતિઓમાં તો પોતાનું નામ નોંધાવ્યું છે, પરંતુ માનવસેવા જગતમાં પણ ફારૂકભાઇએ

માનવતાનો દીવો પ્રગટાવી ગજબનું સમતોલન ઊભું કર્યું છે. આવો, આપણે પણ મોકળું મન, મોકળું હૃદય, મોકળા વિચારો રાખી ફારુકભાઇને વાંચીએ.

પરંતુ આપણે બે ફારુકભાઇની જીવનકથા વાંચવાની છે. એક ઉદ્યોગપતિ ફારુકભાઇની અને બીજા દાતાશ્રી પરોપકારી અને માનવતાને વરેલા ફારુકભાઇની. ફારુકભાઇના સફળ સફરનામામાં આપનું સ્વાગત છે અને આ પુસ્તકમાં રસ લેવા બદલ, આ પુસ્તક હાથમાં લઇ રસપૂર્વક વાંચવા બદલ ફારુકભાઇ વતી, કૅપી પરિવાર વતી અમે સૌ આનંદ અનુભવી આપનો આભાર વ્યક્ત કરવાની તક શરૂઆતથી જ ઝડપી, આપને આ અનેરા માનવના જીવનમાં ડોકિયું કરવા ભાવભીનું આમંત્રણ આપીએ છીએ. આવો, આપનું વાંચક તરીકે સ્વાગત છે, આભાર સહ...


હરેક મકામ સે આગે મકામ હૈ તેરા
હયાત ઝૌકે સફર કે સિવા કુછ ઔર નહીં


# WORDS OF WISDOM FROM VISIONARY LEADER
# DR. FARUK G. PATEL
### FOUNDER, CHAIRMAN & MD, KP GROUP

















# પ્રકરણ:૨

## જન્મભૂમિ, બાળપણ, શરૂઆતનું શિક્ષણ અને પ્રારંભિક તબક્કો



ફારુકભાઇના જન્મ સ્થળ, બાળપણ અને શરૂઆતના શિક્ષણની વિગતો જાણીએ એ પહેલાં વિશ્વખ્યાતિ ધરાવતા બ્રિટન સ્થિત મરહુમ દીપક સાહેબ બારડોલીકરનો એક શેર તેમની પ્રતિભાને આપણી સમક્ષ ઉઘાડે છે:

જે હશે એ ભાવથી સ્વીકારીશું

પ્યાર કે પડકાર, દરવાજો ઉઘાડ

આવી જ રીતે બાળપણથી લઇને આજ દિન સુધી પડકારોના, તકોના અને સફળતાના અસંખ્ય દરવાજાઓ ઉઘાડનાર આપણા સૌના લોકલાડીલા ડૉ. ફારુક ગુલામ પટેલ ઉર્ફે કેપીનો જન્મ તા. ૨૪મી માર્ચ ૧૯૭૨ના રોજ ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના સલાદરા ગામે પોતાના નાનાસાહેબને ત્યાં થયો હતો. પહેલી ડિલીવરી પિતાજીને ત્યાં કરવાના રિવાઝ અનુરુપ તેમની માતાજી રસીદાબેને ફારુકભાઈને ત્યાં જન્મ આપ્યો. આમ તો પિતાજી ગુલામઅલી પટેલ (હવેલીવાલા)નું વતન ગ્રાલસા કોઠી ગામ.

સલાદરા ભારત દેશના ગુજરાત રાજ્યના ભરૂચ જિલ્લામાં આવેલ વાગરા તાલુકાનું એક નાનું પરંતુ સુંદર ગામ છે, જ્યાં ભારતના ગામડાંઓનો આત્મા ધબકતો મહેસુસ થાય છે. સલાદરા ગામ વાગરા તાલુકા મુખ્યાલયથી લગભગ સાત કિલોમિટરના અંતરે આવે છે અને ભરૂચ જિલ્લાના મુખ્યાલયથી લગભગ અઢાર કિલોમિટરના અંતરે આવે છે. સલાદરાના પાણીમાં વાગરાનો વલોપાત અને ભરૂચની ભવ્યતા ભરેલી છે. જ્યારે પિતાનું વતન ગ્રાલસા કોઠી ભરૂચથી 18 કિલોમીટરના અંતરે આવે છે .

સલાદરાને શી ખબર કે તેના ખોળામાંથી એક દિવસ એવી વ્યક્તિ પેદા થશે જે સલાદરા ગામને ભારતના નહીં, પણ વિશ્વના નકશામાં ગોઠવી દેશે. ફારુકભાઈના માતાના વતન સલાદરા અને પિતાના વતન ગ્રાલસા કોઠી ગામની માહિતી જ્યારે હું મેળવી રહ્યો હતો ત્યારે આ બંને ગામો ચોક્કસ મંદ મંદ સ્મિત વેરતા હશે કે જુઓ, મેં આ ગામોને, તાલુકાને, જિલ્લાને, રાજ્યને, દેશને અને વિશ્વને

કેવી અમૂલ્ય ભેટ ફારૂકભાઈના સ્વરૂપમાં આપી છે કે તમારે ઠેઠ ઈંગ્લેન્ડથી પૂછતાં પૂછતાં મારા જેવા નાનકડા ગામડાઓમાં આવવું પડયું!

સલાદરા અને ત્રાલસા કોઠી ગામને આપણે સલામી તો ભરવી જ જોઈએ, આ ગામોનું સન્માન પણ થવું જોઈએ કે જેણે આવા પનોતા, પરોપકારી પુત્રની ભેટ આપી ઔદ્યોગિક જગત અને માનવકલ્યાણના ક્ષેત્રને ધન્ય બનાવ્યું. નીચેની પંક્તિઓથી મને આપણા સૌ વતી માતા-પિતાના આ બંને ગામોનું સન્માન કરવાનું મન થાય છે:

નાનકડી કુટીર, નાનકડી ગલી, નાનકડું મારું ગામ,
સાદી જીવનશૈલી, શાંત અભ્યાસધામ;
ખેતરો વચ્ચે ઉગતો સૂરજ,
પંખીઓનાં ગીતો, મીઠો સંદેશ.
ઉત્સાહી પવનની લહેર,
હર્ષભેર ભળતા લોકોનાં ડહેર;
રાતે તારા વાતો કરવા આવે,
મણકા જેવાં સપનાં સજાવે.
શહેરથી દૂર પણ પ્રેમથી નજદીક,
સાદગીવાળું ઘર જ્યાં સુખ અતિ પ્રિય;
એ નાનું ગામ છે મારું,
જ્યાં નિર્દોષતા, પ્રેમ અને શાંતિ રોજ પધારતાં.

બાળપણ અને એ પણ ગામડાનું, એ આપણી જિંદગીની એવી અવસ્થા હોય છે જેની મીઠાશ અને નિર્દોષતા મનમાં, વિચારોમાં વારંવાર વાગોળી શકાય છે અને જીવનનો આ નિર્દોષ, નિર્મળ, સ્વચ્છ

પડાવ આખી જિંદગી આપણને સહજ આનંદ આપતો રહે છે. બાળપણમાં આપણે નાની નાની બાબતોમાં આનંદ-ઉલ્લાસ-ઉત્સવ શોધી લઇ મોજ કરતા હોઇએ છીએ અને થોડુંક વિચારો તો જીવન જીવવાનું સંતોષકારક રહસ્ય પણ આ છે કે જીવનની નાની નાની બાબતોમાંથી સુખ અને આનંદ શોધી તટસ્થ ભાવે જીવન જીવવું. બાળપણમાં નાની મોટી બાબતોમાં જો દુ:ખનો અહેસાસ થાય તો તરત સહજપણે આપણે એ દુ:ખને ભૂલી જતા હોઇએ છીએ. સુખનો અહેસાસ થાય તો એ સુખને પણ ભૂલી બીજા નાના નાના સુખની તલાશમાં લાગી જઇએ છીએ. આકાશમાંથી વરસાદ પડતો હોય, આકાશમાં ઇન્દ્રધનુષ દેખાય જાય, ધોમધખતો તડકો હોય, કંપાવનારી ઠંડી હોય, માટીનાં રમકડાં હોય, રમકડાં બને પછી તૂટે ને પછી પાછાં જોડાય, કશું હોય કે ન હોય, કશું જોડાય કે તૂટે, બસ આપણે બાળપણમાં બેફિકરીથી મોજ-મસ્તીની ક્ષણો શોધી લઇ સંતોષ અને આનંદ શોધી લેતાં હોઇએ છીએ. કાશ! આ અભિગમ મોટા થઇને પણ આપણી પાસે ટકી રહે તો!

બચપન કી વો મીઠી યાદેં, ફિર સે મુઝકો બુલાતી હૈં
નદિયોં જૈસી નિશ્ચલ હઁસી, વો કાગજ કી કશ્તિયાઁ યાદ આતી હૈં

માઁ કી ગોદી, બાપ કી છાયા, નીંદ કો ગીત સુનાતી થી
પઢાઇ સે બચને કી ચાલાકિયાઁ, બહાને રોજ નયે બનાતી થી
ગલી કે મોડ પર વો પેડ પુરાના, ઝુલે કી યાદ દીલાતા હૈ
આજ ભી મન કે કિસી કોને મેં, વો માસુમ બચપન મુસ્કાતા હૈ

મિત્રો સાથે કોઇ જ કારણ કે મતલબ વગર મૈત્રી કરી, બાળપણનો આનંદ બેહિસાબ લૂંટવો, રમતો રમવી, રઝળપાટ કરવો, ગલી-શેરી, ખેતર-પાદરમાં વગર કારણે આંટા મારવા, ગામડાની દેશી રમતો રમવી, જો કદાચ શહેરમાં ફરવા ગયા હોય તો મીઠાઇ અને અન્ય ખાવા પીવાની દુકાનોની બહાર ઊભા રહી ટગર ટગર જોયા કરી એના સ્વાદની કલ્પના કરવી, રમકડાંઓની દુકાનમાં રમકડાંઓ જોઇ કલ્પનાની દુનિયામાં ખોવાઇ જવું, વાત વાતમાં રીસાવું, ઝઘડો કરવો, અને પછી

તરત સુલેહ શાંતિ કરી લેવી, બાળપણની આવી દરેક વાતો આપણી યાદોમાં આજીવન એક ચોક્કસ જગા બનાવી જાય છે અને આ યાદો આપણને ચોક્કસ રીતે અસર પણ કરતી હોય છે. બાળપણનો આ તબક્કો રુહાનિયત, આધ્યાત્મિકતાની ચરમસીમાનો હોય છે. એટલે જ આજીવન આ નિર્દોષ ક્ષણો આપણામાં સમાય જાય છે. બાળપણમાં મળતો મા-બાપનો પ્રેમ અજોડ અને અવિસ્મરણીય હોય છે. મા-બાપ તરફથી બાળપણમાં આપણા માટે અપાતી કુરબાનીઓ અને તેમના તરફથી મળતી હૂંફ અને સુરક્ષાનું ઋણ કયારે ય ચૂકવી શકાય એવું હોતું નથી અને આપણે એ કદીય ન ભૂલવું જોઇએ.

બાળપણની આ આધ્યાત્મિક ક્ષણો જતે દિવસે આપણને આપણા જીવનમાં હૂંફ આપે છે, ખાસ કરીને મુસીબતો અને પડકારોના સમયમાં.

આ પળો સહજ રીતે આપણને શાંતિ, સાંત્વના, તાકાત અને પ્રેરણા આપતી હોય છે.

ફારુકભાઇના પિતાશ્રી ગુલામઅલી પટેલ ભરૂચ જિલ્લાના ત્રાલસા કોઠી ગામમાં રહેતા હતા. તેઓ ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ એટલે કે જી.એસ.આર.ટી.સી.ની બસોમાં ઝઘડિયા ડેપોમાં બસ કંડકટરની નોકરી કરતા હતા. ૧૯૭૪માં, જ્યારે ફારુકભાઇની ઉંમર બે વર્ષની હતી ત્યારે તેમની બદલી સુરત અડાજણ એસ. ટી. ડેપોમાં થઇ. જેથી તેઓ પોતાના ધર્મપત્ની રશીદાબેન અને પુત્ર ફારુકને લઇને સુરતના અડાજણ ગામમાં એક ભાડાના મકાનમાં રહેવા આવી ગયા.આ મકાન ખોલી જેવું માત્ર 10 બાય 10નું હતું. વરસાદ પડે ત્યારે ઉપરથી પાણીની ફુંવાર ઘરમાં પડે. નાનકડા ફારુકને તેઓ લોખંડની એક એટેચી પર બિછાનું બિછાવી સુવડાવી દે.

બસ કંડકટરની નોકરી કરતા ફારુકભાઇના પિતાશ્રીની માસિક આવક એટલે કે મહિનાનો પગાર ૭૦૦ રૂપિયા સુધી ધીરેધીરે વધતા પહોંચ્યો હતો. આટલા ટૂંકા પગારમાં પણ પોતાના કુટુંબનું સારી રીતે ભરણપોષણ કરવું એ પિતાશ્રી ગુલામભાઇનો પતિ તરીકે, પિતા તરીકે અને કુટુંબના વડા તરીકેનો કમાલ હતો. માતૃશ્રી રશીદાબેન ઘરની સંપૂર્ણ જવાબદારીઓ બખુબી નિભાવતાં અને પિતાશ્રી હિંમત અને શ્રદ્ધાપૂર્વક નોકરી કરી એક પુત્ર અને ત્રણ દીકરી સહિતના ઘરનું ભરણપોષણ

કરતા. આમ એક મધ્યમ વર્ગીય પરિવાર સુખ સંતોષથી જીવી આર્થિક સંક્રમણ અને પડકારો હોવા છતાં જીવનને સરળતાથી જીવીને પોતાની જગા બનાવી રહ્યો હતો. ફારુકભાઇમાં માતૃશ્રી રશીદાબેન તરફથી પ્રેમ, કરુણા, ધીરજ અને પિતાશ્રી ગુલામભાઇ તરફથી અડગ શ્રદ્ધા અને સખત મહેનતનાં બીજ આ સમયમાં રોપાય રહ્યાં હતાં. બાળપણના દિવસોથી જ ફારુકભાઇએ જીવનના પડકારો અને એ પડકારોને અંતે જીવનમાં રહેલી સંભાવનાઓનો અહેસાસ કરવાનું શરૂ કરી દીધું હતું. સામાન્ય અને સાધારણ પરંતુ નેક પરિવારના આ બાળકમાં જીવનની મુશ્કેલીઓને પાર કરી સમાજના એક સફળ વર્ગમાં પોતાનો પણ સમાવેશ કરવાની ધીમી પરંતુ તીવ્ર ઇચ્છાની શરૂઆત આ દિવસોથી થવા માંડી.

ફારુકભાઇના પિતાશ્રી ગુલામભાઇને એક જવાબદાર પિતા તરીકે સ્વાભાવિક છે કે પોતાનાં બાળકોના ભવિષ્યની ચિંતા થાય અને પોતાનાં બાળકોનો ઉચ્ચતમ ઉછેર થાય એ અપેક્ષા પણ સ્વાભાવિક છે. એટલે પોતાની સ્થિતિ અને પરિસ્થિતિની મર્યાદાઓને ધ્યાનમાં રાખી તેમણે ફારુકભાઇને સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત ભંડારી મહોલ્લા, કણબીવાડ ખાતેની એક સરકારી શાળામાં શિક્ષણ માટે દાખલ કરાવ્યા. માતૃશ્રી રશીદાબેન અને પિતાશ્રી ગુલામભાઇને માતા-પિતા તરીકે બરાબર ખ્યાલ હતો કે પોતાનાં બાળકોને યોગ્ય શિક્ષણ આપી સ્પર્ધાત્મક બનાવવાં, પરિવાર અને સમાજમાં જીવનનાં કૌશલ્યો શીખવાડવાં, યોગ્ય આહાર અને આરોગ્ય સંપન્ન કરવાં, મૌલિક વિચારશક્તિ અને સ્વતંત્રતાના અભિગમો કેળવવા અને સંતુલિત જીવન જીવવાની તાલીમ આપવી. રશીદાબેન અને ગુલામભાઇએ ઉપર વર્ણન કરેલ ગુણો અને સંસ્કારોનો વારસો પોતાનાં બાળકોને ગળથૂથીમાંથી જ આપ્યો, જેની ઊંડી અસર ફારુકભાઇ ઉપર થઇ અને આજીવન કાયમ રહી.

ફારુકભાઇના બાળપણ વિષે વાતચીત કરતાં કરતાં પોતાનાં માબાપ વિષેની ભાવનાઓ કંઇક આ રીતે છલકતી જોવા મળે છે:

ચલતે ચલતે જો થક જાઉં તો થામ લેતે હૈં
ગિરને સે પેહલે હી બાહોં મેં મુઝે થામ લેતે હૈં
જિનકે ચેહરે કી હઁસી મેરા જહાઁ હોતી હૈ
મેરે માઁ બાપ હી તો મેરી અસલી પેહચાન હોતી હૈ

રાતોં કો જાગ કર જો સપને સઁવારતે હૈં
ખુદ કે અરમાન જલાકર, મેરે દીપ જલાતે હૈં
ધૂપ મેં જલે, મગર છાઁવ મુઝે દે ગયે
પૈરોં મેં છાલે પડે, મગર રાહ મેરી સઁવાર ગયે

મેરી માઁ કી મમતા મેં સ્નેહ કી મીઠાશ હોતી હૈ
મેરે પિતા કે સંઘર્ષ મેં અનકહી બાત હોતી હૈ
ચાહે જિતના ભી કર લૂં, ઋણી હી રહૂંગા
ક્યોંકિ મેરે માઁ બાપ સે હી તો મૈં "મૈં" બના હૂં

ફારુકભાઇ દરેકને દિશાસૂચન આપી, ખાસ કરીને યુવાનોને કહે છે કે તમે ગમે ત્યાં હોવ, ગમે તેવા બનો, પરંતુ મા-બાપની કુરબાનીઓ અને તેમનું ઋણ કદીય ભૂલશો નહીં. કયારેય મા-બાપનું અપમાન કરશો નહીં અને સદાય મા-બાપની સેવા ચાકરી કરી તેમને ખુશ રાખજો. તેમની દુઆઓ લેજો.

ફારુકભાઇ બચપણથી જ ખૂબ તેજસ્વી હતા. એક સારા અને તેજસ્વી વિદ્યાર્થી તરીકે તેમનામાં રહેલા શિસ્તબદ્ધતા, સજાગતા, નક્કર સંકલ્પ, મહેનત. નૈતિકતા અને આત્મવિશ્વાસ જેવા ગુણોની પરખ ત્યારના શિક્ષણવિદ શિક્ષિકા શાંતાબહેને કરી લીધી, એટલે તરત જ માતૃશ્રી રશીદાબેનને ફારુકભાઇના ઉજ્જવળ ભવિષ્ય માટે, તેમના શૈક્ષણિક વિકાસની સંભાવનાઓને વિસ્તારવા

તેમનું એડમિશન કોઇ સારી શાળામાં કરાવવાની ભલામપણ કરી. માતૃશ્રી રશીદાબેન શાંતાબહેનનો આ ઇશારો સમજી ગયાં અને એ ઇશારાની ગંભીરતા અને એની થનારી અસરને પણ પામી ગયાં. એ પછી તેમણે ફારુકભાઇને પાંચમા ધોરણમાં શ્રીમતી વી.ડી. દેસાઇ વાડીવાલા(ભૂલકાંભવન) શાળામાં દાખલ કર્યા. આ શાળામાં ફારુકભાઇએ બારમા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો.

બાળપણમાં તેજસ્વી વિદ્યાર્થી તરીકેના ગુણો હોવાની સાથે સાથે ફારુકભાઇ જરાક તોફાની અને ચંચળ હતા. તેમના આ સ્વભાવને લીધે શાળામાંથી શિકાયતો-ફરિયાદો આવતી, પરંતુ શિક્ષકો અને પરિવાર ફારુકભાઇની આ તોફાની અને ચંચળ હરકતોને સમજતાં હતાં. દરિયાનાં મોજાં જેમ તોફાને ચઢે, ઘુઘવાટ કરે એની પાછળ મોજાંઓનો આશય પોતાના અસ્તિત્વનું ભાન કરાવવાનો અને કિનારે પહોંચી ઘુઘવાટ કરવાનો હોય છે, તેમ ફારુકભાઇની તોફાની, શરારતી પ્રવૃત્તિ તેમનામાં રહેલ ઊર્જાશક્તિ અને ચંચળતાનાં પ્રતીક હતાં. આજે પણ તેમની આંખોમાં, અદામાં, પ્રતિભામાં બાળપણની એ તોફાની અદા, આંખોમાં ચપળતા અને ચંચળતાની ઝલક અને રમૂજવૃત્તિની છટાઓ જોવા મળે છે. ફારુકભાઇએ આજે પણ પોતાના હૃદયમાં બચપણના એ થોડાક અલ્લડ, થોડાક તોફાની, થોડાક રમૂજી બાળકને જીવતું રાખ્યું છે અને તેથી જ તેમની આસપાસના લોકો ખુશ રહે છે કારણ કે તેમના હૃદયમાં રહેલું પેલું નિર્દોષ, ચપળ, ચંચળ બાળક આજે પણ લોકોને સ્પર્શે છે.

ફારુકભાઇનો પ્રિય વિષય હતો ગણિત જેમાં તેઓ હમેશાં ઉચ્ચકોટીના માર્ક્સ લાવતા. તેમના હસ્તાક્ષરો જરાક ગડબડિયા હતા, પરંતુ કહેવાય છે કે સાહસિક અને બુદ્ધિશાળી લોકોના હસ્તાક્ષરો સારા હોતા નથી. શરૂઆતના ત્રણ વર્ષ તેઓ ગુજરાતી માધ્યમમાં ભણ્યા. ત્યારબાદ તેમને આદર્શ શિક્ષિકા શાંતાબહેનના કહેવાથી અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવાની ગોઠવણ થઇ.

ફારુકભાઇએ એસ.એસ.સી. (SSC) 62 ટકા મેળવી પાસ કરી. એચ એસ..સી.ની પરીક્ષા આપી. આમ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણની બે સીડીઓ સફળતાપૂર્વક સર કરી ફારુકભાઇએ અમુક ગંભીર નિર્ણયો લેવાના હતા. ફારુકભાઇને પરિવારની આર્થિક પરિસ્થિતિ અને પરિવાર પ્રત્યેની પોતાની જવાબદારીનો ખ્યાલ ખૂબ જ યુવાન વયે આવી ગયો હતો. તેમણે પોતાના મધ્યમવર્ગી પિતાશ્રીનો ટૂંકા પગારમાં કુટુંબનું ભરણ પોષણ કરવાનો સંઘર્ષ ખૂબ જ નજીકથી જોયો હતો અને આવા સંજોગોમાં પણ પોતાની માતાને પ્રેમપૂર્વક હસતા મુખે કુટુંબને સંભાળતાં જોયાં હતાં. આવા કપરા અને સંઘર્ષમય સમયમાં શિક્ષણની સાથે સાથે પોતાના પરિવારને આર્થિક મદદ પણ કઇ રીતે કરી શકાય એ બાબત ફારુકભાઇ ગંભીરતાથી વિચારતા થયા અને શું કરવું, શું ન કરવું એવી દ્વિધામાં સચોટ નિર્ણયો લેવા માટે વિચારવંત થયા.

શિક્ષણનું મહત્વ ફારુકભાઇ સમજતા હતા અને આગળ ભણવું તો પડશે એ ખ્યાલ પણ તેમને આવી ગયો હતો. યોગ્ય સમયે, યોગ્ય નિર્ણયો લેવાના એક આદર્શ આગેવાનના ગુણોની શરૂઆત લગભગ અહીંથી થઇ. જરા પણ ગભરાયા વિના, વિચલિત થયા વિના પરિસ્થિતિને આધીન એકાગ્ર મને કેવા યોગ્ય નિર્ણયો લેવા એની શરૂઆત પણ અહીં થઇ. એટલું જ નહીં, એક સાહસિક અને સફળ લીડર બનવાની યોગ્ય લાયકાતો કેળવવાના તબક્કાની પણ આ શરૂઆત હતી.

ફારુકભાઇએ ૧૨માંની પરીક્ષા આપ્યા બાદ આયાત-નિકાસ (import-export)નો ધંધો કઇ રીતે કરવો તેનો કીમિયો શીખવા માટે મુંબઇ અપ-ડાઉન શરૂ કર્યું. આ ધંધો શીખતાં શીખતાં પણ પોતાના પરિવારને આર્થિક મદદ કરવી જરૂરી છે એને ધ્યાનમાં રાખી ફારુકભાઇએ એક ચશ્માની દુકાને નોકરી સ્વીકારી.

જોકે, તેઓને નોકરી કરવામાં જરાય રસ ન હતો. તેમને તો શરૂઆતથી જ પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કરવામાં અને તેને વિકસાવવામાં રસ હતો. પોતાનો જ ધંધો હોવો જોઇએ. બીજા માટે કામ નહીં કરવાની, નોકરી નહીં કરવાની ધૂન હવે ધીરે ધીરે સવાર થવા માંડી. પોતાનો ધંધો શરૂ કરવો એ માટે યોગ્ય માહિતી, જ્ઞાન અને અનુભવ જરૂરી છે એવો ખ્યાલ આવતાં તેમણે સુરતના વિશ્વવિખ્યાત

કપડાંના ઉદ્યોગમાં પોતાનું નસીબ અને પુરુષાર્થ અજમાવવાનું નક્કી કર્યું અને એની તાલીમ લેવા માટે સુરતના એક ખ્યાતનામ કપડાંની દુકાન હાફીઝ બ્રધર્સમાં કામ શરૂ કર્યું. ફારુકભાઇની તે વખતની માનસિક અને આંતરિક દ્વિધા અને લાગણીઓની કલ્પના કરતાં સંત બાલાજીની આ પંક્તિ ટાંકી શકાય..,

કાંટા આવે, કંકર આવે, ધોમ ધખંતી રેતી આવે

ખાંડાની ધારે ને ધારે ધૈર્ય ધરી ચાલ્યો જા રે

ફારુકભાઇના પ્રારંભિક જીવનના વિકાસના તબક્કાઓને ઉઘાડતાં પહેલાં મારે મારું એક નિરીક્ષણ આપ સૌ સામે મૂકવું છે. બાળપણના શિક્ષણકાળથી લઇને આજદિન સુધી ફારુકભાઇના સામાજિક અને મૈત્રી વર્તુળમાં સમાજની તમામ ધર્મ, નાત અને જાતિની વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આ એ વાતનો નિર્દેશ કરે છે કે આ માણસ ધર્મ નિરપેક્ષ છે અને આ માણસ માણસને માણસની રીતે જુએ છે. સંબંધોનું સ્થાન અને વૈવિધ્યપૂર્ણ મિત્રો સાથેનો સંબંધ ફારુકભાઇ માટે સર્વોપરી રહ્યો છે. ભારતની સંસ્કૃતિ અને સંસ્કારનો જે આત્મા છે એ આત્માના તાણાવાણાને ફારૂકભાઇએ બાળપણથી જ પોતાના જીવનમાં વણી લીધા છે. તમામ ધર્મો એકતા, આદર, સદભાવ, સંતુલન, કરુણા, પ્રેમ અને માનવતાનો સંદેશ આપે છે અને માણસમાં આ બધા ગુણો હોવા પર ભાર મૂકે છે જેમાં ઇસ્લામ ધર્મનો પણ સમાવેશ થાય છે. ફારૂકભાઇના સામાજિક અને બહુધર્મીય મૈત્રી સંબંધોને જોતાં તેમણે ભારતના પોતાના વતનની અને પોતાના ઇસ્લામ ધર્મની ધરોહરોનું જબરદસ્ત સંતુલન કરી એક એવું ઉમદા ઉદાહરણ સમાજને પૂરું પાડયું છે કે સંબંધોમાં આભડછેડ ન હોય, સંબંધોમાં એક બીજા પ્રત્યે માન-સન્માન હોય, સંબંધોમાં પ્રેમની મહેક જ હોવી જોઇએ.

આ વિષય પર ફારુકભાઇનું માનવું છે કે, જીવનમાં મિત્રો, સારા સહભાગીઓ, સારા સાથીઓ અગત્યનો હિસ્સો છે. સાચા અને સારા સલાહકારો પણ આપણા જીવનમાં મહત્વનો ભાગ ભજવે છે અને જો તેઓ વિવિધ અનુભવ અને વિવિધ ધર્મો અને સંસ્કૃતિમાંથી આવે તો તે આપણા માટે વધુ

સમૃદ્ધતા અને અર્થસભરતા લાવે છે. ફારુકભાઇનું માનવું છે કે વિવિધ પૃષ્ઠભૂમિના મિત્રો અને સામાજિક સંબંધોથી આપણા દૃષ્ટિકોણનો વિકાસ થાય છે. ભિન્ન સંસ્કૃતિઓ અને જુદા જુદા ધર્મોના લોકો સાથેના મૈત્રી સંબંધ અને સહવાસથી આપણા અનુભવ અને જ્ઞાનનો વિસ્તાર વધે છે. આવા લોકો સાથે સમય વીતાવવાથી, તેમની સાથે વાર્તાલાપ અને સંવાદ કરવાથી આપણે પણ ગુણવાન અને જ્ઞાની બનીએ છીએ અને આપણું વ્યક્તિત્વ પણ ખીલે છે. આપણામાં ધીરે ધીરે સહાનુભૂતિ અને માનવ કરુણાના ગુણોનું સીંચન થાય છે.

ફારુકભાઇ ભારપૂર્વક માને છે કે જ્યારે આપણું મિત્રવર્તુળ, સંપર્કો અને હિતેચ્છકો વિવિધ ધર્મના, વિવિધ ક્ષેત્રના અને વિવિધ પૃષ્ઠભૂમિના હોય છે ત્યારે જીવનમાં નવી તકો મળે છે. શૈક્ષણિક, વ્યવસાયિક અને અંગત વિકાસ માટે જ્યારે આપણે અલગ અલગ ધર્મો, અલગ અલગ સંસ્કૃતિઓ, અલગ અલગ માન્યતા ધરાવતી વ્યક્તિઓને સમજવા માંડીએ છીએ ત્યારે આપણે માનવતા અને સમાનતાના મૂલ્યોને સમજી શકીએ છીએ જેનાથી આપણી જાત સાથે અને આપણી આસપાસ એકતા અને શાંતિ કાયમ રહે છે.

વળી, જ્યાં વિવિધ વિચારો, વિવિધ અનુભવો, વિવિધ વાદ-સંવાદ, વિવિધ વાર્તાલાપ, વિવિધ ધર્મો અને વિવિધ પરંપરાઓ એકબીજા સાથે જોડાય છે ત્યાં વ્યક્તિગત વિકાસની સંભાવનાઓ વધે છે અને જેટલો વ્યક્તિગત વિકાસ વધુ એટલી સફળતાઓની, ઉન્નતિની, સમૃદ્ધિની સંભાવનાઓ વધુ. વિવિધ મતિ, માન્યતા અને સંસ્કૃતિ ધરાવતા મિત્રો અને આપણા સલાહકારો, આપણા કરતા વધુ હોંશિયાર વર્ગના લોકો, હિતેચ્છુઓનો સાથસંગાથ માત્ર મોજશોખ માટે જ નહીં, પણ સર્વધર્મ સમભાવના, વસુધૈવ કુટુંમ્બકમ્ અને સમાજમાં સુમેળ, સહિષ્ણુતા અને એકતા જાળવી રાખવા માટે પણ આવશ્યક છે. આમ વ્યક્તિગત વિકાસ અને સામાજિક વિકાસ બંને માટે સંબંધોમાં વૈવિધ્ય હોવું ઉપયોગી થઇ પડે છે.

ફારુકભાઇના ઉપરોક્ત વિચારોની નોંધ લીધા પછી તેમના જીવનના પડાવને આગળ વધારીએ. ફારુકભાઇને પોતાનો આગવો ધંધો શરૂ કરવાનું તેમનું સ્વપ્ન ચેન પડવા દેતું કે જંપીને બેસવા દેતું ન

હતું. પોતાનો ધંધો, અને તે પણ નાના પાયા પર નહીં પણ મોટા પાયે શરૂ કરવાની અને પોતાનું વેપારી સામ્રાજ્ય ઊભું કરવાની તડપ અને તાલાવેલી દરરોજ વધતી રહેતી. તેમને એ સમજાયું કે શિક્ષણ માત્ર પુસ્તકો અને પરીક્ષા પાસ કરવા પૂરતું મર્યાદિત નથી. ડિગ્રી મેળવવી અગત્યનું છે, પરંતુ જીવનમાં સફળતા મેળવવા માટે વિવિધ અનુભવો મેળવવા અને વિવિધ કૌશલ્યો કેળવવાં પણ જરૂરી છે. તેમને ધીરે ધીરે એ હકીકત સમજાવા લાગી કે જે સ્વપ્ન મેં જોયું છે, જે ઉદ્યોગ જગતના આકાશમાં મારે ધ્રૂવનો તારો બની પ્રકાશવું છે અને મારો જે ધ્યેય છે તેને સિદ્ધ કરવાની મારી સફરમાં વ્યક્તિત્વ વિકાસ, એકાગ્રતા, નિપુણતા, તણાવરહિત માનસિક અવસ્થા, વ્યવસાય અને કારકિર્દી માટેની ઉપયોગી માહિતી, વેપારી જગતના નિયમો અને સોદાઓની સમજબૂઝ એ બધું ખૂબ જ જરૂરી છે. આ અંગત અને ધંધાદારી ગુણોના વિકાસ માટે ૧૯૯૦ની સાલમાં ફારુકભાઇએ 'મંત્રા' (MANTRA) એટલે 'મૅન મેઇડ ટેક્સ્ટાઇલ રિસર્ચ એસોસિયેશન'માં અભ્યાસ કરવાનું શરૂ કર્યું. ત્યાર બાદ ૧૮ વર્ષની નાની ઉંમરે અડાજણ પાટિયા પાસે ફઝલ ટાવરમાં એક ભાડાની દુકાનમાં ડ્રેસ મટિરિયલ્સનું કામ શરૂ કર્યું.

આર્થિક સંકટો, પડકારો અને પરિવારની જવાબદારીની ગંભીરતાઓ ફારુકભાઇનો પીછો મૂકતાં ન હતાં. કંઇક કરવું છે, કંઇક મોટું કરવું છે, વેપારી જગતમાં મારે પણ મારી જગા બનાવવી છે. આ ધૂન, આ ટળવળાટ, આ ઝનૂન અને પરિવાર માટે હજી પણ કંઇ વધુ કરવાની ઝંખના ૧૯૯૧માં ફારુકભાઇને ઇંગ્લૅન્ડ લઇ પહોંચી. દેશ બદલાયો, જગા બદલાયી, પરંતુ ફારુકભાઇનું સ્વપ્ન અને ધ્યેય ન બદલાયાં. ઇંગ્લૅન્ડમાં તેમણે પીઝા હટમાં કામ શરૂ કર્યું. તેમનામાં રહેલા લીડરશીપના ગુણો (leadership qualities)ને લીધે તેઓ ટૂંક સમયમાં જ પીઝા હટની ટીમના લીડર બની ગયા. તેમના મૅનેજરે તરત જ ફારુકભાઇમાં રહેલ દ્રષ્ટિકોણની હકારાત્મકતા, દૃઢ નિશ્ચયતા, આશાવાદ, પ્રેરણા, આત્મવિશ્વાસ, સમસ્યા ઉકેલવાની આવડત, નિર્ણયો લેવાની ક્ષમતા, સમય વ્યવસ્થાપન, નવું શીખવાની તલપ અને સફળ ટીમ વર્કના કૌશલ્યોને પારખી લીધાં હતાં. ટીમ લીડર બન્યા પછી પણ ફારુકભાઇને આત્મસંતોષ ન થયો, કારણ કે તેમનું જે સપનું તેમના હૃદયમાં

ધબકતું હતું, તેમની આંખો જે મંઝિલની તલાશ કરતી હતી તે આ ન હતી. એનો અહેસાસ ઇંગ્લૅન્ડ આવીને પણ થવા માંડ્યો એટલે કંઇક કરવું છે એનો ધબકાર વધારે જોરદાર થયો.

આ બધું ખૂબ અધૂરું લાગે છે

હૈયામાં કંઇક ખૂટતું લાગે છે

ઇંગ્લૅન્ડમાં રહીને અહીંની કેફેમાં કામ કરી, મહેનત કરી હું મારું અને મારા પરિવારનું ભરણપોષણ તો કરી શકીશ, પણ અહીં રહી મેં જોયેલાં સપનાંઓને સાકાર નહીં કરી શકું, એવો અહેસાસ ફારુકભાઇને બેચેન કરી મૂકતો હતો. વળી મનમાં રહેલી દેશદાઝની ભાવના ઇંગ્લૅન્ડમાં રહી મારા દેશ માટે પણ હું કશું કરી શકીશ નહીં એ વિચારે એમને સતાવતી હતી. આ વિમાસણમાં ૧૯૯૩માં ફારુકભાઇએ ઇંગ્લૅન્ડને અલવિદા કહી અને પોતાના વતન સુરત પાછા ફર્યા. સુરત પરત ફર્યા બાદ તેમણે કાર્ટિન્ગનો વ્યવસાય શરૂ કર્યો. સુરતની હજીરા અને ભરૂચની કંપનીઓને કાર્ટિન્ગ મટિરિયલ પૂરું પાડતા. કોન્ટ્રાક્ટર બની અલગ અલગ કંપનીઓની સ્થાપનાનું કામ પણ શરૂ કર્યું. ભરૂચમાં પત્ની વહિદાબેનને લઈ શિફ્ટ થયા અને અહીં પણ ભાગીદારીમાં ટ્રકો ખરીદીને છેક જામનગર રિલાયન્સ ઇન્ડ્સ્ટ્રીઝ સુધી કાર્ટિંગ મટિરિયલ મોકલતા થયા. જોકે, ફારુકભાઈ ઇંગ્લેન્ડથી સમાનતા, સંઘર્ષભાવના, સર્જનાત્મકતા, કંઈક ને કંઈક નવું કરવાની ટેવ, કાયદા-કાનૂનનું ચુસ્ત પાલન કરવાની ટેવ, શૈક્ષણિક-રાજકીય- પર્યાવરણને લગતી બાબતોમાંની ગંભીરતા , નમ્રતા, શિષ્તતા વગેરે ત્યાંના વારસા તરીકે લેતા આવ્યા અને ફારુકભાઈએ તેમના જીવનમાં ઉતારીને સફળતાની ગાથા લખી.

# WORDS OF WISDOM FROM VISIONARY LEADER
# DR. FARUK G. PATEL
### FOUNDER, CHAIRMAN & MD, KP GROUP



















# પ્રકરણ:૩

## ઔદ્યોગિક જગતમાં ઊંચી ઉડાન ભરવાની તૈયારી અને શરૂઆત



" બાવરા થઇને કદી દર દર ન ભમવું જોઇએ
ભાગ્ય સારું હો કે નરસું મનને ગમવું જોઇએ
વ્યોમની ચોપાટ છે ને સોગઠાં પુરુષાર્થનાં
જેમ પડતાં જાય પાસાં એમ રમવું જોઇએ "

ફારુકભાઇએ ઔદ્યોગિક જગતમાં પા-પા પગલી કઇ રીતે માંડી તેનો ટૂંકો ઇતિહાસ જાણી લઇએ. પછી તેમના આ શૂન્યમાંથી સર્જાયેલ વિશાળ વેપારી સામ્રાજ્યને ઊંડાણમાં સમજવાની કોશિશ કરીશું.

કેપી ગ્રૃપની સ્થાપના ૧૯૯૪માં ડૉ. ફારુક ગુલામભાઇ પટેલ દ્વારા ભારતના કપડાં અને હીરા ઉદ્યોગના કેન્દ્ર સમા સુરત શહેરમાં કરવામાં આવી હતી. સુરત તાપી નદીને કિનારે વસેલું ઐતિહાસિક શહેર છે. અંગ્રેજોના અને એ પહેલાના શાસકોના સમયથી સુરત એક બંદરગાહ તરીકે, વેપારના કેન્દ્ર તરીકે અને સુરતની જાહોજલાલીવાળી જીવનશૈલી માટે જાણીતું છે. સુરતમાં 84 દેશના વાવટા ફરકતા હતા.

કેપી ગ્રુપ નામ જ કેમ? તેની પાછળ ફારુકભાઈનો પોતાના વતન પ્રત્યેનો પ્રેમ છે. ફારુકભાઈનું વતન કોઠી ગામ અને સરનેમ પટેલ. એટલે કોઠીવાલા પટેલ પરથી કેપી ગ્રુપ નામ રખાયું. કેપી ગ્રૃપે અત્યારસુધીની પોતાના 31 વર્ષની શાનદાર વ્યાપારી સફર દરમિયાન લોજિસ્ટિક , કન્સ્ટ્રક્ટશન, ટેલિફોન ઇન્ફ્રાસ્ટ્રકચર, ફેબ્રિકેશન અને ગેલ્વેનાઇઝીંગ અને રિન્યુએબલ એનર્જી અર્થાત નવીનીકરણ ઊર્જા, ગ્રીન હાઇડ્રોજન-એમોનિયા જેવા ક્ષેત્રોમાં પ્રગતિની હરણફાળ ભરી ભારત અને વિશ્વસ્તરે પોતાનું નામ ઉજ્જવળ કર્યું છે. ભારતની અને આંતરરાષ્ટ્રીય  ગ્રીન એનર્જી પરિવર્તનમાં કેપી ગ્રૃપનું આ મહત્વાકાંક્ષી પગલું અને યોગદાન મહત્વપૂર્ણ અને નોંધનીય છે.

કેપી ગ્રૃપની મુખ્ય કંપનીઓમાં કેપીઆઇ ગ્રીન એનર્જી લિમિટેડ (KPI Green Energy Limited), કેપી એનર્જી લિમટેડ (KP Energy Limited), કેપી ગ્રીન એન્જિનિયરિંગ લિમિટેડ (KP Green

Engineering Limited), કેપી આઇ ગ્રીન હાઇડ્રોજન અને એમોનિયા પ્રાઇવેટ લિમિટેડ (KPI Green Hydrogen and Ammonia Private Limited)નો સમાવેશ થાય છે. જેમાંથી પહેલી બે કંપની નેશનલ સ્ટોક એક્સચેન્જ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ છે જ્યારે ત્રીજી કંપની બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ છે. આ કંપનીઓ સોલર, વિન્ડ, હાઇબ્રીડ એનર્જી અને ગ્રીન હાઇડ્રોજન-એમોનિયા તેમજ ફેબ્રિકેશન-ગેલ્વેનાઈઝીંગ ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં કાર્યરત છે. આમ જોવા જઈએ તો કેપી ગ્રુપના મોરચિચ્છમાં વર્ષ 2025 સુધી 43 કંપનીઓ સમૂહ સામેલ છે.

ડૉ. ફારુક ગુલામ પટેલની ઉદ્યોગપતિ તરીકેની દૃષ્ટિ, દુરંદેશી અને ઔદ્યોગિક નેતૃત્વ હેઠળ કેપી ગ્રૂપ નવીનીકરણ ઊર્જા ક્ષેત્રમાં 'દિન દો ગુની, રાત ચોગુની' પ્રગતિ કરી આ ક્ષેત્રમાં પોતાની વિશાળ જગ્યા અને ઓળખ ઊભી કરવામાં કામ્યાબ થયું છે અને લગાતાર આગળ વધી રહ્યું છે.

અહીં આપણે બે ફારુકભાઇને ઓળખવાના છે, વાંચવાના છે. એક ફારુકભાઇ જે ઉત્તમ અને સફળ ઉદ્યોગપતિ છે અને બીજા ફારુકભાઇ જે પરોપકારી અને દાનવીર છે, જેમને પોતાના સમાજની અને દેશની ફિકર છે, જેમને પોતાના સમાજ અને દેશના લોકોનું સશક્તિકરણ કરીને સમાજ અને દેશના દબાયેલા, કચડાયેલા લોકોને ઊભા કરી સમાજસેવા અને માનવસેવાની મશાલને સદા જલતી રાખવી છે. સમાજને કંઇક પાછું આપવાની ભાવનાથી ફારુકભાઇએ વર્ષ ૨૦૧૫માં 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' નામના નોન-પ્રોફિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી અને આ પરોપકારી સંસ્થા થકી સમાજના વંચિત વર્ગના લોકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને આર્થિક સહાય દ્વારા સશક્તિકરણની યોજના ઘડી. દિવ્યાંગજનો અને વૃદ્ધાશ્રમમાં રહેતા સિનિયર સિટિઝન માટે અનેક કાર્યો હાથ ધર્યા. આ યોજનાના અમલીકરણ થકી અત્યાર સુધીમાં લાખો વંચિત લોકોને રાહત પહોંચાડવાનું કામ કર્યું છે. જેટલી ઝડપ અને અસરકારક રીતે કેપી ગ્રૂપ ઔદ્યોગિક જગતમાં કામ કરે છે, એટલી જ ઝડપ અને અસરકારક રીતે 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' માનવસેવા ક્ષેત્રે પોતાની ફરજ નિભાવી સમાજમાં સશક્તિકરણની પ્રક્રિયાને વેગ આપી રહ્યું છે.

ફારુકભાઇના ઔદ્યોગિક સામ્રાજ્યના ઊંડાણમાં ઉતરીએ તે પહેલાં આપણે ગ્રીન એનર્જી અને રિન્યુએબલ એનર્જી વિષે થોડુંક જાણી લઇએ. જે વાત આજે આપણે જાણવા-સમજવાની કોશિશ કરીએ છીએ તે વાતનો વિચાર દુરંદેશ ફારુકભાઇને લગભગ ૨૦ વર્ષ પહેલાં આવ્યો હતો. આમ તો ઘણાં સમય પહેલાં કુદરતી ઊર્જાના સ્ત્રોતો વિષે સંશોધન શરૂ થઇ ગયું હતું અને આ ઊર્જાઓ વિષેની જાગૃતિ ધીરે ધીરે વધી રહી હતી.  વર્ષ 2006-07ની આસપાસ ફારુકભાઈએ ગ્રીન એનર્જી અને રિન્યુએબલ એનર્જી વિષે ખૂબ વાંચ્યું, ખૂબ અભ્યાસ કર્યો અને આના વિશે જાણકારી ભેગી કરવા અહીં તહીં ખૂબ રખડ્યા. તેઓને ખાતરી થઇ ગઇ કે ઊર્જા ક્ષેત્રે ગ્રીન એનર્જી અને રિન્યુએબલ એનર્જીનું ભવિષ્ય ઘણું ઉજ્જવળ છે.

ગ્રીન એનર્જી એ પર્યાવરણને હાનિ પહોંચાડ્યા વિના ઊર્જા મેળવવાનો- ઉતપન્ન કરવાનો સ્ત્રોત છે. આ ઊર્જા સામાન્ય રીતે કુદરતી સ્ત્રોતોમાંથી પેદા થાય છે અને તેમાં ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઓછું કે નહીવત હોય છે. ગ્રીન એનર્જીના મુખ્ય સ્ત્રોતોમાં સૌર ઊર્જા (solar energy) હોય છે જે સૂર્યપ્રકાશમાંથી વિદ્યુત ઉત્પન્ન કરી શકે છે. પવન ઊર્જા (wind energy) જે પવનચક્કી દ્વારા પવનની શક્તિને વિદ્યુત ઊર્જામાં પરિવર્તન કરતી હોય છે. હાઇડ્રો ઊર્જા (Hydropower) જે પાણીના પ્રવાહ કે ડેમમાંથી વિદ્યુત ઊર્જા ઉત્પાદિત કરી શકે છે. જીવિંદન ઊર્જા (Biomass Energy) જેમાં છોડ, જંતુઓ અને જૈવિક કચરાને ઊર્જા માટે વપરાય છે અને ભૂઉષ્ણતા ઊર્જા (Geothermal Energy) જેમાં પૃથ્વીના આંતરિક તાપમાનથી ઊર્જા ઉત્પાદિત કરી શકાય છે.

રિન્યુએબલ એનર્જી એ એવા ઊર્જાસ્ત્રોતો છે જે પ્રકૃતિ દ્વારા સતત પુન: ઉત્પન્ન થઇ શકે છે. આ ઊર્જા સમાપ્ત થતી નથી અને લાંબે ગાળે પણ આ પ્રાકૃતિક ઊર્જા સ્ત્રોતો ટકી રહે છે. રિન્યુએબલ એનર્જીની વિશેષતા એ છે કે એ પૃથ્વીના પટ પર કોઇ પણ પ્રકારની હાનિ પહોંચાડતી નથી. પરંપરાગત ઇંધણ એટલે કે કોલસા, પેટ્રોલ, ડીઝલ કરતાં વધુ સ્વચ્છ હોય છે. આ ઊર્જા લાંબા ગાળે ઓછી કિંમતમાં પ્રાપ્ત થાય છે અને વધુ અસરકારક સાબિત થાય છે.

ગ્રીન એનર્જી અને રિન્યુએબલ એનર્જીમાં તફાવત શું છે. ગ્રીન એનર્જી હંમેશા આપણા પર્યાવરણ માટે લાભદાયી હોય છે, જ્યારે રિન્યુએબલ એનર્જી હંમેશા ગ્રીન નહીં પણ પુન:ઉત્પાદિત થઇ શકે છે તેવા ઊર્જા સ્ત્રોતો પર આધારિત હોય છે.

ગ્રીન એનર્જી અને રિન્યુએબલ એનર્જીના ઘણાં ફાયદાઓ છે, જેમ કે આ ઊર્જાઓ પર્યાવરણને હાનિ પહોંચાડતી નથી. ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઓછું કરે છે. લાંબા ગાળે આર્થિક રીતે પોસાય એવા અને ઓછી કિંમત અને વધુ કાર્યદક્ષતાવાળા સ્થાયી અને વિશ્વસનીય ઊર્જા સ્ત્રોત હોય છે.

આ પ્રાકૃતિક ઊર્જાઓ પેદા કરી અને એનો ઉપયોગ કરવાથી આપણે આપણા પર્યાવરણનું રક્ષણ કરી શકીએ છીએ અને ઊર્જા માટે સ્થાયી વિકલ્પો અપનાવી શકીએ છીએ. ગ્રીન એનર્જી અને રિન્યુએબલ એનર્જીના ઉપયોગથી અને એના ઉપયોગને વધારવાથી ગ્લોબલ વૉર્મિન્ગ ઘટાડી શકાય છે અથવા તેને કાબુમાં રાખી શકાય છે, જેથી આપણે પૃથ્વી માટે, આપણા માટે, આપણી આવનારી પેઢીઓ માટે એક સ્વચ્છ અને સ્વસ્થ ભવિષ્યનું નિર્માણ કરી શકીએ છીએ. ફારુકભાઈ જેથી, જ આ વ્યવસાયમાં આવવાનું નક્કી કર્યું. જેમાં રૂપિયા તો બાય પ્રોડક્ટ છે ખરું કામ તો ઈન્સાનિયત, પ્રકૃત્તિ અને દરેક જીવજંતુઓનું જતન કરવાનું છે. ફારુકભાઈ બિઝનેસ પ્લેટફોર્મ પર અનેકવાર કહેતા જોવા મળ્યા કે, તમે પુરી કાયનાત માટે વિચારો, ઈન્સાનિયત માટે વિચારો તો ઈશ્વર-અલ્લાહની મદદ તમને મળે જ છે. આ ખિદમતપુરી વ્યવસાયમાં આવતા પહેલા તેઓએ ગુજરાતની પીડીપીયુ (પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી-ગાંધીનગર) ખાતે જઈને તે સંદર્ભનો અભ્યાસ કર્યો. જે તે સમયે ગુજરાતમાં પોલીસી પણ ન હતી છતા તેઓએ આ સાહસમાં ડગ માંડ્યા અને ચાલતા રહ્યાં, ભૂલો કરતા રહ્યાં, ભૂલો સુધારતા રહ્યાં અને એક મુકામ પર પહોંચ્યા. જોકે, તેમનો આગળ વધવાનો સફર જારી જ છે.

અહીં વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક અને ચિંતક આલ્બર્ટ આઇન્સટાઇનનું ઐતિહાસિક કથન યાદ આવે છે....,

“Anyone who has never taken courageous steps or has never made a mistake has never tried anything new.” એટલે કે “જેમણે જીવનમાં કદીય સાહસ નથી કર્યું, કદીય ભૂલો નથી કરી, તેમણે જીવનમાં નવીનતમ અનુભવો માટે પ્રયત્નો જ નથી કર્યા.”

ફારુકભાઇની પણ માન્યતા મુજબ સાહસ કરવાથી, થોડીક ભૂલો કરવાથી જીવનમાં નવીનતમ અનુભવો થાય છે, કંઇક શીખવાનું મળે છે અને અંતે સફળતાની મંઝિલ મળવાની સંભાવનાઓમાં ખૂબ જ વધારો થાય છે.

“સફળતાને શિખરે કોઇ પણ માણસ એકી કૂદકે પહોંચી શકતો નથી. એક એક ડગલું કાળજીથી ભરીને, પડતાં-આખડતાં જ ઊંચે જવાય છે. કયારેક તો ડગલું ચૂકીને છેક ખીણમાં પહોંચી જવાનુંય બને. પરંતુ કોઇ પણ જાતની આવી બાધાઓથી હાર્યા વગર જેઓ મથ્યા કરે છે તે સફળતાને શિખરે પહોંચે છે.”

જેમ અગાઉ વાત કરી તેમ, ફારુકભાઇ ૧૯૯૧માં ઇંગ્લૅન્ડ ગયા. ત્યાં કેફે અને બીજી નાની મોટી દુકાનોમાં કામ કરી પોતાના પરિવારને આર્થિક રીતે મદદ કરવા અને સદ્ધર કરવા મહેનત કરતા. ૧૯૯૩માં ઇંગ્લૅન્ડ છોડી સુરત પાછા ફરવાનો નિર્ણય લીધો. આવીને પરિવહન વ્યવસાયમાં ઝંપલાવ્યું . નોકરી નહીં કરવાની ટેક લીધી હતી એટલે પોતાનો જ ધંધો શરૂ કરવા પર તેમનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત હતું. Farukbhai was only focussing on setting up his own business and nothing else. ૧૯૯૪માં ફક્ત એક લાખ રૂપિયાની મૂડીથી ફારુકભાઇએ કેપી ગ્રૂપની શરૂઆત કરી અને વ્યવસાય જગતના ઊંચા અને વિશાળ આકાશમાં પાંખો ફેલાવવાનું શરૂ કર્યું. તેમણે અલગ અલગ એકમોમાં વ્યવસાયિક વિશાળતા અને રોકાણો કર્યાં જેમાં શરૂઆતના દિવસોમાં કેપી ટ્રાન્સપોર્ટ, કેપી એન્જિનિયરિંગ, કેપી બિલ્ડકોન પ્રા. લિ. (જે આજે કેપી ગ્રીન એન્જિનિયરિંગના નામે ઓળખાય છે), ટેલિકોમ્યુનિકેશન, ફેબ્રિકેશન-ગેલ્વેનાઈઝીંગ અને બાદમાં સોલાર અને વિન્ડ એનર્જીમાં ડગ માંડ્યા . શરૂઆતના દિવસોથી લોકોએ કેપી ગ્રૂપની નોંધ લેવાનું શરૂ કરી દીધુ હતું. બજારમાં કેપી ગ્રૂપને એક ધંધાદારી અને ગંભીર વેપાર તરીકે નામના

મળવા લાગી. આનો શ્રેય ડો. ફારુકભાઇની એક પ્રોફેશનલ, નીડર, પ્રમાણિક અને દૂરંદેશી ઔદ્યોગિક લીડર તરીકેની આવડત અને છાપ અને તેમની સક્ષમ ટીમને જાય છે. ફારુકભાઇએ પોતાની ટીમના મુખ્યાઓ અને અન્ય કર્મચારીઓને ફક્ત ઓળખાણને લીધે કામે ન લગાડયા, પરંતુ કેપી ગૃપના નાનાથી લઇને મોટા કામદાર - અધિકારીઓની નિમણૂંક તેઓની ધરખમ યોગ્યતાના આધારે કરી. તેમની અસાધારણ અને ખૂબ જ ઝડપી પ્રગતિનાં રહસ્યોમાંનું એક રહસ્ય લીડર નિર્ભય, પ્રમાણિક, પોતાના વિષયમાં પારંગત અને દુરંદેશ હોવો જોઇએ તે છે. વળી ટીમના સભ્યોની યોગ્ય જગ્યાએ યોગ્ય લાયકાત જોઇને જ નિમણૂંક કરવી એ પણ એટલું જ અગત્યનું છે.

આજે લગભગ 31 વર્ષ પછીની અસાધારણ અને પ્રશંસનીય સફળતા બાદ કેપી ગૃપ કંપનીઓની ઘણી બધી શાખાઓનો વિકાસ થયો છે. કેપી ગૃપ નામના વેપારી જગતના આ મોટા વટવૃક્ષની ઘણી બધી શાખાઓ ગ્રીન એનર્જી અને રિન્યુએબલ એનર્જી સહિતના ક્ષેત્રમાં ઠેર ઠેર ફેલાય ગઇ છે.

ડો. ફારુકના નિરીક્ષણ પ્રમાણે છેલ્લાં ૧૦ વર્ષમાં કેપી ગૃપની કંપનીઓનો ધરખમ વિકાસ અને રોકાણો થયાં. આનાથી અમને અવકાશ અને વ્યાપારી ક્ષેત્રોની વિશાળ ક્ષિતિજોને આંબવાનો મોકો મળ્યો. ડો. ફારુક માને છે કે, જ્યારે શરૂઆતનો અસલ ધંધો સારો ચાલે અને ધાર્યા પ્રમાણેનો વિકાસ કરે ત્યારે સમજદાર અને અનુભવી વ્યાપારી થોભે છે અને બે નિર્ણયો લે છે. જેમાં મૂડી સિવાય, થયેલા નફામાંથી નિવેશ વિવિધિકરણ અને વિચારોનું વિવિધિકરણ. આને આપણે diversification of investment and bright innovative idea કહીશું. રોકાણ અને નવા આકર્ષક વિચારોને વિવિધ ક્ષેત્રોમાં વહેંચી નાંખવાથી ધંધામાં ખતરાનો ઘટાડો કરી શકાય છે અને નવી સંભાવનાઓનું આકાશ મોકળું થાય છે. આને success mantra of business development કહી શકાય.

નિવેશ અને નવા આકર્ષક વિચારોના વિવિધિકરણના પરિણામે આજે કેપી ગૃપમાં નીચેના મુખ્ય વ્યાપારી જૂથ એકમોનો સમાવેશ થાય છે:

**KP Group's Major Group Entities include:**

- કેપીઆઇ ગ્રીન એનર્જી લિમિટેડ (NSE-BSE LISTED)
- કેપી એનર્જી લિમિટેડ (NSE-BSE LISTED)
- કેપી ગ્રીન એન્જિનિયરિંગ લિમિટેડ (BSE LISTED)
- કેપીઆઇ ગ્રીન હાઇડ્રોજન અને એમોનિયા પ્રાઇવેટ લિમિટેડ
- કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન (CSR આર્મ)

આ ઉચ્ચ મુકામે પહોંચવા માટે ડૉ. ફારુક માટે નાના-નાના પડાવ મહત્વના હતા, જેમ કે કંપનીનો મજબૂત પાયો અને ધીમો પરંતુ નક્કર વિકાસ, એક જ ક્ષેત્રને બદલે વિવિધ ક્ષેત્રોમાં વિસ્તરણ, નવપ્રવર્તન એટલે કે પ્રચાર-પ્રસાર અને ટેકનૉલોજીનો લાભ લેવો, ગ્રાહક અને ભાગીદારોનો સદાય વિશ્વાસ ટકાવી રાખવો. ઉપરાંત અંગત જીવનમાં અને નોકરી કરવામાં અથવા ધંધામાં મૂલ્યો અને નૈતિકતા તેઓએ જાળવી રાખી. જેથી તેઓને આગળ વધવામાં, સફળતાઓ મેળવવામાં અને ખુદ અને ગ્રુપના વિકાસને દુનિયાની કોઈ તાકાત રોકી ન શકી. જીવનમાં દૂરંદેશી રાખી નવી નવી દિશાઓ વિકસાવતા રહેવું એ ડૉ. ફારુકમાં જોવા મળ્યું.

# પ્રકરણ:૪

## વ્યવસાયિક સામ્રાજ્યના

## આકાશની પેલે પારની ઉડાન



વ્યવસાયિક સામ્રાજ્યના આકાશની પેલે પાર ઉડાન ભરનાર ડો.ફારુકભાઇને ધ્યાનમાં રાખી બશીર બદ્ર સાહેબનો લક્ષ્ય પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવા પ્રેરતો શેર અહીં પ્રસ્તુત છે...,

" જિસ દિન સે ચલા હૂઁ મેરી મંઝિલ પે નઝર હૈ
આંખોને કભી મીલ કા પથ્થર નહીં દેખા !"

ફારુકભાઇના વ્યક્તિત્વને ઉજાગર કરતો બશીર બદ્રનો જ શેર છે...

" ફૂલ સે આશિકી કા હુનર સીખ લે,
તિતલિયાઁ ખુદ રુકેગી સદાએં ન દે "

કેપી ગૃપની વ્યવસાયી દૂરંદેશી (vision), ધ્યેય (mission) અને મૂલ્યો (values) વિશે જાણીએ તો ડો. ફારુકના અંગત અને ધંધાદારી જીવનમાં દૂરંદેશી, ધ્યેય અને મૂલ્યો એ ઉન્નતિ અને વિકાસની પાયાની બાબતો છે. બધી વસ્તુઓને બાજુ પર મૂકી આ ત્રણ પાયા સારા ઇરાદાથી એટલે કે good intention થી મૂકો તો પછી એના ઉપર ચણાતી ઇમારત જેમ તેમ ધરાશયી થતી નથી.

કેપી ગૃપની વિવિધ કંપનીઓની સફળતાના અને વિસ્તરણના ત્રણ મુખ્ય સિદ્ધાંતો આ છે.

**(૧) દૂરંદેશી:** પ્રકૃતિની શક્તિ દ્વારા ભારતને આત્મનિર્ભર અને શક્તિશાળી બનાવવું.

**(૨) ધ્યેય:** ભારતભરમાં ઊર્જાના પુનઃનવીનીકરણની ટેકનૉલૉજિનો ઝડપી વિકાસ કરી એને ઉપયોગમાં લઇ પર્યાવરણનું રક્ષણ કરવું અને આર્થિક રાહતે ઊર્જા પૂરી પાડવી. આર્થિક રાહતની સાથે સાથે લાંબા ગાળાના ટકાઉ સૌર નવીન ઉત્પાદક ઊર્જાના ઉત્તમ નમૂનાઓ, મૉડલ્સ ઊભાં કરી ગ્રાહકો અને ભાગીદારોને બધી જ રીતે ફાયદો પહોંચાડવો. સાથે સાથે પર્યાવરણને પણ ફાયદો પહોંચાડવો. આવી પ્રાકૃતિક ઊર્જાના ઉત્પાદન દ્વારા ગ્રાહકોને કોલસા, કુદરતી ગૅસ. ક્રૂડ ઓઇલ વગેરેમાંથી ઉત્પાદિત થતી જીવાશી ઇંધણ ઊર્જા (fossil fuel energy) તરફથી નવીનીકરણશીલ ઊર્જા (રિન્યુએબલ એનર્જી)ના વપરાશ માટે પ્રેરી શકાય, પ્રોત્સાહિત કરી

શકાય. જેનાથી ઘરે ઘરે અને ઉદ્યોગિક ક્ષેત્રે આર્થિક રાહત અને બચત તો થાય જ, પરંતુ જોખમમાં મૂકાયેલું આપણું કીમતી પર્યાવરણ પણ સચવાય જેનાથી પૃથ્વીનો અને માનવનો ઉદ્ધાર થઇ શકે છે.

**(૩) કેપી ગૃપ કંપનીનાં મૂલ્યો:** નૈતિકતાનું પાલન, સદાચારી મૂલ્યોનો આદર, દરેક માટે સમાન તકોની નીતિ, વ્યક્તિગત રીતે અને જૂથ માટે આદર અને સંવેદના, પારદર્શિતા, વૈવિધ્યતા અને વિભિન્નતા માટે પૂરતો અવકાશ અને સન્માન. દરેક વ્યક્તિ કે સમુદાયનાં વિવિધ પાસાં, માન્યતાઓ, જીવનશૈલીને માન આપી સકારાત્મક વાતાવરણ ઊભું કરી સૌ સાથે મળીને પ્રગતિની દિશામાં આગળ વધવું.

ફારુકભાઇ માને છે કે, ઉપરોક્ત નીતિ અને સિદ્ધાંતોએ જ તેઓને અને કેપી ગ્રુપને સફળ બનાવ્યા. સમાનતા અને ન્યાયના આ હકારાત્મક સિદ્ધાંતોને કારણે જ માલિકે તેમના પર બરકતોનો ધોધમાર વરસાદ વરસાવ્યો છે. કંપનીની સારી નીતિઓ, સારા સિદ્ધાંતો, ગ્રાહકલક્ષી અને કર્મચારી લાભાર્થલક્ષી વલણ વેપારને આગળ અને ઉપર લઇ જાય છે. ગુણવત્તાવાળી સેવાઓ, સમાન તક, પુનરાવૃત્તિ અને ગ્રાહક સંતોષી સેવા, ઉત્તમ કામકાજી વાતાવરણ, પ્રેરણાદાયી અભિગમ, પ્રત્યેક વ્યક્તિ તરફ અંગત ધ્યાન રાખી તેના કામની કદર અને પ્રશંસા કરવા જેવી બાબતો વેપાર અને યોજનાઓ માટે રસ્તો બનાવી સફળતાના શિખર સર કરવામાં મદદ કરે છે. વેપારધંધામાં સફળતા મેળવવા આમતેમ જવાની જરૂર નથી, બસ આટલા નીતિ-નિયમો અને સિદ્ધાંતો અપનાવીને ચાલો તો આજે નહીં તો કાલે અઢળક પૈસો, સુખ, શાંતિ, માન, સન્માન તમને શોધતાં તમારા ઘરે આવશે તેવુ ડૉ. ફારુકનું માનવું છે.

હવે આપણે કેપી ગૃપની વિવિધ કંપનીઓની વાત કરીએ જેમાં સૌ પ્રથમ આવે છે કેપીઆઈ ગ્રીન એનર્જી લિમિટેડ (અગાઉનું નામ કેપીઆઈ ગ્લોબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ) ભારત, ગુજરાત સ્થિત એક સોલર એનર્જી કંપની છે. જેની સ્થાપના ડૉ. ફારુક પટેલ દ્વારા ૨૦૦૮માં કરવામાં આવી હતી. આ કંપની કેપી ગૃપનો ભાગ છે અને સોલરિઝમ બ્રાન્ડ હેઠળ સોલાર પાવર પ્રોજેક્ટ દ્વારા વીજળીનું ઉત્પાદન અને સંગ્રહ કરે છે.

કેપીઆઈ ગ્રીન એનર્જી લિમિટેડ સોલર અને હાઇબ્રીડ પાવર જનરેશનમાં વિશેષતા ધરાવે છે અને ઈન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસર એટલે કે IPP અને કેપ્ટિવ પાવર પ્રોડ્યુસર એટલે કે CPP બંને તરીકે કાર્ય કરે છે. આ કંપનીએ ગુજરાત રાજ્યમાં સૌથી મોટા ખાનગી અને આઈકોનિક સોલાર પાર્કની સ્થાપના ભરૂચ જિલ્લાના સુડી ગામમાં કરી છે, સાથે હવે કચ્છ-ભૂજના ખાવડાના સોલાર પ્લાન્ટને લેખાવી શકાય. કંપનીની સેવાઓમાં સોલર પાવર પ્લાન્ટ્સનો વિકાસ, નિર્માણ, માલિકી, સંચાલન અને જાળવણીનો સમાવેશ થાય છે. કંપની IPP મૉડલ હેઠળ વીજળીનું ઉત્પાદન કરે છે અને CPP ક્લાયન્ટ્સ માટે ટ્રન્કી સોલ્યુશન પ્રદાન કરે છે.

કેપી ગ્રૃપ કંપનીમાં ત્યારબાદ સમાવેશ થાય છે કેપી એનર્જી લિમિટેડનો. આ કંપની પવન ઊર્જા ક્ષેત્રમાં કાર્યરત છે. કંપનીની સ્થાપના ૨૦૧૦માં થઇ હતી અને તે પવન ઊર્જા પ્રોજેક્ટ્સના વિકાસ, નિર્માણ અને સંચાલનમાં મહત્વનો ભાગ ભજવે છે અને બેલેન્સ ઓફ પ્લાન્ટ પુરુ પાડવાના ક્ષેત્રમાં નિષ્ણાંત પણ છે. કંપનીએ કચ્છ, પોરબંદર, ભાવનગર, ભરૂચ સહિતના જિલ્લાઓમાં મોટી-મોટી કંપનીઓને કામ કરી આપ્યું છે અને તેનું મેઈન્ટનન્સ કરી રહી છે તેમજ ખુદની પણ વિન્ડ મિલ કાર્યરત કરી છે. ઉપરોક્ત બંને કંપની નેશનલ સ્ટોક એક્સચેન્જ(NSE) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)માં લિસ્ટેડ છે.

કેપી ગ્રીન એન્જિનિયરિંગ લિમિટેડ કંપનીનો સમાવેશ પણ કેપી ગ્રૃપમાં થાય છે જે પહેલાં કેપી બિલ્ડકોન પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાતી હતી. વર્ષ 2001માં ફારુકભાઇ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી આ કંપનીની પ્રથમ ફેક્ટરી વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ડભાસા ગામ ખાતે આવેલી છે. વર્ષ 2024-25માં ભરૂચ જિલ્લાના માતર ગામ ખાતે બીજી સૌથી વિશાળ ફેક્ટરી નિર્માણ કરવામાં આવી છે. આ કંપની સ્ટીલ સ્ટ્રક્ચર મેન્યુફેકચરિંગ અને હૉટ-ડીપ ગૅલ્વનાઇઝિંગ સેવાઓમાં વિશેષતાઓ ધરાવે છે જે ભારતની રિન્યુએબલ એનર્જી અને તેના ઢાંચાના વિકાસને ટેકો પૂરો પાડે છે. માતર ખાતે નવો યુનિટ ૭૪,૪૯૪ ચોરસમીટર વિસ્તારમાં નિર્માણ કરાયો છે. આ પ્રોજેક્ટમાં એશિયાની સૌથી મોટી ગૅલ્વનાઇઝિંગ કેટલ (૫૭ ક્યુબિક મીટર, ૧,૧૦૦ ટન ઝિંક

ક્ષમતા) સ્થાપિત કરવામાં આવી છે. ઉપરાંત આ કેટલનો 50 ટકા પ્લાન્ટ ગ્રીન હાઈડ્રોજનથી ઓપરેટ કરાશે. આ ફેક્ટરીની સાથે કંપનીની વાર્ષિક પ્રોડ્કશન કેપેસિટી 4 લાખ મેટ્રીક ટનથી વધી જશે. કંપની બોમ્બે સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ છે.

કેપી ગ્રુપની કંપનીઓમાંના એકમોમાં ચોથા નંબરની કંપની કેપીઆઇ ગ્રીન હાઇડ્રોજન અને એમોનિયા પ્રાઇવેટ લિમિટેડ છે. જે ગ્રીન હાઇડ્રોજન અને એમોનિયાનું ઉત્પાદન અને પુરવઠો પેદા કરવામાં કાર્યરત છે. જેનો પ્રથમ પાયલોટ પ્રોજેક્ટ માતર ફેક્ટરીમાં જ લાગ્યો છે અને તે પ્લાન્ટથી ગેલ્વેનાઈઝીંગ કેટલનું 50 ટકા પાવર સપ્લાય ઉપયોગમાં લેવાશે.  આમ કુલ 43 કંપનીઓનો સમૂહ ડો. ફારુક પટેલે ઊભો કર્યો છે.

એક પછી એક આટલી બધી કંપનીઓની સ્થાપના કરી, આ કંપનીઓને સફળતાપૂર્વક ચલાવી બજારમાં ટકાવી રાખવી એ એક કમાલ છે. આ કમાલ આપણા ફારુકભાઇનો અને તેમણે નિયુક્ત કરી તૈયાર કરેલી સક્ષમ ટીમનો છે. ફારુકભાઈનો મંત્ર છે કે ટીમના એક-એક સિપાહી અને લીડર આપણાં કરતા હોંશિયાર હશે, કાબેલ હશે અને સ્કોલર હશે તો જ તમે આગળ વધી શકો છો. અગર તમે કોલસાની ખાણમાં જશો, કોલસાને હાથ પણ નહીં લગાવો અને માત્ર લટાર મારીને નીકળી જશો તો પણ તમારા કપડાં પર કાળાશ જોવા મળશે. અગર તમે પરફ્યુમની દુકાનમાં જશો, ભલે તમે તે નથી ખરીદતા પણ તમારામાં આપોઆપ ખુશ્બુ આવશે અને તમે મહેંકી ઉઠશો. એવું જ સંગતનું પણ છે. સારી સંગતનો ફાયદો જરૂર મળે છે.  ફારૂકભાઇની આ સાહસિક સિદ્ધિ-પ્રસિદ્ધિઓનું વર્ણન કરવા મને હિંદીના પ્રસિદ્ધ કવિ શિવમંગલ સિંહ 'સુમન'ની સાહસ પ્રેરતી હિંદી કવિતાની પંક્તિઓ અહીં ટાંકવાનું મન થાય છે...,

" તૂફાનોં કી ઓર ઘુમા દો નાવિક નિજ પતવાર

આજ સિન્ધુ ને વિષ ઉગલા હૈ

લેહરોં કા યૌવન મચલા હૈ

આજ હૃદય મેં ઔર સિન્ધુ મેં

સાથ ઉઠા હૈ જ્વાર

તૂફાનોં કી ઓર ઘુમા દો નાવિક નિજ પતવાર

લેહરોં કે સ્વર મેં કુછ બોલો

ઇસ અંધડ મેં સાહસ તોલો

કભી કભી મિલતા જીવન મેં

તૂફાનોં કા પ્યાર

તૂફાનોં કી ઓર ઘુમા દો નાવિક નિજ પતવાર

યહ અસીમ, નિજ સીમા જાને

સાગર ભી તો યહ પેહચાને

મિટ્ટી કે પુતલે માનવ ને

કભી ન માની હાર

તૂફાનોં કી ઓર ઘુમા દો નાવિક નિજ પતવાર

સાગર કી અપની ક્ષમતા હૈ

પર માંઝી ભી કબ થકતા હૈ

જબ તક સાઁસોં મેં સ્પંદન હૈ

ઉસકા હાથ નહીં રુકતા હૈ

ઇસકે હી બલ પર કર ડાલે

સાતોં સાગર પાર

તૂફાનોં કી ઓર ઘુમા દો નાવિક નિજ પતવાર "

કેપી ગૃપના આટલા ઝડપી વિકાસ અને વિસ્તરણના કારણો અને રહસ્યો પર નજર કરીએ તો આને વેપારી જગતમાં યોગ્ય સમયે, યોગ્ય રીતે ઘડેલી વ્યાપારી વ્યૂહરચનાઓ કહીં શકાય. પહેલી વ્યૂહરચના કેપી ગૃપની મજબૂત સ્થાપના, મજબૂત પાયો અને વિકાસમાં સમયાનુકૂળ ક્ષેત્રોમાં વૈવિધ્યકરણ. શરૂઆતમાં કેપી ગ્રુપે ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરી ઝંપલાવ્યું, ખાસ કરીને મોબાઇલ ટાવર્સના નિર્માણમાં. ત્યારબાદ યોગ્ય સમયે વિચારપૂર્વક ઘડેલી વ્યાપારી વ્યૂહરચના પ્રમાણે કેપી ગ્રુપે વ્યૂહાત્મક રીતે નવીનીકરણ ઊર્જા ક્ષેત્રમાં પ્રવેશ કર્યો જેની પાછળ સ્વચ્છ ઊર્જાની માંગ, સ્વચ્છ ઊર્જાનું ઉજ્જવળ ભવિષ્ય અને સરકારની સહાયક નીતિઓ હતી જે તકોનો ગ્રુપે વધુમાં વધુ ફાયદો ઉઠાવ્યો.

બીજી વ્યૂહરચના મહત્વાકાંક્ષી લક્ષ્યો અને ગ્રાહક બજારમાં ચાલતી માંગ મુજબના પ્રોજેક્ટ્સ કર્યા અને સરકારના 500 ગીગાવોટ રિન્યુએબલ એનર્જીને અનૂકૂળ ગૃપે ઉચ્ચ ટાર્ગેટ સેટ કર્યો અને બાદમાં ગ્રીન હાઈડ્રોજન-એમોનિયા ક્ષેત્રે ડગ માંડ્યા. ઉપરાંત સમયની માંગ અનૂરૂપ વિશાળ ફેક્ટરી નિર્માણ કરી. એટલે કે એક જ સ્થિતિ કે પરિસ્થિતિમાં સંતોષ અને રાહત અનુભવી લેવા કરતાં સમયે સમયે લક્ષ્યોને ઊંચાં નક્કી કરવાં અને આપણી પ્રોડકટ્સને સમયની માંગ પ્રમાણે વૈવિધ્યકરણમાં રૂપાંતર કરતા રહેવું.

વેપારી ક્ષેત્રમાં ઝડપી વિકાસ અને વિસ્તાર માટે ત્રીજી વ્યૂહરચનામાં વ્યૂહાત્મક ભાગીદારી અને વેપારના વિસ્તરણની યોજનાઓનો સમાવેશ થાય છે. કેપી ગૃપે માત્ર સિમિત દાયરાઓમાં રહેવાને બદલે ગુજરાત ઉપરાંત દેશના વિવિધ રાજ્યો અને આંતરાષ્ટ્રીય કંપનીઓ સાથે મોટા પાયે સૌર, પવન અને હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ વિકસાવવા માટે સમજૂતી કરાર કર્યા. જેનાથી, બહોળા વિકાસની સંભાવનાઓમાં ગજબનો વધારો થયો. ઉપરાંત વેપારી જગતમાં નવી નવી

તકનીકોને અપનાવવા પર લગાતાર ખૂબ જ ધ્યાન આપવું જોઈએ. સમય સાથે બદલાવું, આધુનિક તકનીકોને અપનાવી પોતાના ધંધામાં પરિવર્તનને ઝડપી વેગ આપવો જરૂરી બને છે. કેપી ગ્રુપે ગ્રીન હાઇડ્રોજન અને એમોનિયા ઉત્પાદન અને પુરવઠા માટે કેપીઆઇ ગ્રીન હાઇડ્રોજન અને એમોનિયાની સ્થાપના કરી જેનાથી સ્વચ્છ ઊર્જા ઉત્પાદન અને અભિયાનમાં ઝડપ આવી. કેપી ગ્રુપ અને ફારુકભાઈએ સમય પહેલાં બજારની નસ પારખીને અને લગાતાર રિસર્ચ એન્ડ એનાલિસીસ કરીને સમય પહેલાં ટેક્નોલીજીની નવીનતાને અપનાવી છે. કેપી ગ્રુપમાં દરેક સોલાર અને વિન્ડ સાઈટનું એક ડિઝિટલ સ્ક્રીન પર એટલે કે કેપી નેટવર્ક ઓપરેશન સેન્ટર પરથી રિયલ ટાઈમ મોનિટરિંગ થાય છે અને કોઈપણ ફોલ્ટનું ત્વરિત નિરાકરણ લવાય છે. કસ્ટમરને પણ પોતાની સોલાર-વિન્ડ સાઈટનું મોનિટરિંગ કરવાની અનુમતિ છે જે ગ્રાહકલક્ષી અભિગમ છે. ઉપરાંત સોલાર ફાર્મમાં લાગેલી સોલાર પેનલની ડ્રાયક્લીનીંગ માટે પોતે જ આરએન્ડી કરી ક્લીનીંગ રોબોટ વિકસાવ્યા છે. જેનાથી સમયની સાથે લાખો લીટર પાણીની પણ બચત થાય છે.


આવી અનેક વ્યૂહરચનાઓ અને સમયાનુકૂળ યોગ્ય નિર્ણયો અને સાહસથી કેપી ગૃપનો ઝડપી વિકાસ થયો. સાહસ, મહેનત,ગતિ, સમર્પણની સાથે બંને જહાંનના માલિક પર ભરોસો તે ફારુકભાઈની સક્સેસનું કારણ છે. ફારૂકભાઇના પોતાની જાત પરના વિશ્વાસ અને ત્યાર બાદ સર્જનહાર પરના તેમના અતૂટ વિશ્વાસ પરથી આ પંક્તિ ટાંકી શકાય...,

" ફેંકતા પાસા અમે, પણ દાવ તારા હાથમાં
છે ભલે હથિયાર મારાં, ઘાવ તારા હાથમાં
સઢ ચઢાવીને છે ઉપડી બેખબર મઝધારમાં
તોડવી કે તારવી એ નાવ તારા હાથમાં"

ગુજરાત સ્ટેટ રોડ અને ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનમાં બસ કંડકટર ગુલામભાઇ પટેલના સુપુત્ર અને જેઓ એક સમયે ઇંગ્લેન્ડની કેફેમાં કામ કરતા હતા એવા, ડૉ. ફારુક ગુલામભાઇ પટેલ આજે કેપી ગૃપના અધ્યક્ષ, સ્થાપક અને મૅનેજિંગ ડિરેક્ટર છે. આજે કેપી ગૃપ રૂ. 228 બિલિયન (હાઇએસ્ટ

માર્કેટ કેપિટલાઈઝેશન સહિત)નું વ્યાપારી સામ્રાજ્ય ધરાવે છે. અને ડૉ. ફારુકને સુરતના સૌથી રિચેસ્ટ (પૈસાદાર) વ્યક્તિ તરીકે પ્રસ્થાપિત કરી ચૂકી છે. આ અસાધારણ સિદ્ધિ આપણને ખરેખર વિચારતા કરી મૂકે છે અને જે લોકોએ અંગત અને વેપારી જગતમાં સફળ થવું હોય તેમણે તો વિચાર કરવો જ જોઇએ કે આ કઇ રીતે સંભવિત થઇ શકે છે! એક લાખ રૂપિયાના પ્રાથમિક મૂડીરોકાણથી શરૂ થયેલી ડો. ફારુક પટેલની આ વેપારી સફર આટલા ટૂંકા ગાળામાં આટલા મોટા સામ્રાજ્ય સુધી કઇ રીતે પહોંચી ?


## WORDS OF WISDOM FROM VISIONARY LEADER
## DR. FARUK G. PATEL
### FOUNDER, CHAIRMAN & MD, KP GROUP
















# પ્રકરણ:પ

## સફળ થવું અને ધનવાન બનવું પણ એક કળા છે



એક લાખ રૂપિયાના પ્રાથમિક મૂડીરોકાણથી શરૂ થયેલી ડો. ફારુક પટેલની આ વેપારી સફર, સફળતા અને ધનવાન બનવા અંગે ફારુકભાઈના વિચારો ખૂબ જ પ્રભાવી છે.  તે માટે તેમના ભૌતિકવાદ અને આધ્યાત્મિકતા (રુહાની જગત) વિષે થોડીક પૂર્વભૂમિકા રજૂ કરવી પડશે, એટલે કે પૈસા કમાવા, અઢળક કમાવા અને સાથે સાથે પોતાની ધાર્મિક માન્યતાઓ, તેમની શ્રદ્ધાઓને પણ કઇ રીતે જાળવી રાખી છે તે મહત્વનું છે. ફારુકભાઈ દરેક વ્યક્તિના અભિપ્રાયોને માન આપવામાં માને છે. ભલે ને તેમાંની અમુક બાબતો કે અભિપ્રાયો સાથે અસહમત હોય. તેમનો આ વિચાર અને અભિપ્રાય અંગત છે અને તેઓ એવો પણ આગ્રહ નથી રાખતા કે તેમાં બધા સહમત થાય.

અહીં આપણે બે ફારુકભાઇને ઓળખવાના છે, બે ફારુકભાઇને વાંચવાના છે, બે ફારુકભાઇને સમજવાના છે. એક ઉદ્યોગપતિ ફારુકભાઇ અને બીજા દાનવીર, પરોપકારી, સમાજસેવક ફારુકભાઇ.

આ પ્રકરણમાં આપણે ઉદ્યોગપતિ ફારુકભાઇને ધીરે ધીરે સમજવાના છે. પરિશ્રમી અને વ્યૂહાત્મક નીતિવાળા ઉદ્યોગપતિ તરીકે તટસ્થતા અને ઇમાનદારીપૂર્વકની વાતો તેમનામાં જોવા મળે છે. ઔદ્યોગિક જગતની કઠોરતા, પડકારો, કાવાદાવા, ચાણક્ય નીતિઓ, વ્યૂહરચનાઓની ભીતર જઇ ફારૂકભાઇએ જે અનુભવો કર્યા છે. આ અનુભવો માત્ર સામાન્ય અનુભવો નથી અને તેમનું વર્ણન સામાન્ય વર્ણન નથી પરંતુ ફારૂકભાઇ ઔદ્યોગિક જગતના પોતાના સારા નરસા અનુભવો એક ફિલોસોફિકલ- દાર્શનિક દૃષ્ટિથી કહે છે જેના અર્થો ખૂબ જ ગહન છે જેમાં વ્યાપારી જગતની, અંગત જીવનની, ભૌતિકવાદની અને આધ્યાત્મિક જગતની ફિલસૂફી છૂપાયેલ છે. ફારુકભાઈને વાંચનની ઘેલછા છે. દુનિયાના મોટા ભાગના ધર્મગ્રંથો, સફળ વ્યક્તિઓની આત્મકથાઓ, જીવનકથાઓ, વિવિધ સંસ્કૃતિ અને સભ્યતાઓનો અભ્યાસ, ઇતિહાસની ખોજ, ઔદ્યોગિક જગતને લગતાં સામયિકો, પુસ્તકો, ઈનોવેશનના પુસ્તકો વાંચીને તેઓએ ભૌતિકવાદ અને આધ્યાત્મિકવાદના સમતોલન માટે અનેક તારણો કાઢયાં છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે,  પૈસા

કમાવાનો અને ધનવાન બનવાનો અધિકાર દરેક મનુષ્યને છે. નિર્ધનતાની સ્તુતિ કરી, ગરીબાઇના ગુણગાન ગાઇ પોતાની જાતને આશ્વાસન આપવામાં આવે તો પણ ધનવાન થયા વિના આ જગતમાં કોઇ પણ મનુષ્ય વાસ્તવિક રીતે પૂર્ણતાવાળું અથવા યશસ્વી જીવન ભોગવી શકતો નથી. આ વાત નિરર્થક છે એવું આજ દિન સુધી સિદ્ધ થઇ શક્યું નથી. ધનવાન બની પૈસામાં વધારો કરવો અને જ્ઞાન મેળવી બુદ્ધિમાન થવામાં જ મનુષ્યનો સર્વાંગી વિકાસ થાય છે.

વિકાસ કરવો અથવા પોતાનામાં રહેલાં અપ્રગટ અને અસાધારણ સામર્થ્યોને બહાર કાઢી, ધનવાન બનવું, સફળ થવું એ ઉદ્દેશ દરેક મનુષ્યનો હોવો જોઇએ. હા, શરત એ છે કે સફળ થવામાં, ધનવાન બનવામાં નૈતિકતાનું, મૂલ્યોનું, સત્યના સિદ્ધાંતોનું પાલન કરવું આવશ્યક છે.

ફારુકભાઈની દૃષ્ટિએ ભૌતિકવાદ અને આધ્યાત્મિકતાનું, ધાર્મિકતાનું સંતુલન સુખદ અને સફળ જીવનની ચાવી છે. આજની કટોકટી અને હાડમારીવાળી જિંદગીમાં ભૌતિકવાદ (materialism) અને આધ્યાત્મિકતા-ધાર્મિકતા (spiritualism- religious values) વચ્ચે સંતુલન સાધવું અત્યંત આવશ્યક બની ગયું છે. આજે પૂર્વ અને પશ્ચિમના બંને જગતોએ આ સંતુલન ગુમાવી દીધું છે. પશ્ચિમી જગત એકદમ ભૌતિકવાદ તરફ વળી ગયું છે, જ્યારે પૂર્વીય દેશો, જેમાં ભારતનો પણ સમાવેશ થાય છે, એકદમ આધ્યાત્મિકતા-ધાર્મિકતા તરફ વળી ગયા છે. આવા એકતરફી વલણથી મનુષ્યના સર્વાંગિક વિકાસ પર અસર થઇ રહી છે.

એક તરફ ભૌતિક સંપત્તિ અને વૈભવ જીવનની સુખ સુવિધાઓ પૂરી પાડે છે જેની જરૂરત દરેક મનુષ્યને હોય છે, તો બીજી તરફ પોતાની આધ્યાત્મિકતા, ભક્તિ, ઇબાદત ઈશ્વર / અલ્લાહમાં યકીન પેદા કરે છે. ફારુકભાઇ સર્વ ધર્મોની વ્યાપક્તામાં વાત કરે છે, આ બધું દરેકને આંતરિક શાંતિ, સંતોષ અને જીવનના સાચા હેતુની સમજ પૂરી પાડવાનાં પરિબળો તરીકે કામ કરે છે.

જો પશ્ચિમના દેશોની જેમ ફક્ત ભૌતિક સમૃદ્ધિ તરફ આંધળી દોટ મૂકીશું તો આપણે આપણા જીવનના ખરા હેતુને સમજી શકીશું નહીં અને આપણા આંતરિક સુખશાંતિ અને સંતોષ ખોરવાય જશે. જો સંપૂર્ણપણે આધ્યાત્મિકતામાં ડૂબી જઇશું, જેમ કે કંઇક અંશે પૂર્વના દેશો, તો જીવનની

મૂળભૂત જરૂરિયાતો અને સાધન સામગ્રી પ્રાપ્ત કરવામાં મુશ્કેલી અનુભવીશું અને બેઉ વચ્ચેનું સંતુલન જ સાચા અર્થમાં સમૃદ્ધ અને તૃપ્ત જીવન જીવવાની ચાવી છે એવું ફારુકભાઈનું તારણ છે.

અહીં મૌલાના રૂમી (રહ)ના સૂફી રંગના આધ્યાત્મિક સાહિત્ય (મસનવી વગેરે)ના theme અર્થાત મુખ્ય કે મૂળ વિષયવસ્તુનો પડઘો પાડતી કેટલીક અંગ્રેજી પંક્તિઓ ટાંકવી રહી...,

Between dust and divine I stand

Neither lost, nor fully found

A dance of light, a shade of night

A whisper in the silence profound

Not too high, not too low

Not too fast, not too slow

In the centre lies the door

To the love forevermore

ફારૂકભાઇ માને છે કે, સૂફીદર્શનમાં અને આપણા ઇસ્લામ ધર્મમાં પણ જીવનના સંતુલન પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. ઇસ્લામના તત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કરીએ તો જીવનનો સાચો માર્ગ મધ્યસ્થતા (middle course) અને સંતુલનનો છે. એટલે એમ કહી શકાય કે દુનિયાદારીના દલ દલમાં ખૂંપેલા રહેવું કે દુનિયાને સમૂળગી ત્યાગી દેવી એ બંને અવસ્થા જીવનમાં અસમતોલપણું પેદા કરી શકે છે. સંતુલન એ છે જ્યાં નીતિ નિયમોથી મેળવવામાં આવે અને સાથે સાથે જ્યાં પ્રેમ, કરુણા, સદ્દભાવના, સમર્પણ અને સ્વીકારના ભાવોનું સરસ સંયોજન થતું હોય.

ઇસ્લામ ધર્મના સંતુલન જીવનના મુખ્ય સિદ્ધાંતોમાં એક તરફ અલ્લાહ પ્રત્યે અપાર પ્રેમ અને બીજી તરફ જીવન અને દુનિયાની નાશવંતતાનો સ્વીકાર. ધૈર્ય અને કૃતજ્ઞતાના ભાવો કાયમ રાખો. સુખ

આવે તો અલ્લાહનો શુક્ર અદા કરો અને દુઃખ આવે તો સબર, ધીરજથી કામ લો. પોતાની જાત સાથેના અહંકાર અને અસંતુલન સાથે સંઘર્ષ કરી એને સંતુલનમાં લાવો. સાથે સાથે ખુદા પ્રત્યે સંપૂર્ણ સમર્પણ. ઇસ્લામ ધર્મના તત્વજ્ઞાનની બારીકાઇ તો જુઓ કે નાવ પાણી પર તરે, પણ પાણી નાવમાં ન હોય. દુનિયામાં રહીને એવું જીવવું જોઇએ. દુનિયામાં રહો પણ દુનિયા તમારા અંતરમાં ઘર ન કરી જવી જોઇએ.

ફારુકભાઈ માને છે કે, પૈસો ખરાબ નથી, ધનનો દુરુપયોગ ખરાબ છે. સત્તા કે પદ ખરાબ નથી, પણ સત્તાનો, પદનો અહંકાર અને દુરુપયોગ ખરાબ છે. સમાજમાં પૈસા કમાવા બાબત હજી પણ લઘુતાગ્રંથિ છે અને ખૂબ પૈસા કમાવાને અમુક અંશે નકારાત્મક રીતે જોવાની પ્રથા ઘર કરી ગઇ છે. પૈસા અને પદની સાથે વિવેક કેળવાય તો આની અતિ પ્રાપ્તિમાં કંઇક જ વાંધા જેવું નથી.

આના અનુસંધાનમાં તેઓ સ્પષ્ટ માને છે  કે ધનવાન અને સફળ બનવું એ પણ એક કલા છે. આ કલા અને સિદ્ધાંતોની આપણી સંસ્કૃતિઓ આપણને હજારો વર્ષ પૂર્વે ભેટ આપી ગઇ છે. પરંતુ અકસર એવું બનતું હોય છે કે જે વસ્તુ મફતમાં મળે છે તેની કિંમત આપણે કરતા નથી અને જે ખૂબ જ નજીક હોય તે આપણને દેખાતું નથી. આપણા ધર્મોએ, આપણા મહાન પૂર્વજોએ, આપણા ઇતિહાસે, આપણી સંસ્કૃતિએ આપણને સ્વસ્થ રહેવાના, તંદુરસ્ત રહેવાના, માલદાર બનવાના, સફળ થવાના અસંખ્ય સિદ્ધાંતો વારસામાં આપ્યા છે. આ સિદ્ધાંતોને શોધી, તેના પર અમલ કરી, સાહસ કરી કંઇક કરી બતાવવાની તૈયારી આપણે કરવી પડે.

કેપી ગૃપને આગળ અને આટલી ઊંચાઇએ લઇ જવામાં જે પરિબળો ફારુકભાઈને કામ લાગ્યાં છે તેમાં આવશ્યક્તા અને લાલચનો તફાવત સમજવો, નૈતિકતા અને પ્રમાણિકતાથી ધંધો કરવો, સાંસારિક જવાબદારીઓ અને આધ્યાત્મિક-ધાર્મિક જીવન સાથે યોગ્ય તાલમેલ, ગમે તેવા સંજોગોમાં સામાજિક અને પરોપકારી કાર્યોમાં સક્રિય રીતે જોડાવું, સહયોગ કરવો, સતત સ્વમંથન કરતા રહેવું અને બીજા કરતાં પોતાના પર વધારે ધ્યાન આપવું જેવી બાબતોનો સમાવેશ થાય છે.

એક સફળ ઉદ્યોગપતિ તરીકે કેપી ગૃપને સફળ બનાવવા ફારુકભાઈએ ૧૦ સિદ્ધાંતોનું સખત

પાલન કર્યું છે, વાંચકવર્ગને અને ખાસ કરીને યુવાનો માટે સીખ છે કે, તેઓ ગમે તે ક્ષેત્રમાં હોય, આ સિદ્ધાંતોને જો તેઓ વળગી રહેશે, તેના પર બરાબર અમલ કરશે તો સફળ થવામાં તમોને દુનિયાની કોઇ તાકાત રોકી શકશે નહીં.

**ફારુકભાઈના એ ૧૦ સિદ્ધાંતો આ રહ્યાં...**

૦૧) સ્પષ્ટ લક્ષ્યાંકો રાખો. Clear goals.

૦૨) સ્વપ્ના જુઓ, મોટા સ્વપ્નાઓ જુઓ. Dream all the time. Dream big.

૦૩) હમેશાં સકારાત્મક વલણ રાખો. Positive outlook and attitude.

૦૪) હમેશાં સમયનું યોગ્ય આયોજન અને સમયપાલન કરો. Time management and punctuality. શિસ્તબદ્ધ જીવનશૈલી અપનાવો. Adopt a disciplined lifestyle.

૦૫) અવિરત કંઇક નવું જાણવાની, શીખવાની ધગશ રાખો. Strive to learn something new all the time.

૦૬) સમાધાન કેન્દ્રિત માનસ ધરાવો. અસફળતામાંથી શીખો, હતાશ ન થાઓ. Solution oriented mindset. સમસ્યા પર નહીં, ઉકેલ શોધવા પર ધ્યાન આપો.

૦૭) આરોગ્ય અને તંદુરસ્તી તરફ હમેશાં ધ્યાન આપો. Good health and awesome fitness.

૦૮) સંબંધોને કોઇ પણ કિંમતે સાચવો અને નવા નવા સંપર્કો વધારો. Good relationship and networking.

૦૯) વાંચો, વિચારો. લખો અને આયોજન કરો. Read, think, write and do planning.

૧૦) તમારાથી હોંશિયાર-કાબેલ અને ઈન્ટેલિજન્ટ લોકોનો સંગ રાખો.

તેમના આ સિદ્ધાંતો પરથી સ્પષ્ટ થાય છે કે, સફળતા કોઇ રહસ્ય નથી, કોઇ જાદુ નથી, પણ સારો દૃષ્ટિકોણ છે, શ્રમ છે, અથાગ મહેનત છે, અને કોઇ પણ ધ્યેય માટેની લગનીની, ધૂનની,

દીવાનગીની અસર અને પરિણામ છે. તમે કયા ક્ષેત્રમાં સફળ થવા ઇચ્છો છો તે તમારે નક્કી કરવાનું છે. ફારુકભાઈ માને છે કે, મહેનતનો કોઈ અલ્ટરનેટિવ નથી.

હવે આ તો આપણે ફારુકભાઈના ૧૦ સિદ્ધાંતોની ચર્ચા કરી જે આપણને કામયાબ બનાવવામાં મહત્વનો ભાગ ભજવી શકે છે, પરંતુ આ સિદ્ધાંતોને ગ્રહણ કરવાની આપણી તૈયારી પણ હોવી જોઈએ જેના માટે આપણે આપણામાં છૂપાયેલા એક લીડર, એક આગેવાનને શોધી કાઢવો પડે. મારું માનવું છે કે દરેક માણસમાં એક લીડર છૂપાયેલો હોય છે અને દરેક માણસમાં ઘણી બધી સંભાવનાઓ છૂપાયેલી હોય છે. દરેક માનવી સોના-હીરા-મોતીના પહાડ અને દરિયા જેવો છે. આપણે આપણી જાતને ખોદવી પડે અને જાતમાં ઊંડી ડૂબકી લગાવી નેતૃત્વના ગુણોનો વિકાસ કરવો પડે. સફળ બનવા લીડર બનવું પડે, નેતૃત્વના ગુણો આપણે શીખવા પડે અને ખીલવવા પડે. નીચેની પંક્તિઓ ફારૂકભાઇની આ વાતને કાવ્યાત્મક રીતે દર્શાવે છે:

" મારું અજવાળું તારું ઘર કયાં સુધી અજવાળશે?

દોસ્ત! સૌને પોતીકું અજવાળું હોવું જોઇએ! "

એટલે કે આપણે આપણા પોતાનો પ્રકાશ બનવું પડશે. આપણે જ આપણી અંદર અજવાળું પ્રગટ કરી આપણી અંદર રહેલી સંભાવનાઓ અને તાકાતોને શોધી એક આગેવાન, એક લીડર બનવું પડશે.

ઘણાં કાર્યક્રમોમાં તેઓ યુવાનોને સંબોધિત કરતા કહેતા હોય છે કે, દરેક વ્યક્તિમાં નેતૃત્વની ક્ષમતા છૂપાયેલી છે. આપણામાં છૂપાયેલ આ ક્ષમતાને કઇ રીતે શોધી કાઢવી, આપણામાં છૂપાયેલ આ લીડરને કઇ રીતે શોધવો?

૦૧) આત્મ વિશ્લેષણ કરીને. Self analysis. આપણી શક્તિઓ અને નબળાઇઓને સમજવી, શક્તિઓનો યોગ્ય દિશામાં, યોગ્ય ક્ષેત્રોમાં વિકાસ કરવો, નબળાઇઓને દૂર કરવી.

૦૨) દૃષ્ટિ અને લક્ષ્ય સ્પષ્ટ હોવાં જોઇએ. Clear vision and goal.

03) સંઘર્ષ અને શીખવાની તૈયારી. Embrace challenges and be always in learning mode.

04) આત્મવિશ્વાસ અને નિર્ણયશક્તિ. Self-confidence and Decision-making power and ability

05) સ્વયં શિસ્તતા અને નૈતિક મૂલ્યો. Self-discipline and Moral Values.

06) તટસ્થ અને સકારાત્મક માનસિકતા. Objective and positive mindset.

ટૂંકમાં કહીએ તો સફળતા મેળવવા, ધન પ્રાપ્તિ માટે, યશસ્વી બનવા, ઉન્નતિના શિખરો સર કરવા આપણી અંદરના નેતૃત્વને આગળ વધારવું પડે જેના માટે ઉપરોક્ત ગુણો અને શક્તિઓના વિકાસ માટે અવસર પેદા કરવા પડે.

ફારુકભાઈના સફળ નેતૃત્વ જે વ્યક્તિગત વસ્તુ છે તેના ગુણો અને લક્ષણો તેમના અનુભવમાંથી, શોધખોળમાંથી જાણવા જેવા છે.

સફળ નેતૃત્વ માટે કેટલીક વિશિષ્ટ ગુણવત્તાઓ અને લક્ષણો જરૂરી હોય છે. એક સારો લીડર પોતાની ટીમ, પોતાના ધંધા અને સમુદાયને પ્રેરણા આપે છે, યોગ્ય દિશા ચીંધે છે અને ઉન્નતિ તરફ દોરી જાય છે.

01) સારું અને સફળ નેતૃત્વ એટલે દૃષ્ટિ, દૂરંદેશી. Vision and far sightedness.

02) સારું અને સફળ નેતૃત્વ એટલે પોતાની જાતમાં અડગ આત્મવિશ્વાસ અને ઈશ્વર-અલ્લાહમાં અતૂટ શ્રદ્ધા. Self-confidence and strong faith in God / Allah.

03) વાતચીત, ચર્ચા વિચારણા વાદ-સંવાદની કુશળતા. Excellent communication skills.

04) જવાબદારી અને વિશ્વસનીયતા. Responsibility and reliability.

05) હકારાત્મક અને સાહસિક અભિગમ. Positive and courageous approach.

06) સર્જનાત્મક અને નવીનતાની શોધ. Innovative and creative.

૦૭) નૈતિક્તા અને સદ્દગુણો. Integrity and ethics.

૦૮) જૂથમાં કામ કરવાની ક્ષમતા અને સદાય પ્રોત્સાહિત રહેવું. Team work and motivational.

૦૯) સમર્થન અને બીજાઓને વધુ સાંભળવાની શક્તિ. Supportive and good listener.

૧૦) અનુકૂલનશીલતા. Adaptability.

૧૧) વિષય નિષ્ણાંત અને ગહન જ્ઞાન શક્તિ. Expertise in respective subject and good knowledge.


૧૨) ઉદારતા અને નમ્રતા. Generosity and humility.

ફારુકભાઇ હંમેશા કહે છે કે, એક સારો લીડર માત્ર પોતાની સંસ્થા અને પોતાનું જ નહીં, પણ પોતાના કુટુંબનું, પોતાના સમાજનું, પોતાના દેશનું અને આખાય વિશ્વના કલ્યાણનું પણ વિચારે છે. તમારી અંદર છૂપાયેલા લીડરને શોધો, કેળવો અને આગળ વધો.

" નઇ તારીખ બનાઓ તો કોઇ બાત બને

કુછ ન હો પાએગા તારીખ કો દોહરાને સે"


## WORDS OF WISDOM FROM VISIONARY LEADER
## DR. FARUK G. PATEL
### FOUNDER, CHAIRMAN & MD, KP GROUP













# પ્રકરણ:૬

## સ્થાનિકથી વૈશ્વિક સ્તરે કાર્ય કરતી વ્યક્તિ એટલે ડૉ. ફારુક જી. પટેલ.

### જીવનયાત્રાની ઝાંખી સ્થાનિકથી લઇને આંતરારષ્ટ્રીય સામયિકો, અખબારોમાં..








Khaleej Times


India's premier green energy firm sets sights on Dubai

## વિવિધ મેગેઝીનોમાં ડૉ. ફારુક પટેલ ના લેખો...












# વિવિધ મેગેઝીનોમાં ડૉ. ફારુક પટેલ ના લેખો...


SOLARQUARTER
ENGAGING. ENRICHING.

Driving India's RE Growth Through Solar Wind Hybrid and Storage Expansion – DR. FARUK G PATEL, Chairman and Managing Director, KPI Green Energy

"Stable policies attract strong capital, and strong capital accelerates national progress."

DR. FARUK G PATEL




The CSR Universe

Empowering Communities, Energizing the Future: In Conversation with Dr. Faruk G. Patel, CMD, KP Group


INTERVIEW


DR. FARUK G. PATEL

CMD
KP Group





# વિવિધ મેગેઝીનોમાં ડૉ. ફારુક પટેલ ના લેખો...


RENEWABLE MIRROR

KP GROUP

www.kpgroup.co

INTERVIEW

DR. FARUK G. PATEL


FOUNDER, CHAIRMAN & MD

KP GROUP

"At KP Group, we are already well underway on this journey, with a 6 GW+ portfolio that includes both operational and under-development projects across solar, wind, and hybrid configurations. This strong base gives us momentum and credibility as we progress toward our 10 GW by 2030 vision."

WWW.KPGROUP.CO









# વિવિધ મેગેઝીનોમાં ડૉ. ફારુક પટેલ ના લેખો...



Khaleej Times

## India's premier green energy firm sets sights on Dubai


Over the past three decades, Dr Faruk G. Patel has built KP Group from a modest beginning into a Rs165B enterprise, spearheading India's green energy revolution



ગુજરાત ટુડે
GUJARAT TODAY
25-OCT-2025 SATURDAY

## ભારતની અગ્રણી ગ્રીન એનર્જી કંપની હવે દુબઈમાં પોતાનું વિસ્તરણ કરવા તૈયાર : કેપી ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. ફારુક જી. પટેલ

છેલ્લા ત્રણ દાયકામાં, ડૉ. ફારુક જી. પટેલે કેપી ગ્રુપને એક સામાન્ય શરૂઆતથી લઈને રૂ. ૧૬૫ બિલિયનનો ઉદ્યોગ બનાવ્યો છે અને તે ભારતની ગ્રીન એનર્જી ક્રાંતિનું નેતૃત્વ કરે છે



INTERVIEW

## Both solar IPP and CPP have immense potential in Gujarat

— Faruk G. Patel, Chairman and Managing Director, KPI Global Infrastructure Ltd

*KPI Global Infrastructure Ltd, incorporated in 2008 and headquartered in Surat, Gujarat, is a renewable energy firm. It is both an EPC contractor as well as an independent power producer. In this exchange with T&D India, we have Faruk G. Patel discussing his company's operations and future plans. Patel highlights the immense potential of solar power in Gujarat, thanks to some newly-launched policies by the state government.*

www.tndindia.com

**As we understand, KPI Global is a multifaceted solar energy player as a developer (IPP and captive power plant) and an EPC contractor. Tell us about the solar capacities owned by KPI (IPP and CPP) under "Solarism" and the quantum of projects executed for other solar developers.**

Our company K.P.I. Global Infrastructure Ltd was incorporated in 2008 in Maharashtra. In our initial years, we were engaged in the sale of land parcels to third parties, which were leased back for the foraying into solar power generation. In 2013, we received a feasibility study from GETCO for evacuation of solar power, proposed to be generated at our Solarism Plant, to GETCO's Amod substation. In 2014, we initiated construction of a 13.25 km long 66kV transmission line for power evacuation from our Solarism Plant to Amod substation. In 2016, we commissioned our first solar power plant of 5 mw on the leased land at Solarism Plant. In 2017, we installed another solar power plant (10 mw) on our owned land at Solarism Plant.

On the CPP front, till date we have completed 6 mw of solar power plant for MSME clients and have an order book of 5 mw on hand, with a completion deadline within the current financial year.

**We understand that your IPP capacity will be reaching 40 mw by March 2020. Are the projects on track?**

Yes, we have already commissioned 15 mw of solar power capacity and are presently in the completion stages of setting up another 25-mw project with a cost of around Rs.132 crore. The project is being financed by Power Finance Corporation with a Rupee term Loan of Rs.86 crore. The current status of the project is that we have already received the entire disbursement of our financial assistance for the project and have commissioned 18 mw

# દેશ-વિદેશના અખબારોમાં ડૉ. ફારુક પટેલ


MAGAZINE 2023
SUMMER EDITION
VAHORA VOICE UK
www.vahoravoice.co.uk


સુરતમાં કે.પી. ગ્રુપના ફારૂક પટેલે કેદીઓએ બનાવેલ તમામ પેઈન્ટિંગો રૂા.૧૧.૧૬ લાખમાં ખરીદી લીધા

ગૃહરાજ્ય મંત્રીએ ચાર દિવસના એક્ઝિબિશનને ખુલ્લું મૂક્યું : બે કલાકમાં જ પ્રદર્શનમાં મૂકાયેલ તમામ ચિત્રો વેચાઈ ગયા


ગુજરાતના વિકાસમાં યોગદાન આપી ખ્યાતિ પામેલા સુરતના MSME ફર્મના ઉદ્યોગસાહસિકોને દિવ્ય ભાસ્કર દ્વારા સન્માનિત કરવામાં આવ્યું

# દેશ-વિદેશના અખબારોમાં ડૉ. ફારુક પટેલ



Who Is Dr Faruk Gulam Patel? A Bus Conductor's Son Who Once Worked In London Café, Today Owns Rs 2,500 Crore Business Empire

Who Is Dr. Faruk Gulam Patel?

Dr. Faruk Gulam Patel's Struggle

Dr. Faruk G. Patel's Entrepreneurial Journey



સ્કાય ઈઝ ધ લિમિટ

ફારુક પટેલ



A SELF-CONSTRUCTED MAN

Founded by Faruk Patel, KP Group is one of the rapidly growing business groups which hails in Surat

FARUK PATEL



પ્રતાપ દર્પણ

ઝઘડિયામાં દિવ્યાંગ વૃદ્ધો માટે વૃદ્ધાશ્રમનાં નિર્માણનો આરંભ

દાનની સરવાણી

વહાવતા દાતા

ફારુક પટેલ

# દેશ-વિદેશના અખબારોમાં ડૉ. ફારુક પટેલ



ગુજરાત ટુડે

કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના દીર્ઘદ્રષ્ટા

ડૉ.ફારૂક જી. પટેલને પ્રતિષ્ઠિત 'મહાત્મા એવોર્ડ ઇન્ડિયા-૨૦૨૪'થી સન્માનિત કરાયા

ગુજરાતમિત્ર

કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનને પ્રતિષ્ઠિત "મહાત્મા એવોર્ડ ઇન્ડિયા-2024" એનાયત કરવામાં આવ્યો



KP GROUP CROSSES ANOTHER MILESTONE, WORKING ON INDIA'S DREAM OF SUSTAINABLE ENERGY

Due to the visionary approach of its chairman, Faruk Patel, the company has become one of the fastest developing companies in the country as far as the sector of wind and solar is concerned, generating power from renewable sources and making a mark of its own once again.





TIMES Business & Education Icons

KP Group's Milestone in Generating Power from Renewable Sources – Solar and Wind



ગુજરાત ટુડે

કે.પી. ગ્રુપના ચેરમેન ડૉ. ફારૂક પટેલને વિશેષ વ્યક્તિ સન્માન એવોર્ડ એનાયત

# દેશ-વિદેશના અખબારોમાં ડૉ. ફારુક પટેલ



# દેશ-વિદેશના અખબારોમાં ડૉ. ફારુક પટેલ



**KP GROUP CMD FARUK PATEL CONFERRED AN HONORARY DOCTORATE**

Faruk Gulam Patel, Chairman and Managing Director of KP Group, a leading player in solar and wind power, has been conferred with an honorary doctorate by the American East Coast University for his work in the field of renewable energy. Throughout his 28-year renewable energy and infrastructure development career, he has received several accolades for innovation, talent and creative management. he application for conferring the honorary doctorate was forwarded to the University's headquarters in New York following scrutiny of the requisite documents. The honorary doctorate was conferred on Faruk Patel after the University's approval. It is worth noting that the honorary doctorate marks the continuation of the prestigious awards and honours Patel has received over the years. He has previously received awards such as the Legend of Surat 2018, Business Icon 2018, and The Leaders and Rotary Lamhe Awards. Two companies of the KP Group - KP Green Energy Limited and KP Energy Limited, are listed on the stock exchanges.

**કેપી ગ્રૂપના સીએમડી ફારુક જી. પટેલને ડૉક્ટરેટની માનદ પદવી એનાયત કરાઇ**

**અમેરિકન ઈસ્ટકોસ્ટ યુનિ. દ્વારા રિન્યુએબલ એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બિઝનેસમાં યોગદાન માટે સમ્માન કરાયું**



**સુરતના ૪૬ ઉદ્યમી-કર્મવીરોનું સન્માન**



**सफलता किस्मत से नही परिश्रम से हासिल होती है : फारूक पटेल**

# વિવિધ સેમિનારોમાં કી-નોટ સ્પીકર તરીકે ડૉ. ફારુક જી. પટેલ




ઝી બિઝનેસ કોન્ક્લેવ




NDTV Profit કોન્ક્લેવ



ગ્રેટર સુરત, BNI બિઝનેસ કોન્ક્લેવ 2025
(9th Edition)



કોર્પોરેટ કનેક્શન્સ



પ્રોફિટ-ટુ-વેલ્થ ક્રિએશન





ભરૂચ ડિસ્ટ્રિક્ટ મેનેજમેન્ટ એસોસિએશન
દ્વારા આયોજિત ૧૦મું નેશનલ મેનેજમેન્ટ કન્વેન્શન

ગુજરાત વિકાસ સપ્તાહ કોન્ક્લેવ


# વિવિધ પોડકાસ્ટમાં ડૉ. ફારુક જી. પટેલ




હુરુન ઇન્ડીયા,
સ્ટાર ઓફ ગુજરાત




ET હિન્દી - પોડકાસ્ટ



જોશ ટોક - પોડકાસ્ટ



પોડકાસ્ટ - સુમિત મેહરોત્રા



સાચી વાત-બેધડક, દિવ્ય ભાસ્કર, ગુજરાતી પોડકાસ્ટ



ચાઈ ગરમાગરમ, પોડકાસ્ટ

# ટીવી ચેનલો પર ડૉ. ફારુક જી. પટેલના ઈન્ટરવ્યૂ




NDTV Profit News




ET Now Hindi




Business Today




CNBC TV18




News Capital

# રાજકીય હસ્તીઓ સાથે ડૉ. ફારુક પટેલની મુલાકાત...



કેન્દ્રીય નાણામંત્રી
શ્રીમતી નિર્મલા સીતારમણ સાથે...



કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી
શ્રી પિયુષ ગોયલની સાથે...



ગુજરાત રાજ્યના ડેપ્યુટી ચીફ મિનીસ્ટર
શ્રી હર્ષભાઈ સંઘવી સાથે...



કેન્દ્રીય જળશક્તિ મંત્રી
શ્રી સી. આર. પાટીલની સાથે...



આંધ્રપ્રદેશના મા. મુખ્યમંત્રી
શ્રી ચંદ્રબાબુ નાયડુ સાથે...



ઉત્તર પ્રદેશના મા. મુખ્યમંત્રી
શ્રી યોગી આદિત્યનાથ સાથે...

# રાજકીય હસ્તીઓ સાથે ડૉ. ફારુક પટેલની મુલાકાત...



બિહાર રાજ્યના તત્કાલિન ગર્વનર
શ્રી આરીફ મોહંમદ ખાન સાથે...



ગુજરાત રાજ્યના મા. મુખ્યમંત્રી
શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે...



લોકસભા સ્પીકર શ્રી ઓમ બિરલા સાથે...



કેન્દ્રીય મંત્રી શ્રી અર્જુન રામ મેઘવાલજી સાથે...



ગુજરાત રાજ્યના ગર્વનર
મા. શ્રી દેવવ્રત સાથે...



મહારાષ્ટ્રના ડેપ્યુટી ચીફ મિનીસ્ટર
શ્રી એકનાથ શિંદે સાથે...



મધ્યપ્રદેશના ચીફ મિનીસ્ટર
શ્રી મોહન યાદવજી સાથે...

## WORDS OF WISDOM FROM VISIONARY LEADER
## DR. FARUK G. PATEL


**FOUNDER, CHAIRMAN & MD, KP GROUP**
















# પ્રકરણ: ૭

## સમાજ માટે આપણે, આપણા માટે સમાજ

## એક પ્રયાસ, એક પરિવર્તન



" યહી હૈ ઇબાદત, યહી દીનો ઇમાઁ

કે કામ આયે દુનિયામેં ઇન્સાઁ કે ઇન્સાઁ"

કેપી ગ્રૂપની સામાજિક ઉત્થાન, ઉદ્ધાર અને પ્રગતિની જવાબદારી અને ફરજને ધ્યાનમાં લઇ ડૉ. ફારુક જી. પટેલે વર્ષ ૨૦૧૫માં 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' (KP Human Development Foundation) નામની એક નફારહિત સંસ્થાની સ્થાપના કરી. બિઝનેસના કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સબિલિટી અંતર્ગત સ્થાપ્વામાં આવેલી આ સંસ્થાનો મુખ્ય ધ્યેય સમાજના વંચિત વર્ગોને કોઇ પણ જાતના ભેદભાવ વિના ગુણવત્તાવાળું શિક્ષણ અને ઉત્તમ આરોગ્ય સેવાઓ પૂરી પાડવી, તેમનામાં કૌશલ્ય વિકાસ કરવો, અને પર્યાવરણ જાગૃતતા તથા સંરક્ષણ જેવી સશક્તિકરણની પ્રવૃત્તિ દ્વારા સમાજ પ્રત્યેની પોતાની વ્યક્તિગત અને દાનવીર તરીકેની જવાબદારી નિભાવવાનો છે.

અહીં આપણે દાનવીર અને પરોપકારી છે એવા બીજા ફારુકભાઇની વાત કરીશું જેઓ માને છે કે જે સમાજ અને દેશ તમને આટલું બધું આપતો હોય તે સમાજ અને દેશને પણ કંઇ પાછું આપવાની તમારી પણ કંઇ નૈતિક ફરજ બને છે. ફારુકભાઇ માને છે કે કોર્પોરેટ સામાજિક જવાબદારી એ કોઇ પણ કંપની કે ઉદ્યોગની સમૃદ્ધિ અને નફાની સાથે સમાજ કલ્યાણ, માનવ કલ્યાણ, સશક્તિકરણ અને પર્યાવરણ માટે લેવાયેલાં જવાબદાર પગલાંઓમાં સમાવિષ્ટ છે. કોઇ પણ ઉત્તમ અને સફળ ઉદ્યોગ ધરાવનારાઓનો હેતુ માત્ર વેપાર અને નફો કમાવાનો ન હોવો જોઇએ, પરંતુ પોતાના નફામાંથી કંપનીઓએ થોડોક હિસ્સો સમાજહિત અને દેશહિત માટે વાપરવો જોઇએ. ફારુકભાઈની દૃષ્ટિએ આમ કરવાથી ઉદ્યોગ, સમાજ અને દેશનો વિકાસ થાય છે.

સમાજ કલ્યાણ, માનવસેવા અને સમાજના દરેક ક્ષેત્રોમાં સશક્તિકરણની પ્રક્રિયાઓને વેગ આપતી પ્રવૃત્તિઓ તેઓના દિલની ખૂબ જ નજીક છે.

'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' એ તેમની ધૂન છે, ધ્યાન છે, બંદગી અને ઇબાદત છે. વ્યક્તિગત રીતે અને એક ઉદ્યોગપતિ તરીકે આ સંસ્થા પ્રત્યે તેઓ ખૂબ જ ભાવુક છે. શૈક્ષણિક,

ધાર્મિક, આર્થિક, આરોગ્યલક્ષી, સાંસ્કૃતિક અને રાજકીય સશક્તિકરણ કોઇ પણ સમાજના સુખસમૃદ્ધિ, પ્રગતિ અને ઉદ્ધાર માટે અનિવાર્ય છે. જે સમાજમાં આ સશક્તિકરણ છે, જે સમાજ જાગૃત છે તે સુખી છે અને એક ચોકક્સ જગ્યાએ પોતાની સ્વતંત્રતા ટકાવીને બેઠો છે. જે સમાજમાં આવું સશક્તિકરણ નથી, જે સમાજ નિષ્ક્રિય છે, ઊંઘે છે, તે સમાજમાં દુ:ખ છે, ગૂંગળામણ છે, આક્રોશ છે, અધોગતિ છે અને તે સમાજ કંઇક અંશે માનસિક રીતે બીજાઓનો ગુલામ પણ હોય છે.

સમાજ સેવા, માનવ સેવાનું આ સુત્ર ડો. ફારુકને ઘણું કામ લાગ્યું છે. “પોતાના માટે, પરિવાર માટે કંઇક કરવાનું મન થાય તો એ ભાવના કહેવાય, પણ પરાયા લોકો માટે કંઇક કરવાનું મન થાય તો એ સદ્‌ભાવના, સેવા, બંદગી, પ્રાર્થના અને ઇબાદત બની જાય છે.” સમાજ સેવા, માનવ સેવા આપણને સુકૂન આપે છે, માનસિક શાંતિ બક્ષે છે અને માલિકની વધુ નજીક લઇ જાય છે. એવી ફારુકભાઈની સમાજસેવાની ફિલોસુફી છે. ભાવનાશીલ ફારૂકભાઇને આ પંક્તિ જરૂર લાગુ પડે છે...,

" ગૈર કે ગમ સે ભી અબ દિલ પે અસર હોતા હૈ

કોઇ કહીં રોતા હૈ તો દામન મેરા તર હોતા હૈ "

એ લોકો જ જીવંત કહેવાય જે બીજાઓ માટે પણ જીવતા હોય છે, અન્યોની તકલીફો, મજબૂરીઓ, દુ:ખ જોઇને પોતે પણ દુ:ખી થઇ જતા હોય છે. દુ:ખની લાગણી અનુભવતા હોય છે.

'હેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' અને માનવસેવા માટે તેઓ હંમેશા એક ઉદાહરણ આપતા કહે છે કે, કપડાં પર છાંટેલું અત્તર થોડીવાર ખુશબો આપે, પણ સમય જતાં અત્તરની મહેકની અસર ઓછી થતી જાય છે. એવી જ રીતે પોતાની જાત માટે આપણે કંઇક કરીએ તો એનો આનંદ તો અવશ્ય આપણને મળે જ છે, પણ આ આનંદ ઝાઝો સમય ટકતો નથી. સતત આનંદ અને અલૌકિક મસ્તીની અનુભૂતિ કરવી હોય તો માત્ર પોતાના માટે જ નહીં પણ બીજા માટે પણ જીવતાં શીખવું પડે. બીજાનાં દુ:ખદર્દ, તકલીફો, પરેશાનીઓનો અહેસાસ આપણને પણ થવો જોઈએ. અહેસાસ

થાય એ પણ સારી વાત છે, પરંતુ અહેસાસની સાથે સાથે જેની સાથે આપણો બાર ગામનો પણ નાતો ન હોય એવી તકલીફમાં મૂકાયેલી કોઇ વ્યક્તિને કોઇ પણ જાતની અપેક્ષા વગર માનવતાના નાતે મદદ કરવાથી જે આનંદ મળે છે એ માત્ર અનુભવ કરવાથી જ સમજી શકાય છે. આ અલૌકિક આનંદને શબ્દોમાં વર્ણવી ન શકાય. સુરતના જાણીતા ગઝલકાર મરહુમ ગની દહીંવાળાનો એક શેર યાદ આવે છે:

ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ કે પતન સુધી
અહીં આપણે તો જવું હતું, ફકત એકમેક ના મન સુધી

માનવ માનવને ઓળખે એય ઘણું છે, એક માનવ બીજા માનવના મન સુધી જઇ શકે એય ઘણું છે.

સૌ પ્રથમ તો આપણે સમાજ કલ્યાણ અને માનવ સેવાનું મહત્વ અને એના અર્થો સમજવા પડે અને એ પ્રમાણેની આપણી ભાવનાઓનો વિકાસ કરવો પડે. દિલને નરમાશ અને કરુણાભાવથી ભરવું પડે. સમાજ અને માનવતા પર કોઇ ઉપકાર નથી કરવાનો, પરંતુ સમાજ અને માનવતા પ્રત્યે કૃતજ્ઞભાવે દયા અને કરુણા વરસાવવાની હોય છે. સામાજિક કલ્યાણ અને માનવ સેવાના ઉદ્દેશ્યો સમૃદ્ધ, સશક્ત અને સુખી સમાજનું નિર્માણ કરવા માટે હોવા જોઇએ. એમાં દેખાડાને સ્થાન ન હોવું જોઇએ. આ માટે સેવાઓ દ્વારા વ્યક્તિનું સશક્તિકરણ અને માનવ જીવનની ગુણવત્તા સુધારવા-વધારવા અને સમાજના દરેક વર્ગને, ખાસ કરીને વંચિત વર્ગને સમાન હક્કો, સમાન તકો અને સુખદ જીવનની સુવિધાઓ મળી રહે એ માટે સુનિયોજિત અને સુનિશ્ચિત પગલાં લેવાં જોઇએ.

સુનિયોજિત અને સુનિશ્ચિત પગલાંમાં પ્રથમ સ્થાને:

- શૈક્ષણિક સશક્તિકરણ Educational Empowerment અને જ્ઞાન વિતરણ, જ્ઞાન સભાનતા Knowledge sharing and Awareness આવે છે. શૈક્ષણિક સંસ્થાઓ અને પાઠશાળાઓના માધ્યમથી ગરીબ અને અનાથ બાળકોને અને સાથે સાથે તેજસ્વી બાળકોને ઉચ્ચતમ નિ:શુલ્ક શિક્ષણની તકો પૂરી પાડવી. મોટી ઉંમરની શિક્ષણથી વંચિત રહી ગયેલી

વ્યક્તિઓ માટે સાક્ષરતા અભિયાન ચલાવવું અને શૈક્ષણિક તકોની સાથે કૌશલ્ય વિકાસ, ખાસ કરીને છોકરીઓ-મહિલાઓ માટે તાલીમી કેન્દ્રો અને કાર્યક્રમો દ્વારા રોજગારની તકો ઊભી કરવી.

શિક્ષિત વ્યક્તિ અને શિક્ષિત સમાજ કોઇનો ગુલામ બની શકતો નથી અને ખુદ્દારી, ખુમારીથી જીવી શકે છે. કવિશ્રી ગોપાલ શાસ્ત્રી પોતાના એક શેરમાં સાંકેતિક ઇશારો કરતાં કહે છે:

" ભલું થાજો તમારું કે મને ચીંધી ગયા રસ્તો
હતો હું એની શેરીમાં રઝળવાની અણી ઉપર"

અહીં શેરીમાં ને બદલે જીવનમાં એમ કહીએ તો શૈક્ષણિક સશક્તિકરણથી કેટલાયે લોકોને જીવનમાં સાચો માર્ગ મળી જાય છે અને તેઓ રખડવા રઝળવાથી બચી જાય છે.

- **રોજગાર કૌશલ્ય -** તકો પૂરી પાડી ગરીબી નાબૂદી યોજનાને બીજા સ્થળે મૂકી શકાય. ગરીબ અને વંચિત પરિવારો માટે, ખાસ કરીને ઘરડાં લોકો, વિધવા મહિલાઓ માટે વિના મૂલ્યે ભોજન અને બની શકે તો આવાસની સુવિધાઓ પૂરી પાડવી. એમ્પલોયમેન્ટ ઉભું કરવું.
- **મહિલા અને બાળ વિકાસ -** Women, especially Widows Welfare/Development આ યોજના હેઠળ વિધવા મહિલાઓ, અભણ મહિલાઓ, ગરીબ વર્ગના પરંતુ તેજસ્વી બાળકો અને અનાથ બાળકો માટે પોષણયુક્ત ભોજન, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો અને સશક્તિકરણની પ્રક્રિયા દ્વારા તેમને સન્માનિત જીવન જીવવાની તક પૂરી પાડવી.
- **આરોગ્ય અને સુખાકારી સેવા –** Health and Wellbeing આમાં સ્વાસ્થ્ય અને સુખાકારીનો સમાવેશ થાય છે. નિ:શુલ્ક ઉત્તમ આરોગ્ય શિબિરો યોજવી અને જરૂરતમંદોને દવાઓ પૂરી પાડવી. ગરીબ દર્દીઓ અને પરિવારો માટે હોસ્પિટલ અને યોગ્ય આરોગ્ય સેવાઓની વ્યવસ્થાઓ ઊભી કરવી.
- **પર્યાવરણ કાળજી અને સુરક્ષા –** Environmental Care and Protection તમામ લોકોમાં પર્યાવરણને લઇને જાગૃતતા કેળવવી અને પ્રાકૃતિક સંસાધનોનો ઉપયોગ વધારવા

પ્રોત્સાહિત કરવા. વૃક્ષારોપણ, પાણી બચાવ, પ્રદૂષણ નિયંત્રણ અને સ્વચ્છતા અભિયાન પ્રવૃત્તિઓને નિયમિત રીતે હાથ ધરી એને વેગ આપવો.

- **આપત્તિ પ્રબંધન અને કુદરતી તેમજ માનવ સર્જિત આફતોમાં સમયસરની સહાય આપવી** Disaster Relief and Timely Aid. આવા સમયોએ અસરકારક રાહતકાર્ય કરવું અને પુન:વસવાટ માટે મદદ કરવી. આવી પરિસ્થિતિઓમાં એકલા હાથે કામ કરવા કરતાં અન્ય સક્રિય અને પારદર્શિત બિન-સરકારી સંસ્થાઓ, NGOs અને સરકાર સાથે ભાગીદારી કરીને રાહત કાર્યો કરવાં.
- **સદ્દભાવના અને માનવતા અભિયાન** -Goodwill and Humanity Forever Initiatives અમેરિકન તત્વચિંતક હેન્રી થોરોના શબ્દોમાં: “Goodness is the only investment that never fails.”

ડૉ. ફારુક પટેલ માને છે કે, સદ્દભાવના અને માનવતા માટે સદ્દવૃત્તિ, સદ્દવાંચન, સદ્દસાથ-સંગાથ, અને સદ્દવિચારનો સમન્વય હોવો જરૂરી છે. આ ગુણોના સમન્વયથી પોતાની આંતરિક ચેતનાઓ જાગતી રહે છે અને અંદરની દુનિયા ઉજ્જવળ બને છે અને સાથે સાથે એનું અજવાળું ચારે તરફ ફેલાય છે.

ફારૂકભાઇની ભાવુકતા પર મરીઝ સાહેબનો શેર પ્રસ્તૃત છે...,

" બસ એટલી સમજ મને પરવરદિગાર દે
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાનો વિચાર દે!"

સમાજસેવા અને માનવતાનું કામ એક એવું ઉમદા કામ છે જે કોઇ પણ પ્રકારના નાત, જાત, ધર્મ કે વિસ્તારથી પર હોય છે. 'કૅપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન'નો પાયો આ હ્યુમન ફર્સ્ટ (માનવતા પ્રથમ) સિદ્ધાંતને નજર સામે રાખીને જ નાંખવામાં આવ્યો હતો કે વંચિત, દુ:ખી અને જરૂરિયાતમંદ લોકો માટે મદદનો હાથ લંબાવવો જે દરેકની નૈતિક, મૌલિક, સામાજિક અને માનવીય જવાબદારી પણ છે.

માનવસેવા અને સામાજિક કલ્યાણ (Services to Humanity and Social Welfare)ના કામો કયા આધાર પર કરવાં જોઇએ અને એમાં કેવા સિદ્ધાંતો હોવા જોઇએ એ વિષે પણ ડો. ફારુક પટેલની પુરતી ગાઈડલાઈન છે. તેઓ માને છે કે, માનવસેવા અને સમાજસેવામાં સશક્તિકરણ પ્રક્રિયાના સિદ્ધાંતો ખૂબ જ જરૂરી છે. વંચિત અને ગરીબ વ્યક્તિઓને, વિધવાઓને, વિકલાંગો અને વૃદ્ધોને આપણે ફકત દયાભાવથી આજીવન અન્યો પર નિર્ભર નથી બનાવવાનાં, પરંતુ માનવસેવા અને સામાજિક કલ્યાણના આપણા દરેક કામોમાં સશક્તિકરણ-જાગૃતતા લાવી જરૂરતમંદોને ધીરે ધીરે આત્મનિર્ભર બનાવવાના છે, જેથી થોડાક સમયમાં સહાયથી જરૂરતમંદ વ્યક્તિ કૌશલ્ય વિકાસ દ્વારા પોતાના પગ પર, કોઇના સહારાની જરૂર વિના સન્માનથી પોતાનું જીવન જીવી શકે.

આ ક્ષેત્રમાં 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' જેવી કામ કરતી દરેક સંસ્થાની નૈતિક ફરજ અને જવાબદારી છે કે વ્યક્તિ અને સમાજને પણ અન્યો પર કાયમ નિર્ભર બનાવવાને બદલે તેમને સશક્ત બનાવી આત્મનિર્ભર અને સ્વાવલંબી બનાવવામાં આવે, તેમને પોતાના પગ પર ઊભા રહેતાં શીખવવામાં આવે જેથી તેઓ ગરીબીના દલ દલમાંથી બહાર નીકળે. જેથી, કેપી હ્યુમન શિક્ષણ પર વધુ જોર આપે છે. તેઓ માને છે કે, બાળક ઉચ્ચ શિક્ષણ મેળવી પગભર થશે તો તે પોતાના પરિવારની સાથોસાથ સમાજ અને દેશનો વિકાસ કરી શકશે.

ડો. ફારુક પટેલનું સ્પષ્ટ માનવું છે કે, વ્યક્તિગત પરિવર્તન અને સામૂહિક પરિવર્તન માટે સશક્તિકરણ મહત્વની ભૂમિકા ભજવે છે. સશક્તિકરણ વ્યક્તિગત અને સામૂહિક વિકાસ માટે જબરદસ્ત હકારાત્મક અને આશ્ચર્યકારક પરિણામો અને પરિવર્તન લાવી શકે છે. તેમના મતે સશક્તિકરણના મુખ્ય માર્ગો આ પ્રમાણે છે:

- **શૈક્ષણિક સશક્તિકરણ, વ્યવસ્થિત શિક્ષણ દ્વારા જ્ઞાન અને કૌશલ્ય વિકાસ.** (Educational Empowerment)
- **આર્થિક સશક્તિકરણ યા આર્થિક વિકાસ, નાના મોટા ધંધાઓ વિકસિત કરી આપવા, રોજગાર, સ્વરોજગારથી આર્થિક સ્વતંત્રતાના દરવાજાઓ ખોલી આપવા.** (Economic Empowerment)

- **રાજકીય અને ધાર્મિક સશક્તિકરણ** - રાજકારણની સભાનતા, સરકારો, સંસ્થાઓ, રાજકીય પક્ષોના નીતિ-નિયમોની સમજ દ્વારા જાગૃત નાગરિક તૈયાર કરવો. અંધશ્રદ્ધા, અંધ વિશ્વાસથી મુક્તિ અને ધર્મોની સાચી વ્યાખ્યાઓને સમજવી-અપનાવવી. (Political and Religious Empowerment)
- **સામાજિક સશક્તિકરણ** – નાત, જાતના અને ધાર્મિક ભેદભાવને દૂર કરી સમાજમાં હકારાત્મક વાતાવરણ ઊભું કરી એક સમજદારીવાળું વાતાવરણ ઊભું કરવું જેથી એક બીજા પ્રત્યે કોઇ પણ પ્રકારની લઘુતાગ્રંથિ અને ધૃણા અને નફરતની ભાવનાઓનું પોષણ ન થાય. (Social Empowerment)
- **વૈજ્ઞાનિક અને ટેકનૉલોજિકલ સશક્તિકરણ** - વ્યક્તિ અને સમાજના વૈજ્ઞાનિક, ટેકનૉલોજિકલ અને ડિજિટલ જ્ઞાનમાં વધારો કરવો અને આ ક્ષેત્રોમાં આવવા આમંત્રણ અને પ્રોત્સાહન આપવું. દેશી ભાષામાં કહીએ તો મૂળિયાંઓને વળગી રહો, પણ વૃક્ષની જેમ ઉગતા રહો, વધતા રહો, આકાશને આંબવાની તાલાવેલી જગાવો.

  (Scientific and Technological Empowerment)

ઉપરોક્ત ક્ષેત્રોમાં સશક્તિકરણથી વ્યક્તિઓ અને સમાજમાં ધરખમ પરિવર્તનો આવે છે જેમ કે, શૈક્ષણિક સાક્ષરતા, આર્થિક સ્વતંત્રતા, સારી આરોગ્ય વ્યવસ્થા, સક્રિય અને આત્મનિર્ભર સમાજ. ફારુકભાઈના મતે, સશક્તિકરણ એ વ્યક્તિના, સમાજના વિકાસનું ખૂબ જ મહત્વનું અને મજબૂત હથિયાર છે અને યોગ્ય સામાજિક સેવાઓ એ તેના માટેનો ઉત્તમ માર્ગ છે.

ફારુકભાઈની ઉપરોક્ત વિચારસરણીને જોતા બાળપણની, શાળામાં ગવાતી એક કવિતાની કેટલીક પંક્તિઓ અહીં ટાંકી શકાય...,

" ચલો મિલકર દીપ જલાએં
નવચેતના કા સંકલ્પ ઉઠાએં
પરિવર્તન કી લહર ચલાએં
હર દિલ મેં નવપ્રકાશ પ્રગટાએં"

એક ઉદ્યોગસાહસિક entrepreneur અને દાનવીર તરીકેની ફરજો તેમજ વ્યક્તિ, સમાજ અને દેશ કલ્યાણ માટેની સેવાઓ માટે ડો. ફારુક પટેલ સ્પષ્ટ માને છે કે,

એક ઉદ્યોગસાહસિક સમાજ (entrepreneurial society/community) અર્થતંત્રના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. એક સારો અને સાહસિક પરોપકારી ઉદ્યોગપતિ અલગ અલગ ક્ષેત્રમાં ઘણાં હકારાત્મક પરિવર્તનો લાવી શકે છે, જેમ કે...,

- રોજગાર સર્જન (Employment Creation and Job Opportunities) – સારો ઉદ્યોગ વિકસાવી સમાજના તમામ વર્ગ માટે રોજગાર ઊભો કરી તેમના જીવન ધોરણને ઊંચું લાવવાનું કામ કરે છે. અન્યો પર આર્થિક રીતે આધાર રાખતા પરિવારો માટે આર્થિક સદ્ધરતા અને સ્થિરતા લાવે છે.
- નવી ટેક્નોલોજી, નવી પદ્ધતિઓ અને ઉકેલો (New Technology, Innovation and Solutions) - નવી નવી સાધન સામગ્રી વસાવી ઉદ્યોગને ઉચ્ચતમ કક્ષાએ લઇ જઇ જીવનને સરળ અને વધુમાં વધુ સુવિધાજનક બનાવે છે.
- તમામ સ્તર પર અર્થતંત્રનો વિકાસ (Economic Growth and Benefits for all and at all levels) - કંપનીનો વિકાસ કરી, નવી નવી કંપનીઓની સ્થાપના કરી, નવા નવા રોકાણો કરી નીચલા સ્તરેથી લઇને ઉપલા સ્તર સુધી આર્થિક વિકાસ કરી દેશની GDPમાં વધારો કરે છે અને નાણાકીય વિકાસનો લાભ તમામને થાય છે.
- ગ્રાહકો અને ભાગીદારો માટે સર્વશ્રેષ્ઠ સેવાઓ – વિવિધ સેવાઓ દ્વારા ગુણવત્તાસભર અને પોસાય એવી સેવાઓ આપી લોકોને રાહત અને ફાયદો પહોંચાડવાં. (Quality Services for all)
- પર્યાવરણીય યોજનાઓ અને ટકાઉ વિકાસ – પર્યાવરણને અનુકૂળ વ્યાપારી ગતિવિધિઓ અને કુદરતી ઊર્જા સાથે પ્રકૃતિનું રક્ષણ. (Environmental Plans and Sustainable Development)

- છેલ્લું પણ મહત્વનું પાસું છે સામાજિક જવાબદારી (Corporate Social Responsibility)
    - આ જગ્યાએ ભલભલા ઉદ્યોગપતિઓની કસોટી થાય છે કે તેઓ સફળ ઔદ્યોગિક સામ્રાજ્ય તો ઊભું કરી શકે છે, ચલાવી શકે છે, પરંતુ સાથે સાથે શું તેઓ સામાજિક ઉત્થાન, સામાજિક કલ્યાણનું સામ્રાજ્ય પણ પોતાની નૈતિક જવાબદારી સમજીને ઊભું કરી શકે છે? 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશને' આ દિશામાં પહેલે દિવસથી જ પોતાની કટિબદ્ધતા અને દિશા નક્કી કરી લીધી હતી. આ સંસ્થા સમાજના વંચિત વર્ગના લોકોને સારામાં સારું મફત શિક્ષણ પૂરું પાડવું, નબળા-વંચિત લોકો, વૃદ્ધાશ્રમો, અંધજનો, દિવ્યાંગોનો આસરો બનવો, ઉત્તમ આરોગ્ય, કૌશલ્ય વિકાસ, સ્વચ્છતા અભિયાનો અને પર્યાવરણ જાગૃતિ જેવી પ્રવૃત્તિઓ અને કાર્યોમાં તન, મન અને ધનનો ફાળો આપી સમાજ સેવા કરે છે.

કહેવાનો મતલબ એ કે પોતાના માટે જ પૈસો ન કમાતાં અને ઔદ્યોગિક વિકાસ ફક્ત નફો રળવા માટે જ નહીં, પણ માનવસેવા અને સમાજ માટે હકારાત્મક પરિવર્તનો લાવવા, નબળા અને નિર્ધન લોકોને મજબૂત બનાવવા અને છેલ્લી હરોળમાં ઊભેલા માણસને આગળ લાવવાના ઉદ્દેશો માટે પણ હોવો જોઇએ.

એક કવિના ભાવનાત્મક શબ્દો અહીં યાદ કરવા રહ્યાં...,

“હું હજીયે એને ત્યાં ને ત્યાં જ જોઉં છું વર્ષોથી,
લાંબી હરોળમાં છેક છેલ્લે ઊભેલો એક માણસ;
આશામાં એના વારાની ધીરજપૂર્વક રાહ જોતો,
લાંબી હરોળમાં ઊભેલો આ માણસ.”

ડો. ફારુક હંમેશા કહે છે કે, આપણે જેમ આપણી જાત પર, આપણા પરિવાર પર નજર રાખીએ છીએ તેમ, સાહેબ, હરોળમાં છેલ્લે ઊભેલા માણસ પર પણ આપણી નજર હોવી જોઇએ અને એનો હાથ ઝાલી એને પણ આગળ લઇ આવવો જોઇએ.

ફારુકભાઈ યુવાધનને કહેતા રહે છે કે, સાચા અને સાહસિક ઉદ્યોગપતિ અને દાનવીર હમેશાં...,

- ખુલ્લા અને મોકળા મનના હોય છે. તેમના વિચારો સંકુચિત કે સિમિત હોતા નથી. તેઓ ખુલ્લું મન, ખુલ્લું હૃદય ધરાવતા હોય છે કેમ કે મન અને હૃદયની સંકુચિતતા આપણા વ્યક્તિત્વના સર્વાંગી વિકાસને રુંધી નાંખે છે.
- સફળ વ્યક્તિઓ સાહસિકો, ક્રાંતિકારીઓ અને દૂરંદેશી વિચારસરણી ધરાવતા હોય છે. તેઓ ભૂતકાળમાંથી શીખે છે. વર્તમાન પર બરાબર નજર રાખે છે અને ભવિષ્યને ધ્યાનમાં રાખી નિર્ણયો લેતા હોય છે. તેઓ નવી નવી તકોની શોધમાં હમેશાં રચ્યાપચ્યા રહેતા હોય છે.
- તેઓ સાહસિક હોય છે અને સુનિશ્ચિત ગણતરીપૂર્વકનું જોખમ ઉઠાવતા હોય છે.
- તેઓ સર્જનાત્મક અભિગમ ધરાવે છે અને હમેશાં નવીનતાની શોધમાં રહે છે. કંઇક નવું કરવાની, કંઇક નવું જાણવાની તડપ રહે છે.
- તેમનો આત્મવિશ્વાસ, પોતાની જાત પરનો ભરોસો પહાડ જેવો અડીખમ હોય છે અને સર્જનહાર પરનો તેમનો ભરોસો સમુદ્રની ગેહરાઇ જેટલો ઊંડો હોય છે. તેઓ પુરુષાર્થ અને ભાગ્યને સમતોલનમાં રાખીને ચાલે છે.
- તેઓ કયારેય લઘુતાગ્રંથિથી પીડાતા નથી, પણ અહમને પોષતા નથી. તેઓ ખૂબ નમ્ર અને વિવેકી હોય છે.
- તેઓમાં અનુકૂલન ક્ષમતા (Adaptability and Compatibility) ગજબની હોય છે જેને લઇ તેઓ ગમે તેવા સંજોગો, પરિસ્થિતિ, વાતાવરણ અને પડકારો સામે એડજસ્ટ એટલે કે ગોઠવાય જાય છે અને ટકી રહે છે.
- તેઓને ખબર હોય છે કે સફળતાનું સામ્રાજ્ય એક માણસથી ઊભું થતું નથી, સફળ માણસોનું આખું જૂથ જોઇએ. તેઓ શ્રેષ્ઠ ટીમ બનાવી, ઉત્તમ માર્ગદર્શન લઇ, જૂથમાં કામ કરે છે. જ્યારે, એક સારા દાનવીર માટે આ ગુણ અનિવાર્ય હોય છે..,

- પરોપકારીઓ દયાળુ અને ઉદાર મનના હોય છે.
- પરોપકારી જીવમાં માનવીય અને સામાજિક સંવેદનશીલતા ધબકતી હોય છે. તેઓ સમાજ કલ્યાણ અને માનવકલ્યાણના તમામ મુદ્દાઓ પ્રત્યે સભાન હોય છે અને ખૂબ સંવેદનશીલ હોય છે.
- પરોપકારી દાનવીરો કામચલાઉ ઉકેલોમાં માનતા નથી. તેઓ વ્યક્તિ અને સમાજમાં સ્થિર અને લાંબા ગાળાના ઉકેલો-પરિવર્તનો લાવવાના પ્રયત્નો કરે છે.
- દાનવીરોનું જીવન અન્ય પર સારો પ્રભાવ પાડે છે અને અન્યોને પણ સારું કામ કરવાની પ્રેરણા પૂરી પાડે છે.
- તેમની વ્યક્તિ વિકાસ, સામાજિક વિકાસની સશક્તિકરણ યોજનાઓમાં વ્યવસ્થિત આયોજનો હોય છે અને સાધન-સામગ્રી અને પૈસાનો બરાબર ઉપયોગ કરી તેનું યોગ્ય જગ્યાએ રોકાણ કરે છે અથવા વહેંચે છે.
- કોઇ પણ જાતની અપેક્ષા વિના પરોપકારી જીવ નિસ્વાર્થભાવે અન્યોને મદદ કરતો જાય છે.
- વ્યક્તિ અને સમાજના સશક્તિકરણમાં રસ ધરાવતા અને સક્રિય દાનવીરો પાસે ઉત્તમ સાંસ્કૃતિક, ધાર્મિક, ઐતિહાસિક અને સામાજિક સમજ હોય છે, જેથી તેઓ સમાજની વિવિધ જરૂરિયાતો અને સમાજના વિવિધ વર્ગોને સારી રીતે સમજી શકે છે.
- સાચો દાનવીર કયારેય પ્રમાણિકતા અને નૈતિક મૂલ્યોનો ત્યાગ કરતો નથી. તેના દરેક કામમાં પારદર્શિતા હોય છે.
- સારા અને ઉચ્ચતમ વેપારી અને દાનવીરની જનસંપર્ક આવડત અને શક્તિ ગજબની હોય છે, જેથી તેઓ વધુને વધુ લોકોને જાણતા-ઓળખતા હોય છે અને ઘણાં બધા પાસેથી વધુમાં વધુ સહકાર મેળવી શકે છે.

ડો. ફારુકભાઇને આ શેર અર્પણ..,

" કિસી કે જખ્મ કો મરહમ દિયા હૈ ગર કભી તૂને
સમઝ લે ઇતના કે તૂને ખુદા કી બંદગી કી હૈ"

'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન'ની માનવતાને પ્રાધાન્ય આપી થતી કામગીરી અને આ ફાઉન્ડેશનમાં કાર્ય કરતા દરેક વ્યક્તિઓની પ્રશંસામાં અને ગૌરવગાથામાં કબીરની આ પંક્તિ ઉલ્લેખ કરી શકાય...,

" કબીર કહે કમાલ કો, દો બાતાં શીખ લે
કર સાહબ કી બંદગી, ભૂખે કો અન્ન દે "

કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન ભૂખ્યાને ભોજનની સાથોસાથે શિક્ષણ, સુરક્ષા, પર્યાવરણ, સમાનતા, આરોગ્ય વિકાસ અને આત્મનિર્ભરતા સુધી માનવ કલ્યાણ અને સમાજ કલ્યાણની વાત કરે છે અને તે દિશામાં કામ કરે છે.

૨૦૧૫માં ફારુકભાઇના વેપારી હૃદયમાં બેઠેલા પરોપકારી જીવે સળવળાટ કર્યો અને તેમને અંતરનો અવાજ સંભળાયો કે મારા માટે તો હું ઘણું બધું કરું છું, પણ મારી આસપાસના અન્ય જરૂરતમંદો માટે પણ મારે કંઇ કરવું જોઈએ. આપણી પાસે જે છે તે અન્યો સાથે વહેંચીને ખાવાથી એક અનેરો આનંદ અને સંતોષ મળતો હોય છે અને જીવન સાર્થક થાય છે. એટલું જ નહીં, પણ અલૌકિક આનંદની અનુભૂતિ સાથે સાથે અન્નદાતા અલ્લાહ / ઈશ્વરની રેહમતો અને બરકતો કાયમ વરસતી રહે છે. અંતરનો આ અવાજ સાંભળી ફારુકભાઇએ વર્ષ ૨૦૧૫માં જ 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' નામની નફારહિત સંસ્થાની સ્થાપના કરી અને જરાયે વિલંબ વિના સમાજના વંચિત વર્ગોની ખિદમતમાં લાગી ગયા. જોકે, આ સંસ્થાની સ્થાપ્રા પહેલા પણ તેઓ ઉદારહાથે દાનની સરવાણી વહેવડાવતા હતા. બચપનથી મા-બાપથી આ શીખ મળી છે. ફારુકભાઈ માનવ અને સમાજ સેવાની અનેક પ્રવૃત્તિઓ આદરી એ ક્ષેત્રોમાં, “કોઇ તો હૈ જો દર્દ હમારા જાને રે” એ સુત્ર મુજબ આજદિન સુધી દિલખોલીને કાર્યરત રહ્યા છે.

## 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન'ની દૂરંદેશી દૃષ્ટિ:

- દરેક વ્યક્તિને આત્મસન્માનથી જીવવા માટે યોગ્ય સુરક્ષા, યોગ્ય શિક્ષણ, યોગ્ય આરોગ્ય, યોગ્ય પર્યાવરણ, યોગ્ય તકો અને યોગ્ય અધિકારો મળવા જોઇએ. સમાજની દરેક વ્યક્તિનું, ખાસ કરીને સમાજના વંચિત વર્ગો, ગરીબો, મહિલાઓ, વૃદ્ધો એ બધાનું આત્મસન્માન અને આત્મગૌરવ સચવાવું જોઇએ અને આ ત્યારે જ સચવાય જ્યારે આપણે તેમને બધીજ રીતે સહાયક બની સશક્ત બનાવીએ.

## 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન'ના ધ્યેયો:

- માનવતાને અગ્રસ્થાન આપવું.
- શૈક્ષણિક, સામાજિક, આર્થિક સશક્તિકરણ.
- સશક્તિકરણ દ્વારા સમાજને સમૃદ્ધ, મજબૂત અને વિકાસશીલ બનાવવો.
- મફત ઉચ્ચતમ શિક્ષણની તકો વધારવી અને વિદ્યાર્થીઓને જોઇતી મદદ કરી તેમને સક્ષમ બનાવવા. ખાસ કરીને મહિલા શિક્ષણ તરફ વધારે ધ્યાન આપવું.
- સમાજના નબળા વર્ગને સશક્તિકરણ પ્રક્રિયામાં લઇ કૌશલ્ય વિકાસ દ્વારા તેમને આત્મનિર્ભર બનાવવા જેથી આવા વંચિત વર્ગોની ઉન્નતિ થાય.
- અનાથ, વૃદ્ધ, દિવ્યાંગ અને વિકલાંગ લોકોના જીવનમાં આશા અને આનંદની જ્યોત પ્રગટાવવી.
- ઉપચારના અભાવે પીડાતા ગરીબ દર્દીઓને યોગ્ય જરૂરી ઉપચાર દ્વારા રાહત પહોંચાડવી.
- કેદીઓને યોગ્ય તાલીમ આપી તેમને ફરીથી જવાબદાર નાગરિક બનાવી સારું જીવન જીવવાની તક પૂરી પાડવી.
- સામાજિક સેવા, રાજકીય સેવા અને રાષ્ટ્ર નિર્માણની સેવાઓમાં ભાગીદાર બની તેને વેગ આપવો.

- જાગૃત અને જવાબદાર નાગરિક અભિયાન દ્વારા, ખાસ કરીને સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ દ્વારા પ્રકૃતિને લીલીછમ રાખી પૃથ્વીને માનવ વસવાટ માટે સુરક્ષિત બનાવવી.

કોઇના ગેબી ઇશારે ચાલી, આવાં અનેક સેવાકીય કામો દ્વારા ફારૂકભાઇ અને તેમની સેવાકીય ટીમ જાણે અલ્લાહ-ઈશ્વરને પ્રસન્ન કરવાની કોશિશ કરે છે.

" તને પામવાના તો રસ્તા ઘણા છે
હું ચાલું છું ગેબી ઇશારે ઇશારે "

અને આપણે સૌ જાણીએ છીએ તેમ 'ખિદમતે ખલ્ક' અર્થાત જનસેવા એ માલિકને પ્રસન્ન કરવાનો એક શ્રેષ્ઠ માર્ગ છે:

" વો લમ્હા જિંદગીભર કી ઇબાદત સે ભી પ્યારા હૈ
જો એક ઇન્સાઁને ઇન્સાનોં કી ખિદમત મેં ગુઝારા હૈ"

'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' **(KPHDF)**ની મુખ્ય સિદ્ધિઓ અને નોંધપાત્ર યોગદાન નીચે પ્રમાણે છે..,

- **મદદ માટેનો હાથ (Helping Hand)**

સમાજના કોઇ પણ વર્ગના જરૂરતમંદોને કે સમાજની બીજી નામવર પરોપકારી સંસ્થાઓને કશાની પણ જરૂરત હોય તો તેમના માટે હમેશાં મદદનો હાથ લંબાવે છે.

અનેક દિવ્યાંગ આશ્રમ-સ્કૂલ, અંધજન સંસ્થાઓ, વૃદ્ધાશ્રમો, અનાથાલાયોને રેગ્યુલર આર્થિક સહાય અને સુખસખવડો પુરી પાડવામાં આવે છે. વૃદ્ધાશ્રમોમાં જવાનું ફારુકભાઈ પોતે ચુકતા નથી. તેમની વચ્ચે જઈને તેમના ખેરખબર પુછવા, તેમની સાથે નાસ્તા-પાણી કરવા, ગમ્મત કરવી, ગીત-સંગીતમાં ભાગ લેવો તે તેમનો નિત્યક્રમ બની ગયો છે. તેમની ટીમ પણ આ દરકાર લેતું રહે છે.

કેપી ગ્રુપના સ્વયંસેવકો સુરતના ચોકબજાર વિસ્તારમાં રોજ નિયમિત રીતે રોજ લંગર ચલવી

ભૂખ્યાઓને પૌષ્ટિક ભોજન પુરુ પાડે છે. જેમાં વિવિધ મિષ્ઠાન પણ સામેલ કરાયા હતા. ભૂખ્યાઓને ભોજન અંતર્ગત વાર્ષિક 36 હજારથી વધુ લોકોની આંતરડી ઠારવામાં આવે છે. તમને નવાઈ લાગશે કે ડો. ફારુક પટેલ પોતે પણ ઘણીવાર અહીં ભૂખ્યાને ભોજન પીરસવા પહોંચે છે અને દીકરાઓને પણ મોકલે છે.

સુરતની નવી સિવિલ હોસ્પિટલની અંદર કાર્યરત છાયડો સંસ્થાની ભોજનશાળામાં વાર્ષિક 75 હજારથી વધુ ગરીબ દર્દીઓ અને તેમના સગાસંબંધીને ભોજન તેમજ પ્રસૂતાને સુખડી-ગોળ અને નવા જન્મેલા બાળકને એક અઠવાડિયા માટેના કપડા સહિતની કીટ પુરી પાડવામાં આવે છે.

દર વર્ષે સુરતની લાજપોર સેન્ટ્રલ જેલ અને ભરૂચ જિલ્લા જેલમાં શ્રાવણ મહિનામાં ઉપવાસ રાખતા કેદીઓ માટે ફરાળ-ફ્રુટની વ્યવસ્થા કરાય છે. આજ રીતે બંને જેલમાં રમઝાન મહિનામાં રોજા રાખતા કેદીઓ માટે શહેરી અને ઈફતારીની સંપૂર્ણ સુવિધા ઊભી કરવામાં આવે છે. ઈદ પર સેવૈયા અને દિવાળી પર મીઠાઈનું વિતરણ દરેક કેદીઓ માટે કરવામાં આવે છે. કેપી હ્યુમનના માધ્યમથી 1.30 કરોડથી વધુ લોકો સુધી સેવાની સરવાણી વહી છે. એવું કહી શકાય કે આ લાભાર્થીઓના જીવનને જબરજસ્ત રાહત અનુભવાય હશે.

- **શિક્ષણ પર ભાર:**

ડો. ફારુક પટેલ અને KPHDFની ટીમનું માનવું છે કે દુનિયાના તમામ સમાજો માટે શિક્ષણ મહત્વની ભૂમિકા ભજવે છે, અને દરેક સમાજ માટે વિકાસ અને પ્રગતિનું આ એક મુખ્ય પગથિયું છે. આ વિચારધારા અને ફિલસૂફીને ધ્યાનમાં રાખીને પાંચ સરકારી અને એક ખાનગી શાળાઓને દત્તક તરીકે લેવામાં આવી છે અને એક દિવ્યાંગ બાળકોની બીસીએ કોલેજ દત્તક લેવાય છે. આમ કરવાથી વંચિત વિદ્યાર્થીઓને ગુણવત્તાવાળું શિક્ષણ મેળવવાની ઉત્તમ તક પ્રાપ્ત થાય છે જેના તેઓ હકદાર છે. અહીં ખાનગી હાયફાય સ્કૂલ જેવી અનુભૂતિ કરાવાય રહી છે. શિક્ષણ સામગ્રી

પુરી પાડવાથી લઈને પ્રથમ પગથિયાથી અંગ્રેજીમાં પણ બાળક નિપુણ થાય તે માટે સ્પોકન ઇંગ્લીશના ક્લાસ ચલાવવામાં આવે છે. વિવિધ ઈત્તર પ્રવૃત્તિ, રમતગમત, ઈન્ટરએક્ટિવ ક્લાસની મદદથી બાળમાનસનો વિકાસ કરવામાં આવે છે.

'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' દર વર્ષે લાખો રૂપિયાનો ફાળો શૈક્ષણિક સંસ્થાઓને આપે છે, જેમાં શાળાઓમાં કમ્પ્યૂટર લૅબ અને લાયબ્રેરીઓના વિકાસ માટે ફંડફાળો આપવામાં આવે છે. કેપી હ્યુમન ડેવલમપેન્ટ ફાઉન્ડેશન 30થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલું છે. વિવિધ સંસ્થાઓના માધ્યમથી અનેકવિધ સ્કોલરશીપ પ્રોગ્રામ ચલાવે છે. પીપી સવાણી યુનિવર્સિટી સાથે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વિવિધ ક્ષેત્રના એન્જિનિયરોની ફૌજ ઊભી કરવા માટે પ્રત્યેક વર્ષ 160 સ્ટુડન્ટને તૈયાર કરી નોકરી પર રાખવા માટે ફ્રી સ્કોલરશીપ પ્રોગ્રામ પણ શરૂ કર્યો છે. ભારત સરકારના ' ઉન્નત ભારત' અભિયાન હેઠળ વિશ્વ વિખ્યાત એસવીએનઆઈટી ( સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી, સુરત)ના કોલોબ્રેશન હેઠળ દત્તક લેવાયેલા પાંચ ગામોના આઈટીઆઈના સ્ટુડન્ટને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રની તાલીમ કાર્યક્રમ પણ ચલાવે છે. સ્પીરિચ્યુઅલ ગુરુ શ્રીશ્રી રવિશંકરજીના ટ્રસ્ટ સાથે પણ સેન્ટર ફોર એક્સલન્સ બનાવવા માટે એમઓયુ થયા છે. ઉપરાંત આપણા સમાજની કેટલીક સંસ્થાઓ સાથે મળીને પણ પ્રાથમિક શિક્ષણથી લઈને સીએ, પેરામેડિકલ-મેડીકલ, યુપીએસસી-જીપીએસસી સહિતના વિદ્યાર્થીઓને તેઓ મોટી સ્કોલરશીપ પ્રદાન કરી રહ્યાં છે. અત્યારસુધી 12થી વધુ લાઈબ્રેરી-એજ્યુકેશન ઈન્ટસ્ટીટ્યુશન તેઓ બનાવીને ડોનેટ કરી ચુક્યા છે. એટલાં જ બીજા પાઈપલાઈનમાં છે. સૌથી હાઈટેક ટેબલેટ સહિતની લાઈબ્રેરી સુરતની સૌથી જૂની સંસ્થા ઈસ્લામ યતીમ ખાના સોસાયટીમાં ઊભી કરી તે અને 100 વર્ષથી જુની હેરિટેજ કમર ફ્રી લાઈબ્રેરીનો જીર્ણોધાર કરાયો તે જોવા જેવી છે. ઉપરાંત વ્યારા જેવા ટ્રાયબલ વિસ્તારમાં આવેલા વેડછી ગામના ગાંધી આશ્રમમાં કેપી સેન્ટર ફોર એક્સલન્સનો પાયો નાંખ્યો છે. આદિવાસી વિસ્તારના બાળકોને કોમ્પિટેટિવ એક્ઝામની તૈયારી કરાવવા માટે સ્પર્શ ફાઉન્ડેશન સાથે મળીને અહીં ફારુકભાઈએ શિક્ષણની ધૂળી ધકાવી

છે. ઉપરાંત રાંદેરમાં એક લાઈબ્રેરી કમ સેન્ટર ફોર એક્સલન્સનો પાયો પણ નાંખ્યો છે. ડો. ફારુકભાઈની વિઝન સાથે કેપી હ્યુમન અત્યારસુધી 14500થી વધુ વિદ્યાર્થીઓ સુધી સેવાનો લાભ પહોંચાડી ચુક્યું છે. ડો. ફારુક પટેલ અનેક સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દાઓ પર બિરાજીને સેવા પ્રદાન કરી રહ્યાં છે.

- **સારી મફત આરોગ્ય સેવાઓ (Good Health Facilities and Services)**

કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન સુરતથી લઈ ગુજરાતભરમાં 15 થી વધુ મેડીકલ કેર-હોસ્પિટલો સાથે જોડાયને બીમાર-લાચાર દર્દીઓની સેવા કરી રહ્યું છે. જરૂરી મેડીકલ ઉપકરણો, દવાઓ પુરુ પાડી રહ્યું છે. જેમાં કેન્સર સહિતની હોસ્પિટલો સામેલ છે. તેઓ પોતાના માદરે વતન ભરૂચ જિલ્લાના કોઠી ગામને પણ ભૂલ્યા નથી અને અહીં એક એમ્બ્યુલન્સ પુરી પાડી છે જે આસપાના 10 ગામોને મદદરૂપ બની રહી છે. ઉપરાંત મોટાભાગે વિન્ડ-સોલાર સાઈટ પર પણ એમ્બ્યુલન્સ સેવા કાર્યરત કરાય છે.

કોવિડ દરમિયાન પણ મેડીકલ કીટ- અનાજ કીટ, બાયપેપ મશીન, ઓક્સિજન મશીન, ઓક્સિજન બોટલ સહિતની અનેક સેવા કેપી હ્યુમન કરતું રહ્યું. જે માટે સરકારી સંસ્થાઓ તરફથી સરાહના પત્રો પણ તેઓને પાઠવવામાં આવ્યા. ભરૂચમાં 150 બેડનો કોવિડ કેર સેન્ટર ઊભું કરવામાં પણ કેપી હ્યુમનનું યોગદાન રહ્યું હતું.

- **પર્યાવરણ જાગૃતતા અને સંરક્ષણ**

  **(Environmental Awareness and Preservation)**

પૃથ્વી એ આપણું ઘર છે અને આપણા ઘરને સ્વચ્છ રાખવું અને એની કાળજી લેવી એ આપણા સૌની જવાબદારી છે. કેપી હ્યુમન ફાઉન્ડેશન આ વાતને ધ્યાનમાં રાખીને અને એની ગંભીરતાને સમજી-સ્વીકારીને ટકાઉ અને સુરક્ષિત પર્યાવરણ કાર્યોમાં સતત કાર્યશીલ છે.

વૃક્ષારોપણ જાગૃતિ અભિયાન અને રોપાઓનું દાન કરવા જેવી પ્રવૃત્તિઓને વેગ આપવા આ સંસ્થાએ અનેક વિવિધ પ્રોગ્રામ કર્યા છે.

ફાઉન્ડેશન દ્વારા “વૃક્ષારોપણ મહા અભિયાન” અંતર્ગત ૨030 સુધીમાં ૧૦ લાખ વૃક્ષો રોપવાના મહત્વાકાંક્ષી લક્ષ્ય સાથે આગળ વધી રહી છે અને અત્યારસુધી 7 લાખ જેટલા વૃક્ષો અને દરિયાઈ પટ્ટી પર મેન્ગ્રુવ્સનું પ્લાન્ટેશન કરી ચુક્યું છે. દર વર્ષે લગભગ એક હજાર વૃક્ષો પોતાની વિવિધ સોલાર અને વિન્ડ સાઈટ પર રોપવામાં આવે છે. મેન્ગ્રુવ્સ સોસાયટીના પણ તેઓ સભ્ય છે.

- **રાષ્ટ્રીય સેવા અને રાષ્ટ્રીય ગૌરવવંત કાર્યોનું આયોજન કરવું (Services and Progressive Initiatives for our Great Nation)**

ભારત આપણું વતન છે અને આપણને આપણા વતન પ્રત્યે પ્રેમ, આદર, વફાદારી અને ગૌરવની લાગણી હોવી જોઇએ.

ભારતની આઝાદીના ૭૫ વર્ષ પૂરાં થવાના અવસરે 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશને' 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવણીમાં જોડાયને સુરત શહેરમાં ઓગષ્ટ ૨૦૨૨માં એક જબરદસ્ત “ત્રિરંગા સન્માન યાત્રા”નું આયોજન કર્યું હતું. આ યાત્રામાં તમામ ધર્મો અને જાતિના લોકો, સામાજિક અને રાજકીય આગેવાનો, વિદ્યાર્થીઓ અને વતનપ્રેમીઓ જોડાયા હતા. લગભગ બે કિલોમિટર લાંબી આ પદયાત્રા ખૂબ જ સફળ અને આવકારદાયક રહી હતી.

કેપી હ્યુમને સાબરમતી આશ્રમથી દાંડી યાત્રામાં પણ પોતાનું યોગદાન આપ્યું હતું અને સુડી સ્થિત પ્લાન્ટની પાછળના દાંડી માર્ગને સુશોભિત કરીને અહીંના દરેક દાંડીયાત્રીઓનું સન્માન કર્યું હતું અને તેમના માટે રિર્ફેસમેન્ટ સહીતની સુવિધા પુરી પાડી હતી.

કેપી હ્યુમન દર વર્ષે સંસ્થા ગૌરવથી રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી કરે છે અને એક સંદેશો પુરો પાડે છે. જેમાં દેશની ગૌરવગાથા, સર્વધર્મ સમભાવ, વસુધૈવ કુટુંમ્બકમ્ અને વૈશ્વિક સ્તરે ભારતની છબી અને ભારતના વિકાસને ઉજાગર કરતી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવે છે. સંસ્થા માને છે કે રાષ્ટ્રીય ગૌરવવંત તહેવારો જેમાં ખાસ કરીને સ્વતંત્રતા દિવસ અને પ્રજાસત્તાક દિવસ માત્ર ભૂતકાળને યાદ કરવાના દિવસો જ નથી, પરંતુ ભવિષ્ય માટે પ્રેરણા લેવા માટેના પણ ઉત્સવો છે. સાથે સાથે આ ઉત્સવો રાષ્ટ્રીય લગણીઓને જીવતી રાખી ભારતની સમૃધ્ધ લોકશાહી, સંસ્કૃતિ, ઇતિહાસ અને વારસાને યાદ કરવાનો અને એની સાચવણી કરવાનો અવસર પૂરો પાડે છે.

- ઉપરાંત કેપી હ્યુમન કુદરતી અથવા માનવસર્જિત આફતોમાં ખોરાક વિતરણ દ્વારા, કામચલાઉ પુન:નિર્વાસન સુવિધાઓ દ્વારા, ઇલાજ માટે દવાઓ વગેરે પહોંચાડી અસરગ્રસ્ત લોકોની મદદ કરતું આવ્યું છે.
- પોલીસ વિભાગ સાથે મળીને ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ, સાયબર સિક્યુરિટી પ્રોગ્રામ કરવામાં આવે છે. ટ્રાફિક નિયમન માટે બેરિકેટ પુરા પાડવા, પોલીસ સ્ટાફને ધૂપ-તાપ અને વરસાદથી રક્ષણ મળે તે માટે રોડસાઈટ છત્રીઓનું વિતરણ કરાય છે. પોલીસ સ્ટેશનના રિનોવેશન, ડેવલપમેન્ટ અને ચોકીઓ વિસ્તરણમાં પણ મદદરૂપ બને છે. પોલીસ વેલ્ફેરના કાર્યોમાં પણ સહભાગી થઈ રહ્યું છે.
- સુરત શહેર ભારતમાં સ્વચ્છ સુરત તરીકે પ્રસ્થાપિત થયું છે, તેમાં થોડો ઘણો ભાગ કેપી હ્યુમને પણ ભજવ્યો હોવાનું કહીં શકાય. જ્યાં કેપી ગ્રુપની હેડ ઓફિસ કેપી હાઉસ આવ્યું છે તે રસ્તાને સુશોભિત કરતા બે ખૂબ સુરત ટ્રાફિક આઈલેન્ડ વિકસાવાયા છે. સાથોસાથ આખા રોડનું બ્યુટિફિકેશન કરવામાં આવ્યું છે. સુરત મહાનગર પાલિકા તે માટે જરૂર ગર્વ અનુભવી શકે. ઉપરાંત ભરૂચને પણ તેઓ નથી ભૂલ્યા. અહીં ભરૂચ કલેક્ટર ઓફિસ પાસેનું ટ્રાફિક સર્કલ અને શીફા સર્કલને પણ ખૂબસુરત બનાવાયું છે. વાગરા ગામના સર્કલને પણ તેમણે શુષોભિત કર્યું છે. ગામડાના બસ સ્ટેશનો વિકસાવવા, આંગણવાડીઓ રિ-ડેવલપમેન્ટ કરવી, સ્કૂલો રિડેવલપમેન્ટ કરવી, ગામોના તળાવો વિકસાવવા જેવા ઘણાં યોગદાનો શહેર-ગામ માટે તેમણે આપ્યા છે.

## માનવતાલક્ષી નોખો પ્રયાસ : દિવ્યાંગ (સ્પેશ્યલી એબલ) વૃદ્ધો માટે વિશ્વનું પ્રથમ ફાર્મહાઉસ જેવું વૃદ્ધાશ્રમ બનાવ્યું

ડો. ફારુકભાઈનું હ્દય વૃધ્ધો, દિવ્યાંગો, પ્રજ્ઞાચક્ષુઓ સહિતના માટે ધબકે છે. આમ તો સુરતનું કોઈ એક વૃદ્ધાશ્રમ, અંધજનશાળા, મુકબધિર ટ્રસ્ટો સહિતની સંસ્થાઓ બાકી ન હોય કે જ્યાં કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનની સેવાની સરવાણી વહેતી ન હોય. ફારુકભાઈએ દિવ્યાંગો

માટે ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ઉચેડિયા ગામે એક બે એકર જેટલી જગ્યામાં દિવ્યાંગો માટેનું વૃદ્ધાશ્રમ બનાવી રહ્યાં છે. જે ફાર્મ હાઉસથી કમતર નથી. તેમાં દરેક ફેસેલિટી, એમેનિટીસનો ખ્યાલ રખાયો છે. જે વિશ્વમાં પ્રથમ હશે. ફારુકભાઈના દિલમાં એક વાત આવી કે સારા-નરસા ઘરના વૃદ્ધોને તો વૃદ્ધાશ્રમ મળી રહે છે પણ જે લાચાર-અપાહિજ હોય છે તેના માટે શું? મોટાભાગના દિવ્યાંગોની સંભાળ પાછળ પરિવારના પાંચથી છ લોકો પરોવાયેલા રહે છે. ઘણાં ન જીરવી શકનારા લોકો દિવ્યાંગો-લાચારોને રેલવે-બસ સ્ટેશન પર, મેળાઓમાં અથવા તો કોઈ અજાણ્યા સ્થળે જઈને જાણી જોઈને ભૂલી આવવાના દાખલા તેમણે જાણ્યા હતા. લાવારિસ લાશોમાં પણ ઘણાં દિવ્યાંગોની હોવાના અહેવાલ તેમને મળ્યા હતા. જેથી, તેમની અંદર દિવ્યાંગો માટે કંઈક કરવાની ઈચ્છા જાગી અને તેમણે ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના પ્રમુખ પદ્મશ્રી ડૉ. કનુભાઈ ટેલર (કે જેઓ પોતે 90 ટકા દિવ્યાંગ છે)ને એક દિવ્યાંગ વૃદ્ધોનું વૃદ્ધાશ્રમ અર્પણ કરવાનો વિચાર કર્યો અને કામ શરૂ કર્યું. જેના શિલાન્યાસ માટે ખુદ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પધાર્યા હતા અને તેઓ એટલા બધા પ્રભાવિત થયા કે જ્યારે પણ કોઈ પ્રંસગોપાત ડૉ. ફારુકને મળે ત્યારે વૃદ્ધાશ્રમ કેટલું નિર્માણ પામ્યું તેના સમાચાર લેતા રહે છે. મુખ્યમંત્રીશ્રીએ પોતે તેનું ઉદ્દઘાટન કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી.

- **સર્વધર્મ સમભાવની ભાવના : ઉમરાહ અને ચારધામ યાત્રા અને દિકરાના લગ્નમાં ફાઈવસ્ટાર હોટલમાં ભોજન**

- ડૉ. ફારુક પટેલ હંમેશા માનવતાને પ્રાધાન્ય આપે છે. તે તેમના અનેકવિધ કાર્યો પરથી પ્રતિબિંબ થાય છે. સૌથી પહેલા વાત કરીએ તો તેમણે તેમના જયેષ્ઠ પુત્રના લગ્ન સુરતની ફાઈવસ્ટાર હોટલ મેરિયોટમાં ગોઠવ્યા હતા. તેમાં તેમણે એક અનેખું અને દરેક સમાજ અને માલેતુજાર લોકોને રાહચિંધતું એક સમાજ સેવાનું કાર્ય કર્યું. લગ્નમાં એક દિવસ ફાઈવસ્ટાર હોટલમાં દિવ્યાંગો, વૃદ્ધાશ્રમના વૃદ્ધો, ડિસેબલ લોકો માટે રિસેપ્શનનો પ્રોગ્રામ ગોઠવ્યો અને તેમાં પોતે, પરિવારના સભ્યો, અંગત મિત્રો અને કેપી ગ્રુપના સ્ટાફે પોતે આ તમામને ભોજન

પીરસ્યું. સાથે તેમના એન્ટરટેઇનમેન્ટનો પ્રોગ્રામ પણ કર્યો અને આ દરેક સંસ્થાને મોટું દાન પણ આપ્યું. સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે, લોકો સારા-નરસા પ્રસંગોમાં જે તે સંસ્થામાં ફાળો લખાવી કે ભોજન લખાવીને પોતાની ફરજ નિભાવી દે છે પણ ફાઈવસ્ટાર હોટલમાં આમંત્રિત કરી ભોજન કરાવવાની બાબત સલામને પાત્ર છે. તેની નોંધ વિશ્વભરના મીડીયા જગતે લીધી હતી. આ જ લગ્ન સમારોહમાં એક દિવસ એવો રાખ્યો હતો કે જેમાં સર્વધર્મના ગુરુજનોને બોલાવી વર-વધુને દુઆ-આશિર્વાદ અપાવડાવ્યા હતા. જેમાં સાધુસંત, ખ્રીસ્તી પાદરીજી, પારસી દિર્મગુરુ, શીખ ધર્મગુરુ, શીયા-સુન્ની મુફ્તી-આલિમ, જૈન ગુરુજન સહિત અનેક સંપ્રદાયના ગુરુજનને બોલાવી સાત્વિક ભોજન કરાવાયું હતું.

- ઉપરાંત ડૉ. ફારુક પટેલે ડિસેબલ સ્કૂલમાં ભણતા 90થી વધુ બાળકોને હિન્દુઓના પવિત્રધામ હરિદ્વાર-ઋષિકેષ અને મસુરીની જાત્રા તેમના કેર ટેકર સાથે કરાવી અને તેમાં પોતાની ટીમને પણ સેવાચાકરી કરવા મોકલી. એટલું જ નહીં 11 ડિસેબલ વિદ્યાર્થીઓને તેમની માતા સાથે મક્કા-મદીના ઉમરાહની જિયારત પણ કરાવી. જેમાં તેમના પુત્ર-વહુ અને દિકરી-દામાદને સેવા કરવા સાથે મોકલ્યા. પીપીસવાણી ગ્રુપની 300 માતાઓને ચારધામની યાત્રામાં પણ કેપી હ્યુમન સામેલ થયું અને આ જ ગ્રુપની પિતાવિનાની 16 મુસ્લિમ દિકરીઓ અને તેમના પતિ મળી 32 જણાંના ગ્રુપને ઉમરાહ કરાવ્યો. આ ઉમરાહની વિશેષતા એ હતી કે ખુદ ફારુકભાઈ તેમની પત્ની સાથે આ દિકરીઓ સાથે ઉમરાહ કરવા ગયા અને તેમની તકેદારી રાખી, અને આ ક્રમ આજીવન ચાલુ રાખવાની જાહેરાત કરી છે.

ફારૂકભાઇની અને એમની સંસ્થાની આ માનવતાવાદી, સમાન કલ્યાણની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓ નોંધનીય અને પ્રશંસનીય હોવા સાથે આપણને પ્રેરણા પણ આપતી જાય છે. આપણા રોગનું નિવારણ આપણે જાતે જ કરી શકીએ છીએ જે ફારૂકભાઇ અને તેમની સંનિષ્ઠ ટીમ કોઇની પણ રાહ જોયા વિના બખુબી કરી રહ્યા છે. ડૉ. રાહત ઇન્દોરીનો આ શેર તેમને અર્પણ કરવાનું મન થાય છે:

" ન હમસફર, ન કિસી હમ-નશીં સે નિકલેગા
હમારે પાઁવ કા કાઁટા હમીં સે નિકલેગા"

Corporate Social Responsibilities – CRS એટલે કે ઔદ્યોગિક સામાજિક જવાબદારી હેઠળ કેપી ઘરાનાએ પોતાની સામાજિક ઉત્થાનની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ્સ દ્વારા ૧ કરોડ 30 લાખ લોકોને ફાયદો પહોંચાડ્યો છે.. જરા વિચારો, ૧ કરોડ 30 લાખ લાભાર્થીઓ પર કેવી હકારાત્મક અસર થઇ હશે! વિચારો, જ્યારે એક ફારૂકભાઇ પટેલ એ કરી શકે છે તો સમાજના અન્ય અને એમાં આપણેય પણ આવી ગયા, જો સમાજ કલ્યાણનું થોડું થોડું, નાનું મોટું પણ કામ કરીએ તો આપણી આસપાસના વંચિત લોકોના જીવનમાં કેટલો મોટો ફેર પડી શકે છે. ફારૂકભાઇ પાસેથી પ્રેરણા લઇ આપણે સૌએ આ બાબતમાં આપણી જવાબદારી અદા કરવાની રહે છે.

ફારૂકભાઇ એક દાનવીર તરીકે સમાજને જે પાછું આપી રહ્યા છે એ જ એમની સાચી સફળતા છે. તેમના આ માનવતાવાદી કાર્યોની મહેક સદા કાયમ રહેશે. આવાં સદકાર્યોની બરકતથી અને લાખો કરોડો લોકોની દુઆઓથી જીવન ધન્ય બનતું હોય છે. ફારૂકભાઇ અને એમની કર્તવ્યનિષ્ઠ ટીમને લાખો સલામ!

ગરીબ અને વંચિત વિદ્યાર્થીઓને શૈક્ષણિક મદદ અને ઉચ્ચતમ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે કરોડો રૂપિયાનું દાન તેમણે કર્યું છે, જેના થકી ગરીબ વિદ્યાર્થીઓ ગરીબી અને આર્થિક ભીંસના ચક્રવ્યૂહમાંથી નીકળી પોતાનું અને પરિવારનું ઉજ્જવળ ભવિષ્ય ઘડી શકે. શિક્ષણનું મહત્વ સમજતા ફારૂકભાઇ શિક્ષણને લગતી પ્રવૃત્તિઓ અને સંસ્થાઓને છૂટા હાથે દાન આપે છે. જેના થકી હજારો વિદ્યાર્થીઓ લાભાન્વિત થઇ ઉજ્જવળ ભવિષ્ય તરફ ધીમી પણ ચોક્કસ ગતિએ આગળ વધી રહ્યા છે. તેમના ફાઉન્ડેશનની 300થી વધુ માનવકલ્યાણની આવી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોથી સમાજની સર્વાંગિક વિકાસની સંભાવનાઓ અને તકોને ખાસો વેગ મળ્યો છે. કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત આમ તો સરકારી નિયમ નફાના 2 ટકા ખર્ચ કરવાનો છે પરંતુ ફારુકભાઈનું આ ટ્રસ્ટ માત્ર આ ટકાવારી પુરતું સિમીત નહીં રહેતા 10 ટકા જેટલું ઊંચુ સીએસઆર ફંડમાં ખર્ચ કરે છે. આ તો અધિકૃત દાન છે પરંતુ બંધ મુઠ્ઠીએ ફારુકભાઈ કરવાનું દાન તો ખૂબ જ મોટી માત્રામાં છે.

ફારુકભાઇની માનવ કલ્યાણની આ ભાવના, સમાજના વંચિત લોકો માટેની હમદર્દી અને એ માટે તેમનું જબરદસ્ત આર્થિક યોગદાન જોતાં રાષ્ટ્રપિતા ગાંધીજીની પ્રાર્થના અહીં જરૂર યાદ કરવી રહી કે, જેમાં વર્ણવેલા વૈષ્ણવજનના ગુણોનું પ્રતિબિંબ આપણને ફારુકભાઇમાં જોવા મળે છે...,

" વૈષ્ણવજન તો તેને કહિયે, જે પીડ પરાયી જાણે રે...
પરદુ:ખે ઉપકાર કરે, તોયે મન અભિમાન ન આણે રે...
સકલ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે...
વાચ કાચ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે...
વૈષ્ણવજન તો તેને કહિયે..."

પોતાના વેપારધંધા સાથે માનવ અને સમાજ કલ્યાણની આટલી બધી પ્રવૃત્તિઓ હાથ ધરવી અને આટલા બધા કાર્યક્રમોનું આયોજન કરવું અને તેમને સફળતાપૂર્વક અમલમાં મૂકવા એ કઇ રીતે થઇ શકે છે? એ સવાલ જરૂર ઉદ્ભવે...

જોકે ફારુકભાઈ માને છે કે, નાના મોટા કામોને આપણે જેટલાં અઘરાં માનતા હોઇએ છીએ એટલાં અઘરાં કે મુશ્કેલ તે હોતાં નથી. સક્રિય સંસ્થાઓ અને સશક્તિકરણથી વ્યક્તિ અને સમાજ જાગૃત બને છે. વ્યક્તિઓના જીવનમાં હકારાત્મક પરિવર્તન આવે છે અને જાગૃત સમાજ આપણને સારું નેતૃત્વ પ્રદાન કરી શકે છે. શિક્ષણ અને સશક્તિકરણથી સમાજમાં આવડતો પેદા થાય છે. વ્યક્તિ અને સમાજ બંને સ્વાવલંબી બને છે અને આની અસર સમાજના, દેશના ઢાંચા, વિકાસ, પ્રગતિ, ઉદ્ધાર અને સુખ પર પડે છે. વળી આપણા સારા કામની સીધી અસરથી આપણે સારા પ્રતિનિધિઓ પણ ઘડી શકીએ છીએ. સારી વ્યક્તિઓ, સારા પ્રતિનિધિઓ અને સારી સંસ્થાઓ સમાજની દશા અને દિશા નક્કી કરે છે. આપણી સંસ્થાની અસરકારકતાના આ માપદંડો છે અને આ એની અસર છે. ફારુકભાઈ સ્પષ્ટપણે માને છે કે, ધનવાન થવું પણ એક કળા છે, તેમ સમાજ સેવા અને સમાજ કલ્યાણની સંસ્થાઓને ચલાવવી એ પણ એક કળા છે, અને વિજ્ઞાન પણ છે.

શિક્ષણવિદ અદમ ટંકારવી સાહેબ હંમેશા કહેતા, કે તેઓએ સ્થાનિકથી લઇને વૈશ્વિક સફળ સંસ્થાઓ અને સફળ સમાજોનું નિરીક્ષણ કર્યું છે અને અભ્યાસ કર્યો છે, જેના આધારે તેઓએ તારણ કાઢયું હતુ કે જે સમાજ પોતાના આગેવાનોને માન સન્માન નથી આપતો, તેમના સારા કામની પ્રશંસા નથી કરતો, તેમના પ્રત્યે કૃતજ્ઞભાવ નથી વ્યક્ત કરતો, તેમનો આભાર નથી માનતો અને કદર નથી કરતો તે સમાજ નબળો પડતો જાય છે અને આવા સમાજમાં આગેવાનો, લીડરો પેદા થવાના બંધ થઇ જાય છે. પરિણામે આખો સમાજ અવિકસિત અને પાછળ રહી જાય છે.

અદમ ટંકારવી સાહેબના આ ગંભીર નિવેદનોની નોંધ લઇ આપણે સૌએ ફારૂકભાઇની, તેમની ટીમની, 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન'ની અને તેમના સરાહનીય કામની મોકળા મને પ્રશંસા અને કદર કરવી જોઇએ. તેમની પાસેથી પ્રેરણા લઇ આપણે પણ કવિ કરસનદાસજીના ભજનની આ પંક્તિઓ યાદ રાખવી રહી:

" ભૂખ્યા કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો
દીન દુખિયાનાં આંસુ લ્હોતાં, અંતર કદી ન ધરાજો. "

ફારૂકભાઇ અને તેમની માનવ કલ્યાણ સંસ્થાના કામોની નોંધ લેતાં તેમને અસંખ્ય લોકોની દુઆઓ ઉપરાંત અનેક પુરસ્કારો, પ્રશંસાપત્રો અને આભારપત્રો  પ્રાપ્ત થયા છે જેમાં મુખ્યત્વે મહાત્મા પુરસ્કાર ભારત- ૨૦૨૪ અને રોટરી લમ્હે એવોર્ડ સામેલ છે.

સામાજિક ઉત્થાન અને હકારાત્મક પરિવર્તનો લાવવા બદલ 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન'ને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત થયો છે. આ પુરસ્કાર ડૉ. કિરણ બેદી, પ્રથમ મહિલા IPS અધિકારી અને ભૂતપૂર્વ લેફ્ટનન્ટ ગવર્નર પોંડીચેરી અને શ્રીમાન અમિત સચદેવા કે જેઓ ગાંધીયન, બંધારણીય વકીલ જેઓ CSR ભારતીય તરીકે પણ પ્રખ્યાત છે તેઓના વરદ હસ્તે ડો. ફારુક પટેલને અપાયો હતો.

માનવસેવા, સમાજસેવા એ સૌથી મહાન ધર્મ છે. સમાજના વંચિતવર્ગ અને જરૂરતમંદોનો હાથ

પકડવો એ મહાન કાર્ય છે. આ ધર્મ પાળવા બદલ અને આ મહાન કાર્ય કરવા બદલ આપણા સૌ વતી આભાર વ્યક્ત કરવા અને તેમના ઉમદા કામની કદરરૂપે એક સમાજ તરીકે આપણે તેમને "માનવતાના મહાન સેવક"નુ બિરુદ આપીએ. વિકલાંગ, દિવ્યાંગ અને કેદીઓ માટે આપણા સમાજમાં નકારાત્મક ભાવ હજુ પણ જોવા મળે છે. આવા સમાજમાં આ વર્ગના લોકોની સેવા કરવાનો વિચાર અને એ દિશામાં કામ એ ફારુકભાઇનું એક ક્રાંતિકારી પગલું કહેવાય જે ખરેખર સરાહનીય છે. તેઓ આ વર્ગના લોકોની સહાયતા કરે છે એટલું જ નહીં, પણ તેમ કરીને આ વર્ગ વિષે સમાજમાં હકારાત્મક વાતાવરણ અને જાગૃતતા ઊભી કરી, આ લોકો પણ આપણા સમાજનું અવિભાજ્ય અંગ છે એ વાત ઘેરેઘેર પહોંચાડી તેઓ અને તેમની ટીમ એક ગજબનું પરિવર્તન લાવી રહ્યા છે. તેમનાં આવાં કામોમાં જ સાચી માનવતા અને ધર્મનો સાચો અર્થ સમાયેલો છે.

આપણે જાણીએ છીએ કે સામાન્ય રીતે મોટા ભાગના દાનવીરો અને આપણે પણ વિકલાંગ, દિવ્યાંગ અને કેદીઓ તરફ ખાસ ધ્યાન આપતા નથી. કેદીઓને સુધારવાના, અને પસ્તાવો કરી, પોતાની ભૂલ સુધારી તેમને નવજીવન બક્ષવાના ફારુકભાઇના પ્રયાસો ખરેખર નોંધપાત્ર છે. આ કામ પણ નેકીનું જ કામ છે અને દિલ દઇને સભાનતાપૂર્વક એ કામ કરનાર આપણા ફારુકભાઇ અને એમની સદા તત્પર ટીમને લાખો સલામ! તમારું નિસ્વાર્થ યોગદાન અનેકના જીવનમાં ઇચ્છનીય બદલાવ લાવી રહ્યું છે. આમ જ આગળ વધો. 'સેવા પરમ ધર્મ છે' - આપના નિસ્વાર્થ સેવાકાર્યોને ચાલુ રાખો. અમારી શુભેચ્છા, સમર્થન અને દુઆઓ હમેશાં આપની સાથે જ છે.



**દિવ્યાંગ બાળકોની શાળાના પ્રવેશ મહોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. ફારુક પટેલ**



**ઓલ ઈન્ડીયા સફાઈ મજદૂર સંઘના સમૂહ લગ્નમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. ફારુક પટેલ**







સામાજિક કલ્યાણ અને સકારાત્મક પરિવર્તન માટે
કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનને પ્રતિષ્ઠિત
“મહાત્મા એવોર્ડ ઈન્ડિયા 2024” થી
ગૌરવપૂર્વક સન્માનિત કરવામાં આવ્યું.




કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનને
“કંપની ઓફ ધ યર: CSR કમિટમેન્ટ”
એવોર્ડ પ્રાપ્ત થયો.



ડૉ. ફારુક જી. પટેલને કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલા ઉત્તમ કાર્યો બદલ “લમ્હે રોટરી એવોર્ડ”થી સન્માનિત કરાયા

# ફારૂકભાઈ રાષ્ટ્રીય તહેવાર ઉજવણીમાં



કેપી ગ્રૂપ દ્વારા યોજાયેલ તિરંગા સન્માન યાત્રામાં ડૉ. ફારુક પટેલ



સુરતમાં રાષ્ટ્રીય ચેતના જગાવવા સૌથી વિશાળ તિરંગા સન્માન યાત્રા કેપી હ્યુમન દ્વારા યોજવામાં આવી હતી, જેમાં 30,000 થી વધુ લોકો જોડાયા હતા.



ગણતંત્ર દિવસની ઉજવણીના કાર્યક્રમમાં ડૉ. ફારુક પટેલ....

પ્રજાસત્તાક દિનની ઉજવણીના કાર્યક્રમમાં ડૉ. ફારુક પટેલ....






કારગિલ વિજય દિવસ ઉજવણી નિમિત્તે યોજાયેલા ઑપરેશન સિંદુરના સલામી આપવાના કાર્યક્રમમાં ડૉ. ફારુક પટેલ....

## જરૂરતમંદોના રાહબર તરીકે ડૉ. ફારુક પટેલ



ચારધામ યાત્રા અને મક્કા મદિનાના રવાનગી
કાર્યક્રમમાં ડૉ. ફારુક પટેલ..



પિતા-વિહોણી દિકરીઓ સાથે ઉમરાહ(મક્કા-મદિના)ની
પવિત્ર યાત્રા કરાવતા ડૉ. ફારુક પટેલ



પીપી સવાણી ગ્રૂપના સમૂહ લગ્નના
કાર્યક્રમમાં ડૉ. ફારુક પટેલ...



મોટા પુત્ર અફફાનના લગ્નમાં ફાઈવ-સ્ટાર હોટલમાં
વૃદ્ધાશ્રમના વૃદ્ધોને ભોજન પીરસતા ડૉ. ફારુક પટેલ



દત્તક લીધેલ શાળાના કાર્યક્રમમાં
ડૉ. ફારુક પટેલ..



ભૂખ્યાને ભોજન - કેપી હ્યુમન દ્વારા દૈનિક ચાલતા
લંગરમાં ગરીબ લોકોને વિના મૂલ્ય ભોજન પિરસતા
ડૉ. ફારુક પટેલ...

# વિવિધ સમારંભોમાં ડૉ. ફારુક પટેલ



વિશ્વના સૌપ્રથમ દિવ્યાંગો માટેનું વૃદ્ધાશ્રમ
"પ્રભુનું ઘર"ના શિલાન્યાસ પ્રસંગે ગુજરાત રાજ્યના
મા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે...



વ્યારા KP સેન્ટર ઓફ એક્સેલન્સના
ભૂમિપૂજન સમારોહમાં...



કેપી હ્યુમન દ્વારા રિનોવેટ કરાયેલી
કમર ફ્રી લાઈબ્રેરીના ઉદ્ઘાટન પ્રસંગે....



કેપી હ્યુમન દ્વારા રિનોવેટ કરાયેલ
પીમેટ હોસ્ટેલનું ઉદ્ઘાટન કરતા ડૉ. ફારુક પટેલ...



KP ગ્રુપને સાર્વજનિક કોલેજ ઓફ કોમર્સ એન્ડ
કમ્પ્યુટર એપ્લિકેશનના વાર્ષિક પુરસ્કાર
વિતરણ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે....

## કેપી હ્યુમન દ્વારા કરાયેલા સેવાકીય કાર્યો

**કેપી હ્યુમન દ્વારા ૧૨થી વધુ સ્ટેટ ઓફ આર્ટ હાઈટેક લાયબ્રેરી , કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ અને આંગણવાડી, સ્કૂલ અને એજ્યુકેશન કેમ્પસ રિડેવલપમેન્ટ કરી ડોનેટ કરવામાં આવ્યા**



કેપી હ્યુમન દ્વારા રિનોવેટ કરાયેલ
સુરત ઈસ્લામ યતીમખાનાની લાઈબ્રેરી



કેપી હ્યુમન દ્વારા ભરુચના ૧૦ ગામોને ઈમરજન્સી મેડીકલ સહાય
મળી રહે તે માટે એમ્બ્યુલન્સ ડોનેટ કરવામાં આવી



કેપી હ્યુમન દ્વારા સમની-૨ માં આંગણવાડીનું રિનોવેટ



કેપી હ્યુમન દ્વારા મરિયમબેન મેમોરિયલ હાઈસ્કૂલનું રિનોવેટ



કેપી હ્યુમન દ્વારા લાજપોર જેલના કેદીઓ માટે
આધુનિક સુવિધા સાથેના
જીમનું નિર્માણ કરાવવામાં આવ્યું

કેપી હ્યુમન દ્વારા દત્તક લેવાયેલ 7 શાળાઓમાં
૧૦,૦૦૦ નોટબૂકનું વિતરણ કરવામાં આવ્યું



## કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા વિવિધ જગ્યાઓનું બ્યુટીફિકેશન



કેપી સર્કલ, ભટાર, સુરત.



કેપી સર્કલ, ભટાર, સુરત.



શીફા સર્કલ, ભરૂચ



ભરૂચ સર્કલ




વાગરા સર્કલ

# પ્રકરણઃ૮

## મારા અનુભવથી, વાણીથી... તમને સમર્પિત ડૉ. ફારુક જી. પટેલ

## યુવાનોને, શિક્ષકોને, મા-બાપને, શૈક્ષણિક / સામાજિક સંસ્થાઓને અને સમાજના આગેવાનોને મારે કંઇક કહેવું છે.



આ પુસ્તકના સંશોધન દરમિયાન ફારુકભાઇનો એક સફળ અને શ્રેષ્ઠ ઉદ્યોગપતિ તરીકે, પરોપકારી અને દાનવીર જીવ તરીકે અને એક સારા નેકદિલ માણસ તરીકે મેં જે અભ્યાસ કર્યો તેના પરથી એક લેખક તરીકે હું એટલું કહી શકું કે આ પ્રકરણમાં ફારૂકભાઇએ જે કંઇ કહ્યું છે તેને ખરેખર ધ્યાનમાં લઇ અમલ કરવા જેવું છે.

ફારુકભાઇએ ઔદ્યોગિક સફળતાનું અને માનવ કલ્યાણ તથા સમાજ ઉત્થાનના કામોનું અજવાળું આપણી સમક્ષ ફેલાવ્યું છે. હવે એ અજવાળામાંથી આપણે કેટલું અજવાળું લેવું છે, કેટલી પ્રેરણા મેળવવી છે તે આપણા પર આધાર રાખે છે.

ફારૂકભાઇ ઘણાં વર્ષોથી સામાન્ય માણસથી લઇને ઉચ્ચ પદો પર, સ્થાનો પર બિરાજમાન માણસોને મળે છે. આમાં સફળ ઉદ્યોગપતિઓ, સામાજિક અને રાજકીય આગેવાનો, લેખકો, કવિઓ, ઉત્તમ શિક્ષકો, કલાકારો, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓના સંચાલકો, આર્થિક સલાહકારો, સાધુ-સંતો, મોલવી-મુફતી સાહેબો, ચિંતકો અને બુદ્ધિજીવીઓ જેવા લોકોનો સમાવેશ થાય છે. તેઓ અનેક ઉદ્દઘાટન વિધિઓમાં હાજરી આપે છે, ઉદ્દઘાટનો કરે છે, જાહેર સભાઓને સંબોધે છે. તેથી મને એમ થયું કે ફારુકભાઇના આ બધા મહામૂલ્ય અનુભવો, સંબોધનો વાંચકવર્ગ અને સમાજના લોકો સુધી પહોંચાડવાં જોઇએ. તેમના આ અનુભવો, તેમનું આ ડહાપણ આપણને કંઇ એવું શીખવાડી શકે છે જેનાથી આપણા જીવનમાં પણ નવો વળાંક આવવાની સંભાવના પેદા થઇ શકે છે.

મારી એમની મુલાકાતો દરમિયાન મને એટલો તો અહેસાસ જરૂર થઇ ગયો કે ફારુકભાઇના જીવનમાં એવી ઘણી બધી નાની મોટી ઘટનાઓ બની ગઇ છે અને હજી પણ બનતી હોય છે જેમાંથી મારું માનવું છે કે આપણે કંઇક શીખવું જોઇએ. પુસ્તકોના વાંચન અને પ્રવાસોથી તો જ્ઞાન મળે જ છે, પણ જીવનનું વાસ્તવિક જ્ઞાન અનુભવ અને કપરી પરિસ્થિતિઓમાંથી પસાર થઇને પ્રાપ્ત થાય છે. ફારુકભાઇના ઉતાર-ચઢાવવાળા જીવનમાંથી અને સંઘર્ષ દ્વારા એક સાધારણમાંથી અસાધારણ માણસ બનવાની આખી પ્રક્રિયામાંથી મને જે કંઇ જાણવા મળ્યું તે હું આપ સૌ સાથે શેઅર કરવા માંગું છું.

ફારુકભાઇના મંતવ્ય પ્રમાણે કોઇ પણ સમાજ અને રાષ્ટ્ર માટે આર્થિક વિકાસ ખૂબ જ જરૂરી છે એ તો ખરું, પણ કોઇ પણ સમાજ કે રાષ્ટ્રની મહાનતા માત્ર આર્થિક વિકાસ દ્વારા નિર્ધારિત થઇ શકતી નથી. ભલે એક સમાજ કે દેશ ઉદ્યોગ, ટેકનૉલોજી અને સમૃદ્ધિમાં આગળ વધે, પણ જો ત્યાં નૈતિક મૂલ્યો, સામાજિક સમાનતા, એકતા અને રાષ્ટ્રીય ચારિત્ર્યનો અભાવ હોય તો એ સમાજ કે દેશ પોતાની એ સમૃદ્ધિ લાંબો સમય ટકાવી શકતો નથી. એટલા જ માટે સમાજ અને રાષ્ટ્રને ઊભાં કરવાં હોય અને ટકાવવાં હોય તો ચારિત્ર્ય ઘડતર ખૂબ જ જરૂરી છે. અર્થતંત્રના વિકાસની સાથે રાષ્ટ્રના અને સમાજના ચારિત્ર્યનું ઘડતર જ આપણને મહાનતા અને સુખ-શાંતિ આપી શકે છે.

આર્થિક વિકાસની મર્યાદાઓમાં એટલું કહી શકાય કે ધન અને ભૌતિક સુખ એક સમાજ માટે, એક દેશ માટે મહત્વપૂર્ણ છે, એક સાધન જરૂર છે અને પૈસાથી વૈભવ અને ભૌતિક સુખ તો ખરીદી શકાય, પણ પૈસાથી જેનાથી સાચું સુખ મળી શકે છે તે પરસ્પર પ્રેમ, આદર, માન-સન્માન, વિશ્વાસ જેવાં મૂલ્યો ખરીદી શકાતાં નથી. આ જ કારણે ધનિક દેશોમાં પણ મૂલ્યવાન ચારિત્ર્ય ઘડતરના અભાવને લીધે અસમાનતા, અરાજકતા, અશાંતિ અને અવ્યવસ્થા જોવા મળે છે. એટલે કોઇ પણ સમાજ કે દેશમાં અર્થતંત્રના વિકાસની સાથે સાથે સામાજિક અને રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણ પણ ખૂબ જ જરૂરી છે. આ ચારિત્ર્ય નિર્માણમાં સદાચાર અને નૈતિક મૂલ્યો, સેવા અને સહકારની ભાવના, ન્યાય, સમાનતા, શિક્ષણ અને જ્ઞાનના પ્રભાવનું હોવું જરૂરી છે.

ભારતની આઝાદીનો ઇતિહાસ તપાસીએ તો જાણવા મળશે કે આઝાદી મળતાં જ આપણા ગાંધીજી, નેહરુ, ભગતસિંહ, સરદાર વલ્લભભાઇ પટેલ, મૌલાના આઝાદ વગેરે જેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને આગેવાનોએ ઔદ્યોગિક ક્રાંતિ અને સમૃદ્ધિની સાથે સાથે નૈતિકતા, સમાનતા અને એકતાના ગુણો વિકસાવી ભારતીય રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ કરી ભારતને મહાન બનાવ્યો. એશિયાનો સૌથી વિકસિત દેશ જાપાન માત્ર ટેકનૉલોજી અને આર્થિક પ્રગતિનું જ નહીં, પણ નૈતિકતા, શ્રદ્ધા, શિસ્ત, નાગરિક તરીકે જાગૃતતા અને દેશ ભક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ છે જે રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણને કારણે શક્ય બન્યું છે.

ટૂંકમાં કહીએ તો, કોઇ પણ સમાજ કે રાષ્ટ્ર માટે આર્થિક સમૃધ્ધિ એક ઇમારત છે, પરંતુ સામાજિક અને રાષ્ટ્રીય ચારિત્ર્ય એ તેનો પાયો છે. Individual character building, social character building and national character building are important elements for sustainable long-term prosperity, growth and peace. વ્યક્તિગત, સામાજિક અને રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણ વિષે ફારુકભાઇના વિચારો અદ્ભૂત છે. મારા અભ્યાસ દરમિયાન 10મા ધોરણમાં અમારા પરમાર સાહેબે “ધૃષ્ટં ધૃષ્ટં પુનરપિ પુનશ્ચન્દનં ચારુગંધમ્” વાળો સંસ્કૃતનો દીવાલે કોતરી રાખવા જેવો એક શ્લોક ભણાવેલો તે અહીં ટાંકી રહ્યો છું, જેનો અર્થ થાય છે:

“વારંવાર ઘસાવા છતાં ચંદનની આહલાદ્ક સુગંધ જતી નથી, અનેકવાર છેદવા છતાંય શેરડીનો સાંઠો એની મીઠાશ છોડતો નથી, તેવી જ રીતે વારંવાર તપાવવા છતાં સોનું એની સુવર્ણતાને જેમની તેમ સાચવી રાખે છે, સારાંશ કે ચારિત્ર્યવાન મનુષ્યો પોતાના ઉત્તમ ગુણોને કયારેય વિકૃત થવા દેતા નથી.”

ફારુકભાઇ આવા ચારિત્ર્ય નિર્માણની અને આવા ચારિત્ર્યવાન મનુષ્યોની વાત કરે છે તે ખરેખર આદરને પાત્ર છે.






અહમદાબાદ આઈઆઈએમમાં ડૉ. ફારુક પટેલએ ગીતા પર ક્લાસ લીધો.

યુવાનો અંગે ફારુકભાઇનો મત એ છે કે, આજની યુવા પેઢી આધુનિકતા અને ટેકનૉલોજીની દુનિયામાં ઝડપથી આગળ વધી રહી છે. યુવાનો નવીન વિચારો અને નવા ઉત્સાહથી ભરેલા છે. તેઓ જ્યાં પણ જાય છે અને ત્યાં યુવાનોના સીધા સંપર્કમાં આવે છે તો તેઓ આજના યુવાનોમાં ધગશ અને આત્મવિશ્વાસ જુએ છે. તેઓ પોતાનાં સપનાંઓને સાકાર કરવા માટે અવિરત પ્રયત્ન કરી રહ્યા છે.

અધ્યયન અને કારકિર્દી ઉપરાંત આજની યુવા પેઢી જાહેર જીવનમાં પણ સક્રિય બની રહી છે અને સમાજમાં સકારાત્મક ફેરફારો લાવવામાં ભાગીદારી કરી રહી છે. યુવા પેઢી આજે માત્ર સ્થાનિક, રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે જ વિસ્તરવા નથી માંગતી, પણ પોતાની શક્તિ અને કૌશલ્યોને વધારી-વિકસાવી વિશ્વ સાથે જોડાવા પ્રયત્નશીલ છે. આ યુવા પેઢી માટે કેટલાક પડકારો પણ છે, જેમ કે આધુનિક જીવનશૈલીને કારણે માનસિક તણાવ, અસામાજિક તત્વો અને ખરાબ ટેવોનું પ્રલોભન, પશ્ચિમના આર્થિક સુખાકારીવાળા દેશોની આકર્ષક એકતરફી ભૌતિકવાદી જીવનશૈલીનું આકર્ષણ, બેરોજગારી, પારિવારિક અને સામાજિક દબાણો વગેરે જેવા પડકારો હોવા છતાં તેઓ અનુભવે છે કે, આજની યુવા પેઢી પોતાને ઉપલબ્ધ એવા સાધન, સામગ્રી અને માહિતીનો ઉપયોગ કરી આ પડકારોને તકો તરીકે લે છે અને નવીન ઉકેલો માટે સતત પ્રયત્નશીલ છે.

આપણાં મા-બાપ અને દાદા-દાદી અને આપણા શિક્ષકો પણ બાળપણમાં આપણને જે શિખામણ વારંવાર આપતા અને યાદ અપાવતા અને જે શાળાઓની દીવાલો પર પણ લખેલી રાખતા તે આજના યુવાનોએ પણ યાદ રાખી અમલમાં મૂકવા જેવી છે:

" રાતે વહેલા સૂઇ જે, વહેલા ઊઠે વીર
બળ, બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર. "

આમાં બધું જ આવી ગયું એમ કહીએ તો ચાલે. આવી ડહાપણભરી કહેવતો, ઉક્તિઓમાં આપણા પૂર્વજોએ આપણને ટૂંકમાં અને યાદ રહે એવા થોડાક શબ્દોમાં બધા જ ધાર્મિક ગ્રંથોનો બોધ આપી દીધો છે.

**યુવાધન માટે ફારુકભાઈના કેટલાક સંદેશા છે જે અહીં ટાંક્યા છે....**

- **સપનાં જુઓ અને સપનાં મોટાં જુઓ:** તમારું લક્ષ્ય હમેશાં ઊંચું રાખો અને તેને પામવા તનતોડ મહેનત કરો. સફળતા મેળવવાનો કોઇ જ ટૂંકો રસ્તો નથી.
- **જ્ઞાન અને કુશળતા મેળવો:** સફળતા મેળવવા માત્ર જ્ઞાન પૂરતું નથી, પણ પોતાના ક્ષેત્રમાં યોગ્ય કુશળતા પ્રાપ્ત કરવી પણ એટલી જ જરૂરી છે.
- **સંઘર્ષ, પડકારો અને નિષ્ફળતા કેવળ શીખવાની પ્રક્રિયા છે, એ અંત નથી:** દરેક સંઘર્ષ, પડકાર અને નિષ્ફળતા આપણને કંઇક શીખવે છે અને આગળ વધવાનું માર્ગદર્શન આપે છે.
- **ગમે તે થાય પણ પોતાની જાત સાથે અને અન્યો સાથે ઇમાનદારી અને સંસ્કારો જાળવો:** જીવનમાં સફળતા, સત્તા, સંપત્તિ, માન-સન્માન ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તેમાં નૈતિક મૂલ્યો અને નિયમોનું પાલન થાય છે.
- **હમેશાં કંઇક નવું શીખવાનું રાખો. નવીન અને સર્જનાત્મક વિચારો રાખો:** હમેશાં નવું જાણવા માટે અને સંશોધન માટે આતુર રહો.
- **પોતાની જાતને. પોતાના પરિવારને, પોતાની આસપાસના લોકોને, પોતાના સમાજને, પોતાના દેશને પ્રેમ કરો અને કંઇક પાછું આપવાની ભાવના રાખી પોતાની સામાજિક કલ્યાણની ખેવનાને જીવતી રાખો:** પ્રેમ, સત્ય, કરુણા અને પોતાની સફળતાની સાથે સાથે સમાજ અને દેશની પ્રગતિ અને સફળતા માટેના ગુણો અને પ્રયત્નોને ટકાવી રાખો.
- **લીડર બનવાના ગુણોનો વિકાસ કરો:** જેમાં શિસ્ત, દૂરંદેશી, આત્મવિશ્વાસ, પરિણામલક્ષી હિંમત, નિષ્ઠા, કરુણા જેવી બાબતો પર ધ્યાન આપો. હકારાત્મક વલણ અને ઉત્સાહનો ધોધ પોતાની જાતમાં વહેતો કરો. લઘુતાગ્રંથિથી કયારેય ન પીડાઓ. કોઇની પણ સાથે પોતાની જાતની સરખામણી ન કરો. આગળ વધતા રહો, ભલે એકલા હો. બીજાઓને વધારે સાંભળો. જીવનમાં બોદ્ધિક રીતે થોડીક બાંધછોડ કરવાનું રાખો અને તર્ક / લાગણીઓનું સમતોલપણું જાળવી રાખી કોઇ પણ નિર્ણયો લો.

- **<u>પોતાના વડીલો, ગુરુઓ અને મા-બાપને હમેશા પ્રેમ કરો અને માન આપો.</u>**

ફારુકભાઈ એક શૈક્ષણિક સંસ્થામાં સફળ થવા માટે શું કરવું તે અંગે વ્યકતવ્ય આપવા અને યુવાનોને પ્રોત્સાહિત કરવા ગયા હતા. વકતવ્ય પૂરું થતાં યુવાનો સેલ્ફી લઈ રહ્યાં હતા તે સમયે એક યુવકે તેઓને પ્રશ્ન પુછ્યો કે "સર, તમારા જેવા નસીબદાર, સફળ ઉદ્યોગપતિ અને સમાજસેવી મારે પણ બનવું છે તો શી રીતે બનાય એના ખૂબ જ ટૂંકા ઉપાય બતાવો." તે વખતે ફારુકભાઈએ જવાબ આપ્યો કે, સફળતા તે કોઈ ચમત્કાર નથી, સફળ થવા માટે હમેશાં એવું વિચારો કે નસીબ તમારા પક્ષે જ છે. તમારી નકારાત્મક લાગણીઓ પર કાબૂ મેળવો. સરસ વિચારો અને તકને ઝડપી લેવા મનને અને મગજને હમેશાં ખુલ્લું રાખો. 'કર લો દુનિયા મુઠ્ઠીમેં' જેવો મિજાજ રાખો. બીજાનું સુખ, પ્રગતિ અને સફળતા જોઈ મનમાં કયારેય ઈર્ષ્યાભાવ ન લાવશો. સંબંધોના સેતુઓ બાંધતા રહેજો. કયારેક ટાંકણી, તો કયારેક તલવાર બંને સમયે સમયે કામ આવી શકે છે. દરેક પ્રસંગને જીવનમાં ઉજવતાં શીખો, ચાહે એ પ્રસંગ સારો હોય કે ખરાબ – જીવનને ઉજવો મહોત્સવની જેમ અને દરેક પરિસ્થિતિની ઉજળી બાજુ જુઓ. પરંતુ ખાસ વાત એ ધ્યાનમાં રાખવી રહી કે, લક્ષ્યને હાંસલ કરવા લગાતાર મહેનત કરતા રહો. અહીં ટાંકવું રહ્યુ કે, જેટલી મહેનત ફારુકભાઈ પોતાની કરિયરની શરૂઆતના સમયમાં કરતા હતા તેટલી જ મહેનત તેઓ આજે પણ કરી રહ્યાં છે. તેઓ સ્પષ્ટ માને છે કે, મહેનતનો કોઈ વિકલ્પ નથી.

બાદમાં પેલા યુવાને ફારુકભાઈને સ્પર્શ કરવાની ઈચ્છા વ્યક્ત કરી તો તેને ગળે લગાડીને આગળ વધવા માટે દુઆઓ આપી.

આજના અને ભવિષ્યના નિર્માતા, ઈતિહાસ લખનારા યુવાનોને સમર્પિત કરતા તેઓ કહેતા હોય છે કે...,

“સપનોં સે ભરી હૈ યે આંખેં, હર મુશ્કિલ સે ટકરાએંગે
સીને મેં હૈ જલતી આગ હમારે, હમ કુછ કર કે દિખલાએંગે
રુકના હમને સીખા હી નહીં, હમ ઇતિહાસ સુહાના લિખેંગે
હમ નઇ રોશની. નયા સવેરા, હમારે આંગન મે લે આયેંગે”

## શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષકો માટે...!





ફારુકભાઇ શિક્ષણને ખૂબ જ મહત્વ આપતા આવ્યા છે. તેમનું સ્પષ્ટ માનવું છે કે, શિક્ષણથી વ્યક્તિ, વ્યક્તિથી સમાજ અને સમાજથી દેશનો ઉદ્ધાર થાય છે, માનવજાતનો ઉદ્ધાર થાય છે. તેઓ તેમના ટ્રસ્ટ કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના માધ્યમથી શિક્ષણની ધૂણી ધખાવવામાં જરા પણ ઉણપ નથી રાખતા. તેઓ માને છે કે, કોઈને એક વખત મદદ કરી દઈએ તો કદાચ તે આજીવન માંગતો રહે પરંતુ તેનામાં શિક્ષણનું બીજ રોપીને તેને પગભર બનાવાય તો તે વટવૃક્ષ બનીને અનેકના માથે છાંયડો પુરો પાડી શકે છે.

ફારુકભાઈ માને છે કે, શિક્ષણ એ શિક્ષણવિદોનો વિષય છે, શિક્ષણ એટલે ફક્ત શાળા, કૉલેજ કે યૂનિવર્સિટીમાં ભણાવતા શિક્ષકોની જ વાત નથી, પરંતુ જીવનભર ચાલતી શીખવાની પ્રક્રિયાની વાત છે. શિક્ષણ અને જ્ઞાન માત્ર શિક્ષણની આ સંસ્થાઓ દ્વારા જ મળતું નથી, પણ આપણો દરેક અનુભવ, દરેક પ્રવૃત્તિ, વાતચીત, અવલોકન અને પરિસ્થિતિઓ આપણને કંઇક ને કંઇક શીખવાડે છે અને તેથી જ આપણે આજીવન વિદ્યાર્થી અવસ્થામાં રહેવું જોઇએ.

તેઓ માને છે કે શિક્ષણ, પછી તે શાળા, કૉલેજ કે યૂનિવર્સિટીમાં લેવાયેલું હોય કે જીવનમાંથી શીખેલું હોય, એ વ્યક્તિ સશક્તિકરણ અને વિકાસનો એક મજબૂત પાયો છે. શિક્ષણ આપણને માનસિક, બૌદ્ધિક, આધ્યાત્મિક, નૈતિક, સામાજિક અને આર્થિક દૃષ્ટિએ આત્મનિર્ભર, સ્વતંત્ર અને સમૃદ્ધ બનાવે છે. એક સારો શિક્ષક અને સારી શિક્ષણ વ્યવસ્થા આપણને માત્ર જ્ઞાન જ નથી આપતાં, પણ સજાગ, સશક્ત અને જવાબદાર નાગરિક ઘડવામાં ખૂબ જ મદદરૂપ થાય છે. શિક્ષિત માણસના હૃદય અને મસ્તિષ્કમાં અજવાળું હોય છે, જ્યારે અશિક્ષિત માણસ અંધારામાં ગોથાં ખાતો હોય છે.

શિક્ષણ સંસ્થાના ત્રણ મુખ્ય સ્થંભો હોય છે. સંચાલક, આચાર્યશ્રી અને વિદ્યાર્થી. કોઇ પણ શિક્ષણ સંસ્થાનો સંચાલક ઉત્તમ પ્રશાસક અને દૂરંદેશી હોવો જોઇએ. આચાર્ય ચારિત્ર્યવાન અને કેળવણીકાર હોવો જોઇએ અને વિદ્યાર્થી બળવાન અને જુસ્સાવાળો હોવો જોઇએ. ચોથો સ્થંભ ઉમેરવો હોય તો શિક્ષકનો ઉમેરી શકાય. શિક્ષક જે વિદ્યાર્થીને માત્ર ભણાવતો જ ન હોય પણ તેમને પ્રેમ કરતો હોય. શિક્ષક એક વિદ્વાન ડાહ્યા કારીગર જેવો હોવો જોઇએ.

આપણા સમાજમાં જેમ કેટલીક સારી વાતો છે તેમ કેટલીક વિચિત્ર ખાસિયતો પણ છે. જ્યારે જ્યારે આપણે શિક્ષણ સંસ્થાની સ્થાપના વિષે વિચારીએ છીએ ત્યારે આપણે સૌ પ્રથમ ભવ્ય મકાન-ઇમારતનો વિચાર કરીએ છીએ. પછી સારામાં સારા ફર્નિચરનો વિચાર કરીએ છીએ, આકર્ષક યૂનિફોર્મનો વિચાર કરીએ છીએ. આધુનિક સાધન-સામ્રગી, પ્રયોગશાળા, પુસ્તકાલય વગેરેનો વિચાર કરીએ છીએ અને જ્યારે આ બધામાં આપણા પૈસા ખર્ચાય જાય પછી છેલ્લે આપણે શિક્ષક અને શિક્ષણનો વિચાર કરીએ છીએ.

ફારુકભાઈના કહેવાનો મતલબ એ તારવી શકાય કે, આપણે વિશાળ ઇમારતો ઊભી કરવામાં નિપુણ છીએ. પરંતુ સંસ્થા ચલાવવા સારા આધારભૂત માળખાં ઊભાં નથી કરી શકતા. આપણે સંસ્થાઓ તો શરૂ કરી દઇએ છીએ, પણ તેમને સારી રીતે ચલાવી, ટકાવી કે યોગ્ય રીતે સંચાલિત કરી શકતા નથી. આના કારણોનો અભ્યાસ કરી આનો ઉકેલ લાવવો પડશે. આપણી ઘણી બધી સંસ્થાઓમાં શિક્ષણની વ્યાખ્યા ઘણી સંકુચિત છે. શિક્ષણ એટલે અભ્યાસક્રમમાં આવતી માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવી, પરીક્ષાઓ લેવી વગેરે. આ સંકુચિત વ્યાખ્યા આપણે બદલવી પડશે.

શિક્ષણ થકી વિદ્યાર્થીનો એવો સર્વાંગી વિકાસ થવો જોઇએ કે તે કેવળ સ્વકેન્દ્રી (self-centred) ન બનતાં, સામાજિક જવાબદારી પણ અદા કરી એક જાગૃત નાગરિક બને તો સાચું શિક્ષણ થયું એમ કહેવાય. દરેક વિદ્યાર્થીને સારા ગુણોના સીંચન અને સારી ટેવોની આદત સાથે વૈજ્ઞાનિક ઢબે અને સામાજિક નિસબત સાથે અનુબંધ સાધીને તૈયાર કરવામાં આવે તો જ સાચા શિક્ષણનો મહિમા જળવાય રહે. શિક્ષકે વિદ્યાર્થીને ભણાવવાનો નથી, વિદ્યાર્થીને ભણતો કરવાનો છે.

ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવનાર, શિક્ષણવિદ અને ૭૮ જેટલાં સંસ્કારી અને સમાજ ઘડતરનાં પુસ્તકોના લેખક સ્પેનિશ ફાધર વાલેસ (Father Valles)ના શબ્દોમાં, "શિક્ષકને ઇચ્છા થાય કે વિદ્યાર્થીના પ્રશ્નનો તરત જવાબ દે એમાં એની આબરું છે ને? પણ એ ખાલી ટ્યૂશન છે, શિક્ષણ નથી. પરીક્ષા માટે ઉપયોગી છે, જીવન માટે નહીં. ખરો શિક્ષક વિદ્યીર્થીને પોતાનો જવાબ શોધવા દે છે. સાચો ગુરુ સાધકને પોતાનો રસ્તો કાઢવા દે છે.

ઉત્તમ શિક્ષક તો એ જ કહેવાય જે પોતાના વિદ્યાર્થીઓને ચાહે, પ્રેમ કરે, તેમનામાં વિદ્યાપ્રેમ અને વિષયરસ પેદા કરે, વિષયની ક્ષિતિજોનું તેમને ભાન કરાવે, વિદ્યાકૌશલ્ય જન્માવે, જિજ્ઞાસા ઊભી કરે, કુતૂહલવૃત્તિ વધારે અને ખરો શિક્ષક તો વિદ્યાર્થીની અંદર છૂપાયેલ તેની આંતરિક શક્તિઓને શોધી તેને ક્ષિતિજોની પેલે પાર લઇ જવા માટે ફક્ત માર્ગદર્શન અને પ્રેરણા આપે. આપણે એવી શિક્ષણ સંસ્થાઓને વેગ આપવો છે જેમાં ઉત્તમ શિક્ષણ અને કેળવણી પણ હોય જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય છે.

'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' સારી શિક્ષણ સંસ્થાઓને આ હેતુ સિદ્ધ કરવા માટે ડોનેશન પ્રદાન કરે છે. આપણે એવા ગ્રેજ્યુએટો તૈયાર કરવાના છે જે માત્ર શિક્ષિત જ નહીં, પણ સારા માણસ હોય, જેમનામાં પોતાના વ્યવસાયની કુશળતા તો હોય જ, પરંતુ સાથે સાથે જેમનામાં માનવતા, નૈતિકતા અને સામાજિક જવાબદારીની સમજ અને ભાવના પણ હોય.

દરેક શૈક્ષણિક સંસ્થાઓમાં અને શિક્ષકોમાં બાળકો પ્રત્યે સંવેદનશીલતા હોવી ઘણી જરૂરી છે. જો સંવેદનશીલતા નહીં હોય તો એ બાળકનું વ્યક્તિત્વ હણાઇ જશે અને જો એમ થશે તો સમાજને નબળા અને નકારાત્મક વલણ ધરાવતા નાગરિકોની ભેટ મળશે. શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષકોએ બાળકો સાથે ખુલ્લા મનથી લોકશાહી અને માનવતાવાદી વ્યવહાર કરવો જ પડશે. પ્રેમ, મૈત્રી, સંવેદનશીલતા અને કરુણા એ સારા શિક્ષકનાં આભૂષણો છે.

શિક્ષણનું વ્યવસાયિકરણ પણ ચિંતાનો એક વિષય છે. અંતમાં, શિક્ષણ અને કેળવણી બાબત ફારુકભાઈનો દૃષ્ટિકોણ એ છે કે તે જીવનને સંઘર્ષની રીતે નહીં, પણ એક ઉત્સવ તરીકે જીવતાં શીખવે. જીવન માત્ર હરીફાઇ ન બને, આનંદ પણ બને,, ઉત્સવ પણ બને, કાવ્ય પણ બને એમ શીખવાડે. શિક્ષણ તમને તમારી જાત સાથે અને કુદરત સાથે તાલબદ્ધ થવા તૈયાર કરે એવું હોવું જોઇએ.

ફારુકભાઈના મતે National Education Policy, રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિમાં અમુક સુધારાઓ ખૂબ જ આવકારદાયક અને પ્રશંસનીય છે. એમાં શિક્ષણની સાથે સાથે નીચેના છ કૌશલ્ય વિકાસ

પર ભાર મૂકયો છે જેને દરેક શૈક્ષણિક સંસ્થાઓએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અમલમાં મૂકવું જોઇએ.

૧) સંવાદ, વિચાર વહેવાર – Communication skills

૨) સહકાર – Collaboration, Team Work

૩) સમીક્ષાત્મક વિચારધારા – Critical Thinking

૪) સમસ્યા સમાધાન – Problem Solving

૫) સર્જનાત્મકતા – Creativity

૬) સંશોધનવૃત્તિ – Innovation

આને અમલમાં મૂકવા વર્ગખંડમાં વિષય વસ્તુની સાથે સાથે દરરોજ વધુને વધુ ચર્ચા, પૃથક્કરણ અને સંશોધનની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું જોઇએ. આની સાથે સાથે રમતગમતને પણ એટલું જ મહત્વ આપવું જોઇએ કારણ કે ભૌતિક વિજ્ઞાની આઇન્સ્ટાઇનના શબ્દોમાં: “Play is the highest form of education and research.” અર્થાત રમત અને અન્ય અભ્યાસોત્તર પ્રવૃત્તિઓ (extra-curricular activities) ઉચ્ચ પ્રકારનું શિક્ષણ અને સંશોધન છે.

## માતા-પિતા માટે અમૂલ્ય સન્માન...!





પિતા ગુલામઅલી પટેલ અને
માતા રસીદાબેન સાથે ડૉ. ફારુક પટેલ

માતા-પિતા માટે ડો. ફારુક પટેલના દિલમાં અમૂલ્ય સન્માન છે. ફારુકભાઈ તેમના માતા-પિતાથી ડાઉન ટુ અર્થ રહેવાનું શીખ્યા છે. જરૂરતમંદોની મદદ કરતા શીખ્યા છે. ભણતરનું મહત્વ શીખ્યા છે. અલ્લાહ પર મજબૂત યકીન રાખવાનું શીખ્યા છે. માતા-પિતાથી કામ પ્રત્યેનું જનૂન, ઈમાનદારી, વેલ્યુ, એથિક્સ અને સચ્ચાઈ શીખ્યા છે. આ બધી બાબતો જ તેમને બિઝનેસને આગળ ધપાવવામાં કામ લાગી રહી છે. ફારુકભાઈની માતાએ તેમને સારી સ્કૂલમાં ભણાવવાના વિઝનને કારણે અને પિતાએ મહેનતથી પાઈ-પાઈ ભેગી કરી ઇંગ્લેન્ડ મોકલી પગભર કરવાની મથામણ અને વાસ્તવિકતા સ્વીકારવાની વાતે ફારુકભાઈને જિવન જીવવાના અનેક પાઠ ભણાવ્યા છે. માતા-પિતાનું પરફેક્ટનેસવાળુ વલણ તેમણે તેમના જીવનમાં ઉતારવાની કોશિશ કરી છે. આજે પણ તેઓ ભાગદોડ ભરી અને અતિ વ્યસ્ત બિઝનેસલાઈફથી થાક અનુભવે તો તુરંત ફોન ઉપાડીને મા-બાપની સાથે વાત કરે છે અને તેમની પાસે જઈ બેસી જાય છે અને તેમનો થાક દુર થાય છે.

માતાના આંચલમાં છે સ્નેહ સમાયો
પિતાના ખભા પર વિશ્વાસ છલકાયો
સાથ રહે તો આકાશ ઊંચું લાગે
દૂર થાય તો આભ તૂટેલું લાગે

મા-બાપનું જેટલું ઋણ અદા કરીએ તેટલું ઓછું છે. તેમની જેટલી ખિદમત અને પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. પોતાના સંતાનના જીવનમાં સારા મા-બાપની મહત્વતા અને ભૂમિકા ખૂબ જ અગત્યની હોય છે.  ફારુકભાઈ પોતાનાં સંતાનો સિવાય તેમના રિશ્તેદારોનાં સંતાનો અને કંપનીમાં કામ કરતા કર્મચારીઓનાં સંતાનો સાથે પણ સીધી યા આડકતરી રીતે જવાબદારીભર્યો સંબંધ ધરાવે છે. તેઓ ઈચ્છે છે કે, આદર અને વિવેકપૂર્વક નીચેની બાબતો પર દરેક મા-બાપનું ધ્યાન દોરાય અને પોતે એક બાપ તરીકેના અનુભવો શેઅર કરી દરેક મા-બાપોને ફક્ત યાદ અપાવે છે કે બાળકમાં સારા સંસ્કાર ઘડવામાં અને તેમને ઉત્તમ માનવી બનાવવામાં મા-બાપની ભૂમિકા કેટલી મહત્વની અને ગંભીર છે.

ફારુકભાઈની દૃષ્ટિએ પણ મા-બાપ એ બાળકના જીવનના પ્રથમ શિક્ષક છે, પ્રથમ માર્ગદર્શક છે, પ્રથમ પ્રેરણાદાયી પરિબળ છે. મા-બાપ દ્વારા બાળકની યોગ્ય કાળજી અને સંભાળ તથા પ્રેમ અને હૂંફપૂર્વકના સંસ્કાર સીંચનથી જ બાળક સમજદાર અને સમર્થ વ્યક્તિ બને છે. આમાં એક વસ્તુ યાદ રાખવા જેવી છે અને તે એ કે મા-બાપ, મા-બાપ જ હોય છે. એમાં અમીર અને ગરીબ મા-બાપ જેવું કશું હોતું નથી. દરેક મા-બાપ પાસે પોતાના બાળકને જોઈતી હૂંફ અને પ્રેમ આપવાની શક્તિ કુદરતી રીતે જ હોય છે. એમાં અમીર કે ગરીબ મા-બાપનો ફેર પડતો નથી. એક બાળકના જીવનમાં સારા મા-બાપની ભૂમિકા કેવી હોવી જોઇએ તે અંગે તેઓ કેટલીક બાબતો પર ધ્યાન દોરતા રહે છે:

- **<u>સંતાનોને શરત વગરનો પ્રેમ અને ટેકો:</u>** ગમે તેવી પરિસ્થિતિમાં બાળકોને પ્રેમ, હૂંફ અને ટેકો આપો.
- **<u>સંતાનોને શિક્ષણની સાથે સાથે સંસ્કાર અને નૈતિક મૂલ્યોનું મહત્વ સમજાવો:</u>** શાળા, કૉલેજ અને યૂનિવર્સિટીના શિક્ષણનું મહત્વ સમજાવી બાળકોને અને તેમાંયે ખાસ કરીને છોકરીઓને ખૂબ ભણાવો. સાથે સાથે સંસ્કાર સીંચન દ્વારા નમ્રતા, સંવેદનશીલતા, કાયદા-કાનૂનનું પાલન, ઈમાનદારી, સહાનુભૂતિ અને ગુરુ અને વડીલોનો આદર જેવા ગુણોનો વિકાસ કરી બાળકના વ્યક્તિત્વ વિકાસ પર પણ પૂરું ધ્યાન આપો. બાળકોને નાનપણથી જ પરિવાર, સમાજ અને જરૂરતમંદો પ્રત્યેની જવાબદારી સમજાવો અને મા-બાપ તરીકે પોતાના બાળકો માટે ઉદાહરણ બનો.
- **<u>બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ પેદા કરો. બાળકોને પ્રવાસે લઈ જાઓ યા પ્રવાસે જવા દો. તેમને બહારની વાસ્તવિક દુનિયાનો અનુભવ કરવા દો. ભૂલો ભલે થતી:</u>** સંતાનોને ખીંટીએ બાંધી ન રાખો. તેમની જિજ્ઞાસા અને કુતૂહલવૃત્તિને પ્રોત્સાહન આપો. દુનિયાને, દુનિયાદારીને અને દુનિયાના દાવપેચને સમજવા દો. ભલે થોડી ભૂલો કરતાં, ભલે થોડાં અથડાતાં, પરંતુ આ પ્રક્રિયા સંતાનોને વાસ્તવિક્તાનો અનુભવ કરાવી મજબૂત બનાવશે.

- **<u>યોગ્ય શિસ્ત કેળવો, સ્વતંત્રતા આપો પરંતુ સાથે સાથે જવાબદારી અને મર્યાદાઓ, લક્ષ્મણરેખાઓ (boundaries)નું જ્ઞાન આપો</u>:** નિયમો બનાવો પણ તે સંતુલિત હોય. બાળકોનો વિકાસ રૂંધી નાંખે તેવા નિયમો અને પાબંદીઓ ન હોય. શિસ્તના નિયમો ન પળાય તો ધીરજ રાખો.
- **<u>સંતાનો સાથે વાર્તાલાપ કરો, વાદ-વિવાદ નહીં</u>:** સંતાનોના વિચારો, અભિપ્રાયો, સમસ્યાઓ, પ્રશ્નો અને લાગણીઓ પ્રત્યે સંવેદનશીલ બની તેમને સાંભળો. તેમની સાથે નિખાલસપણે સરખી રીતે સંવાદ કરો.
- **<u>તમે જ તમારા સંતાનોના આદર્શ બનો, ઉદાહરણ બનો, પ્રેરણાદાયી બનો</u>:** સંતાનો મા-બાપને નિહાળે છે. મા-બાપ કેવી રીતે જીવે છે, તેમની એક બીજા પ્રત્યેની વર્તણૂંક કેવી છે, વ્યવહાર કેવો છે એ બધું તેઓ જુએ છે અને ગ્રહણ કરે છે. મા-બાપ તરીકે તમે જે ગુણો પોતાનાં સંતાનોમાં જોવા ઇચ્છો, તે ગુણો પહેલાં તમારામાં જ હોવા જોઇએ, જે પરિવર્તનો તેમનામાં લાવવા ઇચ્છો તે પરિવર્તનો પહેલાં તમારામાં લાવો.
- **<u>બાળકમાં આત્મવિશ્વાસ, આત્મનિર્ભરતા અને સ્વાવલંબીપણાના વિકાસને પ્રોત્સાહન આપો</u>:** સંતાનોને પોતાની ભૂલોમાંથી શીખવા દો અને નાના નાના નિર્ણયો લેવા દઇ તેમના આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતામાં વધારો કરો.
- **<u>પારિવારિક જોડાણ મજબૂત બનાવવા સંતાનો સાથે સમય વીતાવો</u>:** યાદ રાખો કે સહપરિવાર જમવાથી, રમવાથી, હરવાફરવાથી, શૉપીંગ કરવાથી, ચર્ચાઓ કરવાથી પારિવારિક એકતા અને સંબંધો મજબૂત બને છે.
- **<u>સંતાનોના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ અને સ્વાસ્થ્ય સાથે સમજૂતી ન કરો</u>:** પોષણયુક્ત ખોરાક, નિયમિત કસરત, પૂરતો આરામ અને બાળકની રૂહાની તર્બિયત તરફ ધ્યાન આપો. એને લગતી તાલીમ આપો.

- **<u>આપણી સંસ્કૃતિ, ઈતિહાસ, વારસા અને પરંપરાઓની જાણકારી અને તેમની સાથે બાળકોને જોડવા:</u>** આપણી સંસ્કૃતિ, ભાષા, રીત-રિવાજો, ધાર્મિકતા, ઈતિહાસ વગેરે સાથે સંતાનોને જોડેલા રાખો.

મા-બાપની પોતાના સંતાનોને સૌથી શ્રેષ્ઠ ભેટ એ છે કે તેઓ તેમનામાં ઉચ્ચ સંસ્કાર અને ઉચ્ચ શિક્ષણનું સીંચન કરે. સૌથી નસીબદાર મા-બાપ તે છે જેમની ઓલાદ નેક હોય, પરંતુ આ ઓલાદ નેક ત્યારે જ બની શકે છે કે જ્યારે તમે તેમને સારા સંસ્કાર અને સારું શિક્ષણ આપી-અપાવી શકો. એટલા જ માટે કહેવામાં આવ્યું છે કે: “It is not what you leave to your children, it's what you leave in them.” એટલે કે બાળકો માટે તમે શું છોડીને જાઓ છો તે નહીં, પણ તમે તેમને કેવા બનાવીને જાઓ છો તે મહત્વનું છે. આટલી વાતો પર ધ્યાન આપવાથી બાળકનો સરસ અને સર્વાંગી વિકાસ થઇ શકે છે અને આપણે સમાજ અને દેશને એક ચારિત્ર્યવાન, સંસ્કારી અને શિક્ષિત નાગરિકની ભેટ ધરી શકીએ છીએ.

ફારુકભાઈના મતે આ ચાર બાબતો તો ઘરની દીવાલ પર કોતરીને જરૂર રાખવા જેવી છે..,

૧) આ ઘરમાં એક લાયબ્રેરી છે જ્યાં સારાં સારાં પુસ્તકો વંચાય છે.

૨) મારું સંતાન, “મને ખબર નથી” એમ કહેતાં ડરતું નથી.

3) મારું સંતાન, “મારાથી ભૂલ થઇ” એમ કહેતાં અચકાતું નથી.

૪) મારું સંતાન “હું દિલગીર છું, મને માફ કરો” કહેતાં ખચકાતું નથી.

ડો. ફારુક પટેલ સામાજિક સંસ્થાઓ, સંગઠનો અને આગેવાનો માટે પણ કેટલાક સુધારણાનો મત ધરાવે છે.

વર્તમાન પડકારજનક સમયમાં અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓની સાથે સાથે આપણી સામાજિક સંસ્થાઓ, સંગઠનો અને આગેવાનોને લગતો વિષય પણ આપણું ધ્યાન, વિચારણા, પૃથક્કરણ અને ઉકેલો માંગે છે. ફારૂકભાઇ તે માટે તાર્કિકતા, સંવેદનશીલતા અને કોમની સાચી લાગણીથી ખૂબ જ દાર્શનિક અને વાસ્તવિકતાદર્શી વાત કરી. એમાં સમાજ માટે, આપણી સામાજિક સંસ્થાઓ માટે અને આપણા આગેવાનો માટે તેમનો પ્રેમ અને તેમની ચિંતા સ્પષ્ટ જણાઇ આવતી હતી. ફારુકભાઇની તમામ વાતોનો અહીં પ્રસ્તૃત પંક્તિ નિચોડ આપે છે...,

" ચાલ એક આંટો બહાર મારી આવીએ
બંધનોથી મુક્ત હવાને માણી આવીએ
આમ તો સ્થળ ક્યાં કોઇ પણ બાકી હવે
કોઇના દિલ સુધી લટાર મારી આવીએ
આપવાની મજા શું હોય છે એ જાણવા
વૃક્ષ કે પછી વાદળને મળી આવીએ
હસ્તરેખાઓ સુકાઇ જાય એ સારું નહીં
કોકનાં આસું લૂછી એને પલાળી આવીએ "

ડો. ફારુક માને છે કે, આજના નાજૂક સમયમાં આપણામાં પ્રેમ, માણસાઇ અને ઉત્સાહ જળવાઇ રહે અને આપણી આસપાસના માનવ સમુદાયમાં ઉમંગ અને આશાવાદ બળવત્તર બનતો રહે એમાં જ સહુનું કલ્યાણ છે. આ 'સહુ'માં બધા જ આવી ગયા. આ ઉમંગ, ઉત્સાહને સાચવવા, આ આશાવાદને ટકાવવા અને સર્વના કલ્યાણ માટે આપણે, આપણી સંસ્થાઓએ, આપણાં સંગઠનોએ અને આપણા આગેવાનોએ જે કંઇ કરવું પડે તે એકતા અને તાલમેલથી કરવું જોઈએ. જેથી આવનારા દિવસોમાં આપણે અને આપણી આવનાર પેઢીઓ સુખ-શાંતિ, એકતા, સહિષ્ણુતા, પરસ્પર આદર અને ભાઇચારાના ઉજ્જવળ માહોલમાં શ્વાસ લઇ શકે.

'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન'ની સ્થાપના કરતાં પહેલાં સામાજિક કાર્ય અને સેવાની સંસ્થા શા માટે અને કેવી હોવી જોઇએ તે વિષે ફારુકભાઈ અને તેમની ટીમે ઘણું સંશોધન કર્યું. સ્થાનિકથી લઇ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના ઉત્તમ નમૂનાઓ તપાસી એમાંથી સર્વશ્રેષ્ઠ વાતો લઇને કેપી હ્યુમન સંસ્થાની સ્થાપના કરી. એના અત્યાર સુધીના અનુભવોને આધારે સામાજિક સેવા, સામાજિક જવાબદારી અને સામાજિક સશક્તિકરણના ઉદ્દેશને વરેલી સંસ્થાઓ કેવી હોવી જોઇએ તે વિષે તેઓ દરેક સંસ્થાઓ અને તેના આગેવાનો માટે સ્પષ્ટ વાત કરતા રહે છે.

સામાજિક કાર્ય અને સામાજિક હિતના સંગઠનોના અમેરિકન નિષ્ણાંત, સાંસ્કૃતિક માનવશાસ્ત્રી અને લેખક માર્ગરેટ મીડ (Margaret Mead)નું માનવું છે અને એમની આ થિયરી ખૂબ જ રસમય છે કે “સમાજ કાર્ય એક કળા છે જેના દ્વારા વ્યક્તિ, જૂથ અને સમુદાયની આવશ્યક્તાઓની પૂર્તિ વિભિન્ન પ્રકારનાં સાધનો, વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને અન્ય સશક્તિકરણ પ્રક્રિયાઓ દ્વારા એવી રીતે કરવામાં આવે કે જેથી વ્યક્તિ કે સમૂહ પોતાની સહાયતા પોતે કરી શકે અને આત્મનિર્ભર બની શકે.” આ થિયરી ધ્યાનમાં રાખવા જેવી છે. માત્ર સંસ્થાઓ સ્થાપવા ખાતર સ્થાપવી એનો કોઇ અર્થ નથી. સંસ્થાનો લાંબા ગાળાનો ધ્યેય નક્કી કરી તે મુજબનું વૈજ્ઞાનિક અને વાસ્તવિક માળખું ઊભું કરવું પડે.

સમાજ સેવામાં મૂલ્યો સચવાવાં જોઇએ. માણસની મહત્તા અને ગરીમા સચવાવી જોઇએ માનવીય વિકાસની ભાવના અને સશક્તિકરણ દ્વારા પરિવર્તનોનું ધ્યેય હોવું જોઇએ. રાષ્ટ્ર નિર્માણનો ધ્યેય હોવો જોઈએ. આ બધા સાથે સૌથી મહત્વનો 'માનવતા' પર ભાર હોવો જોઈએ. જેથી, જ કેપી હ્યુમને તેનું સ્લોગન રાખ્યુ છે 'હ્યુમન ફર્સ્ટ". સામાજિક કલ્યાણની સંસ્થાઓનાં ચાર મુખ્ય કાર્યક્ષેત્રો હોવાં જોઈએ.

(૧) ઉપચારાત્મક કાર્યો (૨) સુધારાત્મક કાર્યો

(૩) રક્ષાત્મક કાર્યો અને (૪) વિકાસાત્મક કાર્યો.

ફારુકભાઈનું 'કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' શરૂઆતથી જ સશક્તિકરણ અને પરિવર્તનોના ઉપરોક્ત ચારેય કાર્યક્ષેત્રોમાં લાખો લોકો સુધી લાભ પહોંચાડે છે.

એક સફળ અને અસરકારક નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન, NGO યા સામાજિક કલ્યાણ સંસ્થા ત્યારે જ ચાલી શકે જેમાં નીચેનાં રસાયણનો સમાવેશ હોય:

ઉદ્દેશ. યોગ્ય માળખું, આયોજન, મજબૂત સંગઠન, કાબેલ કાર્યકરોની ભરતી, યોગ્ય દોરવણી, સંકલન, અહેવાલ, પૃથક્કરણ અને અંદાજપત્ર.

## આગેવાનો અંગેના મત...






કોઇ પણ સંસ્થામાં તેના આગેવાનો મહત્વનો ભાગ ભજવે છે. આગેવાન પોતાની કુશળતાથી સંસ્થાને આગળ લઇ જઇ શકે છે અથવા પોતાની કમજોરીના લીધે સંસ્થાનો વિકાસ રૂંધી શકે છે. સંસ્થાનો આગેવાન એવો હોવો જોઇએ જે પોતાની કાબેલિયતથી પોતાની સંસ્થામાં અને સમાજમાં વિકાસ અને સુધારો લાવવા સમર્પિત હોય. એક સારા આગેવાનમાં નીચેના ગુણો હોવા જોઇએ:

- **સારો આગેવાન ચપળ અને ઉત્સાહી હોવો જોઇએ:** (Sharp, professional and enthusiastic) સારો આગેવાન ખૂબ પ્રેમાળ, સંવેદનશીલ અને સરળ-સાલસ હોવો જોઇએ. ઘણીવાર સંસ્થાના સંચાલકો થોડા સમયમાં થાકી જતા હોય છે. આગેવાન કયારેય થાકવો ન જોઇએ. તે હમેશાં અખૂટ ઊર્જાથી ભરેલો હોવો જોઇએ અને પોતાના જૂથમાં કાયમ હકારાત્મક ઊર્જા પૂરતો હોવો જોઇએ. તેની પાસે યુવાનોને પણ શરમાવે તેવો ઉત્સાહ અને ઊર્જા હોવાં જોઇએ.
- **સારો આગેવાન માનવતાવાદી હોવો જોઇએ:** (Believe in Humanity and Common Good) કોઇ પણ જાતના ભેદભાવ વિના સમાજના તમામ વર્ગોની સેવા ભાવના ધરાવતો હોવો જોઇએ.
- **સારો આગેવાન દુરંદેશી અને દૃઢનિશ્ચયી હોવો જોઇએ:** (Vision and Determination) પ્રયાસ અને પરિવર્તન માટે લાંબી સોચ અને સ્પષ્ટ દૃષ્ટિ અને પ્રતિબદ્ધતા હોવી જોઇએ.
- **સારો આગેવાન વ્યક્તિલક્ષી નહીં, પરંતુ સંગઠનનો માણસ હોવો જોઇએ:** (Not individual oriented but institution oriented) આવા આગેવાનમાં સંગઠનશક્તિ ગજબની હોય છે. પ્રેમ, નમ્રતા અને વિશ્વાસપૂર્વક સમધ્યેય ધરાવતી અન્ય સંસ્થાઓ અને અન્ય માણસો સાથે પોતાને અને પોતાની ટીમના માણસોને જોડવા અને તેમની સાથે સહયોગ કરવા સેતુ બનનારો હોવો જોઇએ. સારો આગેવાન છિન્નભિન્ન અને વેરવિખર વૃત્તિનો ન હોવો જોઇએ.

- **<u>સારો આગેવાન સહાનુભૂતિવાળો, કઠોર કર્મક હોવો જોઇએ:</u>** (Empathy and Hard Working) સંવેદનશીલતા અને કરુણા સાથે સખત મહેનત કરનારો હોવો જોઇએ. કોઇ સાથે હોય કે ન હોય, બસ કામ, કામ અને મહેનત!
- **<u>સારા આગેવાનમાં દરેક પ્રત્યે આદરભાવ અને સમાનતાની ભાવના હોવી જોઇએ:</u>** (Respect and equality for all regardless) દરેક લાભાર્થીની માનવીય ગરિમાનો ખ્યાલ રાખી આદરભાવથી સેવા કરવી. ધર્મ, નાત, જાતથી ઉપર ઊઠી સમાનતાથી દરેકને ગળે લગાડવો. સંત તુલસીદાસ કહે છે તેમ:

તુલસી ઇસ સંસાર મેં, ભાંતિ ભાંતિ કે લોગ
સબસે હસ મિલ બોલિયે, નદી નાવ સંજોગ

- **<u>સારો આગેવાન સમાજ કલ્યાણ અને સમર્પણની ભાવનાવાળો હોવો જોઇએ:</u>** (Dedication and Commitment to Society) વ્યક્તિગત સ્વાર્થથી ઉપર ઊઠી સમાજ માટે અર્પિત રહેવું.
- **<u>સારા આગેવાનમાં નેતૃત્વના તમામ ગુણો હોવા જોઇએ અને યોગ્ય માર્ગદર્શન આપવાની ક્ષમતા હોવી જોઇએ. (Leadership qualities and rationale guidance ability)</u>**.
- **<u>સારા આગેવાનમાં કુશળ વહીવટીય અને સંચાર કૌશલ્ય હોવાં જોઇએ:</u>** (Good administrative and communication skills) કુશળ વહીવટકર્તા અન્યો સુધી સંદેશાઓ પહોંચાડવાની કળા ધરાવતો અને સારો વક્તા હોવો જોઇએ.
- **<u>સારા આગેવાનમાં સહકાર અને ટીમવર્કની ક્ષમતા હોવી જોઇએ.</u>** (Teamwork and cooperation with all at all levels). આ મુદ્દો વિશેષ ધ્યાન માંગી લે છે. સારો આગેવાન સંસ્થાના દરેક માણસ સાથે સહકાર સાધી અને પોતાની ટીમને વિશ્વાસમાં લઇ બધા સાથે

મળીને યોજનાઓ અને આયોજનોનું સફળતાપૂર્વક સંચાલન કરે છે અને તેના સારાં પરિણામો લાવી સફળતાનો શ્રેય હમેશાં પોતાના સાથીઓ સાથે વહેંચે છે, sharing credit with others.

ફારુકભાઈ હંમેશા કહે છે કે, આપણી સંસ્થાઓને હમેશાં સજ્જ અને સાફસૂથરી રાખો અને તે માટે આ મુદ્દાઓનું ધ્યાન રાખવું પડશે:

- આપણી સંસ્થાઓને તમામ કાયદા-કાનૂન અને નીતિ-નિયમોના માળખામાં રાખો.
- આપણી સંસ્થાઓનો વહીવટ પારદર્શક બનાવો. કયાંય અને કયારેય આપણી કોઇ ખામી ન નીકળવી જોઇએ.
- આપણી સંસ્થાનું કાર્ય દિન-બ-દિન સારી ગુણવત્તાવાળું બનાવવી.
- આપણી સંસ્થાઓને આદર્શ અને નમૂનારૂપ બનાવવી.

આટલી વાતો ધ્યાનમાં રાખી, તેમના પર અમલ કરી આપણી સંસ્થાઓ જો કામ કરતી રહે તો સારો વિકાસ સાધી સંસ્થાના ધ્યેયને સરળતાથી પહોંચી શકે છે.

## WORDS OF WISDOM FROM VISIONARY LEADER
## DR. FARUK G. PATEL
### FOUNDER, CHAIRMAN & MD, KP GROUP














# પ્રકરણઃ૭

## ઈનોવેશન, ટેલેન્ટ અને ક્રિએટિવ મેનેજમેન્ટ માટે મળ્યું માનદ ડોક્ટરેટ



11 જૂન 2023ના રોજ **'ફારુક ગુલામ પટેલ'**ના નામ આગળ **'ડૉક્ટર'** લાગ્યું

અમેરિકન ઈસ્ટ કોષ્ટ યુનિવર્સિટીએ ફારુકભાઈને આ માનદ ઉપાધિથી નવાજેશ કર્યા. વડોદરાની સયાજી હોટલ ખાતે યોજાયેલા એક વિશાળ સમારોહમાં તેઓને પદવી આપવામાં આવી હતી ત્યારે કેપી ગ્રુપના સદસ્યો, પારિવારિક સભ્યો , મિત્રો, સમાજના મોભીઓ દરેક ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા.

ફારુકભાઈ દ્વારા રિન્યુએબલ એનર્જી સેક્ટર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના બિઝનેસમાં તેમના 28 વર્ષના કાર્યકાળ દરમિયાન (માનદ ડૉક્ટરેટ મળવા સચમના વર્ષ) કરવામાં આવેલા ઈનોવેશન, ટેલેન્ટ અને ક્રિએટિવ મેનેજમેન્ટ માટે તેઓને માનદ ડોક્ટરેટની પદવીથી નવાજેશ કરવામાં આવ્યા. આ યુનિવર્સિટીના ભારત સ્થિત પ્રતિનિધિ પવન અગ્રવાલે ફારુકભાઈના ઈનોવેશન, ટેલેન્ટ અને ક્રિએટિવ મેનેજમેન્ટ કાર્યોનું આકલન કર્યું હતું અને કેપી હાઉસ ખાતે આવીને તેમનો ઈન્ટરવ્યુ કર્યો હતો. ઉપરાંત પુખ્તા ડોક્યુમેન્ટનું એનાલિસીસ કર્યા બાદ આ પદવી આપવા માટેની પરવાનગી માટે ન્યૂયોર્ક સ્થિત યુનિવર્સિટીની વડી કચેરી ખાતે મોકલી આપ્યું હતું. ત્યાંથી એપ્રુવલ આવતા ફારુકભાઈને માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી હતી.

ડો. ફારુક પટેલે એક સામાન્ય પરિવારમાંથી આવીને લગાતાર મહેનત, લગન અને નવા નવા આઈડિયા તેમજ ઈન્વેનશન થકી કેપી ગ્રુપ નામથી એક આખુ બિઝનેસ એમ્પાયર ઊભું કર્યું.

તમને જાણવાની ઈચ્છા થશે કે તેઓએ કયા ઈનોવેશન-આઈડિયા થકી બિઝનેસ વિકસાવ્યો તેના અહીં કેટલાક ઉદાહરણો પ્રસ્તૃત છે.

૧) દેશની પ્રચલિત કંપનીઓ સેલફોર્સ, ટાટા, રિલાયન્સ, આઈડિયા વગેરેના મોબાઈલ ટાવર ડેવલપમેન્ટ કરવાનું કામ ફારુકભાઈનું કેપી બિલ્ડકોન પ્રા. લિ. વર્ષ 1996 બાદથી કરતું હતુ. પહેલા દરેક મોબાઈલ નેટવર્ક પુરી પાડતી કંપનીઓ અલગ-અલગ ટાવર એક જ વિસ્તારમાં ઊભા કરતી હતી. પરંતુ આ કામ કરતા ફારુકભાઈના મગજમાં એક વિચાર આવ્યો કે એક જ ટાવર પર દરેક મોબાઈલ નેટવર્ક કેમ ન રાખી શકાય. તેમણે આ આઈડિયા ઈન્ડસ કંપની કે

જે મોબાઈલ નેટવર્ક બિછાવવાનું કામ કરતી હતી તેને આપ્યો અને તેઓને આ આઈડિયા પસંદ આવ્યો. આ કંપનીએ આ કામ ફારુકભાઈને જ સોંપ્યું અને તેઓએ તે બખુબી કરી દેખાડ્યું. ઈનામરૂપે ઈન્ડસે દેશના 16 સ્ટેટમાં ફારુકભાઈને મોબાઈલ ટાવર ડેવલપમેન્ટ કરવાનું કામ આપ્યું. પહેલા તે માત્ર સુરત-દક્ષિણ ગુજરાત પુરતું જ સીમિત હતું.

૨) ફારુકભાઈએ સૌથી મોટો એક મીથ તોડવાનું કામ કર્યું. પહેલાં કહેવાતું હતું કે, પવનચક્કી લગાવવા માટે ગુજરાતમાં સૌથી શ્રેષ્ઠ સ્થળો કચ્છ અને સૌરાષ્ટ્ર વર્તુળમાં જ છે પરંતુ આપણાં ફારુકભાઈએ આ પરંપરાને એક સાયન્ટીફિક રિસર્ચ થકી તોડી નાંખ્યું. તેમણે ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કાવી-કંબોઈ ગામ પાસ એક પવનનો ડેટા એનાલિસીસ કરી શકે તેવો ટાવર લગાવીને તેનું ત્રણ વર્ષ આકલન કર્યું અને ત્યારબાદ તે ડેટાને વિશ્વની જાણીતી પવનચક્કી માટેના ડેટા એનાલિસીસ કંપની પાસે એપ્રુવલ સર્ટિફિકેટ મેળવ્યું અને ભરૂચ જિલ્લો પણ પવનચક્કીથી ભરી દીધો. સૌથી પહેલા સાઉથ ગુજરાતમાં અને એ પણ આપણાં ભરૂચ જિલ્લામાં પવનચક્કી લગાવનાર પહેલું કેપી ગ્રુપ બન્યું. કાવીમાં 7 વિન્ડમિલ લગાવ્યા બાદ, વાગરા અને મુલેરમાં પણ તેમણે પવનચક્કી લગાવી.

3) આ પહેલા ફારુકભાઈએ ભરૂચ જિલ્લાના સુડી-સમની ગામમાં પહેલો સોલાર પાર્ક સ્થાપ્યો. વર્ષ 2008માં જ્યારે તેમને આ આઈડિયા આવ્યો તે સમયે ગુજરાતમાં તો સોલાર પાર્ક અંગે પોલીસી પણ ન હતી અને આ બિઝનેસ પ્રચલિત પણ ન હતો પરંતુ તેમણે એક પ્રોજેક્ટરના માધ્યમથી ગામેગામ જઈને તેની અવેરનેસ ફેલાવી. લોકો હસ્તા પરંતુ તેઓ આગળ વધતા રહ્યાં અને એક તદ્દન નવો ફંડ ઊભો કરવાનો આઈડિયા તેઓ લાવ્યા. જમીન પર પ્લોટ પાડ્યા. તેને વેચ્યા અને આ પ્લોટને સોલારપાર્ક માટે ભાડે લીધા. સોલાર પાર્ક બન્યો અને બ્રાન્ડ બની 'સોલારિઝમ'. આમ લગભગ 1200થી વધુ પરિવારોને તેમણે સીધી રોજગારી ભાડા તરીકે ઊભી કરી આપી. આજે અહીં આઈકોનિક વિશાળ સોલાર પાર્ક છે.

ડો. ફારુકએ એક સામાન્ય પરિવારમાંથી આવીને, ભણતર ઓછું હોવા છતા પોતાના કરતા હોંશિયાર લોકોની ફૌજ કંપનીઓમાં ઊભી કરીને આજે પોતાની ત્રણ કંપની સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ કરી અને 43થી વધુ કંપનીઓના માલિક છે અને ઘણી કંપનીઓમાં પોતાનો હિસ્સો ધરાવે છે તે વાત એક બહેતર મેનેજમેન્ટનો ઉત્તમ નમૂનો છે. ડો. ફારુક માને છે કે, તમારું ઉઠવું-બેસવું સારા, સજ્જન, ઊંચી વિચારસરણી ધરાવતા, વિઝનરી, જાણકાર, ઇન્ટેલિજન્ટ લોકો સાથે રાખવું જોઈએ. જેથી તમારામાં પણ એ જ આચરણ આવે અને તમે આગળ વધી શકો. તેઓ હંમેશા જાહેર મંચ પર બોલતા સંભળાયા છે કે, તમે કોલસાની ખાણમાં જશો પણ તમે ન અડશો કે ખરીદશો છતા તમારા કપડાં કાળા થશે અને તમે અંતરની દુકાનમાં માત્ર લટાર જ મારશો તો પણ તમે ખુશબુ લઈ બહાર નીકળશો. આવા ઉચ્ચ વિચારો થકી જ તેઓ એક પ્રતિષ્ઠિત સન્માન મેળવી શક્યા છે. તેમને માનદ ડોક્ટરેટ જ નહીં પણ અનેક સન્માન-એવોર્ડ મળી ચુક્યા છે. જેમાં, લિઝેન્ડ ઓફ સુરત-2018, બિઝનેસ આઈકોન-2018, ધ લીડર્સ એવોર્ડ, રોટરી લમ્હે એવોર્ડ, ગિરધારીલાલ મુન્દ્રા એવોર્ડ ફોર આઉટ સ્ટેન્ડિંગ બિઝનેસ પર્સન, હુરુન ઇન્ડિયા તરફથી સ્ટાર ઓફ ગુજરાત અને રોટરી વોકેશનલ એક્સલન્સ એવોર્ડ ૨૦૨૫-૨૬ મળ્યો છે. જ્યારે તેમના માનવતાવાદી કાર્યોને લઈને તેમને સૌથી પ્રતિષ્ઠિત મહાત્મા એવોર્ડ પણ મળી ચુક્યો છે.

# પ્રકરણ:10

## ગર્વ લેવા જેવી બાબત: ડો. ફારુક પટેલે વિશ્વ પ્રસિદ્ધ એજ્યુકેશનલ સંસ્થા આઈઆઈએમ-અમદાવાદ અને આઈઆઈટી-પવઈ, મુંબઈમાં લેકચર લીધુ.



ડો. ફારુક પટેલ આમ તો એક સફળ બિઝનેસ ટાઈકુન, સમાજસેવીની સાથોસાથ સંખ્યાબંધ લોકોના પ્રેરણાસ્ત્રોત છે, મોટિવેશન છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ તેમનાથી ઘણી શીખ લે છે. નવા આંતરપ્રિન્યોર તેમની વાતો પોતાના જીવનમાં ઉતારે છે. ડો. ફારુકે અનેક જગ્યાઓ પર પોતાના માર્ગદર્શનથી યુવા પેઢીઓને રાહ દેખાડી છે. આવી જ એક ગર્વની ક્ષણ આઈઆઈએમ-અમદાવાદમાં તેમણે લેક્ચર લેવાને કારણે મળી. એ પણ 'ભાગવત ગીતા' સહિતના ધાર્મિક ગ્રંથોને અનુલક્ષીને. ડૉ. ફારુક જી. પટેલે આઈઆઈએમ અમદાવાદ ખાતે મૂલ્યો, નીતી શાસ્ત્ર અને માનવતાનું વ્યવાસાયિક જીવનમાં કેટલું મહત્વ છે તેના પર લેક્ચર આપ્યું હતું. ભાગવત ગીતા પર પ્રોફેસર સુનિલ મહેશ્વરી (ડીન, એલ્યુમનિ એન્ડ એક્સર્ટનલ અફેયર્સ)ના ચાલી રહેલા 40 સ્ટુડન્ટના વિશેષ સત્રમાં ડૉ. ફારુક પટેલને આમંત્રિત કરાયા હતા. જેમાં એક કલાક તેઓએ પોતાનું સંબોધન આપ્યું હતું. સાથોસાથ વિદ્યાર્થોઓના સવાલના જવાબ પણ આપ્યા હતા.

ડૉ. ફારુકે બિઝનેસ લાઈફમાં ત્રણવાર ઝીરો થઈ ગયા બાદ પણ કેવી રીતે વેલ્યુ, એથિક્સ પકડી રાખી તેમજ માનવતાવાદી નીતી અખત્યાર કરીને સફળતાની કેડી કંડારી તે અંગે વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા. ડૉ. ફારુકે વિદ્યાર્થીને પાઠ ભણાવતા કહ્યું હતુ કે, તમે જીવનમાં માનવતાને પ્રાધાન્ય આપો, લોકો માટે કંઈક કરી છુટવાની ભાવના મનમાં રાખો તો તમે જોશો કે ઈશ્વરીશક્તિની તમને આપોઆપ મદદ મળતી થશે. જીવનમાં કંઈક એવું કરી જાવ કે જે આવનારી પેઢી માટે ઉપયોગી નીવડે, માનવતા માટે ઉપયોગી નીવડે.  આ વિશેષ લેકચરમાં ડો. ફારુક પટેલે ખૂબ જ ઉમદા ઉદાહરણ ટાંકતા કહ્યું હતુ કે,આજના યુગમાં પણ આપણે મોહંમદ પયંગબર સાહેબ, ભગવાન કૃષ્ણ, ઈસા મસીહ, ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ,સુભાષચંદ્ર બોઝ ઈત્યાદીને કેમ યાદ કરીએ છીએ, કેમ તેમના પગલે ચાલીએ છે, કેમ તેમના આચરણોને અનુસરિયે છે,?. કેમ કે તેઓ એવા મૂલ્યો, વેલ્યુસ આપણી સમક્ષ મુકી ગયા છે. જો તમારે મોતને માત આપવી હોય અને વર્ષો સુધી લોકોના દિલોમાં જગ્યા બનાવવી હોય તો માનવતાને પ્રાધાન્ય આપીને આગળ વધવું જોઈએ. મોતને માત આપવાનો મતલબ છે કે, લાખો, કરોડો વર્ષો સુધી લોકો તમને યાદ કરે તેવા સારા કાર્યો કરવા. બિઝનેસમાં પણ સાહસિકતા સાથે મૂલ્યો, ઈમાનદારી અને મહેનત એટલાં જ જરૂરી છે. દરેક

ધર્મના શાસ્ત્રોમાં આ વાત કોમન જ છે કે સાચું બોલવું, ઈમાનદારી દેખાડવી, અન્યાય ન કરવો, માનવતાવાદી વલણ અપનાવવું. આ બાબતો અગર જીવનમાં અપનાવવાથી સફળતા જરૂર મળે જ છે.

ઉપરાંત જાન્યુઆરી ૨૦૨૫માં ડૉ. ફારુક પટેલએ આઈઆઈટી, પવઈ, મુંબઈ ખાતે યોજાયેલા SUSTAIN 5.0માં એક પ્રેરક ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરી હતી. "પસંદગીઓ પર પુનર્વિચાર, પરિવર્તનો પર પ્રતિક્રિયા અને ભવિષ્યનું પુનર્નિર્માણ" પર આ ચર્ચા હતી. ડૉ. ફારુકે વિદ્યાર્થીઓને ટાસ્ક આપ્યો હતો કે, સૌર ઉર્જાના વિસ્તરણમાં મુખ્ય અડચણ તરીકે જમીનની ઉપલબ્ધતા છે. 500 ગીગાવૉટના લક્ષ્ય માટે લગભગ 12 લાખ એકર જમીન જોઈએ. આ માટે તેમણે ફ્લોટિંગ અને વર્ટિકલ સૌર સ્થાપનો અને AI-આધારિત સૌર સિસ્ટમની ઑપ્ટિમાઇઝેશન જેવી તકનીકી પ્રગતિની જરૂરિયાત પર કામ કરો. રિન્યુએબલ એનર્જીની આગામી નવીનતાઓનું નેતૃત્વ કરો અને ફોટોવોલ્ટેઇક કાર્યક્ષમતા સુધારવા, સૌર પેનલનું આયુષ્ય વધારવા અને બેટરી સ્ટોરેજ ટેકનોલોજીમાં પ્રગતિ કરવા પર ધ્યાન આપવા પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે આઈઆઈટીના વિદ્યાર્થીઓને એક જબરજસ્ત પ્રોત્સાહિત કરતી વાત કહી કે, સૂરજ દરરોજ ઉગે છે, જે આપણને યાદ અપાવે છે કે પ્રકાશ હંમેશાં અંધકારને હરાવે છે. ચાલો આપણે પણ નવા નિશ્ચય સાથે ઉઠીએ અને એક ઉજ્જવળ, હરિયાળું આવતીકાલ બનાવીએ.

આ દેશની બે મહત્વપૂર્ણ એજ્યુકેશનલ સંસ્થાનોમાં ફારુકભાઈએ વિદ્યાર્થીને સંબોધીને આપણું માથુ ગર્વથી ઊંચું કર્યું છે. આ ઉપરાંત તેઓ પીપી સવાણી યુનિવર્સિટી, સાર્વજનિક યુનિવર્સિટી જેવી અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને સંબોધીને તેમનું મનોબળ વધારી ચુક્યા છે. ઉપરાંત ડૉ. ફારુક પટેલ અનેક ઈન્વેસ્ટમેન્ટ કોન્કલેવમાં, બિઝનેસ પેનલિસ્ટ તરીકે પણ ચીફ ગેસ્ટ તરીકે સંબોધિત કરી ચુક્યા છે. જેમાં મુખ્યત્વે ઈટી-મેકઈન ઈન્ડિયા એસએમઈ રેગ્યુલર સમિટ, કોર્પોરેટ કનેક્શન-03, બીએનઅઆઈ બિઝનેસ કોન્કલેવ-25, તેરાપંથ પ્રોફેશનલ્સ ફોરમ ટોક શો-સફલતા કે સૂત્ર, સેકન્ડ નેશનલ સસ્ટેનેબલ એનર્જી ઈનોવેશન કોન્કલેવ-મહારાષ્ટ્ર, અગ્રેસર વિકાસ, ભરૂચ ડિસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એસોસિયેશન કોન્કલેવ, રિફાહ ચેમ્બર ઓફ કોમર્સ કોન્કલેવ વગેરેનો સમાવેશ થાય છે.

## WORDS OF WISDOM FROM VISIONARY LEADER
## DR. FARUK G. PATEL
### FOUNDER, CHAIRMAN & MD, KP GROUP



















## પ્રકરણ ૧૧

# ડૉ. ફારુકભાઇ જી. પટેલના ઉર્જાનો ઉજાસની પ્રેરણાદાયક જીવનયાત્રાના તસ્વીરી પુરાવા અને સંભારણા



ગુજરાતીમાં કહેવત છે, “એક છબી હજારો શબ્દો કરતાં પણ વધુ બોલતી હોય છે.” એટલે કે A picture speaks more than words. એ કહેવત મુજબ ડૉ. ફારુકભાઇ જી. પટેલની જીવનયાત્રાના વિભિન્ન પાસાંઓને કયા રેક શબ્દોમાં સમાવવાં મુશ્કેલ બને છે. એને ધ્યાનમાં રાખી અમે ફારુકભાઇના જીવનકવનને દર્શાવતી કેટલીક છબીઓ આ વિભાગમાં રજૂ કરવાનું નક્કી કર્યું. લખાણ અને શબ્દોની મર્યાદિત સીમાઓને પેલે પાર બની શકે છે આ છબીઓ ફારુકભાઇની વ્યાપારી અને માનવતાવાદી પ્રવૃત્તિઓ અને તેમના વૈવિધ્યપૂર્ણ વ્યક્તિત્વને વધુ અસરકારક રીતે રજૂ કરે. એ હેતુથી અમે “ફોટો ગૅલરી ઑફ ડૉ. ફારુકભાઇ જી. પટેલ” તૈયાર કરી છે. આશા છે કે આ છબીઓ કદાચ ખૂટતી માહિતી પૂરી પાડી આપના માટે પ્રેરણાદાયી સાબિત થશે.



માતર ઑફિસ



ખાવડા સોલાર સાઇટ

# મહેમાનો સાથે ડૉ. ફારુક પટેલ



બોટ્સ્વાના સરકારના કેબિનેટ કક્ષાના ખનીજ અને
ઊર્જા મંત્રી શ્રી બોગોલો જોય કેનિવિન્ડો
સાથે ડૉ. ફારુક પટેલ



બોટ્સ્વાના સરકારના કેબિનેટ કક્ષાના ખનીજ અને
ઊર્જા મંત્રી શ્રી બોગોલો જોય કેનિવિન્ડો,
રાષ્ટ્રપતિ શ્રી ડુમા બોકો સાથે ડૉ. ફારુક પટેલ



શિક્ષક ગુરુ અને ભૂલકાં ભવન શાળાના આચાર્ય અને ટ્રસ્ટી
શ્રીમતી મીનાક્ષીબેન દેસાઈ સાથે ડૉ. ફારુક પટેલ



UAEના શ્રી અહમદ મોહમ્મદ
મોહમ્મદ અબ્દુહ અલ-શરીફ સાથે ડૉ. ફારુક પટેલ



દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કાર્યક્રમમાં
ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સાથે
ડૉ. ફારુક પટેલ



સુરત શહેરના પોલિસ કમિશનર
શ્રી અનુપમસિંહ ગહલૌત (IPS)
સાથે ડૉ. ફારુક પટેલ

## કેપી ગ્રુપની ઑફિસની ઝલક



કેપી હાઉસ (હેડ ઑફિસ), ભટાર રોડ, સુરત.


કેપી હાઉસ (હેડ ઑફિસ) રિસેપ્શન એરિયા


કેપી હાઉસ (હેડ ઑફિસ) સ્ટાફ વર્કિંગ એરિયા



સૂડી ઑફિસ, ભરૂચ

કેપી ગ્રીન એન્જિનીયરીંગ

માતર ઑફિસ-ફેક્ટરી, ભરૂચ



# કેપી ગ્રુપની સોલાર, વિન્ડ અને હાઈબ્રીડ સાઈટો



સૂડી આઈકોનિક સોલાર પાર્ક, ભરૂચ



માતલપર, મહુઆ, ભાવનગર



ભૂંગર, ભરૂચ



સામોજ, ભરૂચ



ખાવડા, કચ્છ

## વિવિધ સમારંભોમાં ડૉ. ફારુક પટેલ...




અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના
૫૭ મા પ્રદેશ અધિવેશનમાં મુખ્ય મહેમાન તરીકે
ગુજરાત રાજ્યના ડેપ્યુટી ચીફ મિનીસ્ટર
મા. શ્રી હર્ષભાઈ સંઘવી સાથે ડૉ. ફારુક પટેલ




શ્રી રામદેવપીર ચેરીટેબલ ટ્રસ્ટના
સમૂહલગ્ન સમારોહમાં ડૉ. ફારુક પટેલ



આર્ટ ઓફ લિવીંગ સંસ્થાના કાર્યક્રમ
"પીસ ઓફ પ્રોસપરીટી" કાર્યક્રમમાં સંસ્થાપક
શ્રી શ્રી રવિશંકર સાથે...



બોટ્સવાનામાં ભારતીય સમુદાયના
ભારતના પ્રેસિડેન્ટ શ્રીમતી દ્રોપદી મૂર્મુના
ડેલિગેશનમાં ડૉ. ફારુક પટેલ...



ધ વર્લ્ડ ભરૂચી વોહરા ફેડરેશન દ્વારા
ભરુચી વ્હોરા સમુદાયના ગૌરવના પ્રતીક તરીકે
ડૉ. ફારુક પટેલને સન્માનિત કરાયા...

## વિવિધ એજ્યુકેશન - મોટીવેશન કાર્યક્રમમાં ડૉ. ફારુક પટેલ...



IIM અહમદાબાદમાં પેનલિસ્ટ તરીકે
ડૉ. ફારુક પટેલ



રિફાહ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના
કાર્યક્રમમાં ડૉ. ફારુક પટેલ



IIT મુંબઈના સસ્ટેનીબીલીટી એન્ડ નેટ-ઝીરો ફ્યુચર
કાર્યક્રમમાં ડૉ. ફારુક પટેલ




BNI Greater કાર્યક્રમમાં
ડૉ. ફારુક પટેલ



PGVCL ના મેનેજીંગ ડિરેકટર શ્રી પી. સી. જોષી સાથે
ડૉ. ફારુક પટેલ

## WORDS OF WISDOM FROM VISIONARY LEADER
## DR. FARUK G. PATEL
### FOUNDER, CHAIRMAN & MD, KP GROUP


















# પ્રકરણ:12

## હુરુન ઈન્ડિયાની રિચેસ્ટ લિસ્ટમાં
## ડો. ફારુક પટેલને મળ્યું સ્થાન...






ડૉ. ફારુક પટેલે  નવા-નવા વ્યવસાયો, રોકાણો, રિન્યુએબલ એનર્જી ક્ષેત્ર, ફેબ્રિકેશન-ગેલ્વેનાઈઝીંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ક્ષેત્રમાં અનેક સોપાનો સર કરીને 31 વર્ષની બિઝનેસ સફર પુરી કરી. ત્રણ કંપની સ્ટોક માર્કેટમાં લિસ્ટ થઈ અને તેમની વેલ્થમાં વધારો થયો. એક લાખ રૂપિયાની મુડીથી 1994માં સ્થાપાયેલા કેપી ગ્રુપ સૌથી હાઈએસ્ટ માર્કેટ કેપ સાથે 186 બિલિયન રૂપિયાનું બિઝનેસ એમ્પાયર ઊભું થયું. આ બધુ લગાતાર મહેનત, ધગશ, ઈનોવેશન અને ટીમ વર્કને કારણે થયું. કેપી ગ્રુપની સાથે ડૉ. ફારુક પટેલની વેલ્થ પણ વધતી ગઈ અને તેઓને વર્ષ 2023માં પહેલીવાર વિશ્વ પ્રસિદ્ધ હુરુન ઈન્ડિયાની લિસ્ટમાં સ્થાન મળ્યુ. પ્રથમવાર તેઓને 3500 કરોડની નેથવર્થ સાથે ભારતમાં 524મો અંક મળ્યો. તેના પછીના એક જ વર્ષમાં એટલે કે વર્ષ 2024માં ભારતમાં 228મો અંક જ્યારે ગુજરાતમાં 16મો અંક અને સુરતમાં બીજો અંક મળ્યો. એટલે કે ડૉ. ફારુક સુરતના સૌથી રિચેસ્ટ પર્સનની લિસ્ટમાં બીજા ક્રમે 9700 કરોડની નેથવર્થ સાથે પહોંચી ગયા. ત્યારબાદ વર્ષ 2025-26 માં તેઓ રૂ.11,930/- કરોડની નેટવર્થ સાથે સુરતના સૌથી રિચેસ્ટ પર્સન તરીકે જાહેર થયા. હુરુન ઈન્ડિયાએ આ રિચલિસ્ટ જાહેર કર્યું હતું. માત્ર 1 લાખ રૂપિયાની બેઝિક મૂડીથી ડૉ. ફારુક પટેલની બિઝનેસ સફર કડી મહેનત, સુનિયોજિત આયોજનને કારણે આ મુકામ સુધી તેઓને પહોંચાડી ગઈ તે આપણાં સૌ માટે ગૌરવની વાત છે. ઉપરાંત તેઓ ફોર્બ્સ ઈન્ડિયા, ફોરચ્યુર્ન ઈન્ડિયા જેવી લિસ્ટમાં પણ  સ્થાન પામ્યા. તેમની કંપનીઓ પણ આ લિસ્ટમાં સ્થાન પામી.

# એવોર્ડ



હુરુન ઈન્ડિયા તરફથી
“સ્ટાર ઓફ ગુજરાત” થી સન્માનિત




સોશિયલ ગુડ્સ એન્ડ ઈટ્સ ઈમ્પેક્ટ બદલ
“મહાત્મા એવોર્ડ” થી સન્માનિત



મંતવ્ય ન્યૂઝ દ્વારા “ધ લીડર્સ એવોર્ડ” થી સન્માનિત




રોટરી ક્લબ ઓફ ઉધના દ્વારા “રોટરી વોકેશનલ
એક્સેલન્સ એવોર્ડ” થી સન્માનિત



સુરત શહેર પત્રકાર કલ્યાણનિધિ ટ્રસ્ટ દ્વારા
“વિશેષ વ્યક્તિત્વ એવોર્ડ” થી સન્માનિત



SGCCI સુરત દ્વારા શ્રી ગિરધરગોપાલ મુંદડા
એવોર્ડથી સન્માનિત

# એવોર્ડ


American East Coast University

[illegible]

Dr. Faruk Gulam Patel

The degree of

Honorary Doctor of Management

Innovation, Talent & Creativity Management

[illegible]

અમેરિકન ઈસ્ટકોસ્ટ યુનિવર્સિટી તરફથી
ડૉ. ફારુક પટેલને મળેલ માનદ્ ડૉક્ટરેટની ડિગ્રી



સુરત મહાનગર પાલિકા તરફથી કોવિડ દરમ્યાન
ઉત્તમ કાર્ય કરવા બદલ પ્રશસ્તિ પત્ર પ્રાપ્ત થયો



ડૉ. ફારુક જી. પટેલને અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ
કમિટી દ્વારા"દરવાજા-એ-શાહીન" સન્માનિત કરાયા



ગુજરાતમિત્ર તરફથી 'ધ લિજેન્ડ ઓફ સુરત'ના
એવોર્ડ સન્માનિત




ડૉ. ફારુક પટેલને "એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર"
એવોર્ડથી સન્માનિત



પી.પી. સવાણી યુનિવર્સિટીની
ગવર્નિંગ બોડીના સભ્ય તરીકે નિયુક્તિ

# પ્રકરણ:13

## વાત્સલ્યવર્ષા...માન...સન્માન..પ્રેમ...લાગણીઓનો ધોધ

## (પરિવારજનો, કર્મચારીઓ, મિત્રો, હિતેચ્છુઓના સ્નેહભર્યા સંદેશાઓ, પત્રો, લેખો ફારુકભાઈને નામ...)



વાત નીકળી છે તો કહું...સંબંધો હજીય મહેકે છે!!!

## પ્યાર કી ખુશબૂ જબ મહકતી હૈ

## હર દિલ મેં એક લૌ દહકતી હૈ

એક લેખક, પત્રકાર અને સામાજિક કાર્યકર હોવાના નાતે મારું અવલોકન છે અને મારું માનવું પણ છે કે આપણા પરિવાર, આપણા પાડોશી અને લોકો સાથેની આપણી વાતચીત, વર્તણૂંક અને વ્યવહાર આપણું સ્થાન, મહત્વ અને મૂલ્ય નક્કી કરે છે. વૃક્ષ પર ફળ આવવાના શરૂ થાય ત્યારે એ નમવાનું શરૂ કરે છે અને પોતાનાં ફળોની મીઠાશ અન્યો સુધી પહોંચાડે છે. એવી જ રીતે મહાન વ્યક્તિઓ જેમ જેમ ઉપલબ્દ્ધિઓ પ્રાપ્ત કરતી જાય તેમ તેમ વધુ વિનમ્ર બનતી હોય છે. જે માણસની સફળતા આકાશને ચૂમતી હોય અને છતાં તેના પગ ધરતી પર રહેતા હોય તો એવા વિનમ્ર અને સાદગીભર્યા માણસને સૌ કોઇ માન-સન્માન અને પ્રેમ-આદર આપતાં હોય છે. કોઇ પણ વ્યક્તિએ ભૂતકાળમાં આપણી સાથે કરેલું ખરાબ વર્તન આપણને લાંબો સમય યાદ રહે છે, એ જ પ્રમાણે આપણે અન્યો સાથે કરેલું ખરાબ વર્તન અન્યોને પણ દીર્ઘકાળ સુધી યાદ રહી શકે છે. એટલા જ માટે આપણે જો આપણી એક સારા માનવી તરીકેની છાપ આપણા પરિવારજનો, પાડોશીઓ. મિત્રો, કર્મચારીઓ અને લોકો સાથે કાયમ ટકાવી રાખવી હોય તો તેમની સાથેની આપણી વર્તણૂંક, વાતચીત, વ્યવહાર અને સબંધ, એ બધું હમેશાં સારું હોવું જોઇએ. સાથે સાથે માત્ર પોતાના માટે જ જીવવાને બદલે થોડું બીજા માટે પણ જીવવું પડે. જીવનકથાના લેખક તરીકે મને અને મારી ટીમના સભ્યોને ફારુકભાઇના પરિવારજનો, અંગત મિત્રો, હિતેચ્છુઓ અને કર્મચારીઓને મળવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થયું અને ફારુકભાઇ વિષે તેમની લાગણીઓને સ્પર્શવાનો મોકો મળ્યો. એ પહેલાં કે એ બધાની લાગણીઓને રજૂ કરું, ફારુકભાઇ પ્રત્યે આ બધાંનો પ્રેમ અને ઉમળકો કંઇ આ પ્રકારનો છે જેમાં તેમની લાગણીઓનો સમાવેશ થાય છે.

ફારુકભાઇ સાથે જોડાયેલ તમામ લોકોનું કહેવું છે કે અમે સૌ ભાગ્યશાળી છીએ કે અમારા જીવનમાં ફારુકભાઇ જેવા ઉદ્યમી અને પ્રેરણાદાયી વ્યક્તિ છે. તેઓ માત્ર એક સફળ ઉદ્યોગપતિ

જ નથી, પણ એક મક્કમ મનોબળ ધરાવનાર, ખંતીલા, દૃઢનિશ્ચયવાળા પરોપકારી માણસ છે. દરેક પડકાર અને પરિસ્થિતિનો સામનો તેઓ આત્મવિશ્વાસ અને હિંમતથી કરે છે.

વ્યવસાયમાં તેઓની સખત પકડ છે. દૂરંદેશી દૃષ્ટિ છે અને તેમના નવીન, સર્જનાત્મક વિચારોએ તેમને આ ઊંચાઇઓ સુધી આટલા ટૂંકા સમયમાં પહોંચાડ્યા છે. એક સફળ ઉદ્યોગપતિ તરીકે તેઓ હમેશાં નવી તકો શોધવામાં અને દરેક અવરોધોને દૂર કરી તેમને નવી તકોમાં ફેરવવામાં સફળ રહ્યા છે. તેમની સખત મહેનત અને દૃઢનિશ્ચયથી આજે આ સપનાને તેમણે હકીકતમાં ફેરવી શૂન્યથી વિરાટ અને અદ્દભુત સર્જન કર્યું છે.

પરંતુ ફારુકભાઇ માત્ર એક સફળ અને શ્રેષ્ઠ ઉદ્યોગપતિ જ નથી, તેઓ કુટુંબના માણસ છે, પારિવારિક જીવ છે, સંવેદનશીલ પરિવારના વડા છે, પ્રેમાળ મિત્ર અને કર્મચારીઓના દોસ્ત છે. દરેક પળે પોતાની જાત માટે વિચારતી વખતે તેઓ હમેશાં અન્યો માટે પણ વિચારતા હોય છે અને દરેકને મદદ કરવા હમેશાં તૈયાર રહેનાર એક ઉદાર દિલવાળા પરોપકારી જીવ છે. આટલી વ્યસ્ત જીવનશૈલી હોવા છતાં તેઓ હમેશાં પરિવારજનો, મિત્રો, હિતેચ્છુઓ, સમાજ માટે સમય ફાળવી સંબંધોને જીવતા રાખે છે. ફારુકભાઇની વિશેષ ખાસિયત એ છે કે તેમના સાંનિધ્યમાં હમેશાં ઊર્જા અને બાળક જેવો ઉત્સાહ અનુભવાય છે.

ફારુકભાઇની આંખોની ચમક, મસ્તી, હાસ્ય અને ચપળતા બધાને પ્રેરણા આપે છે. ફારુકભાઇને જોતાં એમ કહી શકાય કે સાચી નિય્યત અને નિષ્ઠાથી, એકધારી મહેનતથી અને સાચાં મૂલ્યો સાથે કોઇ પણ વ્યક્તિ પોતાના કોઇ પણ સપનાને સાકાર કરી શકે છે. તેઓ એક સફળ ઉદ્યોગપતિ જ નથી, પણ એક મજાના માણસ પણ છે જેમની સાથે આપણું જીવન ઉજ્જવળ અને આનંદિત બને છે. અમને ગર્વ છે કે ફારુકભાઇ અમારા જીવનનો અમૂલ્ય હિસ્સો છે, અમે નસીબદાર છીએ કે અલ્લાહે, ફારુકભાઇ જેવી વ્યક્તિને અમારી જિંદગીમાં મોકલી અમારા જીવનને પણ ધન્ય બનાવ્યું છે.


તમામના પત્રો, સંદેશાઓ, લેખો વાંચી લેખક તરીકે મેં ફારુકભાઇ વિષે વાત્સલ્ય વર્ષા વરસાવી તેમના ઉદ્યોગપતિ અને દાનવીર તરીકેના વ્યક્તિત્વને ઉજાગર કરવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે. એ બધું રજૂ કરું તે પહેલાં કેટલીક ટૂંકી પંક્તિઓ ફારુકભાઇને નામ કરું છું...

એક ટીપું
સમજણનું,
અને એક લાગણીનો ધોધ...

કુંપળ કુંપળ
મ્હોરી ઉઠ્યો
સંબંધ નામનો છોડ...!

## માતા રસીદાબેન અને પિતા ગુલામઅલી પટેલના શબ્દોમાં

## લાડકવાયા પુત્ર ફારુકની વાત...



ફારુકભાઈના પિતા ગુલામઅલી પટેલ અને માતા રસીદાબેનએ ફારુકભાઈના બાળપણથી લઈને અત્યારસુધીના કેટલાક રસપ્રદ પાસાઓ શેઅર કર્યા. 1948માં જન્મેલા ગુલામભાઈનું બાળપણ ગ્રાલસા કોઠી ગામના હવેલીવાલા તરીકે ઓળખાતા સંયુક્ત કુટુંબ વ્યવસ્થામાં વિત્યું હતું. ફારુકભાઈ વિશે તેમણે કહ્યું કે, પરિવારમાં ફારુકનો જન્મ થયો તે અમારા માટે ખૂબ જ ખુશીની વાત હતી. નાનપણથી જ એ એટલો ચંચળ હતો કે નવમા મહિને તો પોતાના પગેથી ચાલવા લાગ્યો હતો. ફારુક બે વર્ષનો હતો ત્યારે અમે ગ્રાલસા કોઠીથી સુરત શહેરમાં રહેવા ગયા. ચાર વર્ષનો હતો ત્યારે નર્સરીમાં અભ્યાસ માટે મુક્યો. આશાબેન નામની વ્યક્તિએ અમને ફારુકભાઈના અભ્યાસને પ્રાથમિકતા આપવા પ્રેરણા આપી. તેના કારણે નાનપુરા બજારમાં એક બેકરીની ઉપર આવેલા કિન્ડરગાર્ડન (કેજી)માં તેનો દાખલો લેવાયો. તે ભણવામાં હોંશિયાર હતો અને પહેલાથી જ ગણિત તેનોમનપસંદ વિષય હતો. જોકે તેના રાઈટિંગ સારા ન હતા. શરૂઆતના ત્રણ વર્ષ તેણે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કર્યો. ત્યારબાદ શાંતા મેડમે સલાહ આપતાં અંગ્રેજી માધ્યમમાં ભૂલકાભવન સ્કૂલમાં ધોરણ પાંચથી પ્રવેશ અમે મેળવ્યો. જોકે, ફારુક ખૂબ જ નટખટ હોવાથી

ઘણીવાર શિક્ષકો ફરિયાદ કરતા. જોકે, તેના બોલવાની કુશળતા બધાથી તેને જુદો પાડતી. તેણે સ્કૂલ સમયમાં અનેક મિત્ર બનાવ્યા. તે હંમેશા પીકનીકમાં જતો, વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેતો. પહેલાથી જ તેનો સ્વભાવ ડાઉન ટુ અર્થનો છે.

ફારુક ખાવાનો ખૂબ જ શોખીન રહ્યો. બચપનથી જ તેને દરિયાઈ માવો (શી-ફુડ) ખૂબ જ ભાવતું. ફળમાં સફરજન, જમરુખ ખૂબ ભાવતા. સુરતની ઘારીનો પણ તે દિવાનો. ક્રિકેટ તેનો પ્રિય ખેલ હતો. ભણવાની સાથોસાથ તે દિની (ધાર્મિક) પ્રવૃત્તિમાં પણ ખૂબ રસ લેતો. ઘણીવાર રમઝાનમાં ઈતેકાફ (10 દિવસ મસ્જિદમાં રહી ઈબાદત)માં બેસતો. બસ કંડક્ટર તરીકે મારો દર મહિને 80 રૂપિયા પગાર અને 81 રૂપિયા ભથ્થુ મેળવતો. જેમાં અમારા ઘરનું ભાડું 30 રૂપિયા હતું. અભ્યાસ દરમિયાન શાળાની ફી 33 રૂપિયા પ્રતિ મહિના હતી અને બાદમાં તે 130 રૂપિયા થઈ પણ અમે નક્કી કર્યું હતું કે ફારુકને સારી સ્કૂલમાં ભણાવવો જ છે એટલે અમે તે મેનેજ કરતા હતા. ભણવામાં હોંશિયાર ફારુકે એસ.એસ.સી. (SSC) 62 ટકા મેળવી પાસ કરી. એચ.એસ.સી.ની પરીક્ષા આપી.. માધ્યમિક અભ્યાસ બાદ તેઓ લંડન ગયા. ત્યાં પીઝા વેચવાનું કામ કર્યું. જોકે, બાદમાં તે ફરી ઈન્ડિયા આવી ગયા હતા. સુરતમાં પરિવારની મદદ કરવા માટે તેણે કપડાની દુકાન હાફિઝ બ્રધર્સ અને ચશ્માની દુકાનમાં નોકરી કરી. મુંબઈમાં Export-Importની ટ્રેનિંગ પણ લીધી. સાથે કમ્પ્યુટર તાલીમ માટે 3,000 રૂપિયા ખર્ચ્યા. મંત્રામાં ટેક્સટાઈલ એન્જિનિયરિંગનો અભ્યાસ પણ કર્યો.

**વકીલે દત્તક લેવાની ઈચ્છા વ્યક્ત કરી:** ફારુકને લંડન મોકલવાનો હતો. તે સમયે પાસપોર્ટ બનાવવા સહિતની પ્રક્રિયામાંથી અમે પસાર થયા. તે સમયે એક વકીલના સંપર્કમાં અમે આવ્યા. તે વકીલ ફારુકના પ્રભાવ અને બુદ્ધિમત્તાથી એટલો પ્રભાવિત થયો કે તેણે અમને કહ્યું કે, મને આ છોકરો દત્તક આપી દો હું તેને ખૂબ જ આગળ વધારીશ પણ અમે પ્રેમપૂર્વક ના પાડી.

**લગ્ન :** 1994માં ફારુકના લગ્ન થયા. તે સમયે પણ ખૂબ જ ભવ્ય રીતે લગ્ન કર્યા હતા. તેમાં દરેક સ્કૂલના મિત્રોને પણ બોલાવી હોટલમાં જમાડ્યા હતા. હંમેશા નવું કરવામાં માનતા ફારુકે લગ્ન

કંકોત્રી ચેક બુક જેવી અનોખી બનાવી હતી. લંડનથી પરત ફર્યા બાદ તેણે લગ્ન કર્યા. પહેલાથી જ તે ત્રણેય બહેનો અને માતા-પિતાનું ખૂબ જ ધ્યાન રાખતો. જ્યાં પણ ફરવા જાય તો બધા જ માટે કંઈને કંઈ લેતો જ આવે. બહેનો અને તેમના બાળકો માટે પણ કંઈ લેતો આવે. ખરીદીનો તેને પહેલાંથી જ શોખ છે. તેનું વલણ પહેલાંથી જ ખૂબ જ સકારાત્મક જ રહ્યું છે. તે ખૂબ જ મહેનત કરીને પ્રમાણિકતાથી આગળ વધ્યો છે અને તે લોકસેવાના કાર્યો પણ ખૂબ જ કરે છે જેનો અમને ગર્વ છે. ફારુક હંમેશા બીજાની સાથે પોતાના સ્ટાફની પણ એટલી જ દરકાર કરે છે. તે દરેક સ્ટાફને બપોરને ભોજન ફ્રીમાં કરાવે છે. તેમા પણ સામાન્ય કર્મચારી અને મજૂરોને પહેલા ભોજન ખવડાવાય છે. બાદમાં ઉપરી અધિકારીઓ ભોજન કરે છે તેવી પોલીસી કેપી ગ્રુપમાં તેણે બનાવી છે.

**કઠિન સમયમાં સહાય:** ફારુક હંમેશા કર્મચારીઓનું હિત ધ્યાને રાખે છે. અમારા એક સંતોષસિંહ નામના  સિનિયર કર્મચારીને કેન્સરનું નિદાન થયું. તે સમયે તેની સારવારનો ખર્ચ આપ્યો. જોકે બાદમાં તેનું અવસાન થયું તો તેના પરિવારને આજ દિન સુધી તેનો પગાર ચુકવે છે અને તેના બાળકોના ભણતરની જવાબદારી પણ ઉપાડે છે. ઉપરથી તેની વિધવા વહુને નોકરીએ પણ રાખી. આવી જ રીતે એક નવા કર્મચારીનું અવસાન અકસ્માતે થયું તો તેના પરિવારને આર્થિક સહાય સાથે તેને શેર આપ્યા. આવા અનેક કિસ્સા છે. દરેક કર્મચારીને 'ઈ-શોપ' પણ આપી તેમને આર્થિક રીતે સદ્ધર બનાવવાનો પ્રયાસ કર્યો છે. પોતાની સાથે કામ કરનાર દરેક વ્યક્તિ સારી રીતે રહે તેની વ્યવસ્થા ફારુકે કરી છે. માતા-પિતા તરીકે અમારી દુઆ હંમેશા તેની સાથે છે. અમે સુરતમાં જ્યા રહેતા તે નિશાત સોસાયટી પાસે એક અમીરના બંગલા પાસે મદદ માટે લોકોની લાઈનો લાગતી ત્યારે અમે દુઆ કરતા કે યા અલ્લાહ તુ પણ અમને આજ રીતે આપવાવાળો બનાવજે. અમારી પાસે કંઈ ન હતું તો પણ અમે અમારાથી સંભવ મદદ અમારી પાસે આવનારાઓની કરતા જ રહેતા હતા અને અલ્લાહે અમારી દુઆ કબૂલ કરી અને ફારુકના માધ્યમથી તે અનેક જરૂરિયાત લોકોના જીવનમાં ઉજાસ લાવી રહ્યો છે તે અમારા માટે ગર્વની વાત છે.



**ફારૂકભાઇ પટેલ એમના ધર્મપત્ની વહીદાબેનના શબ્દોમાં...**

“મને યાદ છે શાદી પહેલાં જ હાજીસાહેબને બધાં ઓળખતાં હતાં, તેમનું વ્યક્તિત્વ અને પ્રતિભા એટલાં આકર્ષક હતાં કે ઘણી બધી છોકરીઓ તેમની સાથે શાદી કરવાનાં સપનાં જોતી. તેમના માતા-પિતા પણ શરૂઆતથી જ અન્યોને ખૂબ મદદ કરતાં હતાં. અમારાં લગ્ન ૧૯૯૪માં થયાં એ પહેલાંથી જ હાજીસાહેબ ખૂબ પરિપકવ અને સમજદાર હતા.

શાદી પ્રસંગે તેમણે મારા પરિવાર પાસે કોઇ પણ જાતનો ખર્ચ કરાવ્યો ન હતો. તે સમયે તેમની પાસે ખાસ સાધન સંપત્તિ ન હતાં, પરંતુ પોતાની મહેનત અને આયોજનથી તેમણે બધું સંભાળી લીધું હતું. અમારો વિવાહ સમારંભ રિગલ (Regal) હોટલમાં રાખવામાં આવ્યો હતો જે તે જમાનામાં બહુ મોટી વાત કહેવાય. અમારી શાદીની કંકોત્રી પણ અનોખી હતી. તે સમયની બેન્કની પાસબુક સ્ટાઇલમાં છાપી હતી જે સ્ટાઇલમાં બહુ ઓછા લોકો કંકોત્રી છપાવતા હતા.

હાજીસાહેબના વિચારો હમેશાંથી ઊંચા હતા. સારા લોકોની વચમાં બેસવું, મહેનત કરવી, સંગઠનને સાથે રાખી કામને સફળ બનાવવું – આ બધા ગુણો તેમનામાં બચપણથી જ હતા. અમારી શાદી પછી ૯ મહિના બાદ અમારી દીકરીનો જન્મ થયો. તે સમયે સગર્ભાવસ્થામાં સામાન્ય રીતે છોકરીઓ પોતાના પિયર જતી રહેતી. હું એટલી સ્વસ્થ અને સહજ હતી કે તેમની સાથે હોસ્પિટલમાં ગઇ અને તેમણે બધું જ વ્યવસ્થિત રીતે સંભાળી લીધું હતું.

અમે અમારી જિંદગીની શરૂઆત ભરૂચ શહેરથી કરી હતી, જ્યાંથી તેમનો વેપાર શરૂ થયો હતો. તેમની ઉંમર ત્યારે ફક્ત ૨૧ વર્ષની હતી, પણ તેમના વેપારી ભાગીદારો તેમનાથી મોટી ઉંમરના હતા અને તેમ છતાં વેપારમાં આગેવાની હમેશાં તેમની રહેતી.

ભરૂચમાં અમારા મોટા છોકરાનો જન્મ થયો. ત્યાર બાદ વેપાર અર્થે અમે સુરત સ્થળાંતરિત થયા. શરૂઆતમાં અમે ત્યાં એક નાના ફ્લૅટમાં રહેતા હતા. તે જ નાના ફ્લૅટમાં અમારા ત્રીજા સંતાનનો જન્મ થયો. તેમની સોચ એટલી પ્રગતિશીલ હતી કે થોડાજ સમયમાં અમે એક મોટા ફ્લૅટમાં રહેવા ચાલ્યાં ગયાં જે તે જમાનામાં એક ઘણી મોટી વાત ગણાતી.

જીવનમાં ઘણાં ઉતાર-ચઢાવ આવ્યા. તેમણે પોતાનું ધ્યાન રિન્યુએબલ એનર્જીના વેપારમાં લગાવ્યું. મેં તેમને રાત દિવસ મહેનત કરતા જોયા છે. તેઓ સવારે ૫ વાગે ઘરે આવતા હતા અને ફક્ત બે કલાકની ઊંઘ લઇ ફરીથી કામે જવા નીકળી જતા હતા. આજે તેઓ જે મુકામ પર છે એ તેમની મહેનતનું ફળ અને પરિણામ છે.

તેમણે અમારાં સંતાનોને સર્વશ્રેષ્ઠ શાળા અને કોલેજોમાં શિક્ષણ અપાવી ખૂબ ભણાવ્યા. અમારી દીકરીની શાદી ફાઇવ સ્ટાર હોટલમાં કરાવી, જે તે સમયમાં કોઇ વિચારી પણ શકતું ન હતું. અમારો જમાઇ અમને એક દીકરા જેવો જ મળ્યો છે. અમારા નાના દીકરાનો જન્મ થયો અને પછી અમારા મોટા દીકરાની શાદી થઇ. આ શાદી કૉવીડના અંતિમ ચરણના કઠોર સમય દરમિયાન થઇ હતી અને આ શાદીની આખા શહેરમાં ચર્ચા હતી.

આજે અમે એક ખૂબ જ ભવ્ય ઘરમાં રહીએ છીએ, જેનું અમે કયારે ય સપનું પણ જોયું ન હતું. તેમની સોચ હમેશાં એવી રહી છે કે દરેક માણસ બીજા માણસને કંઇ ને કંઇ ફાયદો પહોંચાડે. તેમના ઉચ્ચ વિચારો અને મહેનતના લીધે આજે લાખો લોકો તેમને સલામ કરે છે.

તેમની પત્ની હોવાના નાતે પણ હું તેમને સલામ કરું છું. કયારેક હું મારા મગજમાં નકારાત્મક્તાનો અહેસાસ કરું છું ત્યારે હું તેમના વિષે વિચારું છું કે તેઓ કેટલા બધા લોકોને ફાયદો પહોંચાડે છે, માનવતા માટે કામ કરી રહ્યા છે. આ વિચારીને હું પણ સારું અનુભવું છું.

જો મારે ઉપરવાળા પાસે કશું માંગવુ હોય તો હું હાજીસાહેબની નેકીઓનો વસીલો આપું છું. અલ્લાહે મને ખૂબ જ સારા માણસ સાથે જિંદગી વીતાવવાનો મોકો આપ્યો છે. હું મારી જાતને દુનિયાની સૌથી વધુ ખુશનસીબ સ્ત્રી માનું છું કે મને આટલા સરસ પતિ મળ્યા.

એ તેમની મહેનત અને સફળતાનું પરિણામ છે કે આજે અમારા હાજીસાહેબ ડૉ. સાહેબ બની ગયા. આ ફક્ત એક ટાઇટલ જ નથી, પરંતુ તેમની તપસ્યા, રાત દિવસની સતત અને સખત મહેનત અને તેમની અતૂટ લગનીનું પ્રતીક છે.

આ છે તેમના સમર્પણ અને સંઘર્ષની કહાની, જેનાથી તેઓ આ સ્થળે પહોંચ્યા છે. આ ફક્ત તેમના માટે જ નહીં, પરંતુ તમામ કુટુંબીજનો અને એ બધા જ લોકો માટે ગર્વની વાત છે જેમની જિંદગીમાં તેમણે મહેનત કરીને પરિવર્તનો લાવ્યાં છે.

આજે હું ગર્વથી કહી શકું છું કે મારા પતિએ જે સિદ્ધિઓ હાસિલ કરી છે એ કોઇના માટે પણ પ્રેરણાદાયી છે. તેમની આ ઉપલબ્ધિઓએ અમારા જીવનને વધારે ખૂબસુરત બનાવી દીધું છે. અલ્લાહ પાક તેમની મહેનતનું ફળ આ રીતે જ આપતા રહે અને તેમની તમામ ખ્વાહિશો પૂરી કરે.

અલ્લાહ તેમની તમામ ખ્વાહિશો પૂરી કરે અને ખરાબ નજરોથી તેમની હિફાઝત કરે કારણ કે હવે તેઓ ફક્ત ૧,૨,૩,૪ લોકોના પરિવારના જ નહીં, પરંતુ લાખો પરિવારના સહારારૂપ છે. મને ગર્વ છે કે મેં મારી જિંદગી તેમની સાથે શરૂ કરી અને આજદિન સુધી તેઓ મારી તાકાત છે.

અને છેલ્લે ઉપરવાળાને હું આ પણ કહીશ કે મને આખિરતમાં પણ, જન્નતમાં પણ મારા આ પતિનો સાથ આપજે.

- વહીદા ફારૂક પટેલ, ધર્મપત્ની

- (નોંધ: વહીદાબેનના મૂળ શબ્દો અને અભિવ્યક્તિ હિંદી ભાષામાં છે જેનો ગુજરાતીમાં તેમની મૂળ અભિવ્યક્તિમાં છલકાતો પ્રેમ અને ભાવનાઓ જળવાય રહે એ રીતે અનુવાદ કરાયો છે).



## ફારૂકભાઇ પટેલ એમના ધર્મપત્ની આયશાબેનના શબ્દોમાં...

"મારા પતિ એક અદ્દભુત વ્યક્તિ છે. તેમનો બિનશરતી પ્રેમ અને ટેકો મારા માટે આધારસ્થંભ જેવો છે, ખાસ કરીને એ બાબતને ધ્યાનમાં રાખીને કે એક તદ્દન નવી અને અલગ સંસ્કૃતિના બૅકગ્રાઉન્ડમાંથી આવી હું તેમના અને પરિવારના જીવનમાં પ્રવેશી હતી. આ તદ્દન નવી અને ભિન્ન સંસ્કૃતિની અમારા સંબંધો પર કોઇ અસર ન થાય તેની ખાતરી રાખી તેઓ ખૂબ જ ધૈર્ય, સબર અને માયાળુ સ્વભાવથી મને પૂરતું માન-સન્માન આપી મારી પડખે ઊભા રહ્યા. તેમના આ પરિપકવ સ્વભાવ અને અદ્દભુત વ્યક્તિત્વ દર્શાવે છે કે આ માણસનું દિલ કેટલું મોટું છે. તેઓ એક વિશિષ્ટ પિતા પણ છે. બાળકો પ્રત્યે શિસ્ત અને પ્રેમનું સમતોલન જાળવી એક સફળ પિતા તરીકેની ભૂમિકા નિભાવી તેઓ અમારાં સંતાનોને સુરક્ષિતતા, સ્નેહ અને આત્મવિશ્વાસની ખાતરી આપે છે.

તેઓ ઉત્તમ અર્થશાસ્ત્રી છે, નાણાકીય અને અર્થતંત્રના વિષયનું વિશિષ્ટ જ્ઞાન અને અનુભવ ધરાવે છે. તેથી જ તો બીજાઓને કાયમ મદદ કરવાની સાથે સાથે પરિવારની આર્થિક સુરક્ષા અને દરેક પ્રકારની સ્થિરતાનો હમેશાં ખ્યાલ રાખે છે. તેમનો પ્રેમ અને ચરિત્ર મને દરરોજ યાદ અપાવે છે કે હું કેટલી નસીબદાર છું કે મને આવા અદ્દભુત વ્યક્તિ સાથે જીવન જીવવાની ભાગીદારી મળી છે.

- આયશા ફારૂક પટેલ, ધર્મપત્ની

(નોંધ: આયશાબેનના મૂળ શબ્દો અને અભિવ્યક્તિ અંગ્રેજી ભાષામાં છે જેનો ગુજરાતીમાં તેમની મૂળ અભિવ્યક્તિમાં છલકાતો પ્રેમ અને ભાવનાઓ જળવાય રહે એ રીતે અનુવાદ કરાયો છે).



## ફારુકભાઈ પટેલ તેમની દીકરી ઝુવેરિયા મોઈનુલહક કડવાના શબ્દોમાં...

અસ્સલામુ અલયકુમ,

મારા પપ્પા મારા માટે શું છે તે તો શબ્દોમાં વર્ણવી જ ન શકાય. મારા માટે તે એક આઈકોન છે. મારા પપ્પા જેવી શખ્સિયત મેં મારા જીવનના 30 વર્ષ પસાર થઈ ગયાં હજી સુધી જોઈ નથી, મારા પપ્પા મારા દિલ પર જ રાજ નથી કરતા, પરંતુ મારી આંખોના તારા પણ છે, રાજા છે. મારો જન્મ 1994માં થયો. ત્યારબાદ ચાર ભાઈ અને એક બહેનનો જન્મ થયો. પરિવારમાં હું સૌથી મોટી દીકરી તરીકે મારી સાથે એક બાપની ઘણી લાગણીઓ જોડાયેલી છે. મારા જન્મ સાથે જ માતા-પિતા, દાદા-દાદી અને સૌને ખૂબ ખુશી થઈ. મારા પપ્પાએ મને એક રાજકુમારીની જેમ ઉછેરી, મારા પપ્પાને મારા જન્મ સમયે ધંધાકીય રીતે ઘણું ટેન્શન હતું. ઘણી મહેનત તેઓ કરતા, ઘણી કશમકશ હતી પરંતુ તેઓએ મારા સહિત દરેક ભાઈ-બહેનની પરવરિશમાં કોઈ કસર છોડી નહીં. બચ્ચાઓને કોઈપણ ચીજ-વસ્તુ જોઈતી હોય ના ન પાડી.

મારા અને મારા પપ્પા વચ્ચે એક બાપ-દીકરી કરતાં એક મિત્ર તરીકેનો સંબંધ વધુ રહ્યો છે. હું મારા પપ્પાને મારી મૂંઝવણો, દિલની વાત આસાનીથી કરી શકું છું એટલી બધી મોકળાશ પપ્પાએ મને આપી છે, હું તેમને કોઈ પણ મૂંઝવણ વિશે એ આશા સાથે કહી શકું છું કે, પપ્પા તેનો આસાનીથી ઉકેલ લાવી દેશે, બધુ સાચવી લેશે. પપ્પાએ મારા લગ્ન સુધી સારા ઉછેર સાથે મારામાં સારા સંસ્કાર સીંચ્યા. મને સાચું-ગલતનું જ્ઞાન ખુલ્લા મને આપ્યું. દુનિયાદારી શીખવી. લગ્ન સમયે મને ખૂબ જ ખુશીઓની સાથે સાસરે વળાવી. મારા લગ્ન સમયે પપ્પાનો સ્ટ્રગલિંગ પિરિયડ હતો, તેમ છતાં મારા લગ્નમાં તેમણે કોઈ ઓછપ આવવા ન દીધી. મારે જે કંઇ જોઈતું હતું તે વિના ઝિઝક તેમણે મને

અપાવ્યું. મારી જે ઈચ્છા હતી તે પૂર્ણ કરી. મારા લગ્ન ફાઈવ સ્ટાર હોટલમાં કર્યા અને દરેક ફંક્શન કોઈ પણ કમી પડવા દીધા વિના પૂર્ણ કર્યા. મારા પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે. હું ખૂબ ગર્વ અનુભવું છું અને અલ્લાહનો શુક્ર અદા કરું છું કે મને ડૉ. ફારુક પટેલને ત્યાં એક દીકરી તરીકે જન્મ આપ્યો

મારા પિતા વિનાના પતિને પણ પપ્પાએ એક સગા પિતા જેવો પ્રેમ આપ્યો અને તેમને એ કમી ક્યારેય પણ મહેસૂસ થવા ન દીધી.

મારી અલ્લાહથી એક જ દુઆ છે કે, મારા પપ્પાની આંખમાં અમારા પરિવારને કારણે કોઈ દિવસ આંસુ ન આવે. પપ્પા હમેશાં ખુશ રહે. એક પિતા તરીકે તેમણે તેમની ફરજ બખુબી નિભાવી છે. અમે ભાઈ-બહેન પણ તેમના માટે ગર્વનુ કારણ બનીએ એવી દિલી દુઆ છે. આજે અમે જે કંઈ પણ છે તે અલ્લાહ બાદ મારા પિતા ડૉ. ફારુક પટેલને કારણે જ છીએ, તેમના વિના આ સંભવ જ ન બનત.

મારા પપ્પા ઘણાં જરૂરતમંદોની પણ અમારી જેમ જ સારસંભાળ રાખે છે. હજારો લોકોની સહાય કરે છે. તેમના માનવતાવાદી સ્વભાવે જ તેઓને અહીં સુધી પહોંચાડ્યા છે અને દુઆ છે કે તેઓ હજી વધુ ઊંચાઈ હાંસિલ કરશે. મેં નાનપણથી તેમને લોકોની મદદ કરતા જોયા છે. તેઓ પ્રેમાળ અને દયાળુ વ્યક્તિ છે. અમારી દુઆ છે કે તેમની પાછલી જિંદગીમાં અમે તેમના સુખ-શાંતિ અને ગર્વનું કારણ બનીએ. મને મારા પપ્પા પ્રત્યે ખૂબ જ આદર-પ્રેમ છે. અલ્લાહ તેમની દરેક મનોકામના પૂરી કરે, તંદુરસ્તી આપે, તેમનો હાથ હમેશાં અમારા શિરે રાખે એવી એક દીકરી તરીકે મારી દુઆ છે.

આખરમાં મારા પપ્પા માટે હું કહીશ કે...

'એક મકાનને ટકાવી રાખવા માટે પ્રેમની જરૂરત પડે છે, તે જ પ્રમાણે એક પરિવારને ટકાવી રાખવા માટે સાહેબ એક પિતાની જરૂરત પડે છે.

એક પિતાની હાજરી તો સૂરજ જેવી હોય છે. સૂરજ ગરમ જરૂર હોય છે પણ તે ના હોય તો દુનિયામાં અંધકાર છવાય જાય છે સાહેબ.."

આઈ લવ યુ અબ્બા.

- ઝુવેરિયા મોઈનુલહક કડવા, પુત્રી

## ફારુકભાઈ પટેલ તેમના જમાઈરાજા મોઈનુલહક કડવાના શબ્દોમાં...



અબ્બા માટે લખવું મારા માટે ખૂબ જ ડિફિકલ્ટ છે. શબ્દોમાં તેમના માટેની લાગણી, પ્રેમ, ઈજ્જત, સંબંધ, સન્માન વર્ણવી શકું એવી સ્થિતિમાં જ હું નથી. છતાં મને લખવા માટેની ફરજ પડાય એટલે થોડો પ્રયાસ કરી રહ્યો છું. મારા લગ્ન ઝુવેરિયા સાથે થયા ત્યારથી અત્યાર સુધીના જીવનમાં મેં તેમના મોઢેથી ક્યારેય પણ એવું સાંભળ્યું નથી કે આ મારો જમાઈ છે. તેમણે મારો પરિચય હમેશાં એક મોટા દીકરા તરીકે જ આપ્યો છે. હું નવ મહિનાનો હતો ત્યારે મારા પિતાજીનું અવસાન થયું હતું. મારા દાદા-દાદીએ મને ઉછેર્યો. એટલે મને પિતાનો પ્રેમ શું હોય તે ખબર જ ન હતી. પરંતુ ઝુવેરિયાના માધ્યમથી અબ્બા મારા જીવનમાં આવ્યા અને મને એક બાપ મળ્યાનો અહેસાસ થયો. એક સગા પિતાજી કરતાં વધુ પ્રેમ, સન્માન, સહકાર, ઈજ્જત, જિંદગી તેઓએ મને પૂરી પાડી. મારો પરિવાર અલ્લાહે તેમના માધ્યમથી પૂરો કર્યો.

હું જ્યારે પણ પરેશાનીમાં હોઉં ત્યારે ખબર નહીં તેમનો અચાનક કોલ આવી જાય અને સલામ સાથે માત્ર એટલું જ પૂછે કે કેમ છો બેટા? શું ચાલે છે? અને હું હળવાશ અનુભવું. અલ્લાહ તરફથી ખબર નહીં તેઓને કેવી રીતે ઈન્ટીમેશન મળી જાય છે કે મોઈનુલ પરેશાન છે, કોઈ ગુંચવણમાં છે. હું ઘણીવાર વિચારું છું કે અબ્બા સમક્ષ આજે બિઝનેસ સહિતના પ્રશ્નો લઈને જાઉ પણ તેમની

ઓફિસના એક ખૂણે બેઠો હોઉં અને તેઓ બીજાઓ સાથે અથવા પરિવાર સાથે અનેક વાતો કરતા હોય તો ઓટોમેટિકલી મને મારી મૂંઝવણો દૂર થતી જણાય છે. તેમાંથી જ મને સમસ્યાના હલ મળી જાય છે. હું અનુભવું છું કે તેમને મળવા માત્રથી જ સમસ્યાઓ ભાગી જાય છે. અબ્બા વિઝનરી છે.

બે-ચાર વર્ષ પહેલાં જ ભવિષ્યની તૈયારીમાં આપણને જોતરી દે છે. આપણે તે કામ કરતા થઈએ એટલે ધીરે ધીરે માલૂમ પડે છે કે, તેઓ ડિમાન્ડીંગ નથી, એગ્રેસિવ નથી, સ્ટ્રીક્ટ નથી પણ સમય પહેલાં, જમાના પ્રમાણે આપણને રેડી કરી રહ્યા છે. હું માતર ગામની ફેક્ટરીની જ વાત કરું તો આ ફેક્ટરી એક વર્ષમાં જ પૂર્ણ કરવાનો ટાર્ગેટ તેમના તરફથી મળ્યો. આ પોસિબલ નથી એવું કહીને બે- ત્રણ લીડર્સે તો રાજીનામા આપી દીધાં પણ અમને તેઓએ કહ્યું એટલે રિવર્સ કેલક્યુલેશનમાં હું હવે પડતો જ નથી. અમે કરવાની શરૂઆત કરીને પ્રોજેક્ટ પુરો થયો.

હું અબ્બાને મારા આઈડિયલ માનું છું. તેઓ ઝીરોમાંથી હીરો બન્યા છે. ટાટા અને અંબાણી જેવા લોકોનાં પુસ્તક મોટિવેશન માટે લોકો વાંચે છે, પરંતુ આપણે તો નસીબદાર છીએ કે આપણી વચ્ચે જ અબ્બાના રૂપમાં એવી શખ્સિયત મૌજુદ છે. તેમનાથી મોટિવેશન મળતું જ રહે છે. ઊર્જા મળતી જ રહે છે. તેઓ સલાહ આપે કે આ કરો એટલે કરી લેવાનું એટલે આપણી સફળતા પાક્કી જ. અલ્લાહે તેમને સલાહિયત આપી છે. અલ્લાહ તેમની ઉંમરમાં બરકત અતા કરે અને બંને જહાનોની તમામ ખુશીઓથી નવાજે.

- મોઈનુલહક કડવા




## ફારુકભાઇ પટેલ તેમના પુત્ર અફ્ફાન ફારુક પટેલના શબ્દોમાં...

મારા પિતાજી ડૉ. ફારુક ગુલામ પટેલ હમેશાં પોતાની જરૂરિયાતો અને ખુશીઓને પાછળ રાખી અમારા માટે આગળ રહ્યા છે. મને યાદ છે તેમણે પોતાની તંદુરસ્તી અને આરોગ્ય દાવ પર લગાવી દીધું હતું ફક્ત એટલા માટે કે અમે તેમનાં સંતાન એક સારું જીવન જીવી શકીએ. હું હમેશાં તેમની મોડી રાતો સુધીની સખત મહેનત અને મારા માટે કાયમ જ મારી પાસે મોજૂદ રહેવાની તેમની કાળજી લેવાની ચેષ્ટાને ક્યારેય નહીં ભૂલી શકું.

બાળપણમાં મારી અમુક મૂર્ખાઇઓ અને ભૂલો હમેશાં મુસીબતો લઇને આવતી, પરંતુ મારા પિતાજી એ તમામ પરિસ્થિતિઓનું ખૂબ જ શાંતિ અને સમજદારીપૂર્વક નિવારણ લાવતા. દરેક સમસ્યાઓને તેમણે પોતાની સૂઝબૂઝ અને પ્યારથી હલ કરી, એ મુસીબતોમાંથી મને બહાર કાઢી એક સારા રસ્તે ચાલવાની હિંમત અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું અને મને ભણાવી ગણાવીને એન્જિનિયર બનાવ્યો.

તેમણે પોતાની જિંદગીભરની સખત મહેનત અને લગનથી આજે હજારો કરોડનું વિશાળ વ્યાપારી સામ્રાજ્ય ઊભું કર્યું છે અને મને કેપી ગ્રુપના પૂર્ણકાલીન નિયામક(વ્હોલ ટાઈમ ડિરેક્ટર) બનવાનો મોકો પૂરો પાડયો. આ જવાબદારી મારી તાકાત કરતાં ઘણી મોટી છે, તેમ છતાં તેમણે મારામાં વિશ્વાસ દાખવી આ જવાબદારી મને સોંપી એ તેમના ઉદારદિલ હોવાનો અને પ્રેરણા આપવાનો પુરાવો છે.

એક પિતા હોવાને નાતે ડૉ. ફારુક પટેલ હમેશાં પોતાનાં સંતાનો માટે ઉત્તમ ઉદાહરણ બની પ્રેરણા આપતા રહે છે. તેમનું દૃઢપણે માનવું છે કે સપનાંઓ હમેશાં મોટાં જોવાં જોઇએ અને તેમને પૂરાં કરવા મહેનત અને લગનથી કામ કરવું જોઇએ. એની સાથે સાથે પોતાનાં મૂળિયાંઓથી જોડાયેલા રહેવું પણ એટલું જ જરૂરી છે. પોતાના જીવનના સંઘર્ષો અને સફળતાઓથી તેમને જે કંઇ શીખવાનું મળે છે તેને તેઓ અમારી સાથે શેઅર કરતા હોય છે. તેઓ જીવનના ડગલે ને પગલે અમને માર્ગદર્શન આપતા રહે છે. તેઓ હમેશાં અમને એ શીખવાડે છે કે સફળતા ફક્ત પોતાના માટે જ નહીં, પણ તેનો એક ભાગ સમાજ માટે પણ હોવો જોઇએ. તેમણે અમને સમજાવ્યું છે કે જિંદગીમાં બની શકે તો પોતાની કમાઇ અને સમયનો એક હિસ્સો સમાજને પણ પાછો આપવો જોઇએ જેથી બીજા લોકો પણ પોતાનાં સપનાંઓ પૂરાં કરી શકે. તેમની નજરમાં એક સાચા વ્યક્તિની ઓળખ તેમણે પોતાના સમાજને આપેલ યોગદાનથી થાય છે. આવી માયાળુ વિચારધારા રાખવાથી આપણે ઘણાં બધા લોકોની દુઆઓમાં સામેલ રહીએ છીએ. તેઓ ફક્ત બોલતા જ નથી, પણ કરી પણ બતાવે છે.

ડૉ. ફારુક પટેલનું વ્યક્તિત્વ ફક્ત એક ઉદ્યોગપતિ પૂરતું સિમિત નથી, પણ તેમણે પોતાના પરિવાર અને સમાજના બધા લોકો માટે એક મિશાલ કાયમ કરી છે. તેમનો પ્યાર શબ્દો વગર પણ મેહસૂસ થાય છે. તેમનું પ્રત્યેક પગલું એ બતાવે છે કે તેઓ પોતાના સંતાન માટે શું શું કરી શકે છે. તેમનો પુત્ર હોવાનો મને ગર્વ છે. તેમનો મારા પરનો વિશ્વાસ એ મારી જિંદગીની સૌથી મોટી ભેટ છે. મારા પિતાજી મારી જિંદગીની રોશની છે. હું હમેશાં દુઆ કરું છું કે તેમની દુઆ મને હમેશાં મળતી રહે, તેમની ખુશી બનવું એ મારા જીવનનું સૌથી મોટું સ્વપ્ન છે. અબ્બા, હું તમને ખૂબ પ્રેમ કરું છું.

- અફ્ફાન ફારુક પટેલ, પુત્ર

(નોંધ: ફારુકભાઇ જી. પટેલના દીકરા અફ્ફાન ફારુક પટેલના પોતાના પિતા પ્રત્યેના પ્રેમ અને આદર દર્શાવતા શબ્દો જે મૂળ હિંદીમાં છે જેનો તેમની પિતા પ્રત્યેની મૌલિક લાગણીઓ જળવાય રહે એ રીતે ગુજરાતીમાં અનુવાદ કરી અહીં વાંચકો સમક્ષ રજૂ કર્યા છે.)



**ફારૂકભાઈ પટેલ તેમના પુત્ર હસ્સાન ફારુક પટેલના શબ્દોમાં...**

આજે હું એક એવી વ્યક્તિ માટે લખવા માંગુ છું જે મારા માટે એક પિતા કરતાં પણ વિશેષ દરજજો ધરાવે છે. તેઓ મારા મિત્ર છે, મારા ભાઇ છે, મારી મા છે, મારી બહેન છે, એટલે કે તેઓમાં પરિવારના તમામ સંબંધો સમાયેલા છે. તેમની હાજરી મારા જીવનના તમામ ખૂણાઓને હૂંફ અને આશ્વાસનથી ભરી દે છે. તેમના કારણે હું કયારેય એકલતાપણું મેહસુસ કરતો નથી, એક ક્ષણ માટે પણ નહીં. તેઓ માત્ર મારા પિતા જ નથી, પરંતુ તેઓ પોતાની પિતૃત્વની છાયામાં બીજા અસંખ્ય લોકોને સમાવી લે છે. લાખો, કરોડો લોકો માટે તેઓ એક વ્યક્તિ જ નથી, પરંતુ વ્યક્તિ કરતાં વિશેષ છે, આશાનું કિરણ છે, તાકાત છે અને પ્રેરણા છે.

કોઇ પણ મુશ્કેલી કે પડકાર મારી સામે આવે છે, મારે ફક્ત તેમનો વિચાર કરી લેવાનો અને હું અંદરથી તાકાતવાન અને વધુને વધુ પ્રેરિત બની જાઉં છું. તેમની બુદ્ધિમતા અને પ્રેમે મને દરેક તોફાની સમયમાં યોગ્ય માર્ગદર્શન આપ્યું છે, દરરોજ મને સમજદાર બનવામાં મદદ કરી છે. હું દૃઢપણે માનું છું કે આખી કાયનાતમાં હું ખૂબ જ નસીબદાર છું કે મને આવા પિતા મળ્યા.

જ્યારે જ્યારે હું જિંદગીના તણાવ અને પડકારોના બોજથી દબાયો છું ત્યારે તેઓ મારી ખામોશીને સમજી જતા હોય છે. મારા દિલનો ન બોલાયેલો શબ્દ તેઓ બખુબી સમજી શકે છે. મને સહી દિશા

બતાવવા તેઓ ત્યાં મારો હાથ પકડવામાં હતા અને મને અંધારામાંથી બહાર કાઢવામાં પણ તેઓ હતા. તેઓ વારંવાર મારો હાથ પકડી મને અંધારામાંથી કાઢી અજવાળા તરફ લઇ જતા, જાણે કે અલ્લાહે ફક્ત મારી રક્ષા કરવા અને મારું માર્ગદર્શન કરવા માટે જ તેમને મારા માટે મોકલ્યા છે.

તેઓ ફક્ત એક માણસ નથી, તેઓ એક સંવેદના છે, એક આશીર્વાદ છે જેને હું શબ્દોમાં વર્ણવી શકતો નથી. હું આજે જે કંઇ છું, મારા અસ્તિત્વનો પ્રત્યેક અંશ તેમના પ્રતાપે છે. જે મૂલ્યો મારામાં છે, જે તાકાત મારામાં છે અને જે વ્યક્તિ હું બનવા માંગુ છું આ બધું જ તેમનું પ્રતિબિંબ છે. હું અલ્લાહનો જેટલો શુક્રિયા અદા કરું એટલો ઓછો છે કે અમને આટલા ઉત્તમ પિતા આપ્યા અને અમને તેમનાં સંતાન બનાવ્યાં.

મારી અલ્લાહથી દિલથી દુઆઓ છે કે તેમને ખૂબ સારી તંદુરસ્તી મળે, અસિમિત સફળતા મળે અને માપી ન શકાય એટલી ખુશીઓ મળે તેવી કૃપા અલ્લાહની તેમના પર કાયમ વરસતી રહે. ઇન્શાઅલ્લાહ તેઓ લાંબુ જીવે, સંપૂર્ણ જીવન જીવે અને કાયમ પ્રેમ અને આનંદથી ઘેરાયેલા રહે. જેમ વધારે લખવાની કોશિશ કરું છું તેમ શબ્દો મને ઓછા પડે છે. તેઓ મારી લાગણીઓ છે, મારું ગર્વ છે અને મારો અનમોલ ખજાનો છે.

હે અલ્લાહ! તેમને જેટલી પણ તારી કૃપાઓની ઇચ્છા છે તે બધી જ અને એથીય વધુ કલ્પનાઓથી પણ પર હોય એવી તમામ અસીમ કૃપા તેમના પર વરસાવો અને તેમની તમામ ઇચ્છાઓ પૂરી કરો.

- હસ્સાન ફારુક પટેલ, પુત્ર.



## ફારુકભાઈ પટેલ તેમના પુત્ર ઉમર અને પુત્રી ઝારાના શબ્દોમાં...


અબ્બા અમારા આદર્શ છે, અમારા સુપર હીરો છે. જ્યારે જ્યારે પણ અમે તેમને જોઈએ છીએ ત્યારે અમારી આસપાસ અમને જાણે હકારાત્મક ઊર્જા અને આનંદમય વાતાવરણનો અહેસાસ થાય છે. અબ્બા પોતાના શબ્દો અને વાયદા માટે પાક્કા છે અને હમેશા પોતાની આસપાસ આનંદ અને ઉલ્લાસનું એક મંગલમય વાતાવરણ ઊભું કરી દેતા હોય છે. તેઓ એક ખૂબ તેજસ્વી માણસ છે, જ્યારે જ્યારે તેઓ અમને કંઇક શીખવે છે ત્યારે તે વાત અસાધારણ હોય છે અને સામાન્ય કક્ષાથી ઘણા ઉપરના સ્તરની હોય છે.

અબ્બા ગમે તે ભોગે, ગમે તે પરિસ્થિતિઓમાં હમેશાં અમારી સાથે જ છે તેની અમને મક્કમ ખાતરી છે. અમે બધાં તેમના જીવનનો ભાગ છે એ માટે અમે ખૂબ ધન્ય અને આભારી છીએ અને આ માટે હરેક પળે અમે અલ્લાહનો શુક્ર અદા કરીએ છીએ.

- ઉમર અને ઝારા, પુત્ર અને પુત્રી

- (નોંધ: ઉમર અને ઝારાના મૂળ શબ્દો અને અભિવ્યક્તિ અંગ્રેજી ભાષામાં છે, જેનો તેમની મૂળ અભિવ્યક્તિમાં છલકાતી પિતા પ્રત્યેના આદર અને અપાર પ્રેમની ભાવનાઓ જળવાય રહે એ રીતે ગુજરાતીમાં અનુવાદ કરાયો છે).

## ફારુકભાઈ પટેલ તેમની લાડલી બહેનો
## આશિયા, ઝાહેદા અને બિલ્કિસના શબ્દોમાં...



સબસે ઊંચી પ્રેમ સગાઈ (ભાઈ-બહેનનો સંબંધ). આજકાલ ઘણાં સંબંધોની ઘણી ચર્ચા થાય છે, પણ ભાઈ બહેનના સંબંધની ચર્ચા ભાગ્યે જ થતી દેખાય છે. એવા સમયમાં હું કહેવા માગું છું કે લોહીનાં સંબંધો એટલે મા-બાપના સંતાનો જેમાં ભાઈ-બહેનનો સંબંધ જન્મથી મૃત્યુ સુધીનો પવિત્ર ગણાય છે. હું દરેક બહેનને પૂછીશ કે શું તમારી પાસે શ્રેષ્ઠ મિત્ર તરીકે તમારો ભાઈ છે? અમારી પાસે તો શ્રેષ્ઠ મિત્ર, સુપર હીરો જેવો અમારો ભાઈ ફારુકભાઈ છે.

અમારા ચાર ભાઈ-બહેનમાં ફારુકભાઈ સૌથી મોટા, ત્યાર પછી અમે ત્રણ બહેનો. હું શું કહું તમને અમારા ભાઈ વિશે એના માટે હું જેટલું લખું એટલું ઓછું જ છે, પણ હું એટલું કહીશ કે અમારા ભાઈની શૈલી એવી છે કે અમને બહેનોને લાગે છે તેની સાથે સ્પર્ધા કરવા માટે કોઈ જન્મ્યું નથી. અમે બહેનો માટે સૌભાગ્યની વાત છે કે અમને અમારો આ ભાઈ અલ્લાહ તરફથી ભેટ છે. અમે જ્યારથી ભાઈ કહેતા આવ્યા છીએ ત્યારથી અમને ભરોસો થઈ ગયો છે કે અમારા માથા ઉપર બાપ સમાન સહારો છે. ભાઈ વિશે લાગણી તો બધાને જ હોય પણ અમને અમારા ભાઈ પ્રત્યે લાગણીની સાથે એક અલગ પ્રકારનું ઘમંડ પણ છે કે અમારો ભાઈ એ એક અદ્દભુત માણસ છે જેણે અમને હમેશાં

મા-બાપની જેમ સાચવી આગળ વધતાં કર્યાં છે. ફારુકભાઈ દુઃખ અને સુખ બંનેમાં અમારા પડખે ફરિશ્તાની જેમ રહે છે. ફારુકભાઈએ અમને બહેનોને હંમેશ માટે સારી શિખામણ આપી શ્રેષ્ઠ મિત્ર તરીકેની ભૂમિકા ભજવી છે. બચપણથી જ ભાઈની અમારા પ્રત્યે પ્રેમ અને લાગણી જોતાં આવ્યાં છીએ. ભાઈએ ફક્ત બહેનોનું ધ્યાન નથી રાખ્યું પણ અમારી આખી પેઢીનું પણ ધ્યાન રાખ્યું છે. ભાઈએ અમારા બાળકો માટે ઘણાં એવા ઉપકાર કર્યા છે જેને અમે દર્શાવી શકતા પણ નથી.

ભાઈ અમારામાં સૌથી મોટા છે પણ જ્યારે અમે સાથે બેસીએ છીએ ત્યારે એમનું વલણ એવું હોય છે કે અમને એવું લાગે કે ખરેખર અમારી પાસે નાનો અને મોટો બંને ભાઈ છે. કાયમ એમણે જે પહેર્યું તે અમને પહેરાવ્યું, જે ખાધું તે અમને ખવડાવ્યું. અમને કોઈ પણ વસ્તુથી વંચિત રાખ્યાં નથી. ખરેખર મા અને બાપની સાથે અલ્લાહે અમને અદ્દભુત પ્રકારનો ભાઈ આપ્યો છે.

અલ્લાહથી દુઆ છે કે મારા ભાઈને દુનિયામાં પણ અને આખેરતમાં પણ ખૂબ ઊંચાઈનાં પદ પર લઇ જાય. બંને જહાનમાં ખૂબ ઈજ્જત આપે.

અમે પણ અમારા ભાઈના પડખે કાયમ સાથે ઊભા રહીશું એનું દુઃખ હોય કે સુખ.

દુશ્મન ચાહે કિતના હો પાપી
હમ ભાઈ બહેન હૈં કાફી.

- બહેનો આશિયા, ઝાહેદા અને બિલ્કિસ

## ફારુકભાઇ પટેલ તેમના શિક્ષક સવજી સાહેબના શબ્દોમાં...



ફારુક અમારી શાળા ભૂલકાંભવનમાં લગભગ 1982માં ધોરણ 5માં દાખલ થયેલ અને મેં તેને 1988-1989ની સાલમાં વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ 11 અને ધોરણ 12 માં ભણાવેલ. તે સમયે હું ભૂલકાંભવન શાળામાં ધોરણ 11 અને ધોરણ 12માં ગણિતશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર ભણાવતો હતો. એ સમયે ફારુકને થિયરી વિષયમાં થોડી ગોખણપટ્ટી આવે એટલે થોડું ઓછું ગમતું. પરંતુ તમામ વિષયોના પ્રેક્ટીકલમાં ખૂબ જ રસ લેતો અને પ્રેક્ટીકલ વિષયો તેને ખૂબ જ ગમતા. પ્રાયોગિક ધોરણે નવું નવું જાણવાની જીજ્ઞાસાવૃત્તિ ખૂબ જ હતી. આમ ફારુક પટેલને જાણવાનો અને સમજવાનો મોકો હું જ્યારે તેને અભ્યાસ કરાવી રહ્યો હતો ત્યારે મને મળ્યો. કાચી ઉંમરમાં પણ તેનામાં કાંઈક નવું કરવાની ખુમારી, પોતાના કાર્ય પ્રત્યે સમર્પણ અને ઉત્સાહ તેમજ આપેલાં કાર્ય પૂર્ણ કરવાની ધગશ સ્પષ્ટ જોવા મળતી હતી. સ્પષ્ટ વક્તા અને પ્રમાણવત સ્વભાવ સાથે થોડો તોફાની સ્વભાવ પણ ખરો. ફારુક અને જનક કાંઈ ખોટું થતું હોય તો ઝનૂનપૂર્વક તેની સામે લડી પણ લેતા. આજે આનંદ એ છે કે આ લક્ષણો એણે સંપૂર્ણપણે વિકસાવ્યા અને ભારતના કોર્પોરેટ જગતમાં એણે પોતાનાં નામ અને સાથે આપણા રાજ્યનું નામ પણ રોશન કર્યું. અન્ય એક વાત જે વિદ્યાર્થી તરીકે એને અલગ પાડતી હતી એ તેની સાલસતા અને તેનો મળતાવડો પ્રેમાળ મીઠાબોલો

સ્વભાવ. કોઈપણ ધંધાની સફળતામાં માણસની હોશિયારી 20% અને સ્વભાવ 80% કામ કરે છે. કોર્પોરેટ જગતમાં આથી જ તો એણે માત્ર વ્યક્તિગત વિકાસને બદલે ટીમ ડેવલપમેન્ટ પર ધ્યાન આપ્યું. એને કારણે જ આજે KP ગૃપ ખૂબ જ પ્રગતિ કરી રહ્યું છે.કંપનીનું નામ તેણે FP ગૃપ ન રાખતાં KP ગૃપ રાખ્યું. KP એટલે ભરૂચ નજીક તેના કોઠીવાલા ગામના પટેલ. કોઠીવાલા તેનું મૂળ ગામ છે. તેમની આવી વૃતિ બધાને સાથે લઈને બધાનો વિકાસ કરવાની ભાવના દર્શાવે છે.

ફારુકના વિદ્યાર્થીકાળ પર લખતાં પહેલાં મેં ભૂલકાંભવન શાળાના તેને ભણાવતા અન્ય શિક્ષકોને મંતવ્યો જણાવવા કહ્યું ત્યારે તમામ શિક્ષકોએ જણાવ્યું કે વિદ્યાર્થી કાળમાં તે ખૂબ જ મળતાવડો પ્રેમાળ અને એકદમ મીઠા બોલા સ્વભાવનો હતો. તમામ ટીચરોએ સોંપેલ કામ તે નિષ્ઠાપૂર્વક કરતો અને બધાને મદદરૂપ થવાની ભાવના રાખતો. મીનાક્ષીબેન દેસાઈ તે સમયના અમારા આચાર્યા હતા. તે તમામ સ્ટાફને જણાવતા કે તમારે નાત, જાત, ધર્મને ધ્યાનમાં રાખ્યા વગર તમામ વિદ્યાર્થીઓનો સમાનતાના ધોરણે સર્વાંગી વિકાસ કરવાનો. આવા તંદુરસ્ત વાતાવરણને કારણે દરેક વિદ્યાર્થીઓમાં ભાઈચારાની ભાવના પ્રવર્તતી હતી. એ સમયે અરૂણાબેન દેસાઈ દરેક વિદ્યાર્થીના સેકન્ડ મધર હતાં. દરેક વિદ્યાર્થી કોઈપણ જાતના સંકોચ વગર અરૂણાબેન સાથે ખુલ્લીને વાત કરી શકતા.

પોતાની શાળા અને પોતાના જીવનમાં નાનપણના સમયમાં ફાળો આપનાર લોકો પ્રત્યેનું તેનું સમર્પણ આજે પણ બિરદાવવા જેવું છે. તે માટેનાં જીવતાં જાગતાં ઉદાહરણ હું પોતે પણ છું. તક્ષશિલા અકસ્માત કેસમાં હું જ્યારે સુરતની લાજપોર સેન્ટ્રલ જેલમાં હતો તે સમયે જ્યારે અમારો પોતાનો સમાજ અને અમુક અમારા સંબંધીઓ અમારાથી દૂર ભાગતા હતા ત્યારે ફારુક સૌથી પહેલી વ્યક્તિ હતી જે મને જેલમાં રૂબરૂ મળવા આવી હતી. એ વખતે તેમણે જેલના બધા જ અધિકારીઓ સાથે મારો પરિચય કરાવ્યો હતો અને જેલમાં અન્ય રીઢા કેદીઓ ખોટી રીતે અમને હેરાન ન કરે તેનું પૂરેપૂરું ધ્યાન રાખવા કહ્યું હતું. ફારુકે મને પૂછયું કે તમને જેલમાં શું તકલીફ પડે છે તે મને જણાવો ત્યારે મેં એને કહ્યું હતું કે અહીં રોટલી ખૂબ જ ચવડ(કડક) આવે છે અને મારા દાંત

થોડા નબળા હોવાથી ચવાતી નથી અને ખાવાના સમય પહેલાં થોડીવાર પાણીમાં પલાળી રાખવી પડે છે. મારી આ તકલીફ દૂર કરવા તે જેલ સુપરિન્ટેન્ડેન્ટને મળ્યા. જેલર સાહેબે કહ્યું કે અહીં પાક્કા કામના કેદીઓ દરરોજ 3500 કેદીઓ માટે બે ટાઈમ રસોઈ બનાવે છે એટલે તેઓએ ઉતાવળે કામ કરવાં પડે છે. એટલે આવી રોટલી બને છે. જો તમે રોટલી બનાવવાનું ઓટો મશીન મૂકી આપતા હોય તો આ મુશ્કેલી દૂર થાય. અહીં કોઈ એક વ્યક્તિને ધ્યાનમાં લઈને અમે આ કામ ન કરી શકીએ, જે કરવાં હોય તે જેલના તમામ 3500 કેદીઓને ધ્યાનમાં રાખીને કરવાં પડે. મારી મુશ્કેલી દૂર કરવા માટે ફારૂકે આ તમામ 3500 કેદીઓને રોટલી પૂરી પાડી શકે તેવા રોટલી બનાવવાના ઓટોમૅટિક 3 મશીન અને આટો ગુંદવાના રોટી ડ્રેગર 2 મશીન પોતાના ખર્ચે મૂકી આપ્યાં. આને કારણે તમામ કેદીઓને સારી રોટલી મળતી થઈ ગઈ.

ફારુકને બીજી મારી તકલીફ એ જણાવી કે મારે અહીં ટાઈમ જતો નથી તો મને જેલની શાળામાં શિક્ષક તરીકે કામ અપાવો. તેણે જેલ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબને મળીને મને જેલમાં ચાલતી શાળામાં શિક્ષક તરીકે કામ અપાવ્યું. ફારુકભાઈ અને મહેશભાઈ સવાણીએ મળીને જેલની શાળામાં જે કાંઈ સાધનો અને સગવડતા જોઈએ એ તમામ પૂરી પાડી અને બહારથી સારા શિક્ષકો લાવવાની સગવડતા પૂરી પાડી અને આ માટે તમામ આર્થિક મદદ કરી. એ વર્ષે અમે ધોરણ 10ની બોર્ડની પરીક્ષામાં 100% પરિણામ લાવ્યા. ઘણાં અભણ કેદીઓને લખતા વાંચતા શીખવ્યું.

ફારુકભાઈએ જેલના તમામ અધિકારીઓ સાથે મારી ઓળખાણ કરાવતા કહ્યું કે સવજીભાઈ મારા ગુરુ છે અને ત્યારબાદ બધા જ અધિકારીઓ મને પાઘડાર સાહેબ તરીકે બોલાવતા અને તમામ અધિકારીઓ અને કેદીઓ મને ખૂબ જ માનની નજરે જોતા અને ખૂબ જ આદર આપતા હતા. જો અમે જીવતા જેલની બહાર આવી શક્યા હોય તો તે માટે પહેલો આભાર ઈશ્વરનો માનવા પછી તરત બીજો આભાર ફારુકભાઈનો માનું છું.

ફારુકભાઈ રમઝાનનો એક આખો મહિનો કેદીઓને ક્વોલિટી અને સ્વાદિષ્ટ ફૂડ પોતાના ખર્ચે પૂરો પાડતા તેનો હું સાક્ષી રહ્યો છું. માત્ર રમઝાનમાં જ નહીં, પરંતું ચૈત્ર માસની નવરાત્રિ અને આસો

મહિનાની નવરાત્રિના નવ દિવસ અને શ્રાવણ માસ દરમ્યાન હિન્દુ ધર્મના કેદીઓમાં જે ઉપવાસ કરે તેમને ઉત્તમ પ્રકારનું ફરાળ પોતાના ખર્ચે પૂરું પાડતા. ઘણા કેદીઓ તો સ્વાદિષ્ટ ફરાળ ખાવા માટે જ ઉપવાસ કરતા. બંને ટાઈમ ફરાળ લઈ શકે તેટલી ક્વોન્ટીટીમાં ફરાળ આપવામાં આવતું હતું. આ તમામ ઘટનાઓનો હું સાક્ષી રહ્યો છું. કેદીઓને સુધારવા માટે શ્રાવણ માસમાં પોતાના ખર્ચે શિવકથાનું આયોજન કરતા. ગણપતિના ઉત્સવ દરમ્યાન ગણપતિનો પ્રસાદ દરેક કેદીઓ માટે બનાવવામાં આવતો. આ માટે કેદીઓ પોતે તેમનાથી થાય તેટલો શક્ય ફાળો આપતા અને ઘટ પડે તો બાકીની આર્થિક સહાય ફારુકભાઈ કરતા. આ તેમની બધા જ ધર્મ પ્રત્યેની સંવેદના દર્શાવે છે. જેલના કેદીઓ જે ચિત્રકામ કરતા તેનાં શહેરમાં ચિત્ર પ્રદર્શન યોજી એમના દરેક ચિત્રો પોતે ઊંચી કિંમતે ખરીદીને ગરીબ કેદીઓના કુટુંબને આર્થિક સહાય પૂરી પાડતા. આ તમામ ઘટનાઓનો હું સાક્ષી રહ્યો છું અને મે મારી નજર સામે નિહાળી છે.

આર્થિક રીતે પછાત હોય તેવા વિસ્તારમાં ચાલતી અમુક શાળાઓ બંધ થવાની તૈયારીમાં હતી ત્યારે ફારુકે તે શાળાની રૂબરૂમાં મુલાકાત લઈ તેને દત્તક લીધી અને આર્થિક સહાય પૂરી પાડી શાળાઓને ફરી સજીવન કરી. આજે ઘણાં ગરીબ વિદ્યાર્થીઓ તેમાં અભ્યાસ કરી રહ્યા છે. મને પણ આવી શાળાઓની મુલાકાત લઇ કંઈ ખામી હોય તો જણાવવા કહ્યું. આર્થિક રીતે પછાત હોય તેવા બાળકો શિક્ષણ મેળવી આગળ આવે તેવા અથાગ પ્રયત્નો ફારુક કરે છે. આ તો ફક્ત હું સાક્ષી બન્યો હોય તેવી પ્રવૃત્તિ મેં જણાવી. આ સિવાય ફારુકનું KP ગ્રુપ આવી અનેક સામાજિક પ્રવૃત્તિઓ કરે છે.

તેમની આ ભવ્ય સફળતા માટે ખૂબ અભિનંદન અને ભવિષ્યમાં પણ દેશના વિકાસ માટે આવાં કાર્યો કરતા રહે તે માટે ભૂલકાંભવન પરિવાર વતી અને મારા વતી ખૂબ-ખૂબ શુભેચ્છા.

- સવજી સર, ફારુકભાઈને ભણાવનાર ભૂલકાંભવન સ્કૂલના નિવૃત્ત શિક્ષક

# ફારુકભાઈ પટેલ તેમના શાળા સમયના ભાઈબંધ જનક ટેલરના શબ્દોમાં...



ફારુકભાઈ સાથેનો મારો સંબંધ ૧૯૮૨થી જ્યારે એ ભૂલકાંભવન સ્કૂલમાં ધોરણ 5માં ભણવા આવ્યો ત્યારથી છે. તેઓ અડાજણની ગુજરાતી પ્રાથમિક શાળા (પતરાવાળી)માંથી આવ્યા હતા પરંતુ ભણવામાં હોંશિયાર હોવાથી ટ્રસ્ટી મીનાક્ષીબેને તેને આઉટ ઑફ વે જઈને એડમિશન આપ્યું હતું. ત્યારથી આજદિન સુધી અમારો સંબંધ એક અનોખો રહ્યો છે. શાળા જીવન દરમ્યાન અમારી મિત્રતા એવી ગાઢ હતી કે એ "મિયાં-મહાદેવની જોડી" તરીકે ઓળખાતી. ધીમે ધીમે એ મિત્રતા પારિવારિક સંબંધોમાં ફેરવાઇ અને એ રીતે મજબૂત થઈ. અમે બંને એક-બીજાના ઘરે કૌટુંબિક સભ્યની જેમ અવરજવર કરતા થયા. જયારે અમે ૧૯૮૭માં ધોરણ 10માં હતા ત્યારે ફારુકભાઈ મારા જ ઘરે રહેતા અને અમે બંને સાથે વાંચતા. ભણવામાં આમ તો અમે બંને એવરેજ વિદ્યાર્થી પરંતુ જીવનમાં કંઈક નવું કરવાની ખેવના ફારુકભાઈમાં પહેલાંથી જ હતી. પૈસાદાર થવા કરતાં કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સામાજિક પ્રવૃતિ કરી લોકોને મદદરૂપ થઇ આગળ આવવું એ તેમને ગળથૂથીમાં એમના પિતાશ્રી ગુલામ દાદા અને માતાશ્રી રશીદાબેન તરફથી મળેલા સંસ્કાર હતા. એટલે જ ધંધાદારી પ્રવૃતિને પણ તેઓએ એક અલગ રીતે જ વિકસિત કરીને આજે એક ખૂબ ઉંચા મુકામ પર પહોંચ્યા છે. કોઈ પણ વ્યક્તિની મુશ્કેલીને પોતાની મુશ્કેલી સમજી એ વ્યક્તિને કેવી રીતે મદદરૂપ થઇ તેને તે મુશ્કેલીમાંથી બહાર લાવવો એ જ એમનો જીવનમંત્ર અને એટલે જ ઈશ્વરની એમના પર વિશેષ કૃપા રહી છે.

જીવનમાં કદાપિ કોઈ પણ તબક્કે હાર ન માનવી એ એમનો એક લાક્ષણિક ગુણ છે અને એટલે જ જયારે એમની સાથે મોબાઈલ ટાવર ડેવલપમેન્ટ કરવાના બિઝનેસમાં હું હતો ત્યારે કોઈક વખત મોટી કંપનીઓની મિટિંગમાં મને સાથે લઇ જતા હતા. ત્યારે એ મોટી કંપનીના ઉચ્ચ અધિકારીઓ પણ એમની કાર્યપદ્ધતિથી એટલા પ્રભાવિત હતા કે તેઓની કંપનીમાં આવી પડેલ કોઈ મુશ્કેલીમાં ફારુકભાઈ પાસેથી સલાહ લેતા.

અમારા મિત્રમંડળ સાથેની વાત કરું તો અમે ભૂલકાંભવનના વર્ષ ૧૯૮૯ના વર્ષના વિદ્યાર્થીઓનું ગૃપ. જૂના સ્મરણોને યાદ કરું તો અમારા બેની દોસ્તી વિશેષ હતી. અમે હમેશાં સાથે જ ફરતા. રમઝાન જેવા પવિત્ર મહિનામાં સાંજે ઇફતારી વખતે તેઓ અને તેમના પરિવારજનો તેમના નિશાત સોસાયટી, રાંદેરમાં આવેલા ઘરે મને હમેશાં બોલાવતા. મને હજુ એક કિસ્સો યાદ છે, એમના દાદી એક વખત રમઝાનમાં એમના ઘરે હતાં અને હું સાંજે એમના ઘરે ગયો તો હું રોઝા નથી રાખતો એવી ખબર પડતાં તેઓ મારા પર ગુસ્સે થઈ ગયેલાં. પછી જયારે એમને ખબર પડી કે હું તો હિંદુ છું ત્યારે તેઓ શાંત થયેલા. ત્યારબાદ પ્રેમથી મને ઇફતારીમાં મૂકેલ વિવિધ વાનગીઓ ખવડાવેલી. મારી મોટી બહેનના લગ્નપ્રસંગે મારા ત્યાં આવેલ મહેમાનોને રાતવાસો કરાવવા એમના ઘરે લઇ ગયેલા. આ પ્રકારનો સબંધ અમારો હતો અને આજે પણ તેમણે એક પરિવારજન તરીકેનો એ સબંધ જાળવી રાખ્યો છે. મને યાદ છે એમના પિતાએ નવું નવું એક બજાજ-૫૦ સ્કુટર ખરીદેલું અને સમય મળતા અમે બંને એ લઇ ફરવા નીકળી જતા. આજે પણ અમારા મિત્ર મંડળમાં જયારે પણ કોઈક પણ કાર્યક્રમ હોય તો તે સમય કાઢી અચૂક હાજરી આપે છે અને એ જ વર્ષો જૂના મિત્ર તરીકેનો એમનો વર્તાવ હોય છે. જરા પણ અમને લાગવા ના દે કે અમે આટલી પ્રતિષ્ઠિત વ્યક્તિ સાથે વાત કરી રહ્યા છે. મારું ચોક્કસપણે માનવું છે કે ઈશ્વર લાખો માણસે કોઈ એક એવી વ્યક્તિ પર કૃપા રાખે છે જેને એ લાખો વ્યક્તિને મદદરૂપ થવાની શક્તિ અર્પે છે અને એ વ્યક્તિ એટલે શ્રી ફારુકભાઈ......એમનામાં ઈશ્વરીય અંશ છે એમાં કોઈ મીનમેખ જ નથી....

- જનક ટેલર, સ્કૂલ સમયના મિત્ર

## ફારુકભાઈના નાનપણના મિત્ર રફિક સરપંચ અને હિફઝુર રહેમાનની વાત તેમના શબ્દોમાં....



રફિકભાઈ સરપંચ પોતાના બાળપણના મિત્ર ફારુકભાઈને યાદ કરતાં કહે છે કે તેઓ એકજ મોહલ્લામાં સાથે રમતા–મસ્તી કરતા મોટા થયા. આ બાળપણના દિવસો તેમની મિત્રતાનો મજબૂત આધાર બન્યા. બંને મિત્રો કહે છે કે, ફારુક નાની ઉંમરથી જ પ્રતિભાશાળી અને પોતાના કાર્ય પ્રત્યે ઉત્સાહી હતો. તેણે ટ્રક ભાડે આપવાનો વ્યવસાય શરૂ કર્યો પણ તેણે પ્રથમ પ્રયાસમાં ધારી સફળતા ન મળી પરંતુ તે કદી હાર ન માન્યો અને ફરી ઉત્સાહથી આગળ વધ્યો. ફારુકએ ક્યારે પોતાના સપનાઓ અને લક્ષ્યોનો પીછો કરવાનું છોડ્યું નથી. તે આજની તારીખે પણ લગાતાર મહેનત કરતો રહે છે, તે જ તેની સફળતાનું રાજ છે. ફારુક ખૂબ જ ખુશમિજાજ –આનંદી સ્વભાવનો ધણી છે. બચપનમાં તે ફિલ્મ અભિનેતા મિથુન ચક્રવર્તીનો ચાહક હતો અને તે તેની ડ્રેસિંગ સ્ટાઇલની નકલ પણ કરતો હતો. તેણે રાજકારણમાં રસ નથી લીધો તેનું મિશન માત્ર સારો વ્યવસાય કરવાનું જ રહ્યું છે. તે આટલો સફળ થયો અને તેનું નામ આજે દેશ-દુનિયામાં ગાજી રહ્યું છે છતા તે આજે પણ અમને મળવા ગ્રાલસા કોઠી આવે છે અથવા અમને કોઈને કોઈ જગ્યાએ બોલાવી મળે છે. અમે ફાર્મહાઉસ પર મોડે સુધી બેસી વાતો કરીએ છીએ. હસી મજાક કરીએ છીએ.

તેણે મિત્રતામાં કોઈ દિવસ ઓછપ આવવા નથી દીધી. દરેક પરિસ્થિતિમાં અમારી સાથે ઊભો રહે છે. તેનાથી અમારો તેના પ્રત્યે પ્રેમ અને આદર વધ્યો છે. જેમ બચપનમાં અમે ગામના મોટા પાદરમાં રમતા હતા તે જ રીતે આજે પણ ભેગા થઈએ છીએ. તેની સમાજસેવા અથવા લોકોના માટે કરી છુટવાની ઉમદા ટેવ છે. તેનો સ્વભાવ નફાવૃત્તિનો નથી પણ વહેંચીને ખાવાનો છે. મને યાદ છે કે, તેના ફાર્મમાં થતી 27થી 30 લાખ રૂપિયાની કેરી તે બધા જ સંબંધીઓ-મિત્રો-સ્ટાફ અને ઓળખીતાઓને વહેંચી દે એટલે કે ભેટ આપે છે. અન્ય કોઈ હોય તેને ખુલ્લા બજારમાં વેચીને નફો રળી લે.

રફીકભાઈની વાતોને આગળ વધારતા મિત્ર હિફઝુ રહેમાન કહે છે કે, ફારુકભાઈએ અનેક સિધ્ધિઓ હાંસલ કરી છે. રિચેસ્ટમેન કહેવાય છે છતા તે આજે પણ ગ્રાલસા કોઠી ગામ આવે છે અને એક સામાન્ય વ્યક્તિની જેમ અમારી વચ્ચે બેસીને મજાક-મસ્તી કરે છે. તે ખુબ જ દયાળુ અને માનવીય સ્વભાવનો ધણી છે. મને યાદ છે કે, એક ક્રિકેટ મેચ દરમિયાન કેપી ગ્રુપમાં નોકરી કરતા અક્ષય નામના કર્મચારીને હાર્ટએટેક આવ્યો અને તેનું મૃત્યુ થયું. ફારુકભાઈએ તેના પરિવારની તમામ જવાબદારી ઉઠાવી લીધી. પગાર ચાલુ રાખ્યો, બાળકોના ભણતરનનો ખર્ચ માથે લીધો. આવી જ રીતે દરેક કર્મચારીને ક્વોલિટી ભોજન મળે તેની દેખરેખ રખાય છે. લેબરથી ડિરેક્ટર સુધી બધાને એક સરખું જ ભોજન પીરસાય છે. તે સખી દાતા છે અને તેણે અમારા ગામ માટે પણ ઘણાં સમાજઉપયોગી કાર્યો કર્યા અને કરાવ્યા છે જેનો અમને ગર્વ છે.

- ગામના મિત્ર રફીક સરપંચ અને હિફઝુ રહેમાન

## ફારુકભાઈ પટેલ તેમના પૂર્વકાલીન નિયામક સોહેલભાઈ ડભોયાના શબ્દોમાં...



મારા માટે ડૉ. ફારુક જી. પટેલ એક આદર્શ શખ્સિયત છે, જે જીવનને બદલવાની શક્તિ ધરાવે છે. હું 2006થી તેમની સાથે જોડાયેલો છું. મારા પિતાજી અને ફારુક સરના પિતાજી મિત્ર હતા અને બંનેએ તેમની જિંદગીના મોટાભાગનાં વર્ષો સાથે વિતાવ્યા અને સાથે કામ કર્યું. પપ્પા પણ કેપી ગ્રુપમાં સેવા આપતા જેથી, મારી કારકિર્દીની શરૂઆત પણ કેપી ગ્રુપથી તેમણે કરાવી. તેમના વારસાને બીજી પેઢી તરીકે હું આગળ લઈ ચાલ્યો. પારિવારિક માહોલ પહેલાંથી જ હતો જેથી, જોઈનિંગથી લઈ આજ દિન સુધીની સફર ખૂબ જ યાદગાર રહી છે. મારા વ્યાવસાયિક જીવનની શરૂઆત અહીંથી જ થઈ અને બી.કોમ બાદ એમ.બી.એ. પણ મેં ચાલુ નોકરી દરમિયાન જ કર્યું. આમ તો હું નોકરી શબ્દ ન લખી શકું. ફારુક સરે પરિવારનો સભ્ય જ મને માન્યો છે અને મને એક મોટા દીકરા તરીકેની ઉપાધિ જાહેરમાં આપી છે. એટલે હું અમારા બિઝનેસ દરમિયાન એ શબ્દ પ્રયોગ કરીશ. ડૉ. ફારુક સરના નેજા હેઠળ જીવનના મૂલ્યોને શીખવાની-સમજવાની અલૌકિક તક મને મળી. તેઓએ મારા ગાઈડ, એક દોસ્ત, એક શિક્ષક, એક ભાઈ અને એક પિતા તરીકેની દરેક ભૂમિકા નિભાવી અને મને જીવનમાં સુખ-સમુદ્ધિની સાથે એક વિશાળ પરિવારથી સમૃદ્ધ બનાવ્યો. જેનો હું હમેંશા ઋણી રહીશ.

## ડૉ. ફારુક પટેલના જીવનથી પ્રેરણા:

હું તેમને એક સફળ બિઝનેસમેન તરીકેની ઓળખ આપવા કરતાં એક બહેતર ઈન્સાન તરીકે દર્શાવવું વધુ પસંદ કરીશ. તેમણે બિઝનેસની સાથોસાથ સમાજ ઉત્થાનના પ્રયાસોને વધુ મહત્વ આપ્યું છે. ખૂબ જ વ્યસ્ત સમયમાંથી પણ તેઓ વર્ષોથી મોટા ભાગના રજાના દિવસો અને રનિંગ દિવસોમાં પણ સામાજિક કાર્યો માટે અચૂક સમય ફાળવે છે. સાહેબે ક્યારેય પણ સત્તા અને સંપત્તિને તેમની શખ્સિયત પર હાવી થવા નથી દીધા. તેઓએ હંમેશા સમાનતાનો અભિગમ રાખ્યો છે અને સમાજના દરેક વર્ગના લોકો માટે પ્રગતિના માર્ગ ખોલ્યા છે. સમાજને પરત કરવાની તેમની નેમ અને તે દિશામાં કાર્યરત રહેવાની નેક કોશિશને કારણે ઘણાં લોકો સમાજ માટે નાનુ-મોટું કાર્ય કરતા થયા છે.

## સમાજ માટે પ્રેરણા:

ડૉ. ફારુક પટેલ સરના સામાજિક દાયિત્વ નિભાવવાના કાયમી અભિગમને કારણે ઘણાં કર્મચારીઓએ તેમનાથી પ્રેરણા લઈ તે દિશામાં કાર્ય શરૂ કર્યું છે. ઘણાં કર્મીઓ પરિવારના પ્રસંગો, જન્મદિવસ ઘરડાઘર, યતીમખાનામાં તેમજ ગરીબ દર્દીઓ વચ્ચે જઈ ઉજવે છે. કેટલાક કર્મીઓ પોતાના પગારમાંથી થોડી રાશિ જમા કરી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની ફી ભરી રહ્યાં છે. જ્યારે પણ પરિવર્તન લાવવાની જરૂરિયાત હોય તે સમયે ફારુક સર સૌ પ્રથમ પડકાર સ્વીકારતા હોય છે. સાહેબની માનવતાવાદી દૃષ્ટિ અને કાર્યશૈલી તેમની શ્રેષ્ઠતા અને નમ્રતાનું પ્રતિબિંબ છે.

## કર્મચારી માટેની પ્રતિબદ્ધતા:

કેપી ગ્રુપ માત્ર કંપની નથી, તે પોતાના કર્મચારીઓ માટેનો એક પરિવાર છે. ડૉ. ફારુક સરના નેતૃત્વ-માર્ગદર્શન હેઠળ આ પરિવાર ખૂબ પ્રગતિ સાથે આગળ દોડી રહ્યો છે. સાહેબે દરેક કર્મચારી આર્થિક રીતે સધ્ધર થાય તે માટે કંપનીના શેર ઈ-શોપ દ્વારા આપ્યા છે. કેપી ગ્રુપ સાથે પાંચ વર્ષથી વધુ સમયથી કાર્યરત દરેક કર્મચારી માટે હું ગર્વથી કહીશ કે તેઓ કરોડપતિ છે અને પોતાના વિસ્તારમાં આર્થિક રીતે મજબૂત છે અને પોતાનું ઘર-ગાડી વસાવીને પોતાના સપના સાકાર કરી શક્યાં છે.

## મારા જીવનમાં ડૉ. ફારુક સાહેબની ભૂમિકા:

મારા માટે ડૉ. ફારુક સર માત્ર બોસ નથી, તેઓ પરિવારનો હિસ્સો છે. તેઓ મને એક દીકરા જેવો પ્રેમ આપે છે અને દરેક મુશ્કેલ સમયમાં મારી સાથે પહેલાં ઊભા રહી જાય છે. તેમની પ્રેરણા અને ગાઈડન્સ હેઠળ મેં જીવનમાં ઘણું હાંસિલ કર્યું છે, જેની હું ક્યારેય પણ કલ્પના ન કરી શક્યો હોત.

## ડૉ. ફારુક સર માનવતાના પ્રેરણા સ્ત્રોત છે:

સાહેબ માનવતાના પ્રતિનિધિ તરીકે પ્રસ્થાપિત થયા છે. હમેશાં મૂલ્યોથી જીવ્યા છે. તેમની જીવનશૈલી અને કાર્યશૈલી સાબિત કરે છે કે જો નેતૃત્વ માનવતાવાદી હોય તો ફક્ત વ્યક્તિગત નહીં પણ હજારો જીવનમાં ઉજાસ ફેલાવી શકે છે. ડૉ. ફારુક સર માટે આમ તો લખવા બેસું તો આખુ પુસ્તક ઓછું પડે. મેં અહીં ઉદાહરણો પણ નથી આપ્યાં. પણ એવા સંખ્યાબંધ ઉદાહરણોથી જ પુસ્તક ભરાય જાય. તેમના જીવનના દરેક પગથિયાથી એક નવી શીખ આપણને મળે છે. તેઓ માત્ર પ્રેરણાનો સ્ત્રોત નથી, જીવનનો સાર છે. ડૉ. ફારુક સર અને કેપી ગ્રુપ એ મારું જીવન છે અને આજીવન રહેશે. મારા જીવનને સફળ બનાવવા અને એક ઉદ્દેશ્ય આપવા માટે હું કેપી સાહેબનો ખૂબ ખૂબ આભારી છું અને રહીશ.

- સોહેલ ડભોયા



## ફારુક પટેલ માનેલી બહેન એડવોકેટ ભદ્રા ધીમંત જોષીના શબ્દોમાં...

૨૦૦૭ના અરસામાં લીગલ કામ માટે મારા ભાઈ ફારુક સાથે પ્રથમ પરિચય થયો. સ્વભાવે આનંદી, સરળ અને સ્પષ્ટવક્તા વ્યક્તિને મળ્યાનો અહેસાસ થયો. આજે એમની કારકિર્દીની ઉંચાઈઓ આકાશને આંબે છે, પરંતુ એમના મૂળિયાં જમીન સાથે જડાયેલાં છે.

સોલાર પ્રોજેક્ટ શરૂ કરતી વખતે આંખો ક્ષિતિજને પાર જોતી હતી, પરંતુ તેના માટેના નાણાં ન હતાં. છતાં હૃદયમાં મોટા સપનાઓ અને સાહસથી ભરેલા જીગર સાથે એમણે આ અણદીઠેલી ભોમ પર ઝંપલાવ્યુ. આજે સૌર ઊર્જાના ક્ષિતિજ પરના ઝળહળતા સિતારા બન્યા છે.

ઓફિસમાં બોસ તરીકે તેઓ સમય, શિસ્ત અને કામ પ્રત્યેની ચુસ્ત નિષ્ઠાના આગ્રહી! જો તેનું ઉલ્લંઘન થાય તો મારો ભાઈ દુર્વાસા મુનિ! છતાં પોતાના કર્મચારીઓને મિત્ર, ભાઈ, વડીલના વાત્સલ્યનો અનુભવ કરાવનાર, એમની મુશ્કેલીઓમાં સદાય સાથ આપનાર સહૃદયી!

ફારુકભાઈએ મને એમની મોટી બહેનનું બીરૂદ આપેલું છે. ઉંમરમાં મોટી પણ છું પરંતુ જીવન અને વેપારના અનુભવોમાં તેઓ ઘણા મોટા છે. ભાઈ તરીકે ખૂબ જ પ્રેમાળ, પોતાની બહેનની જ નહીં, બહેનના કુટુંબીઓ તમામની જવાબદારી પોતાના મજબૂત ખભે ઊંચકી લેનાર ખમતીધર ભાઈ. મારા જીવનની નાની કે મોટી કોઈ પણ મુશ્કેલીમાં તેઓ હંમેશા મારી પડખે રહ્યાં છે. ફારુકભાઈ સાથેની ઓળખાણ બાદ પહેલી રક્ષાબંધને ઘરના બારણે ટકોરા પડયા, બારણું ખોલતાં

ફારુકભાઈ બહેન માટે રક્ષાબંધનનો ઉપહાર લઈને ઉભા હતા. તે દિવસથી આજદિન સુધી એકપણ રક્ષાબંધને ભાઈ રાખડી બંધાવવાનું ચૂકયા નથી. દિવાળી કે ભાઈબીજના તહેવારોને સાથે ઉજવ્યા છે. પ્રત્યેક રમઝાનમાં ફારુકભાઈના ઘરે મારા કુટુંબ સાથે રોજા છોડયા છે. ઈદના પવિત્ર દિવસે ફારુકભાઈની માતાના હાથની રસોઈ ન ખાધી હોય એવું કદી બન્યું નથી. ફારુકભાઈના માતા પિતા હજ કરવા જાય તો પોતાની દીકરીઓને જાત્રાએથી આવીને જે આપે તે મને પણ મળે જ. ફારુકભાઈના સંતાનો ઓફિસમાં પણ મને "ફોઈ" ના પ્રેમાળ સંબોધનથી જ બોલાવે. ફારુકભાઈના દીકરાના લગ્નપ્રસંગે મારા પતિ ધીમંતને સૌથી મોટા બનેવી તરીકે ફારુકભાઈ તથા તેમનું આખુ કુટુંબ આદર માન અને પ્રેમ આપે. આવો પ્રેમભાવ ઈશ્વરકૃપાથી જ પ્રાપ્ત થાય.

નિર્ભયતા અને સાહસિકતા એ તેઓના અસ્તિત્વનો અવિભાજ્ય હિસ્સો છે. જેને કારણે તેની સાથે રહેનારમાં પણ તેવા અંશો નિરુપાઈ જાય છે. સાફ નિયત અને નિર્મળ હૃદયમાં માનવમાત્ર પ્રત્યે કરૂણા રહેલી છે, જેથી નાનામાં નાની વ્યકિતનો પણ તેઓ ખ્યાલ રાખે છે. આવા મારા ભાઈ પર જગતનિયંતા પરમ કૃપાળુ પરમેશ્વરના સદાય આશીર્વાદ રહે તેવી હૃદયથી પ્રાર્થના છે.

- એડવોકેટ ભદ્રા ધીમંત જોષી

(પૂર્વ પ્રમુખ ધી સુરત સીટી એડવોકેટ એસોસિયેશન, સુરત)
(ડિરેકટર કેપીઆઈ ગ્રીન એનર્જી લિમિટેડ, ડિરેકટર કેપી એનર્જી લિમિટેડ)

## ફારુક જી. પટેલ માનેલી બહેન શ્રીમતી વેનું વિરપ્પાના શબ્દોમાં...



"હું ફારુકભાઇ વિષે શું કહું?

છેલ્લાં ૧૨ વર્ષથી હું તેમને ઓળખું છું, પરંતુ આજે પણ જ્યારે જ્યારે તેમને મળું છું ત્યારે લાગે છે કે તેમના વિશે હજુ ઘણું બધું જાણવાનું બાકી છે. જ્યારે તેમની મારી સાથે પ્રથમ મુલાકાત થઇ હતી અને આજે એ જે છે તેમાં દરેક રીતે જમીન આસમાનનો તફાવત જોવા મળે છે. તેઓ પોતાની જાતમાં માને છે એટલે તેમનો આત્મવિશ્વાસ અતૂટ છે અને સપનાંઓ ખૂબ મોટાં જોવાનું તેમનું સુત્ર. અને હા, માત્ર મોટાં સપનાંઓ જોવાં એટલું નહીં, પણ તેમને સાકાર કરવાની ક્ષમતા. મારું માનશો તો આ કોઇ પરીકથા નથી. પરંતુ અમુક વખતે મને એમ લાગે છે કે તેમની પાસે કંઇક એવો જાદુ છે કે જે તેમનાં તમામ સપનાંઓને હકીકતમાં બદલી શકે છે. તેમની સિદ્ધિઓ અને સફળતા પાછળનું સત્ય મને કહેવા દો. એ બધા પાછળ તેમની કટિબદ્ધતા, જુસ્સો અને સખત મહેનત છૂપાયેલ છે. તેમનું દૃઢપણે માનવું છે કે જીવનમાં જો સફળ થવું હોય તો સખત મહેનત સિવાય બીજો કોઇ વિકલ્પ નથી. પરંતુ આ બધાની વચ્ચે આપણો સર્જનહાર એક સ્થાપત્યકાર તરીકે બધું આયોજન કરતો હોય છે જેનાથી આપણું સામ્રાજ્ય સમૃદ્ધ રહે છે અને તેના પાયાઓની બાંધણી મજબૂત બને છે.

અલ્લાહની, ઇશ્વરની પણ તેમના પર અપાર કૃપા રહી છે અને મને એવું લાગે છે કે આનું એક કારણ

ફારુકભાઇનો કૃતજ્ઞતાનો ભાવ અને તેમની સાથે જે કંઇ પણ બને છે તે નાનામાં નાની વસ્તુ માટે કાયમ આભાર માનવો. તેઓ માને છે કે દરેક આગળ વધતું પગલું એ કંઇક અસાધારણ અને ઉત્તમ દિશામાં આપણને લઇ જાય છે. મેં જોયું છે કે મુશ્કેલીના સમયે જે જે લોકોએ તેમનો સાથ આપ્યો તે તમામ લોકોનો આભાર માનવાનું ફારુકભાઇ કદી ચૂકતા નથી. તેઓ ખૂબ જ વિનમ્ર છે અને પોતાની આસપાસના બુદ્ધિશાળી લોકોની અને પોતાની જીવનયાત્રા દરમિયાન પોતાની પડખે ઊભા રહેનાર દરેકની હમેશાં કદર અને ખૂબ ઇજ્જત કરે છે. તેમની આ ચેષ્ટા અન્યોને પોતાનામાં એવા કૃતજ્ઞતા અને કદરદાનીના ગુણો કેળવી આગળ વધવાની પ્રેરણા પૂરી પાડે છે.

હું એની સાક્ષી છું કે ઘણાં બધા લોકો ફારુકભાઇ પાસે મદદ અને સાથ-સહકાર માંગવા આવતા હોય છે. તેઓ હમેશાં હસતા મુખ સાથે તેઓને પ્રતિસાદ આપતા હોય છે અને આવનાર વ્યક્તિ સંતોષ અને ખુશીથી આશીર્વાદ દઇ રવાના થાય એની પૂરી ખાતરી કરે છે.

એક પ્રસંગ યાદ આવે છે જે આજે પણ મારા હૃદયમાં જીવિત છે અને એ પ્રસંગ હતો તેમની ૫૦મા જન્મદિનની ઉજવણીનો. હું તે વખતે સુરતમાં હતી. તેમની સવારની શરૂઆત વિકલાંગ બાળકોના આશ્રમમાં આવીને થઇ અને કેક કાપ્યો, ખાધો અને વિકલાંગ બાળકોને ખાવાનું ખવડાવ્યું. ત્યાંથી અમે વૃદ્ધાશ્રમમાં ગયા જ્યાં વડીલોએ તેમના માટે કેક કાપ્યો અને તમામને ખાવાનું ખવડાવ્યું અને માનો ન માનો, ફારુકભાઇ તમામ વડીલો સાથે ગરબા રમ્યા અને તમામ વડીલોનો અતૂટ સ્નેહ ફારુકભાઇ પર વરસતો રહ્યો. સાથે સાથે વડીલોના આશીર્વાદ અને દુઆઓએ ફારુકભાઇને લાગણી વિભોર કરી દીધા, ત્યાર બાદ અમે સેન્ટ્રલ જેલમાં ગયા ત્યાં મહિલા કેદીઓએ તેમના માટે કેક કાપ્યો, ગીતો ગાયાં અને તેમના માટે સહુલતો પૂરી પાડવા બદલ ફારુકભાઇનો તેમણે આભાર માન્યો અને આશીર્વાદ આપ્યા. એ પછી અમારે એક વધુ વૃદ્ધાશ્રમમાં જવાનું હતું જયાં પણ વડીલો તેમના જન્મ દિવસની ઉજવણીની રાહ જોઇ રહ્યા હતા. માય ગૉડ.. હે ભગવાન! સમાજ જેમને કંઇક જ મહત્વ આપતો નથી અને જેમનું કંઇજ ધ્યાન રાખતો નથી એવા લોકો સાથે ફારુકભાઇએ આખો દિવસ વીતાવી તેમનું આત્મસન્માન વધાર્યું અને હું જોઇ શકતી હતી કે તેઓ એટલા બધા

આનંદિત હતા જાણે કે તેઓ પોતાના પરિવારજનો સાથે સમય વીતાવી રહ્યા ન હોય! આ હતી તેમના જન્મદિવસની ઉજવણી, આ હતો તેમનો જન્મદિન. આ બધું જોઇ વિકલાંગ બાળકો, પોતાનાં સંતાનોથી દૂર રહેતા વડીલ મા-બાપો અને કેદીઓની આંખમાં ખુશીનાં આંસુઓ છલકાયાં જેને શબ્દોમાં વર્ણવવું મુશ્કેલ છે. તેમણે જેટલી સાદગી અને અન્યો પ્રત્યેની સહાનુભૂતિ અને પ્રેમભાવનાથી પોતાનો જન્મ દિવસ ઉજવ્યો એ તો તમે જાતે જુઓ તો જ માની શકો. તેમની માનવતા માટેની આ લાગણી મને સ્પર્શી ગઇ અને હું પોતે પણ આવાં કામો કરવા માટે પ્રેરિત થઇ.

ફારુકભાઇ તમામ વફાદાર વ્યક્તિઓને પોતાના કુટુંબના સભ્યો જેવા માને છે. તેમની આજ સુધીની જવલંત સિદ્ધિઓ અને સફળતાઓનું રહસ્ય તેમનામાં રહેલા આ ગુણને કારણે છે જેમાં સખત મહેનત, વિનમ્રતા, કૃતજ્ઞાભાવ, આશાવાદી સ્વભાવ, શુદ્ધ હૃદય, ઉદારતા, કરુણા, દયાભાવ, સખાવતી, દાર્શનિક વિચારધારા અને સંવેદનશીલતા જેવા માનવીય ગુણોનો સમાવેશ થાય છે.

- શ્રીમતી વેનુ બિરપ્પા,

(નિવૃત્ત સરકારી અધિકારી)

- નોન-એક્ઝિક્યુટિવ નોન ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટર, કેપીઆઈ ગ્રીન એનર્જી અને કેપી એનર્જી લિ.

- (નોંધ: ફારુક જી. પટેલ માટે તેમના માનીતા બહેન શ્રીમતી વેનું વિરપ્પાના અંગ્રેજી લખાણનું તેમના વિચારો, લાગણીઓ જળવાય રહે એ રીતે કરાયેલું ગુજરાતી ભાષાંતર).

## ફારુકભાઈ પટેલ રાજુભાઈ ભગત
## (ટ્રસ્ટી શ્રી મોઢેશ્વરી હિતવર્ધક ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત)ના શબ્દોમાં...



ડૉ. ફારુક જી. પટેલ. આમ તો હું તેમને સ્કૂલ સમયથી ઓળખું છું. મારી બહેન સાથે તેઓ ભણતા હતા. તેમના મોટા દીકરાના લગ્ન હતા તે સમયે તેઓએ ફાઈવસ્ટાર હોટલમાં મારા વૃદ્ધાશ્રમના દરેક વડીલોને પ્રેમ, આદરપૂર્વક બોલાવીને જમાડ્યા. એન્ટરટેઈનમેન્ટ કરાવ્યું અને વિદાય આપતી વેળા ખૂબ જ ભાવુક થઈ ભેટીને રડ્યા. માત્ર આમંત્રણ આપવા સુધી સિમિત ન રહ્યા, પરંતુ સંસ્થાને બે લાખનો ચેક અર્પણ કર્યો અને ત્યારથી અત્યાર સુધી મદદનો ધોધ વહાવી રહ્યા છે. વૃદ્ધોનો દવાનો ખર્ચ અને મહિનાનું કેટલું કરિયાણું તેઓ વિના માંગ્યે પહોંચાડી દે છે. વૃદ્ધોને દર મહિને મળવા આવવું અને તેમની સાથે એક-બે કલાક ગપસપ કરવી. ખેર-ખબર પૂછવા તે તેમનો નિત્યક્રમ છે. પરિવારને પણ અમારી સાથે એટેચ કર્યાં છે. એક વ્યક્તિ અમારા માટે ડેડિકેટ કરી દીધી. મેં કોઈ બીજો મુસ્લિમ વ્યક્તિ જોયો નથી કે જે દરેક ધર્મના જરૂરિયાતમંદો માટે કાર્યરત હોય. અમારાવાળા જેટલું નથી કરતા તેટલું ફારુકભાઈ કરે છે. હું તેમને મોટોભાઈ કહું છે. તેમણે અમારા દિલોમાં અને પ્રાર્થનાઓમાં જગ્યા બનાવી લીધી છે. ઈશ્વર આવી વ્યક્તિ બહુ ઓછી પેદા કરે છે. ધન્ય છે તેમની જનેતાને...

- રાજુ ભગત,

ટ્રસ્ટી, શ્રી મોઢેશ્વરી હિતવર્ધક ચેરિટેબલ ટ્રસ્ટ, ઓલ્ડ એજ હોમ, સુરત

## ફારુકભાઈના માન-સન્માન અને પ્રશંસામાં કેટલાક મહાનુભાવોની ટિપ્પણીઓ...



જે રીતે ફારુકભાઈએ સુરતથી એમની સફર ચાલુ કરી અને આખા ગુજરાતમાં, દેશમાં અને વિશ્વમાં કેપી ગ્રુપનું નામ રોશન કર્યું એ જોતાં આપણને પણ ગર્વ થાય છે કે એક સામાન્ય માણસ પણ ક્યાં સુધી પહોંચી શકે છે! ફારુકભાઈ પગ પકડવાવાળા માણસ નથી, એ હાથ પકડવાવાળા માણસ છે અને હાથ પકડીને લોકોને આગળ લઈ જનારા માણસ છે.

- મુકેશ પટેલ, તત્કાલિન મંત્રી, ગુજરાત સરકાર



મેરે બહોત સારે ફેન (fan) હૈં, લેકિન મૈં ફારુક સર કા ફેન હૂં. જબ ભી મૈં ઉન્સે મિલતા હૂં, કુછ ન કુછ શીખતા હૂં.

- આદિત્ય પંચોલી, ફિલ્મ એક્ટર



આ દેશના વિકાસમાં કેપી ગૃપનું પણ મોટું યોગદાન છે. અલ્લાહે અમને એક ફરિશ્તો મેળવી આપ્યો અને તેનું નામ છે ફારુક કેપી.

- ઇનામુલ હક ઇરાકી (વ્યાપારી)

જલી કો આગ કેહતે હૈં, બુઝી કો રાખ કેહતે હૈં,

ઇસ રાખ સે બની બારુદ કો ફારૂક પટેલ કેહતે હૈં.

- નિખિલ મદ્રાસી, પ્રમુખ, સાઉથ ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ



તમારા દિલમાં આટલા વડીલો માટે આટલી ભાવના છે. અહીંયાં જ નહીં પણ બીજી ઘણી જગ્યાએ પણ તમે ઘણાં લોકસેવાનાં કાર્યોમાં જોડાયેલા છો.અલ્લાહ તમને ખૂબ તંદુરસ્તી આપે અને ઇશ્વરની પણ તમારા પર કૃપા રહે જેથી તમે સારી રીતે લાંબા કાળ સુધી આવાં માનવતાવાદી કામો કરતા રહો, આગળને આગળ વધો અને જિંદગીનાં ૧૦૦ વરસ પૂરાં કરો એવી અમારી દુઆ છે.

- મેહુલ સોલંકી,

પૂર્વ સંચાલક, શ્રી અંબિકા નિકેતન ટ્રસ્ટ વૃદ્ધાશ્રમ

ફારુકભાઇના પરિવારજનોથી લઇ તેમના ગુરુઓ, મિત્રો, હિતેચ્છુઓ, મહાનુભાવો વગેરેના ફારુકભાઇ પ્રત્યે માન-સન્માન અને પ્રેમાદરની લાગણીઓ વ્યક્ત કરતા આ શબ્દોને અંતે બશીર બદ્રના બે શેર ટાંકવાનું મન થાય છે:

" ઉજાલે અપની યાદોં કે હમારે પાસ રેહને દો

ન જાને કિસ ગલી મેં જિંદગી કી શામ હો જાયે "

અને

" મુસાફિર હૈં હમ ભી. મુસાફિર હો તુમ ભી

કિસી મોડ પર ફિર મુલાકાત હોગી "



# લેખક પરિચય

## ઇમ્તીયાઝ પટેલ વરેડિયાવાલા, બ્લૅકબર્ન, યુ.કે.

ઇમ્તીયાઝ પટેલ વરેડિયાવાલા ઉર્ફે ટંકારવી બ્લૅકબર્ન, યુ.કે. નિવાસીનો જન્મ તાલુકા ભરૂચ, ગુજરાત, ભારતના પાલેજ ગામમાં થયો હતો. તેમનું શિક્ષણ અને સહપાઠ્યક્રમ શિક્ષણ નબીપુર, મિયાગામ કરજણ અને બરોડા ખાતે થયું હતું. ઘણી યુવાન વયે યુ.કે. આવ્યા બાદ તેમણે બ્લૅકબર્ન કૉલેજમાં અંગ્રેજી અને ઉચ્ચ શિક્ષણનો અભ્યાસ કર્યો. શરૂઆતમાં વસ્ત્ર ઉત્પાદન ફેક્ટરીઓમાં કામ કર્યું. ત્યાર બાદ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્તિ અને પોતાની આગવી લાયકાત કેળવી તેઓ 'નવયુગ' સામયિકના પત્રકાર અને સહતંત્રી બન્યા. ત્યાર બાદ તેમણે બ્લૅકબર્ન વીથ ડાર્વન બરો કાઉન્સિલના બ્લૅકબર્ન મ્યુઝિયમ એન્ડ આર્ટ ગૅલરીઝના સાઉથ એશિયન વિભાગના કયુરેટરની જવાબદારી નિભાવી ૧૦ વર્ષ સુધી બ્લૅકબર્ન મ્યુઝિયમમાં સેવાઓ આપી. તેમણે માંચેસ્ટર મેટ્રોપોલિટન યૂનિવર્સિટી, માન્ચેસ્ટરથી “ઇસ્લામી અભ્યાસ અને વિશ્વધર્મ તત્વચિંતન”માં ડિપ્લોમાની ડિગ્રી મેળવી. લેખકે એમ. આઇ. પ્રિવેન્શન અને કોમ્યુનિટી સેક્સ્યુઅલ હેલ્થ ડેવલપમેન્ટ ઓફિસર તરીકે લેંકેશાયર કેર નેશનલ હેલ્થ ફાઉન્ડેશન ટ્રસ્ટમાં ૨૨ વર્ષથી વધુ સમય સેવાઓ બજાવી સમાજમાં રહેલ ખૂબ જ સંવેદનશીલ આરોગ્ય ક્ષેત્રમાં કામ કર્યું. આ સંવેદનશીલ વિષય અને ક્ષેત્રમાં સંસ્કૃતિ અને ધાર્મિક સંવેદનાઓના દાયરામાં રહીને એશિયન સમાજમાં વિષયવસ્તુ જ્ઞાન, જાગૃતતા અને યોગ્ય નીતિઓનું આયોજન કરી આરોગ્ય સશક્તિકરણની જવાબદારી નિભાવી. તેમણે યૂનિવર્સિટી ઑફ લેન્કાસ્ટર, લેન્કાસ્ટરથી “પબ્લિક હેલ્થ અને હેલ્થ પ્રમોશન”માં MSc માસ્તર ઑફ સાયન્સની ડિગ્રી મેળવી.

સમાજસેવા, સામાજિક, રાજકીય સશક્તિકરણની પ્રવૃત્તિઓમાં લેખક છેલ્લાં ૩૫ વર્ષોથી સક્રિય છે. સાઉથ એશિયન કલા, સંસ્કૃતિ, ઇતિહાસ, સામાજિક વારસો, એચ.આઇ,વી. વિષય, વિશ્વ ધર્મતત્વ ચિંતન, ભારતીય-બ્રિટિશ રાજનૈતિક અને ઐતિહાસિક વિષય, બહુ ધર્મીય સંવાદને લગતાં ઘણાં સંશોધનો કરી લેખો, પુસ્તકો લખ્યાં છે. તેઓ સારા સંશોધક છે, લેખક છે, કવિ છે, પત્રકાર છે, સામાજિક રાજકીય કાર્યકર્તા અને એક સારા વક્તા પણ છે.

તેઓ સ્થાનિકથી લઇને આંતરરાષ્ટ્રીય ઘણી બિન-સરકારી સંસ્થાઓના સ્થાપક અને સલાહકાર છે, જેમ કે યુ.કે.પીસ મિશન, બ્લૅકબર્ન લાયન્સ ક્લબ, ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ, યુ.કે., ઉર્દૂ ઇન્સ્ટિટ્યૂટ, યુ.કે., ઇન્ડિયા લીગ, ઇન્ટરનેશનલ લર્નિન્ગ મુવમેન્ટ, યુ.કે. મૅડી એઇડ ફાઉન્ડેશન, વહોરા વૉઇસ, યુ.કે.,

એડયુકેશન એન્ડ કલ્ચર ફોર એમ્પાવરમેન્ટ, BBUZZ કોમ્યુનિટી મીડિયા સેન્ટર, ગુજરાતી રાઇટર્સ ફોરમ, બાટલી વગેરે. ભારત અને બ્રિટન વચ્ચે બૌદ્ધિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આદાન-પ્રદાન થાય તે માટે લેખક વર્ષોથી સક્રિય છે.

તેમણે ઘણાં પુસ્તકોનું સંશોધન, લેખન અને સંપાદન કર્યું છે, જેમાંના સામાજિક ઇતિહાસ, વારસા અને સંસ્કૃતિને લગતા છ પુસ્તકોને આંતરરાષ્ટ્રીય આવકાર મળ્યો છે, જેમ કે "ભરૂચી વહોરા કોમનો ઇતિહાસ", લેન્કેશાયરના એશિયન સમાજના સ્થળાંતર અને વસવાટનો ઇતિહાસ, આપણો વારસો ભાગ ૧ અને ૨, અહમદ લુણાતની 'આલીપોરથી OBE'ની આત્મકથા, અને 'કરી ફ્લેવર'. તેઓ વહોરા વૉઇસ, યુ.કે. અને બ્રિટ એશિયન બઝ મૅગઝીનના તંત્રી છે, ટેલિવિઝન પ્રેઝન્ટર છે.

લેખકને તેમના સમાજસેવા, કળા, વારસા, સંસ્કૃતિની સાચવણી, સામાજિક, રાજકીય સશક્તિકરણના કામોની કદર રૂપે સ્થાનિકથી લઇને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો પ્રાપ્ત થયા છે, જેમાં કોમ્યુનિટી એચીવમેન્ટ એવૉર્ડ, કર્મયોગી પુરસ્કાર, લાઇફટાઇમ એચીવમેન્ટ એવૉર્ડ, બ્રીજ બિલ્ડર એવૉર્ડનો સમાવેશ થાય છે.

ભૂતપૂર્વ કાઉન્સિલર અને ભૂતપૂર્વ પાર્લામેન્ટરી કેન્ડિડેટ હોવાના નાતે તેઓ લગભગ 30 વર્ષથી બ્રિટનના મુખ્ય રાજકીય પ્રવાહમાં સક્રિય છે.

લેખકે વિશ્વના ૪૧ જેટલા દેશોની યાત્રા કરી છે. એક સંશોધક તરીકે, લેખક તરીકે ઇમ્તીયાઝભાઇમાં સર્જનાત્મકતા, સાહસ, કુતૂહલતા. સ્પષ્ટતા, ધાર્મિક, સાંસ્કૃતિક સંવેદના, કથાકૌશલ્ય, સહાનુભૂતિ, વિશ્લેષણાત્મક વિચારો, સૂક્ષ્મ અવલોકન, મુક્ત અભિગમ, ધૈર્ય અને સમતોલ, મુક્ત વૈચારિક પારદર્શિતા જેવા ગુણો જોવા મળે છે. એક કવિ અને પત્રકાર તરીકે હિંમત, ન્યાયિક અને સમતોલ દૃષ્ટિકોણ, સંશોધન કુશળતા, વિષયવસ્તુ પ્રત્યે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, અસરકારક વાદ સંવાદ, પુરાવા સાથેની માહિતી ભેગી કરવી, મૌલિક અને નૈતિક જવાબદારીઓની સભાનતા જેવા કૌશલ્યો જોવા મળે છે. પોતાના ક્ષેત્રમાં કટિબદ્ધ અને નિપુણ હોવાની સાથે સાથે ઇમ્તીયાઝ પટેલ વરેડિયાવાલા એક સારા, વિનમ્ર, સેવાભાવી અને માનવતાવાદી માણસ છે.

લેખક સાથે આ વિષય પર સંશોધન / લખાણ સંબંધિત વાતચીત અથવા અન્ય સંબંધિત વિષયો અથવા વિચારવિમર્શ માટે સંપર્ક કરી શકાય છે.

મોબાઇલ નંબર: +૪૪ ૭૮૫૩૧૫૮૦૪૪ અથવા

E-mail: imy.patel@hotmail.co.uk

# અને અંતે....

એક સફળ અને પ્રેરણાદાયી ઉદ્યોગપતિ તરીકે ડૉ. ફારુકભાઇ ગુલામ પટેલ સુરતમાં સૌથી ધનિક વ્યક્તિ તરીકેનું સ્થાન જરૂર ધરાવે છે, પરંતુ તેનાથી પણ આગળ અનેક સેવાકીય પ્રવૃત્તિઓમાં ઉદાર દિલે દાનનો સતત ધોધ વહાવતા હોવાને કારણે તેઓ દરેક ધર્મ, જાતિ અને સંપ્રદાયમાં એક ખૂબ જ આદરણીય દાનવીર અને માનવરત્ન તરીકેનું સ્થાન ધરાવે છે. તેમણે પોતાના વ્યવસાય અને જીવનને એક અનોખો વળાંક આપી પોતાના જીવનને એક નમૂનારૂપ યાત્રામાં ફેરવ્યું છે. તેમની સફળતાની ગાથા માત્ર વ્યાપારી સામ્રાજ્ય ઊભું કરવા પૂરતી નથી, પણ શ્રદ્ધા, પ્રતિબદ્ધતા, માનવસેવા અને અથાગ મહેનતનું પ્રતિબિંબ છે.

એક ખૂબ જ સામાન્ય પૃષ્ઠભૂમિ (બૅકગ્રાઉન્ડ)માંથી જીવનની શરૂઆત કરી તેમણે અનેક અવરોધો અને પડકારો સામે ઝઝૂમી આજે ટૂંક સમયમાં જ આંતરરાષ્ટ્રીય સ્તરે એક સફળ ઉદ્યોગપતિ અને એક દયાળુ પરોપકારી જીવ તરીકે પોતાની આગવી ઓળખ બનાવી છે. ફારુકભાઇનું જીવન માત્ર એક ઉદ્યોગસાહસિકની યાત્રા જ નથી, પણ સમાજસેવા, માનવસેવા, માનવ કલ્યાણ અને અદ્દભુત પ્રેરણાઓના અનેક રંગબેરંગી પ્રસંગોથી ભરેલું એક આદર્શ અને અનુકરણીય જીવન છે.

આ પ્રેરણાદાયી પુસ્તક ડૉ. ફારુકભાઇની સંઘર્ષથી સફળતાના શિખર સુધીની સાહસિક અને ઉત્સાહી યાત્રાની એક ઝલક છે. સાથે સાથે તેમની વ્યવસાયિક સિદ્ધિઓ, તેમનાં જીવનમૂલ્યો, સફળતાના સિદ્ધાંતો અને એક ચિંતક તરીકે સમાજ હિતોની પણ આપણને ઝાંખી કરાવે છે. ફારુકભાઇના ઉત્સાહ, મહેનત, દાર્શનિક દૃષ્ટિકોણ, દૃઢ નિશ્ચય અને નવીન વિચારોની અસરથી હજીયે અનેક યુવા ઉદ્યોગસાહસિકોને માર્ગદર્શન, હિંમત અને પ્રેરણા મળે તે ઉદ્દેશથી આ પુસ્તક આપની સમક્ષ મૂકતાં અમે આનંદ અનુભવીએ છીએ. આ સફળ ગાથા અને પ્રેરણાદાયી કથા ફક્ત ફારુકભાઇની નથી, પરંતુ એને સમગ્ર સમાજ અને ભારતની ગૌરવગાથા પણ કહી શકાય.

" અબ જિસકે જી મેં આયે વોહી પાયે રોશની
હમને દિયા જલાકે સરે રાહ રખ દિયા "

ફારુકભાઈના અંદાજમાં આખરમાં કહીએ તો...

**"અભી ન પુછો હમસે મંજિલ કહા હૈ,**
**અભી તો હમને ચલને કા ઈરાદા કિયા હૈ,**
**ના હારે હૈ, ના હારેંગે કભી,**
**કીસી ઔર સે નહીં ખુદ સે યે વાદા કિયા હૈ "**

## WORDS OF WISDOM FROM VISIONARY LEADER
## DR. FARUK G. PATEL

**FOUNDER, CHAIRMAN & MD, KP GROUP**


















## WORDS OF WISDOM FROM VISIONARY LEADER
## DR. FARUK G. PATEL
### FOUNDER, CHAIRMAN & MD, KP GROUP


















# મોતને માત આપી શકાય છે....!

આજના યુગમાં પણ આપણે મોહંમદ પયગંબર સાહેબ, ભગવાન કૃષ્ણ, ઈસા મસીહ, ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ ઈત્યાદીને કેમ યાદ કરીએ છીએ, કેમ તેમના પગલે ચાલીએ છે, કેમ તેમના આચરણોને અનુસરિયે છે, તમે વિચાર્યું છે.. કેમ કે તો એવા મૂલ્યો, વેલ્યુસ આપણી સમક્ષ મુકી ગયા છે. જો તમારે મોતને માત આપવી હોય અને વર્ષો સુધી લોકોના દિલોમાં જગ્યા બનાવવી હોય તો માનવતાને પ્રાધાન્ય આપીને આગળ વધો. મોતને માત આપવાનો મતલબ છે કે, લાખો, કરોડો વર્ષો સુધી લોકો તેમને યાદ કરે તેવા સારા કાર્યો કરવા. બિઝનેસમાં પણ સાહસિકતા સાથે મૂલ્યો, ઈમાનદારી અને મહેનત એટલાં જ જરૂરી છે. દરેક ધર્મના શાસ્ત્રોમાં આ વાત કોમન જ છે કે સાચું બોલવું, ઈમાનદારી દેખાડવી, અન્યાય ન કરવો, માનવતાવાદી વલણ અપનાવવું. આ બાબતો અગર જીવનમાં અપનાવશો તો તમે જરૂર સફળ થશો.

**ડૉ. ફારુક જી. પટેલ**

IIM અહેમદાબાદમાં આપેલા લેકચરમાં કહેલી અમૂલ્ય વાત

'KP House', Near KP Circle, Opp. Ishwar Farm Junction BRTS, Canal Road, Bhatar, Surat – 395017, Gujarat, India.

www.farukpatel.com drfarukkp/